Chap-3

પ્રકરણ ત્રણ

સર્જનેતર વાઙ્મય

૧ વિવેચન-સંશોધન-સંપાદન

૨ ચરિત્રલેખન(જીવનચરિત્ર અને શબ્દચિત્રો)

૩ નિબંધલેખન(દીર્ઘ અને લઘુનિબંધો)

૪ અગ્રંથસ્થ સાહિત્ય

પ્રકરણ ત્રણ

સર્જનેતર વાઙ્મય

સર્જનાત્મક સાહિત્ય પછી આપણે હવે અનામી રચિત સર્જનેતર વાઙ્મયનો પરિચય કરીશું. અનામીએ લલિતસાહિત્ય ઉપરાંત વિવિધ પ્રકારના લલિતેતરસાહિત્યમાં પણ પ્રદાન કર્યું છે. તેમનાં વિવેચનો-સંશોધનો-સંપાદનો, જીવનચરિત્ર અને શબ્દચિત્રો, દીર્ઘ અને લઘુ નિબંધો, પ્રકાશિત લેખો, આકાશવાણી પરના વાર્તાલાપો અને ચર્ચાપત્રોનો આ શીર્ષક હેઠળ સમાવેશ કર્યો છે. તેમનું આ ક્ષેત્રનું પ્રદાન સંખ્યાદૃષ્ટિએ તેમજ ગુણવત્તાની દૃષ્ટિએ નોંધપાત્ર જણાય છે. આ સઘળું સાહિત્ય ક્રમશઃ અહીં અવલોકવાનો ઉપક્રમ છે.

૧. વિવેચન – સંશોધન– સંપાદન

વિવેચક તરીકે અનામીએ ગુજરાતી સાહિત્યકારો અને તેમના સામાન્ય પ્રશ્નો – સિધ્ધાંતો વિષે ગુજરાતીનાં વિવિધ સામયિકોમાં લેખો લખ્યા છે; ઘણી કૃતિઓનાં અવલોકનો કર્યાં છે; અને પ્રવેશકો પણ લખ્યા છે. પરંતુ એ અગ્રંથસ્થ હોઈને, તેમનો પરિચયાત્મક અભ્યાસ હવે પછી અગ્રંથસ્થ લેખ વિભાગમાં કરીશું. અહીં માત્ર પ્રકાશિત ગ્રંથસ્થ કૃતિ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ'ની ચર્ચા-વિચારણા કરીએ.

'મણિ–બાલ શતાબ્દી ગ્રંથ'ની જેમ અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ પણ ડો. અનામી અને ડો. રામચંદ્ર ના.

પડઘાની મજિયારી સાહિત્યકૃતિ છે.

આ કૃતિની રચના પાછળનો આશય 'પ્રાક્કથન'માં સ્પષ્ટ કરતાં તેઓ લખે છે : "ગુજરાત પ્રાંતિક રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી-સંચાલક મુરબ્બી શ્રી જેઠાલાલ જોષી સાથે એક વખત વાત નીકળતાં એમણે રાષ્ટ્રભાષાના રત્ન, વિશારદ અને સાહિત્યરત્ન જેવી પરીક્ષાઓના વિદ્યાર્થીઓને અભ્યાસમાં માર્ગ-દર્શક અને મદદરૂપ બને એવી રીતે ગુજરાતી સાહિત્યના મુખ્ય સ્વરૂપોનો વિકાસ આલેખતું એક પુસ્તક જરૂરી છે એમ કહ્યું અને અમે લખી આપીએ તો પ્રગટ કરવાની ઈંઠે ઇચ્છા વ્યક્ત કરી - પરિણામે આ પુસ્તક તૈયાર થયું." (પૃ. ૬).

આ ગ્રંથ લખવા પાછળની દૃષ્ટિ સ્પષ્ટ કરતાં કહે છે કે સાહિત્યસ્વરૂપોના વિકાસનું સાતત્ય વિદ્યાર્થી કે અભ્યાસીના ધ્યાનમાં રહે એ દૃષ્ટિ મુખ્ય છે---બાકી કેટલાક સાહિત્ય-પ્રકારો માટે તો મહાનિબંધો પણ લખાયા છે.---પણ એક જ સ્થળે અર્વાચીન ગુજરાતી સાહિત્યના મુખ્ય પ્રકારોનો વિકાસ આલેખતું આ પુસ્તક એમની જાણ પ્રમાણે આ પ્રથમ જ છે એવો દાવો કરે છે. નવાઈની વાત એ છે કે પ્રકાશકે આ ગ્રંથની પ્રકાશન સાલ ક્યાય દર્શાવી નથી - પણ અંગત રીતે જાણવા મળ્યું છે કે તે ૧૯૫૫નું પ્રકાશન છે.

ગુજરાતી સાહિત્યનો ખ્યાલ આપતા આ ગ્રંથના પુરોગામી અનેક ગ્રંથો છે-- જેવા કે 'ગુજરાત એન્ડ ઇટ્સ લીટરેચર' (ક. મા. મુનશી), 'સાહિત્ય પ્રારંભિકા', 'સાહિત્ય પ્રવેશિકા' (હિંગ. અંજારિયા), 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો', 'વધુ માર્ગ-સૂચક સ્તંભો', 'ધી પ્રેઝન્ટ સ્ટેટ ઓફ ગુજરાતી લીટરેચર' (કૃ. મો.

ઝવેરી), 'સ્ટડીઝ ઇન ગુજરાતી લીટરેચર' (સંજાના), 'કલાસીકલ પોએટ્સ ઓફ ગુજરાત' (ગો. મા. ત્રિપાઠી), 'મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ' (ગુજરાતી સાહિત્ય સંસદ), 'ગુજરાતી સાહિત્ય' (મધ્યકાલીન) – અનંતરાય મ. રાવળ, 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા' (વિ. ક. વૈદ્ય), 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', ભાગ ૧–૨ (ધીરૂભાઇ ઠકાર), 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન' (મનસુખલાલ ઝવેરી), 'આપણું સાહિત્ય' – અર્વાચીનકાળ (રામપ્રસાદ શુક્લ અને બિપિન ઝવેરી) અને આના અનુગામી પણ કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે પણ આ ગ્રંથોનો આશય વિશેષતઃ કોલેજના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાનો છે --- આથી જ, અર્વાચીન સાહિત્યસ્વરૂપોનો ઇતિહાસ આલેખતા કોઇ પણ એક સાહિત્યપ્રકારના સમગ્ર કાર્યનો એકત્ર ખ્યાલ આપવાનું શક્ય બન્યું નથી એથી લેખકો સાવ અનભિજ્ઞ નથી જ.

આ પુસ્તકમાં લગભગ ૨૩૦ પૃષ્ઠમાં કાવ્ય, નવલકથા, નાટક, નવલિકા, વિવેચન, નિબંધ, નિબંધિકા – – અને હાસ્ય સાહિત્ય, જીવનકથા ને આત્મકથા, જીવનચરિત્ર, રેખાચિત્રો, ડાયરી, પ્રવાસસાહિત્ય, પત્રસાહિત્ય, ભાષાશાસ્ત્ર, બાળસાહિત્ય, શિક્ષણ વિષયક સાહિત્ય, પ્રતકારત્વ, અનુવાદ સાહિત્ય અને છંદોનો વિકાસ – – આટલા બધા વિષયોનો સમાસ કર્યો છે – આમ અનેક સ્વરૂપોનું નિરૂપણ કરવાના પ્રયત્નમાં, કેટલેક સ્થળે લખાણ ટાચણિયું (સ્કેચી) બનવા પામ્યું છે અને સાહિત્યસ્વરૂપના મુખ્ય તત્ત્વોનો પરિચય આપવાને બદલે માત્ર જે તે સ્વરૂપોના ઐતિહાસિક વિકાસ તરફ વધારે લક્ષ અપાયું છે. સંભવ છે કે સ્થળ, સમય અને દ્રવ્યની મર્યાદાને કારણે પણ આમ બનવા પામ્યું હોય ! અને આમેય લેખકોએ ક્યાય પણ અશેષ

નિરૂપણનો તો દાવો કર્યો જ નથી.

'પૂર્વભૂમિકા' નામના પ્રથમ પ્રકરણમાં લેખકોએ ૨૮ પૃષ્ઠો રોક્યાં છે જેમાં પ્રાથમિક, દ્વૈતીયિક અને તાર્તીયિક---એવાં પ્રાકૃતનાં ત્રણ સ્વરૂપોનો ખ્યાલ આપી, પ્રાકૃતમાંથી વિકાસ થતાં થતાં અપભ્રંશ ભાષાઓનું સ્વરૂપ ઘડાયું તે સ-દૃષ્ટાંત સમજાવ્યું છે.-- અને ઇ.સ.ની અગિયારમી સદી એ ભારતીય ભાષાઓને માટે સંક્રાન્તિકાળ છે એમ દર્શાવ્યું છે. કોઇપણ ભાષાના સ્થિત્યંતરને કાજે અજ્ઞાન, અનભ્યાસ, જિહ્વાદોષ, ઉતાવળ અને શ્રમલાઘવ સાધવાની વૃત્તિને જવાબદાર ગણી તેની ચર્ચા કરી છે. એ પછી આચાર્ય હેમચંદ્રના સમયથી તે અર્વાચીનકાળ સુધીના સમયને યુગવાર વિભાજિત કર્યો છે અને સાહિત્યની દૃષ્ટિએ ૧૪૫૦ સુધીનો પ્રાચીન, સં. ૧૯૦૦ સુધીનો મધ્યકાલીન અને સં. ૧૯૦૦ પછીનો અર્વાચીન એમ સાહિત્યયુગ તરીકે ગણના કરી છે. એ પછી પ્રાચીન ગુજરાતી સાહિત્યના યુગમાં થયેલી કેટલીક વિશિષ્ટ રચનાઓનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો છે. સાહિત્યના મધ્યયુગની વાત કરતાં તેઓ લખે છે : "વિદેશી અને વિધર્મી પ્રજાના આક્રમણથી પીડાતી અને હતાશ પ્રજામાં નવચેતન રેડવાનું મહાકાર્ય કરનાર ભક્તિપ્રવાહની ભૂમિકા ઉપર આ યુગ ખડો છે. શ્રીમદ રામાનુજાચાર્યે પ્રબોધેલી વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયની ભક્તિ, વિષ્ણુ સ્વામીની ભક્તિની કલ્પના, જયદેવના 'ગીત ગોવિંદ'માં નિરૂપાયેલા ભક્તિશૃંગારની મનોહારી કલ્પના, દુષ્ટદમન, ધર્મસંસ્થાપક અને સ્વજનરક્ષક ભગવાન રામ, કૃષ્ણ, શિવ અને શક્તિની ભક્તિ ઉપર આ યુગના ભક્તિસાહિત્યની ભાવનાનું નિરૂપણ થયેલું છે. જેમ આ યુગ ભક્તિની ભાવનાનો હતો, તેમ જ પૌરાણિક પુનર્જાગૃતિનો પણ હતો. શરૂઆતમાં સંભવતઃ અભાનપણે અને પછી સભાનપણે આ યુગના કવિઓએ શ્રીમદ ભાગવત,

મહાભારત અને રામાયણના રૂપાંતરો દ્વારા અને પૌરાણિક વિષયને સ્વીકારીને ચાલતી પણ કેટલાક પ્રસંગોએ સ્વતંત્ર ગુજરાતી વિશેષતાવાળી આખ્યાનકૃતિઓની રચના દ્વારા આ પૌરાણિક નવજાગૃતિને નક્કર સ્વરૂપ આપ્યુ છે. આ ઉપરાંત મધ્યકાલનો એક ગણનાપાત્ર સાહિત્યપ્રકાર તે લોકવાર્તાનો પ્રવાહ છે. છેક પ્રાચીન ગુજરાતી સાહિત્યના યુગમાં આનાં મૂળ જેવા મળે છે. એનું વાતાવરણ, પૌરાણિક અને આખ્યાન સાહિત્ય કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું છે." (પૃ. ૯).

આ પછી જ્ઞાન-કવિતાના અનોખા પ્રવાહનો અને લોક-સાહિત્યનો ઉલ્લેખ કરી કહે છે કે સં. ૧૪૫૦ થી સં. ૧૯૦૦ સુધીના ૪૫૦ વર્ષના ગાળામાં કવિઓ તો અનેક થયા છે પણ જેમનું કાર્ય ઉચ્ચ કક્ષાનું છે એવા કવિઓની સંખ્યા તો બહુ મોટી નથી, બલકે ઠીક ઠીક મર્યાદિત છે. એ પછી એવા કેટલાક કવિઓ અને તેમની કૃતિઓનો ઉલ્લેખ કરતાં લખે છે : "આ યુગની ગણનાપાત્ર કૃતિઓમાં 'વસંતવિલાસ ફાગુ', 'રણમલ્લછંદ' (શ્રીધર વ્યાસ), 'કાન્હડદે પ્રબંધ' (પદ્મનાભ), નરસિંહના ભક્તિશૃંગારના પદો, ચાતુરીઓ, સુરત સંગ્રામ, વસંતના પદો નોંધપાત્ર છે. જ્ઞાનમાર્ગી કવિતામાં દર્શન અને કવિતાનું મનોહારી સંમિશ્રણ વ્યક્ત કરતાં નરસિંહના કેટલાક ભવ્ય પ્રભાતિયાં ઉપનિષદોની યાદ આપે એવાં છે. એ જ પ્રકારમાં માંડણની 'પ્રબોધ-બત્રીશી', નરહિર, ગોપાલદાસ, બુટિયો અને અખો આ ચારે લગભગ સમકાલીન કવિઓનું કાર્ય, રત્નેશ્વર, ભાણદાસ, ધીરો, ભોજે, પ્રીતમ, બાપુ સાહેબ ગાયકવાડ, નિરાંત જેવા ભક્ત કવિઓના જ્ઞાન, ભક્તિ અને ઉપદેશનાં પદો અને ક્વચિત્ સિધ્ધાંતનિરૂપણના ગ્રંથો દ્વારા થયેલું કાર્ય નોંધપાત્ર

ગણાય. આ બધામાં પણ નરસિંહ અને અખો સર્વોચ્ચપદના અધિકારી છે. અખાની બળકટ, પૌરુષભરી અને જ્ઞાનગર્ભ વિલક્ષણ શૈલી એના છપ્પા, અખેગીતા, અનુભવબિંદુ અને સંતપ્રિયા માં તેમજ ત્રણસોક પદોમાંથી ગણનાપાત્ર નિર્વ્યાજ મનોહર પદોમાં પ્રગટ થઇ છે." (પૃ. ૧૦). ઘણીબધી વિગતોનો, અતિ સંક્ષેપમાં સમાસ સાધતાં આવાં અનેક અવતરણો આ પ્રકરણમાંથી ટાંકી શકાય તેમ છે.

આ પછી આખ્યાનસાહિત્યનો ખ્યાલ આપતાં, નરસિંહના 'સુદામાચરિત્ર' દ્વારા આ સાહિત્યપ્રકારનો બીજનિક્ષેપ થયા બાદ ભાલણ, નાકર, વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની અને વિ.સં.ના અઢારમાં શતકમાં આખ્યાનકાર શિરોમણિ અને આઠસો નવસો વર્ષના ગુજરાતી સાહિત્યનો સર્વશ્રેષ્ઠ પરલક્ષી આખ્યાનકવિ પ્રેમાનંદ થઇ ગયો એની વિગતે ચર્ચા કરી છે. જેમાં એની શક્તિઓ તેમજ મર્યાદાઓની નોંધ લીધી છે અને કહ્યું છે કે "પ્રેમાનંદ પછી આખ્યાનસાહિત્યમાં પ્રથમકક્ષાની ઝાઝી કૃતિઓ આપણને મળતી નથી તેમ છતાં તુળજારામનું 'અભિમન્યુ આખ્યાન', કાલિદાસનું 'પ્રહ્લાદ આખ્યાન' અને દયારામનાં કેટલાંક નાનાં નાનાં આખ્યાનો રચાયાં હોવા છતાં કોઇ વિશેષ નોંધપાત્ર સર્જન જોવામાં આવતું નથી." (પૃ. ૧૩).

ભક્તિશૃંગારની કવિતાની વાત કરતાં નરસિંહ–મીરાં અંગે કહે છે કે ભક્તિશૃંગારની કવિતાનું સર્વોત્તમ શિખર નરસિંહ મહેતા. એનો ભક્તિશૃંગાર પુરુષરચિત હોવાને કારણે ક્વચિત્ ઉદ્દામ બને છે પણ રૂપેરી ઘંટડીના મનોહર રણકાર જેવી સર્વાંગમધુર અને સ્ત્રીસહજ મર્યાદાયુક્ત મીરાંની ભક્તિશૃંગારની કવિતા અનવદ્ય છે. રત્ના

ભાવસારના મહિનાને ગુજરાતી ભાષાનું નણનકડું મનોહર આભૂષણ ગણાવે છે ને રાજેની કવિતાને કમનીય આવિષ્કારરૂપે નિહાળે છે. આ સાહિત્યપ્રકારના અંતિમ ને સમર્થ કવિ તરીકે દયારામને ગણાવતાં કહે છે કે દયારામ અમર રહેશે એની રાધાકૃષ્ણ અને ગોપીકૃષ્ણની પ્રેમવિષયક ગરબીઓથી. ભાષા અને ભાવનો મધુર સહચાર દયારામનું વિશિષ્ટ લક્ષણ છે. એમની મર્યાદાઓનો નિર્દેશ કરતાં કહે છે કે "એક સાથે વાંચીએ તો એની ગરબીઓમાં પુનરુક્તિ અને વાક્ચાતુરીનાં દર્શન થાય છે તેમ છતાં એની ઉદ્દામ શૃંગારભાવના કેટલેક સ્થળે અવિસ્મરણીય રીતે કાવ્યરૂપ ધારણ કરી શકે છે." (પૃ. ૧૩).

આ પછી વિક્રમના પંદરમા શતકથી — કવિ અબ્દુર રહેમાનના 'સંદેશક રાસ'થી તે શામળ સુધી ખેડાયેલા લોકવાર્તાના સાહિત્યનો ઉડતો પરિચય આપી શામળ માટે લખે છે: "એના સમય સુધીમાં રચાયેલું લોકવાર્તા સાહિત્ય છુટક છુટક અને વેરવિખેર હતું. શામળે ગુજરાતી પુરોગામીઓ ઉપરાંત વ્રજભાષામાંથી પણ પોતાના સર્જન માટે સૂચનો લીધાં હોય તેમ લાગે છે. લોકવાર્તા—સાહિત્યનો એક વિશ્વકોષ રચવાની ઇચ્છા હોય એવી એની પ્રવૃત્તિ છે. એને જ્ઞાત બધીજ લોકવાર્તાઓના સાહિત્યનો એની કૃતિઓમાં એક કે બીજે રૂપે એણે સમાવેશ કર્યો છે. એમ કરતાં એણે ક્યાંક ઉમેર્યું છે, ક્યાંક છોડી દીધું છે, તો ક્યાંક એક વાર્તામાં બીજી વાર્તાને ભેળવી પણ દીધી છે. એની વાર્તાપધ્ધતિ બે ભિન્ન ભિન્ન સ્વરૂપો ધારણ કરે છે. 'સિંહાસનબત્રીસી' અને 'સૂડા બહોતેરી' તેમ જ 'વૈતાલપચ્ચીશી' જેવી કૃતિઓ વાર્તાચક્રો છે, જેમાં વાર્તામાં વાર્તા અને તેમાં પણ વાર્તા તેમ જ આડકથાઓ ગોઠવી દીધી છે. એમ કરવામાં મોટો લાભ એ છે કે લુપ્ત થતું

વાર્તાંધન સચવાઈ રહ્યું છે. ગેરલાભ એ છે કે વાર્તાની રસાસ્વાદની અખંડિતતા જળવાતી નથી." (પૃ. ૧૪-૧૫). આ પછી શામળની ઘણી બધી કૃતિઓનો ઉલ્લેખ કરી કહે છે : "ખરેખર, ગુજરાતી ભાષામાં એણે (શામળે) એક નવો રંગ ઉમેર્યો છે." શામળના વાર્તાકાળમાં જ અમદાવાદના વિદ્વાન નાગર સુંદરજીએ 'સિંહાસનબત્રીસી' ની વાર્તાઓ રચી છે તે એની નિત્યાંજ મધુર સરલતાને કારણે નોંધપાત્ર છે. આ ઉપરાંત પણ લોકસાહિત્ય વિષયક કૃતિઓ છૂટીછવાઈ લખાયેલી છે પણ એના કવિઓ પ્રાયઃ અજ્ઞાત રહ્યા છે. લોકસાહિત્યના અપાર રાશિમાંથી ઘણુંખરું તો લિપિબધ્ધ ન બનવાને કારણે લુપ્ત થયું છે. વળી ઘણી વખત કાળની ચાળણીમાં ચળાઈ જવાને કારણે ગુણવત્તાની દૃષ્ટિએ નોંધપાત્ર ન હોય એવી કૃતિઓ વિસારે પણ પડી હોય. જેમ જેમ જ્ઞાનદીપ ઝાંખો થતો ગયો તેમ તેમ સાહિત્યસર્જનની ગુણવત્તા ઓછી થતી ગઈ હોય એમ પણ બને; છતાંય આ મધ્યકાલીન સાહિત્યે અનેક રીતે પ્રજાની સેવા બજાવી છે જેમાં ભવાઈ અને લોકનાટ્યની સેવાઓને પણ સ્મરવી જોઈએ. સંસ્કૃત નાટકો ભજવવાની પ્રણાલી જ્યારે રાજકીય-સામાજિક પરિસ્થિતિને કારણે બંધ પડી ત્યારે લોકજીવનના બહોળા નિરીક્ષણ ને અનુભવમાંથી જન્મેલું આ સાહિત્ય બોધક અને મનોરંજક નિવડ્યું છે — — ઉપરાંત લોકશિક્ષણના માધ્યમ સમાન પણ.

અર્વાચીન સાહિત્યની વાત કરતાં તેઓ મધ્યકાલીન સાહિત્ય કરતાં, અર્વાચીન સાહિત્ય, વિષય અને સ્વરૂપની દૃષ્ટિએ કેટલું ભિન્ન છે તે દર્શાવ્યું છે અને એ પરિવર્તન શાને આભારી છે તેની વિગતે ચર્ચા કરી છે. તથા મધ્યકાલીન સંસ્કાર અને સાહિત્યને પડનારાં પરિબળો કરતાં અર્વાચીન સાહિત્યને

ઘડનારાં પરિબળો ક્યાં છે તેની અભ્યાસપૂર્ણ તુલના કરી છે. ભારતીય પ્રજાની મધ્યકાલીન મનોવૃત્તિ કંઈક અંશે કાચબાના જેવી હતી, અંગ્રેજોના આગમન ટાણે પણ બધિયાર પરિસ્થિતિ હતી કિન્તુ અંગ્રેજોના સંસર્ગથી અને એમના સાહિત્યના અભ્યાસને પ્રતાપે, રાજકીય ક્ષેત્રે પ્રજાકીય ભાવનાનો (નેશનાલીઝમ) ઉદય થયો અને લિબરલ શિક્ષણ પામેલી પ્રજામાં, અંગ્રેજોના પ્રજાતંત્રીય ઈતિહાસ અને રાજકારણનો તેમ જ વ્યક્તિસ્વાતંત્ર્યપરક વિચારસરણીનો પ્રસાર થતાં, રાષ્ટ્રીય અસ્મિતાનો પણ ઉદય થયો. અંગ્રેજ પ્રજાના સંસર્ગ અને અંગ્રેજી શિક્ષણને પ્રતાપે ગણિત, સાહિત્ય, ઈતિહાસ, વિજ્ઞાન, ભૂગોળ જેવા વિષયોના વ્યવસ્થિત અભ્યાસથી પ્રજાની દૃષ્ટિ વિશાળ બની અને વ્યક્તિસ્વાતંત્ર્ય, સ્વતંત્ર વિચારસરણી અને મુક્ત જીવનપધ્ધતિએ અર્વાચીન સાહિત્યને નવજન્મ આપ્યો. તત્કાલીન અનેક સામયિકોએ અને ભલા અંગ્રેજોએ બજાવેલી વિધવિધ પ્રકારની સેવાઓનો ઉલ્લેખ કરી કહે છે : "અંગ્રેજી સાહિત્યે જેમ વિશાળ અને ઉદાર દૃષ્ટિ આપી તેમ સંસ્કૃત, ફારસી અને ગુજરાતી સાહિત્યના વ્યવસ્થિત, ઊંડા અને નિષ્ઠાપૂર્વકના અભ્યાસે પ્રાચીન ભારતીય સંસ્કારોના ખરા સ્વરૂપોનો ખ્યાલ આપીને પ્રજાની દૃષ્ટિને પરિપૂત અને સમતોલ બનાવી એ પણ નોંધપાત્ર ગણાય. ખરી રીતે અર્વાચીન ગુજરાતી સાહિત્યનો છોડ તળપદા સાહિત્યની ભૂમિકામાં સંસ્કૃત અને અંગ્રેજીના ખાતરમાંથી પોષણ મેળવીને વિકસ્યો છે."(પૃ. ૨૨).

આ બધાને પરિણામે પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સંસ્કારોના તારતમ્યનો નિર્ણય કરવાની વૃત્તિ જાગ્રત થઈ અને શરૂઆતમાં તેણે રચનાત્મક કરતાં વિશેષ તો ખંડનાત્મક સુધારાનું સ્વરૂપ લીધું. આપણી સુધારાની હિલચાલ સામાજિક, રાજકીય અને આર્થિક

ત્રણે ક્ષેત્રોને પોતાનામાં સમાવી લે છે. તે કાળના અગ્રિમ સુધારકોમાં પણ તાત્ત્વિક દૃષ્ટિનો અભાવ હતો એટલે સમતુલાને બદલે સંઘર્ષની ગતિવિધિ વિશેષ હતી. નર્મદયુગના સુધારાના આ ખંડનયુગનો પ્રત્યાઘાત પંડિતયુગમાં થયો અને ૧૮૮૫ થી શરૂ થતા અને ૧૯૧૫-૨૦ માં પૂરા થતા આ સાક્ષરયુગમાં, ઊંડા અભ્યાસને પરિણામે ભારતીય પ્રાચીન સંસ્કારો અને પાશ્ચાત્ય સંસ્કારોના તુલનાત્મક અભ્યાસ, પ્રાચીન ભારતીય સંસ્કારો ઉપર થતા પ્રહારો સામે એનું સંરક્ષણ કરવાની વૃત્તિ અને સંસ્કૃતિ-સમન્વયની ભાવના સ્પષ્ટ ને દૃઢમૂલ બની. ગાંધીજીના આગમન અને કાર્ય સાથે સમગ્ર ભારતીય પ્રજાના જીવનમાં જે સર્વદેશીય જાગૃતિનો જુવાળ આવ્યો, જેને પ્રતાપે આર્યસંસ્કારોનો વિજય થયો. ગાંધીજીના રચનાત્મક કાર્યમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક સુધારણા બધા બળો એકત્ર થયેલા દેખાય છે. આમ નર્મદયુગ, પંડિતયુગ અને ગાંધીયુગના સાહિત્યમાં ઉત્ક્રાંતિના બળોની આગેકૂચનું પ્રતિબિંબ ઊડીને આંખે વળગે એવું સ્પષ્ટ દેખાય છે. મધ્યકાલીન સાહિત્ય વિષય પરત્વે ધર્મ અને અધ્યાત્મને કેન્દ્રમાં રાખીને રચાયું છે, અપવાદરૂપે પ્રેમાનંદ, કૃષ્ણરામ, વલ્લભ મેવાડો જેવાના સર્જનમાં કિંચિત્ તત્કાલીન સમાજજીવનનું પ્રતિબિંબ દેખાય છે, પણ મોટે ભાગે તો મધ્યકાલીન સાહિત્ય ભલે જીવનદ્રોહી ન હોય કે મૃત્યુનો પયગામ આપનારું ન હોય પણ એક પ્રકારની પ્રણાલીનું અનુસરણ કરનારું તો છે જ. એમાં દેશાભિમાન કે દેશપ્રીતિના કાવ્યો, માન-પ્રણય, મિત્રપ્રેમ, કુટુંબપ્રેમ જેવા વિષયો પ્રત્યક્ષ રીતે સ્થાન પામ્યા નથી. વ્યક્તિસ્વાતંત્ર્યના ઉદારમતને અનુસરતી પાશ્ચાત્ય અસર નીચે અર્વાચીન સાહિત્યનું વિષયમાળખું બદલાયું છે અને માનવ-પ્રણય, પ્રકૃતિસૌંદર્ય, દેશાભિમાન જેવા ભાવોને ઉચિત સ્વતંત્ર સ્થાન

મળ્યું છે. અધ્યાત્મને સાહિત્યમાંથી દેશવટો મળ્યો નથી અને સાહિત્યમંદિરના દેવસ્થાને માનવ અને માનવભાવોની પ્રાણ-પ્રતિષ્ઠા થઇ છે. વળી પ્રાચીન સાહિત્યમાં ગદ્યનો ઉપયોગ પદ્યના પ્રમાણમાં ઘણો ઓછો, ગૌણ અને પ્રાયઃ લલિતેતર વિષયો માટે થયો છે. લલિત સાહિત્યના વાહન તરીકે ગદ્યનો ઉપયોગ નર્મદ-દલપતથી શરૂ થાય છે. અનેક નવાં સાહિત્ય-સ્વરૂપોનો ઉદય પણ આ નવી પરિસ્થિતિની અસર નીચે થયો છે. નિબંધ, નવલ-કથા, નવલિકા, નાટક, વિવેચન, આત્મચરિત્ર, જીવનચરિત્ર, ભાષાકીય સંશોધન, કોષ, રાજકારણ, નિબંધિકા, કટાક્ષલેખ, પત્રસાહિત્ય, ડાયરી, પ્રવાસ જેવા અનેક સાહિત્ય પ્રકારો ગુજરાતી સાહિત્યમાં ઉદભવ્યા છે અને કેટલાક તો વિશાળ વટ-વૃક્ષની માફક ફાલ્યાફૂલ્યા અને ફળયા પણ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કવિતામાં આંતરરાષ્ટ્રીય વિચારપ્રવાહોના પડઘા પડયા છે. ગાંધીવાદ, સમાજવાદ, સામ્યવાદ, જાતીયસંબંધો ને માનસશાસ્ત્રીય નિરૂપણ તેમજ રહસ્યવાદ કવિતાના પ્રધાન વિષયો બન્યા છે. કાવ્યમાં જૂના સાહિત્યસ્વરૂપોને બદલે ઊર્મિકાવ્ય, ખંડ-કાવ્ય, સોનેટ, ઓડ, કથાકાવ્ય, કરુણપ્રશસ્તિ, રૂપક, મુક્તક, જેવા કાવ્યપ્રકારો વિકસ્યા છે. કાવ્યમાં ભાવપ્રતીકોનો નવા જમાના અને સંસ્કૃતિને અનુરૂપ ઉપયોગ વધતો જાય છે૦ કાવ્યમાં કવિતોચિત લય હોય તો છંદ સ્વરૂપનો આગ્રહ ઘટયો છે; જો કે આ સંબંધે હજી મતભેદ સે. રેડિયો, મુશાયરા અને કવિતા વાચનના કાર્યક્રમોએ પણ કાવ્યના વિકાસમાં કારણભૂત રહયાં છે. લેખકોએ આ બધાની ચર્ચા સંક્ષેપમાં પણ સુરેખ રીતે કરી છે.

'કાવ્ય' શીર્ષકવાળા પ્રકરણમાં ૪૪ પૃષ્ઠો છે ને તેમાં છેલ્લા સો વર્ષની કવિતાનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો છે. એમાં અનેક

કવિઓનો સમાસ કરવા જતાં વસ્તુ ઠાસીઠાસીને ભર્યું છે. નમૂનારૂપે કવિ દલપતરામને જોઈએ: "શરૂઆતમાં પ્રાચીન સનાતન રીતિએ ઉછરેલા, પ્રાસવાળી પાદપૂર્તિ (હડૂલા)ની રચના કરનાર, શામળની અસર નીચે આવીને 'હીરાદંતી' અને 'કમળલોચની' નામની પદ્યવાર્તાઓ દોહરા-ચોપાઈમાં રચનાર, સ્વામી સહજાનંદના દર્શને આકર્ષાઈને સ્વામીનારાયણપંથી બનનાર, તે વખતની દેશની મુખ્ય સાહિત્યભાષા વ્રજ અને તેની કાવ્યપધ્ધતિનો અભ્યાસ કરનાર, ગુજરાતી પ્રજાને સહાનુભૂતિપૂર્વક વિશ્વાસમાં લઈને, પ્રેમ-પૂર્વક તેને ધીરે ધીરે સુધારાનો સાર સંભળાવનાર અને પદ્યસ્વરૂપની દૃષ્ટિએ અનવદ્ય, ઝડઝમકવાળી, સભારંજની, શીઘ્ર, અલંકારયુક્ત, ચાતુરીવાળી કાવ્યરચના કરીને ગુજરાતના પ્રિય કવીશ્વરનું સ્થાન પામનાર, અને અંગત સ્વાર્થને જતો કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી વિદ્યાવર્ધક સંસ્કારસેવી સાહિત્યસંસ્થાને સધ્ધર બનાવનાર આ કવિનું કાર્ય માનનેપાત્ર છે. રા. વિશ્વનાથ ભટ્ટે એક સ્થળે યોગ્ય જ કહ્યું છે કે નર્મદ સુધારાનું એન્જિન હતો તો દલપતરામ તેની ગતિને નિયમનમાં રાખનાર બ્રેક હતો." (પૃ. ૨૯-૩૦). આ પછી ક. દ. ડા. ને યુગબળોને ઝીલનાર તો નર્મદને યુગબળોના સર્જક તરીકે ઓળખાવે છે. પંડિતયુગ કે સાક્ષર-યુગની કવિતા સંબંધે લખે છે: "સાક્ષરયુગની કવિતા અંગ્રેજી, સંસ્કૃત, ફારસી અને મધ્યકાલીન ગુજરાતી કવિતાના વ્યવસ્થિત અને ઊંડા અભ્યાસને કારણે વધારે ગાંભીર્ય અને સત્વ ધારણ કરે છે."(પૃ. ૩૬). એ પછી એમાં ભળેલા મસ્તરંગ અને સંસ્કૃત અર્ગતિના રંગની ચર્ચા કરે છે. મસ્તકવિ ત્રિભુવન પ્રેમશંકરના 'વિભાવરી સ્વપ્ન'નું વિવેચન વાંચવા જેવું છે. અતિ સંક્ષેપમાં પણ સચોટ રીતે એનું રસદર્શન કર્યું છે. "'વિભાવરી સ્વપ્ન' કાવ્ય 'કલાન્તકવિ' પછી મોટું કલાપ્રસ્થાન

કહેવાય એવું સમૃધ્ધ છે. એની બાનીનો રંગ તદ્દન મૌલિક છે. પ્રણયાનુભવની કોઇ ઉન્નત કક્ષા આ કાવ્યમાં જરા વિશૃંખલ રૂપે પ્રગટ થાય છે; પણ કાવ્યનું સર્જન પ્રમાણસરનું નથી અને વિચારોની માંડણી પૂરી તર્કપ્રતિષ્ઠિત નથી; છતાં કવિની કલ્પનાશક્તિ વિશાળ અને ગગનગામી છે. ચિત્રશક્તિ સુરેખ છે. સ્થૂલ અને સૂક્ષ્મ રસનું નિરૂપણ કુશળતાયુક્ત છે. અપાર્થિવ સ્નેહનું દર્શન રમણીય છે-- અને કેટલાક વર્ણનો કવિની પ્રતિભાના ધોતક છે."(પૃ. ૪૦). ભીમરાવ ભોળાનાથ દીવેટિયાનું 'પૃથુરાજ રાસો' સંસ્કૃત મહાકાવ્યની પધ્ધતિએ રચાયેલું પ્રથમ ગણનાપાત્ર મહાકાવ્ય (?) છે. એમાં ભારતભૂમિના મહિમાનું વર્ણન આવે છે -- તત્સંબંધે લખતાં તેઓ કહે છે : "હિંદની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સમૃધ્ધિના સ્તોત્રમાં હિંદભરના સાહિત્યમાં ઊંચે સ્થાને બેસે એવું છે." (પૃ. ૪૨). અહીં હિંદભરના સાહિત્ય ની વાત કરી છે તે વિધાન ચિંત્ય કોટિનું હોય એમ લાગે છે. નવી કવિતાનાં અવારનવાર નર્મદ, પિટીટ, મણિલાલ અને બાલાશંકરમાં એવાં મળે છે એમ લખીને પછી કહે છે : "છતાં અર્વાચીન ગુજરાતી કવિતાના પિતા કહેવાવા યોગ્ય તો નરસિંહરાવ જ છે."(પૃ. ૪૫). આ આખા પ્રકરણમાં અહોભાવ તો કવિવર ન્હાનાલાલ માટે જ ઉભરાય છે. તેઓ લખે છે : "જ્યાં સુધી ગુજરાતી સાહિત્ય જીવંત રહેશે ત્યાં સુધી ન્હાનાલાલનું વિશાળ, વૈવિધ્યવંતુ અને ગુણસમૃધ્ધ સર્જન પણ લોકાદર પામ્યા જ કરશે."(પૃ. ૫૨). આજે તો આ વિધાન પણ ચિંત્ય કોટિનું લાગે છે ! બળવંતરાય ઠાકોરની સેવાઓને એક જ પેરેગ્રાફમાં મૂલવી છે : "જો કે અગ્રેયતા, અર્થઘટનતા અને તેને કારણે આવતી દુર્બોધતાને લીધે ગુજરાતી કવિતાની આ પ્રવૃત્તિનો પ્રત્યાઘાત પણ ઠીકઠીક પડયો છે અને છેલ્લાં દસ પંદર વર્ષથી

ગુજરાતી ચેતના તરફ ઝૂકતી જાય છે તેમછતાં ઘનતા અને નક્કરતાના ગુજરાતી કવિતામાં ખૂટતાં તત્ત્વો ઉમેરનાર તરીકે બળવંતરાયની સેવા ચિરસ્મરણીય રહેશે." (પૃ. ૫૮). ઇ.સ. ૧૯૨૭ થી ગુજરાતી કાવ્યસાહિત્યમાં એક નૂતન આવિર્ભાવ જોવા મળે છે. રાષ્ટ્રપિતા ગાંધીજીને પ્રતાપે પ્રજામાં જાગેલ અસ્મિતાનું ભાન, સ્વાતંત્ર્ય કાજેની બલિદાનભાવના, ગરીબ, શોષિત, દલિત, પીડિત, પ્રતિત પ્રત્યે સહાનુભૂતિ, પીડકો પ્રત્યે પ્રકોપ, વિશ્વશાંતિ, સમાજવાદ અને માનવતાવાદ વગેરે આ યુગનાં વિશેષ લક્ષણો છે. ઉપરાંત પરપ્રાંતીય અને પરભાષાના કાવ્યસાહિત્યના તેમજ પ્રાચીન, અર્વાચીન ગુજરાતી કવિતાના અભ્યાસને પરિણામે કલાદ્રષ્ટિ બદલાઇ છે. સરળતા, નિખાલસતા ને નિર્વ્યાજ સુંદરતાનાં તત્ત્વો વધ્યાં છે. નવા છંદો, નવી લઢણો, નવી સુરાવલિ પ્રગટ થઇ છે. પુરોગામી કવિતાનું અનુસંધાન તૂટયું નથી. જીવનના વિસંવાદો અને સંઘર્ષોની સ્થિતિમાં પણ સમન્વય સાધવાના પ્રયત્નો આ યુગની એક લાક્ષણિકતા ગણાય. ઇ.સ. ૧૯૪૦-૪૫ થી શરૂ થતા યુગની કવિતા માટે તેઓ લખે છે : "નવી કવિતામાં કવિઓનો લોકસંપર્ક અને જીવન સંપર્ક દેખાય છે પરન્તુ કંઇક દુર્બોધતાને કારણે તો કંઇક પ્રયોગશીલતાને કારણે તો કંઇક ઊર્મિની સૂક્ષ્મતા અને અપરિચિતતાને કારણે આ કવિતા એટલી લોકભોગ્ય અને લોકપરિચિત બની શકી નથી." (પૃ. ૭૧-૭૨). એ પછી સમાપન કરતાં લખે છે : "ગુજરાતી કવિતાએ આ સો વર્ષમાં જેટલી મજલ સાધી છે, જેટલો વિકાસ કર્યો છે, જેટલાં નવાનવાં કાવ્યરૂપો ઉપજાવ્યાં છે અને છંદ, પ્રયોગો, ભાષા, ભાવ, રસ, સૂક્ષ્મ સંવેદનશીલતા અને વિશ્વપ્રચલિત વિચારોના પ્રતિધ્વનિની દ્રષ્ટિએ જેટલી વિવિધતા અને સિધ્ધિ દર્શાવી છે તેટલી તેની પહેલાંની લગભગ ૭૦૦ વર્ષની ગુજરાતી કવિતાએ પણ

બતાવી નથી. ઠાકોરના મતે આ કવિતાના સો વર્ષ જાગ્રતિ, પ્રયોગશીલતા, મંથન અને નવસર્જનની વેદનાના વર્ષો છે. અત્યારે મંથનશીલ હોવા છતાં જતે દિવસે કોઇક નવી સિધ્ધિ હાસલ કરશે -- તો એક મત એવો પણ ખરો કે અર્વાચીન કવિતા ગદ્યગંધી પદ્ય જેવી અને શ્રધ્ધાની શોધમાં ફાંફાં મારતી કવિતા છે તો બીજો અભિપ્રાય એવો પણ છે કે અર્વાચીન કવિતા શ્રધ્ધાની અને લયની દ્રષ્ટિએ નકારાત્મક નથી, બલકે અત્યારે દેખાતી અશ્રધ્ધાની પાછળ એક શ્રધ્ધા અને સહાનુભૂતિનો રણકો વરતાય છે."(પૃ. ૭૨).

'નવલકથા' શીર્ષકવાળા ત્રીજા પ્રકરણમાં લેખકોએ વીસેક પૃષ્ઠોમાં ઇ.સ. ૧૮૬૬માં પ્રથમ પ્રગટ થયેલ નંદશંકર મહેતાની 'કરણઘેલો' નવલકથાથી લઇને તે છેલ્લા નેવું વર્ષોમાં પ્રગટ થયેલી મુખ્ય મુખ્ય અને મહત્ત્વની નવલકથાઓનો ઉડતો પરિચય કરાવ્યો છે -- આમાં અન્ય ભાષાઓમાંથી અનુદિત થયેલી નવલકથાઓનો સમાસ કર્યો નથી. છેક વેદકાળથી લઇને તે અત્યારસુધી વાર્તા-સર્જન થયા કર્યું છે. મધ્યકાલીન લોકવાર્તા પણ વાર્તાસાહિત્યનો આવો જ એક ઉન્મેષ છે પણ જે સ્વરૂપે નવલકથા ગુજરાતી સાહિત્યમાં છેલ્લા સવાસો વર્ષમાં વિકસી છે એ સ્વરૂપે એ પરદેશી સાહિત્ય-પ્રકાર છે અને એની પ્રેરણા પણ આપણને પરદેશી સાહિત્યના અભ્યાસથી મળેલી છે. 'કરણઘેલો'ની કેટલીક ક્ષતિઓ બતાવ્યા પછી લખે છે : "જનસમાજનું ચિત્ર પણ એ જમાનાના ચિત્ર કરતાં નંદશંકરના જમાનાનું ચિત્ર હોય એવું વિશેષ લાગે છે, તેમ છતાં એની પ્રૌઢ, ગંભીર, મેકોલે જેવા સમર્થ અંગ્રેજ ગદ્યસ્વામીની શૈલીનું પ્રતિબિંબ પાડતી, તાદ્દશ વર્ણનો રજૂ કરતી શૈલી, મનોહર દ્રશ્યોનું ચિત્રાત્મક વર્ણન આપતી, લોકમાન્યતાઓ અને લોકવહેમોનું પ્રતિબિંબ પાડતી અને માધવના વર્તન તેમ જ કરણના પશ્ચાત્તાપમાં માનવ-

સ્વભાવના રહસ્યનું દર્શન કરાવતી આ નવલકથાને સાહિત્યમાં એટલી તો સફળતા અને લોકપ્રિયતા પ્રાપ્ત થઇ કે ત્યાર પછી એક જમાના સુધી મુખ્યત્વે ઐતિહાસિક વિષયો લઇનેજ નવલ-કથાઓ રચાઇ છે."(પૃ. ૭૪). એક જ પેરેગ્રાફમાં ઘણુંબધું સમાવી દેવાની આ રીતિ સાવન્ત જોવા મળે છે. અને ખાસ કરીને મોટા ગજાના સર્જકોની બાબતમાં તો ખાસ. 'નાટક'વાળા પ્રકરણમાં કોઇને પ્રમાણભંગ થતો લાગે તો નવાઇ નહીં! કેમજે મુનશી અને ચંદ્રવદનના પ્રમાણમાં ન્હાનાલાલને વધુ ન્યાય આપવા પ્રયત્ન થયો છે. વળી શિવકુમાર જોષી અને ગોવિંદભાઇ અમીનની બાબતમાં, (પૃ. ૧૦૭ અને પૃ. ૧૦૮ ઉપર) થોડુંક પુનરાવર્તન પણ થવા પામ્યું છે. ગુજરાતી નાટયસાહિત્યને સમૃધ્ધ બનાવવાના શ્રી નગીનદાસ પારેખના પુરુષાર્થની વાત કરી છે ત્યા સંભવ છે કે લેખકોને શ્રી પરેખને બદલે શ્રી રસિકલાલ પરીખ અભિપ્રેત હોય! (પૃ. ૧૦૮). પ્રકરણના અંતમાં લખે છે : "અત્યારે નાટકસાહિત્ય એક પ્રકારની સંક્રાન્તિદશામાંથી પસાર થઇ રહયું છે, અને અંતે કયું સ્વરૂપ લેશે એની આગાહી કરવી તે કવખતનું છે. પણ એટલું તો લાગે છે કે ૧૯મી સદીના ઉત્તરાર્ધના અને પછી લખાયેલા રંગભૂમિના બરના નાટકોનો જમાનો આવવો હવે મુશ્કેલ છે, કેમજે બદલાતા જતા લોકમાનસને અનુકૂળ થવાની દૃષ્ટિ રંગભૂમિ બતાવી શકી નહીં અને ચલચિત્રો, રેડિયોરૂપકો અને સંગીતરૂપકો તેમજ હવે નજીકના ભવિષ્યમાં તો ટેલિવિઝન પણ આ ક્ષેત્રમાં આક્રમણ કરી રહયા છે અને કરશે, એટલે અવેતન નાટયપ્રયોગો ધ્વારા રંગભૂમિને સજીવન કરવાના પ્રયત્નોનું જે કંઇક પણ પરિણામ આવશે તો તે રંગભૂમિને શિષ્ટ, સંસ્કારી, ભાવનાવાદી, ધ્યેયલક્ષી બનાવવાનું હશે, એમ કહી શકાય. નાટકસાહિત્યની બહુસંખ્યક રચનાઓ અને બહુવિધ રચનાકલા જોતા નાટકનું ક્ષેત્ર વિસ્તૃત અને સમૃધ્ધ બનતું જાય એ પણ શક્ય લાગે છે."(પૃ. ૧૦૯-૧૧૦).

નવલિકા એ નવલકથાનું સંક્ષિપ્ત સ્વરૂપ નથી પણ સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતો કલાપ્રકાર છે. વાર્તા જેવી કોઇ કલા નૈસર્ગિક નથી અને માનવીથી પર એવું કોઇ તત્ત્વ નથી. ગુજરાતી નવલિકાની શરૂઆત પણ પરદેશી અસર અને પ્રેરણા નીચે થઇ છે; અલબત્ત, વાર્તાકથનની કલા તો હતી જ, જેના નમૂના આપણને 'પંચતંત્ર', 'હિતોપદેશ', 'જાતક કથાઓ', જૈન વાર્તાઓ, રામાયણ, મહાભારત આદિના ઉપાખ્યાનો વગેરેમાં મળે છે; પણ પશ્ચિમના સાહિત્યની અસરવાળી નવલિકાઓ ૧૯મી સદીના અંતમાં, નર્મદયુગના, પૂર્વ અને પશ્ચિમના સંસ્કૃતિસંઘર્ષના યુગમાં, આ નાજુક કલાપ્રકારને સર્જવા જેટલી સ્વસ્થતા લેખકોમાં હતી નહીં. પંડિતયુગના સમર્થ અને વિદ્વાન સાહિત્યકારો પણ સંસ્કૃતિસમન્વયનો યક્ષ-પ્રશ્ન ઉકેલવામાં એટલા બધા રત હતા કે એમને પણ, એક રમણભાઇ નીલકંઠના અપવાદ સિવાય, આ સાહિત્યપ્રકારનું સર્જન કરવાનું સૂઝ્યું કે ફાવ્યું નથી. આ પછી ૧૯૩૦ સુધીના વાર્તાકારોનો ઊડતો પરિચય કરાવી લખે છે : "જ્યારથી નવલિકાકારોની દૃષ્ટિ વાસ્તવિક જીવન તરફ વળી ત્યારથી જીવનની કરુણતા અને અનેકવિધ પ્રશ્નો એમના સર્જનનું મહત્ત્વનું અંગ બનવા લાગ્યા. પહેલા માત્ર સુખાન્ત વાર્તાઓ રચાતી તેને બદલે કરુણાન્ત પણ રચાવા લાગી. પ્રજાની નવજાગૃતિની સાથે સામાજિક, રાજકીય, અને આર્થિક અસમાનતા પણ લેખકોની દૃષ્ટિએ ચઢી અને તેનું સાહિત્યમાં નિરૂપણ થવા લાગ્યું. જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ, પરીક્ષણ અને નિરૂપણ આત્મપરીક્ષા સાથે કલાકૃતિઓમાં સ્થાન પામવા લાગ્યું. સાચી અનુભૂતિ દ્વારા પ્રગટ થતી કલાકૃતિઓ જીવનરહસ્યનું દર્શન કરાવે અને મર્મભેદક અને ચિરકાલીન અસરવાળી બને તેવું લીલાવતી મુનશીના જીવનમાંથી

જડેલી અને બીજી વાતો માં જોવા મળે છે. એમાં ગાંધીયુગનું ગાંભીર્ય, જીવનના ઊંડાણનું અવલોકન, તેમાંથી પરિણમતો કરુણ અને બુધ્ધિયુગના લક્ષણો દેખાય છે – – અને તેથી તે નવલિકા–ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાનની અધિકારી વાર્તાઓ છે."(પૃ. ૧૧૮).
'ધૂમકેતુ' અને રામનારાયણ પાઠકની તુલના સંક્ષેપમાં પણ સાર્થક છે. પ્રકરણના લગભગ અન્તમાં (પૃ. ૧૨૪) શ્રી પુષ્કર ચંદરવાકર, શ્રી સુરેશ જોષી, શ્રી જયંત ખત્રી, શ્રી બકુલેશ, શ્રી પીતાંબર પટેલ, શ્રીમતી ધીરજબહેન પારેખ અને ધીરુબહેન પટેલ માટે સેવેલો આશાવાદ મોટેભાગે ફળ્યો છે. લેખક અંતમાં લખે છે : "છેલ્લા પંદરેક વર્ષના વાર્તાકારો વિશે અભિપ્રાય આપવો એ ઉતાવળિયું લાગે છે. ખરું જોતાં ભવિષ્યના સમર્થ નવલિકાકારો આ લેખક–સમૂહમાંથી જ પ્રગટવાના; પણ એમના અત્યારસુધીના કાર્યના ગુણદોષ કે ચિરંજીવતાનો નિર્ણય સમયની કસોટી કરશે તે જ રહેશે". (પૃ. ૧૨૫).

અર્વાચીન વિવેચના મુખ્યત્વે પાશ્ચાત્ય પધ્ધતિ પર રચાયેલી છે; જો કે સંસ્કૃતમાં સાહિત્યશાસ્ત્ર અનેક સ્વરૂપે ખીલ્યું છે અને નવા નવા સિધ્ધાંતો ધ્વારા સાહિત્યના સ્વરૂપ વિષે તેમાં ઊંડો, ગંભીર, નિષ્ઠાવંત વિચાર થયો છે. સંસ્કૃત કાવ્યો ઉપર અને સાહિત્યશાસ્ત્રના ગ્રંથો ઉપર અનેક સંસ્કૃત ટીકાઓ મુખ્યત્વે અક્કેક શ્લોક પૂરતી સર્વાંગી વિચારણા કરે છે અને એ શ્લોકને ભાષા અને રસની દૃષ્ટિએ સમજાવવાનો પ્રયત્ન કરે છે. આ મુક્તક–વિવેચન–શૈલી સંસ્કૃત કાવ્યોની ટીકાઓનું મહત્ત્વનું લક્ષણ છે. અર્વાચીન રોમાન્ટિક વિવેચન પધ્ધતિ, કવિની કૃતિને સહાનુ–

ભૂતિપૂર્વક સમજીને વાચકોને તેનો પરિચય કરાવવો એ દૃષ્ટિ મુખ્ય રહી છે. સાથે સાથે વિધવિધ સાહિત્યકારોનો ઐતિહાસિક રીતે પરિચય કરાવવાની દૃષ્ટિ પણ પ્રગટ થાય છે. વિવેચનમાં કેટલુંક વિવેચન સૈધાંતિક દૃષ્ટિએ સાહિત્યકલાના સ્વરૂપનો તાત્વિક વિચાર કરે છે, તો કેટલુંક જુદી જુદી જુદી કૃતિઓના અવલોકન કરતાં પ્રસંગોપાત તાત્વિક ચર્ચા કરતું હોય છે. કેટલીક વખત મૂળ કૃતિને સમજાવી, એમાં રહેલી વ્યંજનાને સુભગ બનાવી સહૃદયોને આસ્વાદ લેવાનું સુકર બનાવે છે. નર્મદના અર્વાચીન પધ્ધતિના વિવેચનથી શરૂ કરીને અત્યારના શિષ્ટ સામયિકોમાં પ્રગટ થતા વિવેચનનો ખ્યાલ આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે. નવલરામ માટે સંક્ષેપમાં કેટલું બધું કહી દીધું છે: "એમની વિવેચન પધ્ધતિ સાહિત્યકૃતિનો સર્વાંગી પરિચય, વિસ્તૃત ગુણદર્શન, સંક્ષિપ્ત દોષદર્શન, નવા ઉગતા યોગ્ય લેખકોને પ્રોત્સાહન અને પ્રતિષ્ઠિત લેખકોની ખામીઓની નીડરતાપૂર્વક ઝાટકણી એ પ્રકારની છે. એમની શૈલી સરળ, પ્રસાદિક, શિષ્ટ અને સ્વસ્થ તથા અસંદિગ્ધ છે. 'નવલગ્રંથાવલિ'માં એમનાં વિવેચન વિષયક લખાણો પ્રગટ થયાં છે." (પૃ. ૧૨૮). મણિલાલ ન. દ્વિવેદી, રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ દીવેટિયા, બળવંતરાય ઠાકોર, રામનારાયણ પાઠક, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિ. ક. વૈદ્ય, વિ. મ. ભટ્ટ અને અનંતરાય રાવળ સંબંધે વિગતે લખ્યું છે તો કમળાશંકર ત્રિવેદી, કેશવ હ. ધ્રુવ, મોહનલાલ દવે, અશોક હર્ષ, દોલતરાય માંકડ, બટુભાઈ ઉમરવાડિયા, ચુનીલાલ શાહ, રામલાલ ચુ. મોદી, રતિલાલ મો. ત્રિવેદી, નવલરામ ત્રિવેદી અને ઉત્તમલાલ ત્રિવેદી જેવાઓનું પણ વિસ્મરણ કર્યું નથી. કાન્ત, ન્હાનાલાલ, મેઘાણી અને કાકાસાહેબના વિવેચનકાર્યની પણ ઉચિત મૂલવણી

કરી છે. એમની સમીક્ષા-પધ્ધતિ માટે આચાર્ય ધ્રુવ અંગેનું લખાણ વાંચવા જેવું છે : "'મધુદર્શી'-સમન્વયકાર', 'પરમવંદ્ય વિભૂતિ' જેવાં વિશેષણો ગુજરાતના અનુગામી વિવેચકો પાસેથી પ્રાપ્ત કરનાર આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ ગુજરાતના એક સમતાશીલ, સૌમ્ય અને સમન્વયશોધક વિવેચક છે. જેમ પોતાની માન્યતા કે અભિપ્રાય સાચા હોય તેમ પરલક્ષી માન્યતા પણ તથ્યાંશવાળી હોય એમ માનીને એમણે સૌમ્યતાપૂર્વક વિવેચન કર્યું છે. જ્યાં જુએ ત્યાંથી સત્ય અને હિતકર વસ્તુને ગ્રહણ કરવાની વૃત્તિ, પૂર્વ અને પશ્ચિમના દર્શન, સાહિત્ય અને વિવેચનની સમર્થ વિધ્વત્તા અને ગુજરાતી વિવેચનનું અર્થવિકાસપણું એમના નોંધપાત્ર ગુણો છે. એમના 'કાવ્ય-તત્ત્વવિચાર', 'સાહિત્યવિચાર', 'દિગ્દર્શન' અને 'વિચાર માધુરી' વગેરેમાં સચવાયેલા અનેક વિવેચનલેખોમાં આ શક્તિ, વૃત્તિ અને દૃષ્ટિ દેખાય છે. સાહિત્યના તાત્ત્વિક સિધ્ધાંતોની ચર્ચા એમણે અત્યંત શિષ્ટ, સૌમ્ય, મધુર અને અર્થગંભીર છતાં પ્રાસાદિક ભાષામાં કરી છે. એમની વાણી માટે પ્રસન્નગંભીરપદાસરસ્વતી આ શબ્દો વપરાયા છે. ખાસ કરીને કાવ્યના આંતરબાહ્ય સ્વરૂપ પરત્વેની, સંસ્કારી સંયમ અને જીવનના ઉલ્લાસ વિષયક, આત્માની અમરકલા કવિતા વિષયક અને વૃત્તિમય ભાવાભાસ વિષયક ચર્ચા અને ગુજરાતી સાહિત્યના કેટલાક કૂટ પ્રશ્નો ઉપરની ચર્ચા, શ્રી મુનશીના મંતવ્યોનો વિચાર અને પરિષ્કાર એમના વિવેચાનના નોંધપાત્ર અંશો છે. સુદૃઢ, શ્લિષ્ટ અને વિધ્વત્તાપૂર્ણ પરીક્ષા જેવાં અનેક અવલોકનો અને સાક્ષરજયંતીઓ વિષયક વ્યાખ્યાનોમાં એમની પૂર્વ અને પશ્ચિમના સાહિત્ય અને સાહિત્ય-શાસ્ત્રના અભ્યાસે પક્વ બનેલી દૃષ્ટિ મૂલગામી વિધાનો કરે છે. એમની વિવેચન પધ્ધતિમાં ઐતિહાસિક, તુલનાત્મક અને રોમાન્ટિક

પધ્ધતિઓનો યથાસ્થાને ઉપયોગ પણ ધ્યાન ખેંચે છે."(પૃ. ૧૩૧-૧૩૨). આમ ઠેઠ નર્મદ-દલપતકાળથી વીસમી સદીના સાડાપાંચ દાયકા સુધીની ગુજરાતી વિવેચન પ્રવૃત્તિના વિકાસ અને તેના પ્રેરકબળોનો ખ્યાલ આ પ્રકરણમાં આપ્યો છે. વિવેચનમાં અનેકવિધ નવી દૃષ્ટિ અને નવાં સ્વરૂપો પ્રચલિત બન્યાં છે છતાં વિવેચનને વ્યવસાય બનાવનાર અભ્યાસીઓની સંખ્યા પ્રમાણમાં નાની છે.

અન્ય સાહિત્યપ્રકારોની તુલનાએ નિબંધનું સ્વરૂપબંધન ચુસ્ત નથી. આમ છતાંયે નિબંધ એ એક મહત્ત્વનો અને કઠિન સાહિત્યપ્રકાર છે. સુંદરમે એની વ્યાખ્યા આમ આપી છે : "એક સંક્ષિપ્ત, રૂપવતી, એકાગ્ર અને સુશ્લિષ્ટ રીતે ગદ્યમાં લખાયેલી રચના તે નિબંધ એમ કહી શકાય". (પૃ. ૧૪૫). આવી રચનામાં લેખક વસ્તુવિન્યાસ કેવો કરે છે તે વધુ મહત્ત્વનું હોય છે. વિષય તો હોય જ છે, અભ્યાસ પણ હોય છે છતાં કલ્પનાબળ મુખ્ય હોય છે. તેથી નિબંધકારના હાથ મુક્ત રહે છે. અને તે એને ઘણા પ્રકારે ખીલવી શકે છે, નાટયાત્મક ઉઠાવ આપે છે, કલ્પના ચલાવી શકે છે, માહિતી પણ આપે છે અને ડહાપણ પણ પીરસે છે. પોતાના જ્ઞાન, અનુભવ, વિદ્વત્તા, કલારસિકતા, સૌંદર્યદૃષ્ટિ, તત્ત્વ-સમૃધ્ધિ, ભાવનાવૈભવ, વાક્પાટવ વગેરેને યથેચ્છ રજૂ કરી શકે છે. જ્ઞાન સાથે રંજન પણ આપે છે. એવા લેખક જે અહમનો ધ્વનિ રજૂ કરે છે તે સમગ્ર માનવતાનું પ્રતિબિંબ અને પ્રતીક છે. કાકાસાહેબને મતે નિબંધ એ સાહિત્યનું સર્વોત્કૃષ્ટ અને સમર્થરૂપ છે. સગવડ ખાતર, ગંભીર નિબંધને નિબંધ અને હળવા નિબંધને નિબંધિકા કહેવામાં ને સ્વીકારવામાં આવેલ છે.

ઇ.સ. ૧૮૫૧ માં 'મંડળી મળવાથી થતા લાભ' એ નર્મદનો

પહેલો નિબંધ — એ પછી એણે વર્ણનપરાયણ, કથનપરાયણ અને વિચારપરાયણ ઘણા નિબંધો લખ્યા છે. — અને અત્યાર સુધીમાં સાહિત્યના આ રસિકતા સાથે જ્ઞાન આપતા કલાપ્રકારનો સારો વિકાસ થયો છે ને એનો પરિચય આ પ્રકરણમાંથી સુપેરે પ્રાપ્ત થાય છે, પણ પ્રો. બ. ક. ઠાકોરે દશ સારા ગદ્યકારોમાં જેની ગણના કરી છે તે વાડીલાલ મો. શાહનો અહીં ઉલ્લેખ માત્ર નથી એ એની મર્યાદા છે — વળી ઉત્તમલાલ ત્રિવેદીના પ્રમાણમાં શ્રી કિશોરલાલ મશરૂવાળા માટે ખૂબજ ઓછુ લખાયું છે એ પણ આ પ્રકરણની મર્યાદા લાગે છે. નવલરામ, મણિલાલ દ્વિવેદી, આચાર્ય આનંદશંકર ધ્રુવ અને કાકા સાહેબ કાલેલકર માટે મન મૂકીને લખાયું છે, તે યોગ્ય જ છે.

ગાંધીયુગ અથવા મુનશીયુગ – 'મોહનયુગ' ની સરખામણી પંડિતયુગના નિબંધકારો સાથે કરતા લખે છે : "પંડિતયુગના ભારેખમપણાની સરખામણીમાં આ યુગના નિબંધકારો વધારે રસિક અને રંજક નિબંધો લખે છે. માત્ર જ્ઞાન નહિ પણ રસિકતા સાથેનું જ્ઞાન એ આ યુગના નિબંધકારોનું મહત્ત્વનું લક્ષણ છે. દીર્ઘસૂત્રીપણું અને સંસ્કૃતમયતાનો મોહ ચાલ્યા ગયા છે. સંક્ષેપ અને ચોટ વધ્યા છે. નવનવા વિષયો પણ આ યુગમાં નિબંધમાં પ્રવેશ્યા છે. આ યુગના નિબંધકારો પર અસર કરનાર સમર્થ વિભૂતિઓ તે ગાંધીજી અને મુનશી છે. બેઉની દૃષ્ટિ અને વૃત્તિ ભિન્ન છે. ગાંધીજી પૂર્વપૂજક તો મુનશી પશ્ચિમપૂજક છે — અને આ લક્ષણ એમના અનુયાયી નિબંધકારોમાં ઉતર્યા વિના રહ્યા નથી. તેથી ગાંધી વિચારધારાના લેખકોના નિબંધોમાં પ્રાચીનતાનો પુરસ્કાર, રાષ્ટ્રીયતા અને સ્વકીયતા દેખાય છે, તો મુનશી વિચારધારાના લેખકોમાં નવીનતા, સરળતા અને સચોટતા મહત્ત્વના લક્ષણો છે. ગાંધી વિચારધારાના

લેખકો વિષય અને શૈલીની દૃષ્ટિએ સાત્ત્વિક પ્રકૃતિના છે તો મુનશી વિચારધારાના લેખકો રાજસ પ્રકૃતિના છે. ગાંધીજીના ગદ્યમાં એમના વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડતી સરલતા, સંક્ષિપ્તતા, નિરર્થક વાણીવિલાસનો અભાવ, તળપદી ભાષાની ચચોટતા અને એનું એમ પ્રગટ થાય છે. સાદાઈ, ત્યાગ અને સંયમ આ લેખકોની શૈલીના મહત્ત્વના લક્ષણો છે; તેમછતાં કાકાસાહેબ કાલેલકર જેવા લેખકોમાં સંસ્કારિતા અને રસિકતા પણ પ્રચુર પ્રમાણમાં પ્રગટ થયાં છે. ગાંધીજી ગુજરાતી ભાષાના એક સમર્થ ગદ્યકાર હતા. એમણે લેખનને સાધ્ય તરીકે નહિ પણ સાધન તરીકે વાપર્યું છે." (પૃ. ૧૫૩). વિવેચન, નિબંધ અને નિબંધિકા-વિષયક લખાણમાં, કેટલાક લેખકોની બાબતમાં સહેજ પુનરાવર્તન થયું હોય એમ લાગે છે.

અંગ્રેજોના આગમન અને અંગ્રેજી સાહિત્યના પરિચય સાથે આપણે ત્યાં જીવનકથા-આત્મકથા લેખનનો પ્રારંભ થયો એમ કહી શકાય. આ દિશામાં પ્રારંભ કરનાર નર્મદ પહેલો સાહિત્યકાર છે. એની સત્યનિષ્ઠા એને ગાંધીજીનો યોગ્ય ને સમર્થ પુરોગામી ઠરાવે છે. આ પ્રકરણમાં, નર્મદની 'મારી હકીકત'થી લઈને વાસુદેવ માવળંકરના 'માનવતાના ઝરણાં' સુધીનો ઉડતો પરિચય કરાવ્યો છે. એમાં જે સમયમાં એ લેખકો જનમ્યા, ઊછર્યા, અને ઘડાયા તે સમયનું પણ તેમાં સુંદર ચિત્ર પશ્ચાદભૂમિકામાં જોવા મળે છે. એટલે ગુજરાતની છેલ્લા સો વર્ષની સાંસ્કારિક, સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ પણ આમાંથી મળે છે તે એક નોંધપાત્ર હકીકત છે. અને એ દૃષ્ટિએ આ કૃતિઓનું ઘણું મૂલ્ય છે. ઉપરાંત આ લેખકોના સંવેદનશીલ ચિત્ત ઉપર એ પરિસ્થિતિ અને યુગ ઘડનારાં બળોની કેવી અસર થઈ એ પણ એમાંથી જાણવા મળે છે. એટલે આડકતરી રીતે ચરિત્રનાયકના જીવન સાથે પરોક્ષ રીતે ગુજરાતના છેલ્લા સૈકાના ચરિત્રમાં પણ ડોકિયું

કરાવે છે; તેથી પ્રજાજીવનના ઇતિહાસમાં પણ આવાં પુસ્તકોનું મૂલ્ય ઘણું છે. પૃ. ૧૬૬ ઉપર 'એક બેરિસ્ટરના અનુભવ' એ આત્મચરિત્રનો ઉલ્લેખ કર્યો છે પણ એના લેખકનો નામનિર્દેશ કર્યો નથી. પૃ. ૧૮૦-૮૧-૮૨ ઉપર આપેલી ચરિત્રોની લાંબી યાદી અત્યંત ઉપયોગી છે.

રેખાચિત્રો માં ન.ભો. દિવેટિયાના 'સ્મરણમુકુર', લીલાવતી મુનશીનાં 'રેખાચિત્રો', નાનાલાલનાં 'ચિત્રદર્શનો' અને કિશનસિંહ ચાવડાના 'અમાસના તારા'નો પરિચય કરાવ્યો છે તો ડાયરી સાહિત્યમાં શ્રી ગો.મા. ત્રિપાઠીની સ્ક્રેપબુક, નરસિંહરાવની રોજનીશી અને મહાદેવભાઇની ડાયરીઓનું સુંદર વિવેચન છે. મહાદેવભાઇની ડાયરીઓ અંગે લખે છે : "દુનિયાભરના ડાયરીસાહિત્યમાં સમાન્ય સ્થાન મેળવી શકે એવી આ કૃતિઓ છે. એમાંથી ગાંધીજીના વ્યક્તિત્વનું પહેલદાર હીરાના જેવું સુંદર ચિત્ર પ્રગટ થાય છે. સમકાલીન રાજકીય જીવનના આબેહૂબ પ્રતિબિંબ ગાંધીજી, સરદાર અને બીજા અંતેવાસીઓની વિશેષતાનાં ચિત્રો એમાંથી નોંધપાત્ર રીતે પ્રગટ થાય છે. અનેક મહત્ત્વની વ્યક્તિઓ સાથે અને પ્રસંગો વિષે ગાંધીજીએ દર્શાવેલા વિચારો, અનેક વ્યક્તિઓને લખેલા પત્રો, એમની દિનચર્યા, ભાષણો, ચર્ચાઓ વગેરેનો હેવાલ મહાદેવભાઇની મિતાક્ષરી, ચિત્રાત્મક, સરળ અને સુઘડ શૈલીમાં પ્રગટ થાય છે. ગાંધીજી વિશેની અપાર ભક્તિ અને શ્રધ્ધા છતાં તટસ્થ અને મર્મગામી નિરૂપણ આ ડાયરીઓનો વિશેષ ગુણ છે -- આ ડાયરીઓથી ગુજરાતી સાહિત્યમાં આ વિભાગનું દારિદ્રય સંપૂર્ણપણે દૂર થાય છે."(પૃ. ૧૮૭). અહીં સંપૂર્ણપણે ને બદલે મોટેભાગે લખ્યું હોત તો ઠીક રહેત. ૧૯૪૭ પછીના કપરા સમયમાં ગાંધીજીએ દિલ્હીમાં કરેલા વ્યાખ્યાનોનો સંગ્રહ દિલ્હી ડાયરી માં છે.

ગુજરાતમાં પ્રવાસ-સાહિત્ય વિપુલ પ્રમાણમાં લખાયું છે ને ડો. અરુણાબહેન બક્ષીનો શોધ-પ્રબંધ નામે 'ગુજરાતી પ્રવાસ સાહિત્ય' સરદાર પટેલ યુનિવર્સિટીએ ઇ.સ. ૧૯૮૪માં પ્રગટ પણ કરેલ છે. આ પ્રકરણમાં તો સાહિત્યની દૃષ્ટિએ ગણનાપાત્ર કૃતિઓનો જ ખ્યાલ આપવામમાં આવ્યો છે – એટલુંજ નહીં પણ પુસ્તકકારે પ્રગટ નહીં થયેલ પણ જે તે સામયિકોમાં પ્રગટ થયેલ પ્રવાસ-સાહિત્યનો પણ ઉલ્લેખ કર્યો છે. દા.ત. ડો.ભોગીલાલ સાંડેસરાની 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં પ્રગટ થયેલી 'એક વિદ્યાયાત્રા' – – અલબત્ત, આ પુસ્તક પ્રગટ થયું એ પછી ડો. સાંડેસરાનું એ પુસ્તક 'પ્રદક્ષિણા'ના નામે પ્રગટ થયું છે. પૃ. ૧૮૯ ઉપર એક ભાઇએ 'ચોરવાડથી જાપાન' અને બીજા ભાઇએ 'ઉત્તરધ્રુવથી ખાર્ટુમ' નામક પ્રવાસ-પુસ્તકો લખ્યાં છે –– પણ ત્યાં આ બે લેખકોના નામ આપ્યા નથી. પ્રવાસ-સાહિત્યમાં કાકા સાહેબના કાળાની ચર્ચા કરતાં લખે છે : "કાકા સાહેબ કાલેલકરે ગુજરાતી પ્રવાસ સાહિત્યને પોતાના 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વ આફ્રિકામાં' અને 'રખડવાનો આનંદ' વગેરેમાંના પ્રવાસ વર્ણન દ્વારા અત્યંત સમૃધ્ધ બનાવ્યું છે. એમની એકથી વધુ ભાષાઓના સાહિત્યના અભ્યાસે સંસ્કારી, રસિક અને પરિપૂત બનેલી દૃષ્ટિ, સરલ છતાં શિષ્ટ પ્રસન્નમધુર નિરૂપણપધ્ધતિ, તાદૃશ વર્ણનો, ઉત્કટ દેશપ્રેમ અને માનવતાપ્રેમ –– અને આ બધાનું હૃદયના રંગે રંગાઇને દોરેલું ચિત્ર આ કૃતિઓને ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કક્ષાની બનાવે છે. એમની શૈલીમાં ભાષા પ્રભુત્વ, કલ્પનાની નિવ્યર્જ મુગ્ધ રમણીય લીલા, ચિંતન અને શ્લેષશક્તિ, પ્રાચીન પૌરસ્ત્ય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ, દેશદાઝ, શિક્ષણ-વિષયક વિચારણા ઇત્યાદિને લીધે આ પ્રવાસવર્ણનો અને પ્રકૃતિવર્ણનો એટલાં તો રમ્ય બન્યાં છે કે શ્રી ઉમાશંકર જોષીએ એને માટે 'કાકાસાહેબની કવિતા' એ શબ્દયુગ્મ યોજ્યું છે." (પૃ. ૧૮૯).

નિબંધલેખનની જેમ પત્રલેખનની પણ એક કળા છે. કાન્ત, કલાપી, ગાંધીજી, બ.ક.ઠાકોર અને ચમનલાલ વૈષ્ણવ (અજ્ઞાત)ના પત્રો આપણા સાહિત્યનું ભૂષણ છે. કેટલાકમાં માત્ર સ્વરૂપ સિવાય પત્રલેખનની કોઇ વિશેષતા પ્રગટ થતી નથી.

ભાષાશાસ્ત્ર વિષયક પ્રકરણ વિગતપ્રચુર છે જેમાં નર્મદ, નવલરામ, મનઃસુખરામ ત્રિપાઠી, હરગોવિંદદાસ કાંટાવાળા, કે.હ.ધ્રુવ, વ્રજલાલ શાસ્ત્રી, કમળાશંકર ત્રિવેદી, મહીપતરામ, રમણભાઇ નીલકંઠ, પ્રેમજીભાઇ ઠક્કર, નરસિંહરાવ દિવેટિયા, ચતુરભાઇ પટેલ, ડો. ટી. એન. દવે, અંબાલાલ પંચાલ, ગોકળદાસ પટેલ, કે.કા.શાસ્ત્રી, બ.ક.ઠાકોર, શંકરપ્રસાદ રાવલ, મણિલાલ વ્યાસ, મોહનલાલ દેસાઇ, મુનિશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી જિન-વિજયજી, શ્રી લાલચંદ્ર ગાંધી, પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, ડો. હરિવલ્લભ ભાયાણી, ડો.ભોગીલાલ સાંડેસરા, મધુસૂદન મોદી, ડો.પ્રબોધ પંડિત, પ્રો.કે.બી.વ્યાસ, ડો.છોટુભાઇ નાયક અને ડો.ભાનુપ્રસાદ ચોકસી જેવા નાનામોટાઓના પ્રદાનની નોંધ લીધી છે. અલબત્ત, વિગતવાર ચર્ચા તો થોડાકની જ થઇ શકી છે, જેમનું પ્રદાન ભાષાશાસ્ત્રક્ષેત્રે વિશિષ્ટ છે. દા.ત. ન.ભો. દિવેટિયા, "ભાષાશાસ્ત્રમાં આ બધાથી વધુ મહત્ત્વનું કામ તો નરસિંહરાવ દિવેટિયાનું છે. અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિ એમણે કરી છે છતાં મુખ્યત્વે તેઓ ભાષાશાસ્ત્રી હતા અને કાનડાથી માંડીને સિંધ સુધીના જુદા જુદા પ્રદેશોમાં એમણે કરેલી સરકારી નોકરી દરમિયાન એ પ્રદેશોની ભાષાઓ સાથેના પરિચયથી એમના આ પ્રકારના જ્ઞાનમાં ખૂબ સંગીનતા અને વિશાળતા આવેલી. એમણે મનોમુકર માં છૂટાછવાયા લેખો લખ્યા છે. 'ગુજરાતી લેન્ગવેજ એન્ડ લીટરેચર' નામે ઓળખાતાં મુંબઇ યુનિવર્સિટીને આશ્રયે

આપેલા 'વિલ્સન ભાષાશાસ્ત્રીય વ્યાખ્યાનો'માં એમના જીવન-ભરના કાર્યનો નિચોડ આપણને પ્રાપ્ત થાય છે. એમણે એમાં ૬૦૦-૭૦૦ પાનામાં ભાષાશાસ્ત્રની સમર્થ ચર્ચા કરી છે અને ભાષાશાસ્ત્રીય પધ્ધતિઓ વિશે કેટલાક નિર્ણયો બાંધ્યા છે તેમજ કેટલીક ચર્ચાસ્પદ બાબતો જેવી કે 'છે'ની વ્યુત્પત્તિ, વિવૃત્ત ઉચ્ચારોનું આગમન, 'હ' શ્રુતિ, લઘુપ્રયત્ન 'ય' શ્રુતિ, તીવ્ર અને કોમળ અનુસ્વારની ચર્ચા, બીજલાઘવ અને ક્રમલાઘવ વિષયક ચર્ચા અને ઉત્સર્ગો દ્વારા ગુજરાતી શબ્દોની અવાન્તર રૂપો સહિત વ્યુત્પત્તિ આપવાનો પ્રયાસ તેમજ ગુજરાતી વિભક્તિ પ્રત્યયોની વ્યુત્પત્તિ ઉપરાંત ગુજરાતી ભાષાનું બંધારણસમસ્ત કે વ્યસ્ત-ની એમણે કરેલી ચર્ચા નોંધપાત્ર છે. આ ઉપરાંત ગુજરાતી ભાષાની જોડણી વિશેનો એમનો દીર્ઘ નિબંધ પણ આ પ્રકારના જ્ઞાનનો જ પરિપાક છે. કેટલાક ચર્ચાપત્રોમાં પણ એમણે આ વિષયની ચર્ચા કરી છે. સમગ્રરીતે જોતાં એમનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે અને એમની પછી થયેલા કાર્ય માટે પૂર્વભૂમિકા પૂરી પાડે છે. નરસિંહરાવની શૈલી આ વ્યાખ્યાનોમાં દીર્ઘસૂત્રી રહી છે તો ક્યાંક નાના મુદ્દાઓની ચર્ચા પાનાંના પાનાં રોકી દે છે એ એમની સ્વભાવગત મર્યાદાનું સૂચક છે." (પૃ. ૧૯૭).

'બાળસાહિત્ય' લખવું એ અત્યંત કપરું કામ છે, કપરી સાધના છે. ઘણાકમાં બાળકો વિષેનો પ્રયત્ન હોય છે, બાળકો માટેનો નહીં. બાળસાહિત્યને પોતાના જીવનની મુખ્ય બાબત ગણીને બાલસાહિત્યની રચના કરનારાઓમાં અને બાલશિક્ષણને શાસ્ત્રીય પધ્ધતિએ જનતા સમક્ષ રજૂ કરનારાઓમાં શ્રી ગિજુભાઈ અને એમના સહકાર્યકરોનું જૂથ - તારાબહેન મોડક, નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી - અત્યંત મહત્ત્વનું છે. આવા સાહિત્યકારોનો

હેતુ મોટેભાગે બાળકોને મનોરંજન પૂરું પાડવાનો અને સાથે જ વૈજ્ઞાનિક, રાજકીય કે જીવનચરિત્રના પ્રકારની માહિતી પૂરી પાડવાનો હોય છે. આ પ્રકરણમાં એવાં સેંકડો પુસ્તકોનો લેખકો સમેત ઉલ્લેખ થયો છે.

'શિક્ષણ વિષયક સાહિત્ય'માં, છેક શિક્ષણની શરૂઆતના સમયમાં શિલાછાપ પ્રેસમાં લખાયેલાં પુસ્તકોથી માંડીને અદ્યતન કાળ સુધીમાં લખાયેલાં અનેક પુસ્તકોમાંથી નવલરામ, મણિલાલ, કાન્ત, આચાર્યધ્રુવ, ગાંધીજી, ગિજુભાઈ, કાલેલકર, હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ, મશરૂવાળા, જેવા શિક્ષણશાસ્ત્રી વિચારકોના પુસ્તકોનો ઊડતો પરિચય કરાવ્યો છે. આ વિષયને લગતાં ઘણાંક પુસ્તકો કાંતો અનુવાદ હોય છે અથવા પરભાષાનું ગુજરાતી રૂપ હોય છે. એમાં શુધ્ધ સાહિત્યની દૃષ્ટિ કરતાં ઉપયુક્તતાની દૃષ્ટિ વિશેષ હોય છે. શિક્ષણનો પ્રશ્ન સ્વાતંત્ર્ય પહેલાં જેટલા રસપૂર્વક ચર્ચાતો એટલા જ બલ્કે તેથી ય વિશેષ રસપૂર્વક અત્યારે ચર્ચાય છે. મોટેભાગે તત્કાલીન પ્રશ્નોની ચર્ચા કરનારાં લખાણોનું ચિરંજીવ મૂલ્ય હોતું નથી. આજે તો કેટલાક ટેક્નિકલ વિષયોની દિશામાં પણ પરિભાષાની મુશ્કેલી હોવા છતાં, સારા પ્રયત્નો થયા છે.

પ્રત્યાયનનું પ્રબળ માધ્યમ પત્રકારત્વ પણ છે. સમાચારો ને માહિતી આપવા ઉપરાંત તે લોકજાગ્રતિના વાહક પણ બન્યાં છે. પ્રજાની જાગ્રતિને ઉત્તેજવામાં ને રાષ્ટ્રીય ભાવનાને વિકસાવવામાં એમનો ફાળો ગણનાપાત્ર છે. આ ઉપરાંત નિબંધ, વિવેચન, ચર્ચાપત્ર, જીવનચરિત્ર, ટૂંકીવાર્તા, નવલકથા, વ્યુત્પત્તિચર્ચા જેવા સાહિત્યના અનેક પ્રકારોને વિકસાવવામાં અને ગદ્યના ઘડતરમાં પણ એમનો વિશિષ્ટ ફાળો છે. આ પ્રકરણમાં એવાં કેટલાક

દૈનિકો અને સામયિકોનો ખ્યાલ આપ્યો છે. ગાંધીજીના પત્રોએ ગાંધી વિચારના પ્રચારમાં, પ્રજાજાગ્રતિના ક્ષેત્રે લોકકેળવણીના શક્તિશાળી માધ્યમ તરીકે કામગીરી બજાવી છે. આજે તો કેટલીક યુનિવર્સિટીઓએ પણ પત્રકારત્વના વિષયનો અભ્યાસક્રમમાં સમાસ કર્યો છે.

ગુજરાતી સાહિત્યના વિકાસમાં અનુવાદોએ પણ નોંધપાત્ર ફાળો આપ્યો છે. અર્વાચીન યુગની શરૂઆત સાથે જ, પરભાષા-માંથી અમુક અમુક વિષયો વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા ઉભી થઇ અને શિક્ષણ-વ્યવસ્થા વ્યવસ્થિત બનતાં ભિન્ન ભિન્ન વિષયો-વિષયક માહિતી આવશ્યક બની. ગુજરાતના ઉચ્ચ કક્ષાના સમર્થ સાહિત્યકારોએ, ખાસ કરીને બંગાળી, હિંદી અને મરાઠી આ ત્રણ ભગિની ભાષાઓમાંથી મોટાભાગના અનુવાદ કર્યા છે; જ્યારે સામે પક્ષે ગુજરાતીમાંથી પણ કેટલાક મહત્ત્વના સાહિત્યકારો જેવા કે મુનશી, ન્હાનાલાલ, ધૂમકેતુ, રમણલાલ જેવાની કૃતિઓના અનુવાદ હિંદી, મરાઠી અને ક્વચિત અંગ્રેજીમાં પણ થયા છે. આ આદાન-પ્રદાન આવશ્યક ખરું પણ ઘણા સાહિત્યકારોને હાથે એકની એક કૃતિના અનુવાદો થયા છે તેમાં ગુજરાતી પ્રજાની વાચન ભૂખ સાથે વિવેકનો અભાવ પણ વરતાય છે. આ પ્રકરણમાં એવી કેટલીક અનુદિત કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે.

'છંદોના વિકાસ' નામના પ્રકરણમાં નર્મદનો 'રોળા', નવલરામનો 'મેઘછંદ,' કેશવ હર્ષદ ધ્રુવનો 'વનવેલી', મનહરરામ મહેતાનો 'રામછંદ,' નર્મદ ગોવર્ધનરામનો 'કટાવ,' છોટાલાલ ભટ્ટનો 'દંડક,' બ. ક. ઠાકોરનો 'પૃથ્વી', ન્હાનાલાલનું અપદ્યાગદ્ય

કે ડોલનશૈલી, ખબરદારના 'અદલ,' 'મુક્તધારા' અને 'દિવ્ય-
આ કવિઓએ એમની જે તે કૃતિઓમાં વાપરેલા ઉપર્યુક્ત છંદોની
ચર્ચા કરી છે. અંગ્રેજી સાહિત્યના અભ્યાસને પરિણામે એક અગેય,
સળંગ પ્રવાહી છંદ શોધવાની પ્રવૃત્તિ શરૂ થઇ દેખાય છે. અંગ્રેજીમાં
Blank Verse મહાકાવ્યને માટે અનુકૂળ વાહન છે. મિલ્ટનના
Paradise Lost મહાકાવ્યને નમૂના તરીકે દૃષ્ટિ સમક્ષ
રાખીને Blank Verse ની શોધના આ પ્રયોગો થયા. ગુજરાતી
સાહિત્યને હજી સુધી મહાકાવ્ય પ્રાપ્ત થયું નથી. મહાકાવ્યની
રચના માત્ર અનુકૂળ છંદ ઉપર આધાર રાખતી નથી; પ્રતિભા
ઉપર આધાર રાખે છે. રામાયણ જેવું વીણામધુર અને મહાભારત
જેવું મેઘગંભીર લાખેક શ્લોકનું વિરાટકાવ્ય અને શ્રીમદ્ ભાગવતાદિ
પુરાણો મોટે ભાગે અનુષ્ટુપમાં રચાયાં છે. સંસ્કૃત મહાકવિઓએ
લખેલા મહાકાવ્યોને છંદની મુશ્કેલી નડી નથી. ગુજરાતી સાહિ-
ત્યમાં પણ ન્હાનાલાલ, કાન્ત, સુંદરજી બેટાઇ અને મનસુખલાલ
ઝવેરીએ અનુષ્ટુપનો સફળ પ્રયોગ કર્યો છે. આ રીતે અનુષ્ટુપની
મહાકાવ્ય કે દીર્ઘકાવ્યના વાહન બનવાની યોગ્યતા મોટી છે
એ વિશે કશી શંકા નથી. પૃથ્વી પણ એવી જ શક્યતાવાળો છંદ
છે એમ ગુજરાતી સાહિત્યમાં હવે સિધ્ધ થયું છે. કેમજે પૃથ્વીનો
યતિ શિથિલ છે, પ્રાસરચનાની એમાં ધમાલ ઓછી છે, ચિંતન
માટે એ અનુકૂળ છંદ છે, એનો અગેય પાઠ થઇ શકે છે, દીર્ઘ ચિંતના-
ત્મક કે વર્ણનાત્મક કાવ્યોમાં એ સફળતાથી વપરાયો છે --
એટલું જ નહીં પણ જ્યાં જ્યાં વિચાર અટકે ત્યાં અટકીને નવા
વિચાર સાથે નવો કાવ્યખંડ શરૂ કરવાનું એમાં શક્ય છે.

'ઉપસંહાર'માં તેઓ કહે છે કે અંગ્રેજોની અસર નીચે આવેલી નવજાગ્રતિએ ગુજરાતના સાહિત્ય અને જીવન ઉપર જેટલી અસર આ સોએક વર્ષોમાં કરી છે તેટલી ક્રાન્તિ કદાચ એની પૂર્વેના છસો સાતસો વર્ષોમાં પણ નહીં થઇ હોય. વળી ગુજરાતી સાહિત્ય સર્વતોમુખી, વાસ્તવિક અને સાહિત્યમંદિરમાં માનવની દેવ તરીકે પ્રતિષ્ઠા કરવાનું બન્યું તે પણ આ યુગમાં જ. સાહિત્યના પ્રયોજન વિશે ગમે તેટલા મતભેદો હોય...સાહિત્યને ખાતર સાહિત્ય કે જીવનને ખાતર સાહિત્ય--આ અભિપ્રાયોનો ગજગ્રાહ ગમે તેટલા લાંબા સમયથી ચાલ્યો આવતો હોય - છતાં એક વસ્તુ સ્પષ્ટ લાગે છે કે સાહિત્યને માનવજીવન સાથે અવિયોજ્ય સંબંધ છે... રાજકારણની ભાષા વાપરીએ તો સાહિત્ય માનવોનું, માનવો દ્વારા રચાયેલું અને માનવો માટે સંસ્કારપ્રેરક અને પોષક બળ છે. માનવજીવનનો પરિષ્કાર ઊર્ધ્વગામી સાહિત્યથી થાય છે, સ્વચ્છંદી સાહિત્યથી નહિ. કલામાત્ર શિવ, સુંદર અને સત્યનું મનોહર પ્રગટીકરણ છે. જે સત્ય નથી તે કલ્યાણકર નથી ને જે કલ્યાણકર નથી તે સુંદર ન હોઇ શકે. પ્રજાજીવનમાં જ્યારે અસાધારણ પરિબળોના આગમનને કારણે કોઇ જાગ્રતિનો પ્રચંડ જુવાળ આવે છે ત્યારે સાહિત્યમાં પણ એના પડઘા પડે છે. નર્મદયુગ, પંડિતયુગ અને ગાંધીયુગ : ત્રણેની શરૂઆતમાં આવાં જાગ્રતિનાં પ્રચંડ બળો ગુજરાતના પ્રજાજીવનમાં આવ્યાં. એકે સુધારાની તમન્ના જગાડી સુધારાના સાહિત્યનું સર્જન કરાવ્યું, બીજાએ સત્યશોધનની વૃત્તિને જાગ્રત કરી એ મંથનમાંથી નવનીત તારવવાની વૃત્તિને વેગ આપ્યો, ત્રીજાએ રાષ્ટ્રપિતાના અપૂર્વ શક્તિશાળી વ્યક્તિત્વની અસર અને પ્રેરણા નીચે વિશ્વના વિચારપ્રવાહોને અને

રાષ્ટ્રીય અસ્મિતાને, સાહિત્યમાં પ્રગટ કરવા સાહિત્યકારોને પ્રેર્યા. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી, નવા પ્રશ્નો, નવાં પરિબળો, નવી આકાંક્ષાઓ જન્મી. એ આકાંક્ષાઓ અને અપેક્ષાઓ ઝાઝી સંતોષાઈ નથી, પણ કોઈ પણ સર્વવ્યાપી વિધાન કરવામાં સમયનો આ ગાળો ઘણો નાનો ગણાય. પ્રજાજીવનમાં ગુપ્ત રીતે વહી રહેલાં આ બળો ક્યારે કેવું સ્વરૂપ લેશે તે સમય જ કહી શકે.

સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે સાહિત્યસ્વરૂપના મૂળ તત્ત્વોનો પરિચય કરાવવાને બદલે જે તે સાહિત્યસ્વરૂપનો ઐતિહાસિક વિકાસ આલેખવાની લેખકોએ દૃષ્ટિ રાખી છે... ને એને માટે એમણે ગુજરાતી સાહિત્યમાં ઉપલબ્ધ સર્વસામગ્રીનો છૂટથી ઉપયોગ કર્યો છે. 'સંદર્ભસૂચિ' પર ઊડતી નજર નાખતાં આ વાતની પ્રતીતિ થશે. અને આ માટે તેમણે પૂર્વસૂરિઓના ઋણનો સ્વીકાર પણ કર્યો છે. આવા પુસ્તકને સ્થળ, સમય અને દ્રવ્યની મર્યાદા હોવાને કારણે અશેષ નિરૂપણ શક્ય બન્યું નથી... એટલે કેટલાક પ્રકરણો ટાચણિયાં (સ્કેચી) બન્યાં હોય એમ પણ લાગે...પણ આજથી ચાર દાયકા પૂર્વેના આ પ્રયાસમાં શક્ય ને ઉપલબ્ધ બધી જ સામગ્રીનો સંક્ષેપમાં ઉપયોગ કર્યો છે એમ જરૂર કહી શકાય.

અધ્યાપકીય વ્યવસાય નિમિત્તે આમ તો એક આપેદાશરૂપ સંશોધન-સંપાદનની પ્રવૃત્તિ અનામીએ પૂરા દિલથી અને સૂઝથી હાથ ધરી છે. મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી' નામે બૃહત્ નિબંધ 'સિંધલસી ચરિત' અને 'વિક્રમચરિત્રરાસ' એ અનામીની સંશોધનાત્મક કૃતિઓ છે, તો 'મણિ-બાલ શતાબ્દીગ્રંથ' 'શામળ' 'સંતસૌરભ' અને 'વાગ્ભટાલંકાર બાલાવબોધ' એ તેમના નોંધપાત્ર સંપાદનો છે. આ બધાનો અભ્યાસ હવે પછી ક્રમશઃ જોઇએ.

એકવાર કુતૂહલવશાત્ મેં ડો. અનામી સાહેબને પૂછ્યું કે તમો કવિ 'કાન્ત' અને ન્હાનાલાલના સારા અભ્યાસી અને સહૃદય ભાવક; તો એ બેમાંથી એક ઉપર પીએચ.ડી. કરવાને બદલે, સંવત ૧૫૧૯ માં રચાયેલી મલયચન્દ્રકૃત 'સિંહાસન બત્રીસી' પર પીએચ.ડી. કેમ કર્યું? તો મારા પ્રશ્નના જવાબમાં એમણે જણાવ્યું કે "હું તો ઇ.સ. ૧૯૪૫માં, પ્રો. અનંતરાય મ. રાવળના માર્ગદર્શન નીચે દયારામ ઉપર પીએચ.ડી. કરવાનો હતો -- ત્રણચાર માસ માટે તત્સંબંધે અભ્યાસ પણ કરેલો; કિન્તુ પછી જાણવા મળ્યું કે દયારામભાઇ ઉપર તો પ્રો. રામનારાયણ પાઠકના માર્ગદર્શન નીચે શ્રી પીતાંબર પટેલ પીએચ.ડી. કરનાર છે -- એટલે દયારામને જતા કર્યા ને પછી તો પેટલાદ-નડિયાદની કોલેજમાં લેક્ચરર-પ્રોફેસરની કામગીરી મળતાં પીએચ.ડી.ની વાત ખોરંભે પડી નહીં; પણ તત્કાલ પૂરતી ગૌણ બની. પાંચેક સાલ બાદ ફરી એ વૃત્તિ પ્રબલ બની એટલે ડો. ભોગીલાલસાંડેસરાના માર્ગ-દર્શન નીચે, જૂની ગુજરાતીની આ પ્રથમ 'સિંહાસન બત્રીસી' ને એના વાર્તાચક્રના તુલનાત્મક અધ્યયન માટે પસંદ કરી. આમેય

હાઇસ્કૂલના અભ્યાસ દરમિયાન, શામળની 'સિંહાસન બત્રીસી' થી હું સાવ પરિચિત તો હતો જ -- અહીં જૂની ગુજરાતીમાં લખાયેલી દોઢેક ડઝન 'સિંહાસન બત્રીસી' ઓને જોઇ જઇને તુલનાત્મક અભ્યાસ કરવાનો હતો એટલે હસ્તપ્રતો સાથે કામ પાડવાનું કામ જ નવું હતું; જે મેં ડૉ. સાંડેસરા, પ્રો. કે. કા. શાસ્ત્રી અને પંડિત બેચરદાસ દોશીની મદદથી કર્યું." મલયચંદ્રની 'સિંહાસન બત્રીસી' ના સંપાદન નિમિત્તે, સંસ્કૃત અને ગુજરાતી-રાજસ્થાનીમાં 'સિંહાસન બત્રીસી' ના વાર્તાચક્રનું તુલનાત્મક અધ્યયન પણ અનામીએ આ શોધ-પ્રબંધમાં કર્યું છે. જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં વિક્રમ સાથે સંબંધ ધરાવતી કથાઓનું સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃતાદિ પ્રાચીનતર રચનાઓ તથા લોક-પ્રવાહને આધારે ઓછામાં ઓછું પંદરમાં સૈકાથી વિકસ્યું છે --- અને ઠેઠ ૧૯માં સૈકા સુધી આ પ્રવાહ અવિચ્છિન્ન પણે ચાલતો આવ્યો છે. આ વાર્તાઓ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ઊતરી આવી છે અને વિક્રમ-વિષયક વાર્તાચક્રમાં 'સિંહાસન બત્રીસી' નું સ્થાન અતિ અગત્યનું છે. આપણા જૂના સાહિત્યમાં જે વાર્તા-વિષયો કે આખ્યાન-વિષયો લોકપ્રિય થયા છે એમાંના પ્રત્યેક પરત્વે એક કરતાં વધારે રચનાઓ થયેલી છે --- અને એમનો તુલનાત્મક અભ્યાસ તે તે વાર્તા-વસ્તુના કે સાહિત્યપ્રકારના જ માત્ર નહીં પણ સમગ્ર સાહિત્યના વ્યાપક અભ્યાસ માટે ઉપયોગી છે. જૂની પદ્યવાર્તાઓના ઐતિહાસિક અને આલોચનાત્મક પરિશીલનમાં આવાં વાર્તાચક્રોનો તુલનાત્મક અભ્યાસ અતિ મહત્ત્વનો છે. એ દૃષ્ટિએ, વિક્રમવિષયક, 'સિંહાસન બત્રીસી' વિશેની જૂનામાં જૂની, ઇ. સ. ૧૪૬૩ની (રચના સંવત ૧૫૧૯) મલયચંદ્રકૃત સિંહાસન બત્રીસી ની સમીક્ષિત વાચના તૈયાર કરવા સાથે

'સિંહાસન બત્રીસી' ના વાર્તાચક્રનો, ખાસ કરીને ગુજરાતી સાહિત્યને અનુલક્ષીને તુલનાત્મક અધ્યયન રજૂ કરવાનો પ્રયત્ન આ શોધ-પ્રબંધમાં સપ્રમાણ થયો છે. વિશેષમાં, ગુજરાતી ઉપરાંત એ વિષયની ઉપલબ્ધ થઇ તેટલી સંસ્કૃત, રાજસ્થાની, હિન્દી, પ્રગટ તેમજ અપ્રગટ 'સિંહાસન બત્રીસી' વિષયક રચનાઓનો સ્વાધ્યાય, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના એક અગત્યના પ્રકાર-પદ્યવાર્તાના અભ્યાસમાં ઉપયોગી થશે એમ સમજીને તેમણે કર્યો છે.

'સિંહાસન બત્રીસી' - વિષયક, આ ભારતવ્યાપી અતિ લોકપ્રિય વાર્તાચક્ર પરત્વે આ અગાઉ કેટલુંક કામ થયું છે તેનો ઉલ્લેખ અનામી 'પ્રાકકથન'માં કરે છે. ડો. એગર્ટને 'વિક્રમ્સ એડવેન્ચર્સ' નામના ગ્રંથમાં, તેમને પ્રાપ્ત થયેલી કેટલીક સંસ્કૃત વાચનાઓને અનુલક્ષીને એના કથા ભાગનો મુખ્યત્વે તુલનાત્મક વિચાર કર્યો છે. દેવમૂર્તિ અને રામચન્દ્રગણિ જેવા સંસ્કૃતના અન્ય મહત્વના કથાલેખકોનો કે ગુજરાતી કવિઓનો એમાં નિર્દેશ નથી. 'આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય' (ઇતિહાસની કેડી, પ્રથમ આવૃત્તિ ૧૯૪૫, પૃ. ૧૫૩) નામક લેખમાં ભોગીલાલ સાંડેસરાએ, 'સિંહાસન બત્રીસી' વિષયક અનેક સંસ્કૃત તેમજ ગુજરાતી કૃતિઓનો નિર્દેશ કર્યો છે પણ એનું ઐતિહાસિક તેમ જ આલોચનાત્મક દૃષ્ટિએ અધ્યયન કર્યું નથી -- જે અનામીએ આ શોધ-પ્રબંધમાં કરેલ છે.

અનામી ના આ શોધ-પ્રબંધ પૂર્વે કેવળ ત્રણ 'સિંહાસન બત્રીસી' ઓ મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ હતી. પદ્યમાં શામળની 'સિંહાસન બત્રીસી', ગદ્યમાં પેસ્તનજી કાવસજીની અને 'સાહિત્ય'

માસિક (એપ્રિલ ૧૯૩૩ થી ડિસેમ્બર ૧૯૩૩)માં સંઘવિજયની સાંડેસરાએ સંપાદિત કરેલી 'સિંહાસન બત્રીસી'. આ શોધ-પ્રબંધમાં અનામીએ 'સિંહાસન બત્રીસી' વિષયક ૧૯ કૃતિઓની બધી મળીને કુલ ૨૫ હસ્તપ્રતોનો પ્રથમવાર ઉપયોગ કર્યો છે ––– એ એની વિશેષતા છે. ક્ષેમંકર મુનિથી માંડી 'સિંહાસન બત્રીસી' વિષેની તમામ પ્રાપ્ત રચનાઓનો વાર્તાક્રમ કથા કહેનાર પૂતળીઓનાં નામ અને ક્રમ, કથાવિષય તથા તેમાં નાનામોટાં પરિવર્તનો તથા એકંદરે 'સિંહાસન બત્રીસી'ના વાર્તાચક્રનો વિકાસ – આ બધાનો તુલનાત્મક દૃષ્ટિએ અહીં અભ્યાસ રજૂ કર્યો છે. અનામી જણાવે છે તે પ્રમાણે કોઇ પ્રાચીન અજ્ઞાત કર્તાની અનુપલબ્ધ સંસ્કૃત 'સિંહાસન બત્રીસી'ની જે પાંચ પાઠ-પરંપરાઓ(Recensions) ડો. એગર્ટને 'વિક્રમ્સ એડવેન્ચર્સ' નામના તેમના ગ્રંથમાં તુલનાત્મક અભ્યાસ સાથે આપી છે તેમાંની દક્ષિણી પાઠપરંપરાને અનુસરનારા જૈન તેમ જ જૈનેતર 'સિંહાસન બત્રીસી'કારો મોટી સંખ્યામાં જોવા મળે છે. દેઇદાસ અને શામળ જેવા પદ્ય-વાર્તાકારો પ્રમાણમાં મોકળાશ અને સ્વતંત્રતા દાખવે છે છતાં પણ વાર્તાકલાની નિરપેક્ષ દૃષ્ટિએ એમાં ઊંચા વિત્તની અપેક્ષા રાખવી વધુ પડતી ગણાય. આ કૃતિઓમાં સાહિત્યિક મૂલ્યાંકન પર ભાર મૂકવો બરોબર નથી; સાહિત્યરચના તરીકેની આસ્વાદ્યતા પણ કુંચિત્–ક્વચિત્ જેવી, પણ કથાનકલેખે – સ્ટોરી મોટીફની દૃષ્ટિએ, ભાષાકીય દૃષ્ટિએ, ઐતિહાસિક ને સાપેક્ષ દૃષ્ટિએ જોઇશું તો નિરાશ થવું નહીં પડે.

'પ્રાકકથન' પછી હસ્તપ્રત–પરિચય અને સંપાદન–પધ્ધતિનો વિગતવાર ખ્યાલ આપ્યો છે. મલયચંદ્રકૃત 'સિંહાસન બત્રીસી'ના આ સંપાદનકાર્યમાં ત્રણ હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરવામાં

આવ્યો છે --- વડોદરા, લીંબડી અને મુંબઇના ભારતીય વિદ્યાભવનમાંથી મળેલી એ ત્રણ હસ્તપ્રતોને (વ), (લીં) અને (ભા) નામે ઓળખાવી છે. વડોદરા - પ્રાચ્યવિદ્યામંદિરવાળી પ્રતને સામાન્યરીતે સ્વીકારી છે અને બાકીની બે પ્રતોનાં પાઠાન્તરો નોંધ્યા છે. વડોદરાવાળી પ્રતમાં જ્યાં જ્યાં ક્ષતિ કે અશુધ્ધિ જણાઇ છે ત્યાં ત્યાં પાઠ, અર્થ અને ઔચિત્યની દૃષ્ટિએ અન્ય બે પ્રતોમાંથી ઉચિત પાઠનો સ્વીકાર પણ કર્યો છે -- અને જ્યાં ત્રણેય હસ્તપ્રતોના પાઠમાં ક્ષતિ કે અશુધ્ધિ જણાઇ છે ત્યાં, ક્યાંક ક્યાંક સ્વ-ઉમેરણો પણ કર્યાં છે. આના સંદર્ભમાં સુભાષ દવે લખે છે : "સ્થળે સ્થળે હસ્તપ્રતોમાંની અશુધ્ધિ કે પાઠોની ભ્રષ્ટતા પરત્વે જાગૃતિ રાખી શુધ્ધપાઠ-નિર્ણય લેવામાં સંશોધકની સક્રિય નિષ્ઠા ડો. અનામી દાખવી શક્યા છે."[1]

'સિંહાસન બત્રીસી' વિષયક કૃતિઓ એ અભ્યાસપૂર્ણ પ્રકરણમાં લેખકે, પ્રાચીન ભારતીય સાહિત્યના પ્રાચીનતમ ગ્રંથ ૠગ્વેદમાં અનેક લોકકથાઓ આખ્યાનોરૂપે નજરે પડે છે તેનો ખ્યાલ આપી, લોકકથાનો બીજો જાણીતો પ્રકાર તે બૌધ્ધધર્મ અને જૈનધર્મને લગતી કથાઓ -- એની વિગતે વાત કરી છે. આ પછી ભારતીય લોકકથાનો ત્રીજો રસપ્રદ પ્રકાર તે પ્રાણી-કથાઓ (બીસ્ટ ફેબલ્સ) નો પરિચય કરાવ્યો છે. આ ત્રણેય કથાપ્રવાહની સમીક્ષા કરતાં તેઓ લખે છે : "લોકકથાઓના આ ત્રિવિધ પ્રકારોમાં ઊંચા પ્રકારના સાહિત્યના અંશો શોધવા નિષ્ફળ છે. લોકકથાઓનો કહેનાર શ્રુતિ અથવા શ્રવણને ધ્યાનમાં રાખીને જ વાર્તાનો ઘાટ ઘડતો. પોતે સાહિત્યિક પ્રદાન કરી રહ્યો છે એવી સભાનતા તેનામાં નહોતી. કેટલીકવાર તો આવી

વાર્તા કહેનારો તે લોકકાવ્યશાસ્ત્રાદિનું અવેક્ષણ કરનારો પ્રાજ્ઞ નહિ પણ સંસાર અને સંસારીઓમાં જ રસ લેનારો અને વહેંચનારો સામાન્ય જન પણ હતો. લોકકથાઓ ગ્રંથસ્થ થઇ ત્યારે પણ તેના લેખકોએ સાહિત્યની કૃતિ તરીકે લોકકથા સંગ્રહોની રચના કરી ન હતી. આ બધું હોવા છતાં લોકકથાસંગ્રહોજેવા કે 'પંચતંત્ર', 'કથાસરિત્સાગર', 'વિક્રમચરિત્ર', 'પંચવિંશતિકા' વગેરે સંગ્રહોમાં સાહિત્યતત્ત્વ તદ્દન નજીવું છે એમ પણ કહી શકાય નહિ. આવા સંગ્રહોમાં સાહિત્યકૃતિઓને જન્માવવાની અર્થાત્ સાહિત્યકૃતિઓ કાવ્યનાટકાદિ - ના મૂલસ્ત્રોત બનવાની શક્તિ ચોક્કસરૂપે છે તેમ જરૂર કહેવું જોઇએ."૨

માનવીના સ્વભાવના બે પ્રવર્તમાન લક્ષણો તે - સાહસ-પ્રિયતા અને રસિકતા - ને લીધે આવી વાર્તાઓનો ઉદ્ભવ થયો હોવાનો સંભવ છે. દરેક સમયે માનવસમાજે પોતાના વાતાવરણમાં જાણીતા એવા વ્યક્તિ-વિશેષના જીવનમાં - એ જીવનનાં રોમાંચક પાસાઓમાં રસ લેવા માંડયો હતો. એ ન્યાયે ભારતમાં ભગવાન રામચંદ્ર, ભગવાન બુધ્ધ, ઉદયન વત્સરાજ અને વિક્રમાદિત્યના જીવન પ્રસંગોની આજુબાજુ રોમાંચક અને રોચક કથાઓના સમૂહો એકઠા થયા છે.

વિક્રમને લગતા વાર્તાચક્રો આ પ્રાચીન ભારતીયકથા-સાહિત્યનો એક અતિ મહત્ત્વનો અંશ છે. કથાસરિત્સાગર માં વિક્રમવિષયક અનેક કથાઓ છે. જૂના ગુજરાતી સાહિત્યમાં અનેક કવિઓએ લખેલી વિક્રમવિષયક અને બીજી લોકવાર્તાઓ મળે છે. એના મૂળ સંસ્કૃત અને પ્રાકૃતમાં જે બહુસંખ્ય કથાગ્રંથો રચાયા છે તેમાં છે. જો કે આ સર્વ સાહિત્યકૃતિઓના અંતિમ સ્ત્રોતતો

પ્રાચીન લોકપ્રચલિત વાર્તા-સાહિત્ય હતું એ ધ્યાનમાં રાખવાનું છે. જેમ જેમ સમય વહેતો ગયો તેમ તેમ કવિઓએ તેમાં પોતાની પ્રતિભા અને કલ્પનાના બળે ઉમેરો કર્યો અને તેને પોતપોતાના યુગના લોકમનસ અને લોકરુચિને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પછીના પ્રકરણમાં લેખકે ક્ષેમંકરથી લઇને તે જીવાનંદ વિદ્યાસાગર સુધીના ૧૯ 'સિંહાસન બત્રીસી'કારોનો (પૃ. ૩૧ થી પૃ. ૧૬૪) વિગતે પરિચય કરાવ્યો છે. અતિ સંક્ષેપમાં જોઇએ તો, ક્ષેમંકરકૃત સંસ્કૃત 'સિંહાસનદ્વાત્રિંશિકા' (સં. ૧૪૫૦ ના આસપાસ) એ આ વિષય ઉપર ગુજરાતીમાં થયેલી જૂનામાં જૂની રચના છે. ક્ષેમંકર 'સિંહાન બત્રીસી'ની વાર્તાઓના સંસ્કૃત ગદ્યલેખક તરીકે ગુજરાતમાં તો કદાચ સૌથી પહેલા છે. એમણે રચેલી 'સિંહાસન બત્રીસી' ની વાર્તાઓને જૈન વાચના તરીકે ડો. એગર્ટન ઓળખાવે છે. ક્ષેમંકરનું ગદ્ય વચ્ચે વચ્ચે પદ્યથી સુશોભિત છે. ક્ષેમંકરે આ વાર્તાઓ મહારાષ્ટ્રમાંથી લીધી છે તેમ છતાં એમની કૃતિઓમાં એક સમર્થ વાર્તાકારની કૃતિના બધા લક્ષણો દ્રષ્ટિગોચર થાય છે. જૈનધર્મ પ્રત્યેનું વલણ આ વાર્તાઓની એક વિશેષતા છે.

ત્યારપછી દેવમૂર્તિએ સં. ૧૪૭૦માં એમની 'વિક્રમચરિત્ર' નામે મોટી પદ્યવાર્તામાં ૧૪મો સર્ગ વિક્રમની 'સિંહાસન બત્રીસી'ની વાર્તાઓનો લખ્યો છે. ત્યાં એમણે બહુ સારી રીતે અને કૈંક સંક્ષેપથી 'સિંહાસન બત્રીસી' ની વાર્તાઓ આપી છે.

રામચંદ્રસૂરિએ (સં. ૧૪૯૦માં) ડભોઇમાં સંસ્કૃતમાં, ક્ષેમંકરને આધારે વિક્રમરાસ કાવ્ય રચ્યું છે -- તેનું ગુજરાતી ભાષાન્તર સ્વ. મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ કરેલું છે. આ કવિ, સરળતાપૂર્વક

વાર્તા કહેવાની સાથેસાથે પોતાની બહુશ્રુતતાનો પણ પરિચય આપે છે. ભાષાપ્રભુત્વ, છંદ ને અલંકારપ્રભુત્વ, જ્ઞાનનો સમુચિત વિનિયોગ, અનેક શાસ્ત્રોનો પરિચય અને તેનો યોગ્ય સ્થળે ઉપયોગ અને જૈનધર્મનું માહાત્મ્ય – આ પ્રૌઢ અને સંસ્કૃત પરંપરાને અનુસરતી કૃતિના ઉડીને આંખે વળગે તેવાં લક્ષણો છે.

આ ઉપરાંત પ્રસિધ્ધ આચાર્ય મુનિ સુંદરસૂરિના શિષ્ય શુભશીલગણિએ સં. ૧૪૯૯માં 'વિક્રમચરિત્ર' લખ્યું છે; પણ તેમાં 'સિંહાસન બત્રીસી'નું વાર્તાચક્ર નથી.

૧૯મા સૈકામાં બંગાળી પંડિત જીવાનંદ વિદ્યાસાગરે પણ સંસ્કૃતમાં 'સિંહાસનદ્વાત્રિંશિકા'ની વાર્તાઓ લખી છે. આ ઉપરાંત ગુજરાતના પ્રાચીન ગ્રંથભંડારોમાં પણ વિક્રમવિષયક અનેક નાનીમોટી કૃતિઓ મળે છે.

'સિંહાસન બત્રીસી' વિષેની રચનાઓમાં, ક્ષેમંકરના સંસ્કૃત ઉપરથી મલયચંદ્રે જૂની ગુજરાતીમાં (સં. ૧૫૧૯– ઇ. સ. ૧૪૬૩માં) 'સિંહાસન બત્રીસી' લખી. ત્યાર પછી જૈન તેમજ જૈનેતર કવિઓએ ઠીકઠીક પ્રમાણમાં આ વિષયમાં રચનાઓ કરી છે.

અજ્ઞાત બ્રાહ્મણ કવિએ (સં. ૧૫૩૩ અ ઇ. સ. ૧૪૭૭માં) 'સિંહાસન બત્રીસી'ની રચના કરી છે તે સમયની દૃષ્ટિએ મલયચંદ્રની કૃતિની તદ્દન નજીકની છે. આ કૃતિની ભાષા ખૂબ જ સાદી ને ગદ્યાળુ છે. સંસ્કૃત ભાષા–સાહિત્યનો સારો પરિચય દેખાતો નથી. ક્યાંક ક્યાંક વર્ણનસૌંદર્ય જોવા મળે છે. જૈન અસરથી મુક્ત એવી આ પહેલી જ ઉપલબ્ધ સિંહાસન બત્રીસી છે. એમાં હિંદુપુરાણકથાના દેવો પ્રત્યે આદર ને ભક્તિભાવ જોવા મળે છે.

સં. ૧૫૯૯માં રચાયેલી જ્ઞાનચંદ્રની 'સિંહાસન બત્રીસી' આ વિષેની જૂની ગુજરાતી વાર્તાઓમાંની એક મહત્ત્વની કૃતિ છે. પ્રાસાદિક વાર્તાકથનશૈલીને કારણે વાર્તાનો પ્રવાહ પાણીના રેલાની માફક સડસડાટ વહયે જાય છે. રામચંદ્રની 'સિંહાસન બત્રીસી'ના ઘણાં લક્ષણો અહીંપણ દૃષ્ટિગોચર થાય છે. આ કૃતિમાંથી આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાની સામાજિક સ્થિતિ ને માન્યતાનો પણ ઠીકઠીક ખ્યાલ મળી રહે છે. કવિની શૈલી સર્વત્ર પ્રસાદિક છે. એક પ્રસંગમાંથી સ્વાભાવિક રીતે જ બીજે પ્રસંગ પ્રગટતો હોય એવું સર્વત્ર દેખાય છે. આ હસ્તપ્રત લખનાર લહિયાએ કવિની પોતાની જ ભાષા સાચવી રાખી હોય તો આ કૃતિની ભાષા ઇ.સ.ના ૧૬માં શતકના મધ્યની છે એટલે મીરાં ને નાકરના સમયના નજીકની છે - - ને એણે હસ્તપ્રત લખી છે એ યુગની હોય તો અખાના સમયની છે. -- એ દૃષ્ટિએ એનું ઐતિહાસિક મહત્ત્વ પણ નોંધપાત્ર છે.

સત્તરમા સૈકાની અધવચ લખાયેલી હોય એવી એક અજ્ઞાત ગદ્યવાર્તાકાર નંબર-૧ ની 'સિંહાસન બત્રીસી' પણ મળે છે. આજથી લગભગ ૩૫૦ વર્ષ પહેલાનું ગદ્ય કેવું હતું તેનો વિશ્વાસપાત્ર નમૂનો પૂરો પાડનારી સાહિત્યકૃતિ તરીકે આનું મૂલ્ય છે. આ વાર્તાઓ અત્યંત સાદી શૈલીમાં, સામાન્ય ભાષાજ્ઞાનવાળા લોકોને ધ્યાનમાં રાખીને કહેવાઇ છે. વાણીવિલાસ કરવાની લેખકની વૃત્તિ નથી. અજ્ઞાત ગદ્યવાર્તાકાર નંબર-૨ ની આશરે ૧૭મી સદીના પૂર્વાર્ધમાં લખાયેલી કૃતિ છે. એની શરૂઆત, સંસ્કૃતમાં લખાયેલી 'સિંહાસન બત્રીસી'ની પરંપરાને અનુરૂપ છે. આ 'સિંહાસન બત્રીસી'ની વાર્તા પરંપરાગત છે. ત્રણત્રણ વાર વાર્તાઓમાં પૂતળીઓના નામ આવે છે પણ તેમાં સર્વત્ર એકવાક્યતા નથી. ગુજરાતી લોકવાર્તાના

સાહિત્યમાં પદ્યકૃતિઓ ઘણી મળી છે, પણ ગદ્યકૃતિઓ ઓછી મળી છે. તે રીતે જોતાં, આ કૃતિ એક ગણનાપાત્ર ગદ્યકૃતિ છે. ગુજરાતી ગદ્યના ભાષાકીય અધ્યયનમાં આ કૃતિ સારી સામગ્રી પૂરી પાડી શકે તેમ છે.

સંવત ૧૬૧૬માં રચાયેલી સિદ્ધિસૂરિની 'સિંહાસન બત્રીસી'ની વાર્તા સમગ્ર રીતે જોતાં અત્યાર સુધી રચાયેલી ને ઉપલબ્ધ બધી કૃતિઓમાં બહુ વિશિષ્ટ કોટિની છે. એનો પ્રસ્તાર નોંધપાત્ર છે. ભાષા, છંદ ને વસ્તુ પર કવિને પૂરેપૂરું પ્રભુત્વ છે. કવિનું વલણ પ્રસંગને બહલાવીને વાર્તા કહેવાનું છે. ૧૬મી વાર્તામાં એક સારું ફાગુકાવ્ય પણ છે. સમાજજીવનનું પ્રતિબિંબ અને સામાન્ય વિદ્વાન ઉપયોગ પણ આ કૃતિની વિશિષ્ટતાઓ છે.

હેઇદાસે સં. ૧૬૩૩માં અકબરના સમયમાં 'સિંહાસન બત્રીસી' લખી છે. ને તેમાં અકબરના રાજ્યની પ્રશસ્તિ કરી છે. આખી કૃતિ ઉપર રાજસ્થાની ને તત્કાલીન હિંદી ભાષાની ઉંડી અસર છે. સામાન્ય રીતે વાર્તાશૈલી સરળ, પ્રવાહી ને વેગવતી છે. વાર્તાઓમાં કલ્પનાનું ઉડ્ડયન, ગુજરાતી પરંપરા કરતાં કૈંક જુદા પ્રકારનું છે ને એમાં રોમાંચકપણું પ્રમાણમાં ઝાઝું છે.

સંવત ૧૬૩૬માં હીરકલશે ૩૫૦૦ શ્લોકમાં 'સિંહાસન બત્રીસી'ની રચના કરી છે. આ વાર્તાના અભ્યાસ કરતાં, આ વાર્તાચક્રના કવિઓમાં તે એક મહત્ત્વનો કવિ છે એમ નિર્વિવાદ લાગે છે. એની વાર્તાઓમાં જિનતત્ત્વનું પુરોગામીઓનો કરતાં બાહુલ્ય છે. વિશાળ જ્ઞાનનો ઉપયોગ તે વિવેકપૂર્વક કરે છે. કવિની શૈલી સર્વત્ર પ્રવાહી ને પ્રાસાદિક છે. જૈન કવિ હોવા છતાં શૃંગાર પ્રત્યેની સૂગનો અભાવ વરતાય છે.

સં. ૧૬૭૮માં રચેલી સંઘવિજયની 'સિંહાસન બત્રીસી' એની વર્ણનશક્તિ, અલંકાર યોજવાની શક્તિ, સામાન્ય વિધાનો (જનરાલાઈઝેશનસ), સંસ્કૃત અવતરણો, જુદા જુદા પ્રકારની ગાથા, દુહા, છપ્પય, કવિત, છંદ ઇત્યાદિનો ઉપયોગ કરવાની શક્તિ, શબ્દોનો વિશિષ્ટ પ્રયોગ કરવાની શક્તિને – કારણે નોંધપાત્ર છે. કવિ તરીકે પણ સંઘવિજય નગણ્ય નથી જ. આ વાર્તાઓનું વસ્તુ પૂર્વપરંપરાગત છે પણ કવિની, ભિન્નભિન્ન રુચિવાળાને આકર્ષક થઈ પડે એવી ભિન્ન ભિન્ન સામગ્રીનો યોગ્ય સમન્વય કરતી આ કૃતિ ગણનાપાત્ર કૃતિ છે એમાં કોઈ સંશય નથી. સં. ૧૭૩૦માં રચાયેલી 'સિંહાસન બત્રીસી'નો કર્તા વિનયલાભ, હીરકલશને અનુસરે છે. કર્તાનું બહુશ્રુતપણું આ કૃતિમાં અનેક સ્થળે પ્રગટ થાય છે. અનેક ગેય ઢાળોનો વિનિયોગ આ કૃતિની આગવી વિશિષ્ટતા છે.

અજ્ઞાતગદ્ય વાર્તાકારની રાજસ્થાની ગદ્ય 'સિંહાસન બત્રીસી'નો લિપિકાળ સં. ૧૭૯૦ નો છે. આ કૃતિનો લેખક સીધા સાદા ગદ્યમાં સરળરીતે વાર્તાઓ કહી જાય છે. આ કૃતિમાં જૈન અસર જોવા મળતી નથી; બલકે હિંદુ અસર વ્યક્ત થાય છે.

અત્યાર પહેલાં 'સિંહાસન બત્રીસી' વિષયક જે કૃતિઓનો આપણે ઉલ્લેખ કર્યો તેમાં અજ્ઞાત બ્રાહ્મણ કવિ, ગદ્યવાર્તાનો અજ્ઞાત લેખક, અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર અને સુંદરજી – આ ચાર જૈનેતર કવિઓમાં સં. ૧૭૯૬માં, 'સિંહાસન બત્રીસી'ની રચના કરતાં સુંદરજીની રચના – બધામાં સૌથી વધુ સમૃધ્ધ ને કલાકૃતિ તરીકે એક સુગ્રથિત વાર્તા છે. આ વાર્તાઓ આખ્યાન પધ્ધતિએ રચાયેલી છે -- એ એની વિશેષતા છે. આખ્યાનની પરંપરામાં પ્રેમાનંદ સુધીના કવિઓએ ગુજરાતી આખ્યાનસાહિત્યને સમૃધ્ધ બનાવ્યું છે તેનું સ્મરણ

આ કૃતિ વાંચતા થયા સિવાય રહેતું નથી. કવિએ આખ્યાન-પધ્ધતિનો ઉપયોગ લોકવાર્તા માટે કર્યો છે. ભાષાપ્રભુત્વ, દેશી રાગો ઉપરનું પ્રભુત્વ, વર્ણનશક્તિ અને પ્રાસાદિકતામાં આ કવિ ભાલણ અને પ્રેમાનંદની યાદ અપાવે એવો છે; તેમજ લોકવાર્તાઓને દેશી ઢાળોમાં ગૂંથનાર થોડાક જૂના કવિઓમાં એની ગુણવત્તાને કારણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

શામળ આ વિષય ઉપર રચના કરનાર કદાચ સૌથી છેલ્લો કવિ છે. શામળનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં લોકવાર્તા-પ્રવાહના કવિ તરીકે કદાચ સૌથી ઊંચું છે. ક્ષેમંકરની ગંગોત્રી શામળમાં અહીં ગંગા બને છે. એણે પોતાની વિક્રમવિષયક વાર્તાઓથી આગળના કવિઓના કાર્યને ઘણે અંશે ઢાંકી દીધું છે. પરંપરાથી ચાલી આવેલી આ વાર્તાઓનો પરિચય, જૈન પરંપરા ઉપરાંત કોઇક બીજી રીતે પણ એણે મેળવ્યો હશે એ સ્પષ્ટ છે. આ કવિ એની સાદી કૃતિઓમાં સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી અને અન્ય પરંપરાઓમાં લખાયેલી આ વિષય ઉપરની કૃતિઓનો સારો પરિચય સ્થળે સ્થળે પ્રગટ કરે છે. એણે પરંપરાગત વાર્તાચક્રમાં ફેરફાર કર્યો છે, તેમજ કેટલીક વાર્તાઓ નવી પણ રચી છે અને તેમને જૂની વાર્તાઓને સ્થાને ગોઠવી દીધી છે. કહેવાય બત્રીસ વાર્તાઓ પણ શામળે એ બત્રીસ વાર્તાઓમાં આડકથાઓ સમેત લગભગ ૮૦ જેટલી વાર્તાઓ કહી નાખી છે.

અંગ્રેજોના સંપર્કને પરિણામે અર્વાચીન ભારતીય ભાષાઓમાં ગદ્યનો વિકાસ થવા માંડયો તે અરસામાં ઇ.સ.ની ૧૯મી સદીના આરંભમાં હિંદી ખડી બોલી ગદ્યમાં લલ્લુલાલજીએ એક 'સિંહાસન બત્રીસી' રચી છે. લલ્લુલાલજીની વાર્તા મૌલિક નથી. સંભવ છે કે આ રચના લલ્લુલાલજીની એકલાની ન હોય, પણ કાઝિમઅલી જવાંની

સંયુક્ત રચના હોય. ભાષાશૈલીની દૃષ્ટિએ એ ખડી બોલીના પ્રારંભિક સ્વરૂપના સુંદર ઉદાહરણરૂપ આ કૃતિ છે.

પેશતનજી કાવશજીના 'વિક્રમનામું'માં ત્રણ કૃતિઓ છે. ૧. 'શીધાસન બતરીશી', ૨. 'પંચદંડની વારતા', ૩. વિક્રમ- 'ચરિત્રની વારતા'. આદિ ને અન્ત જોતાં, પારસી કર્તાની આ કૃતિ સંસ્કૃત પરંપરાને અનુસરે છે. અર્વાચીન ગુજરાતી ગદ્યના અભ્યાસીને આવી કૃતિઓનું વાંચન – પરીક્ષણ અવશ્ય ઉપકારક નીવડે. ગુજરાતી બોલીઓમાં પારસીબોલી (ડાયેલેક્ટ) એક જુદી ભાત પાડે છે. પારસી બોલીની કેટલીક લઢણો ને ખૂબીઓ આ કૃતિમાંથી આપણને સારા પ્રમાણમાં મળી રહે છે.

બંગાળી પંડિત જીવાનંદ વિદ્યાસાગરે, ઇ.સ. ૧૮૮૧માં 'સિંહાસન બત્રીસી' પ્રગટ કરી છે. આ કૃતિ ગદ્યમાં છે ને તેમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોકો પણ આવે છે. સાહિત્યિક દૃષ્ટિએ એમાં ખાસ નોંધપાત્ર વિશેષતા નથી.

ક્ષેમંકરથી (૧૪૫૦ આસપાસ) લઇને તે જીવાનંદ વિદ્યાસાગર (ઇ.સ. ૧૮૮૧)સુધીના 'સિંહાસન બત્રીસી'કારોની કૃતિઓનો વિગતે પરિચય કરાવ્યા બાદ સમાપનરૂપે સંક્ષેપમાં અનામી લખે છે : "જુદા જુદા કવિઓએ રચેલી 'સિંહાસન બત્રીસી'ઓનું રસદૃષ્ટિએ કરેલું આ અવલોકન અને તેમાં દરેક કવિએ કે કથાકારે બતાવેલી વિશિષ્ટ શક્તિનું આ દિગ્દર્શન, આ પ્રકાર લોકોમાં કેટલો પ્રિય અને પ્રચલિત હતો તેનો ખ્યાલ આપે છે અને આ વાર્તાઓ જુદા જુદા સર્જકોને હાથે કેવી રીતે વિકાસ પામતી ગઇ તથા તેમણે પોત પોતાની ભિન્ન ભિન્ન રુચિ અનુસાર ભાષાના, છંદના, નિરૂપણના અને સામાજિક જ્ઞાનના સમાવેશના કેવા કેવા પ્રયોગો કર્યા તેનો પણ

આના ઉપરથી ખ્યાલ આવે છેઃ આ કવિઓની કૃતિઓ ગુણદૃષ્ટિએ અને વિસ્તારદૃષ્ટિએ જુદી જુદી કક્ષાની છે એ સ્પષ્ટ છે –– પણ એની રચનામાં કવિનો હેતુ સાચો (સીન્સીઅર) છે એ બાબત કંઇ શંકા લાવવાનું કારણ જણાતું નથી. પોતાના ધાર્મિક અને માનસિક ઘડતરના પડઘા પણ કવિઓએ અહીં પડવા દીધા છે એ ધ્યાન ખેંચે છે. રસિકતાની દૃષ્ટિએ કેટલાક કવિઓએ ભાષા, વર્ણન, છંદ, અલંકાર અને વસ્તુસંકલના ઉપર ખૂબ ધ્યાન આપીને પોતાની કૃતિને રસિક અને આકર્ષક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. કારણકે માત્ર સીધી-સાદી રીતે વાર્તા કહી દીધી છે અને કેટલાકે કૃતિને જ્ઞાનભંડાર જેવી બનાવવાનો પ્રયત્ન પણ કર્યો છે. આ ઉપરથી પણ એટલું સ્પષ્ટ થાય છે કે મધ્યકાલીન સાહિત્યમાં આવી કૃતિઓની રચનાનો હેતુ માત્ર મનોરંજન પૂરું પાડવાનો નહીં પણ જીવનને ઉપયોગી ને આવશ્યક એવું વિવિધ વિષયોનું કે પ્રકારનું જ્ઞાન આપવાનો પણ હતો."[3]

આ પછીનું પ્રકરણ છે : 'સિંહાસન બત્રીસી: તુલનાત્મક અધ્યયન'. આ પ્રકરણમાં લેખકે એમને ઉપલબ્ધ થયેલી ઉપર્યુક્ત કુલે ૧૯ 'સિંહાસન બત્રીસી'ઓની અને તેમાંની કથાઓની ટૂંકી પણ તુલનાત્મક સમીક્ષા કરી છે. એ તુલનાત્મક સમીક્ષા કરતાં પ્રત્યેક કથા ભિન્ન ભિન્ન કવિઓની કલમે કેવોક ફેરફાર પામી છે, તેનું વિગતે પૃથક્કરણ કરી બતાવ્યું છે – – જે દ્વારા આપણને જુદા કવિઓની જુદી જુદી શક્તિઓનો ખ્યાલ આવે છે. કોણ મૌલિક, કોણ અનુકરણશીલ એનો અંદાઝ પામી શકાય છે. વળી, આવા તુલનાત્મક અધ્યયનથી પરંપરાની પ્રબળતાનો પણ ક્યાસ કાઢી શકાય છે. એ પરંપરાના ખાતરનો સફળ પ્રયોગ કરી કોણે કેવો ફાલ ઉતાર્યો એનું પ્રમાણ આ પ્રકરણ ઉપરથી પામી શકાય છે.

ખરેખર, આ પ્રકરણમાં લેખકે ખૂબ જહેમત ઉઠાવી છે.

સિંહાસન બત્રીસી ના ૧૯ વાર્તાકારો -- એટલે કે કુલ્લે ૬૦૮ વાર્તાઓમાં જે તે કવિઓએ કરેલા ફેરફાર અને વિવિધ કૃતિઓમાં ભિન્ન ભિન્ન લેખકોએ પૂતળીઓનાં નામ અને કથાનુક્રમમાં કરેલા ફેરફાર - એ સર્વનો ચોક્કસ ખ્યાલ આવે એ આશયથી અનામી એ પૃ. ૨૫૩ થી પૃ. ૨૭૪ ઉપર તાલિકાઓ પણ આપી છે જે અભ્યાસીઓને અતિશય ઉપયોગી છે.

આ પછી લેખક, 'ઉપસંહાર'માં સર્વ 'સિંહાસન બત્રીસી' કારોની કૃતિઓના આદિ, મધ્ય અને અન્તની ચર્ચા કરે છે -- તેમાં કેટલાક કવિઓએ કૃતિઓને અંતે પોતાનો પરિચય આપ્યો હોય છે, કેટલાકે ગુરુપરંપરા વર્ણવી હોય છે, કેટલાકે રચ્યાસંવત દર્શાવી છે તો કેટલાકે કથા જ્યાં લખાઈ તેનો સ્થળ નિર્દેશ કર્યો હોય છે. શામળ જેવો કવિ પોતાના આશ્રયદાતા રણીદાસનો પ્રશંસાયુક્ત પરિચય પણ આપે છે અને તેની વાર્તાઓને પુરાણ કહી ફલશ્રુતિ પણ દર્શાવે છે. કેટલાક કવિઓ, આ બત્રીસ પૂતળીઓ પૂર્વભવમાં કોણ હતી તેની કથા પણ કહે છે. એકાદ સુંદર પેરેગ્રાફમાં (પૃ. ૨૪૨-૪૩) લેખક આ બત્રીસ પૂતળીઓના નામની કાવ્યાત્મકતા ને રસિકતાની પણ રસિક ચર્ચા કરે છે. આ પછી આ બધા જ - ૧૯ 'સિંહાસન બત્રીસી' કારોને ત્રણ વર્ગમાં આ રીતે વહેંચી નાખે છે : "આ બધા 'સિંહાસનબત્રીસી'ના લેખકોનો પરિચય પામતાં અને તુલનાત્મક અભ્યાસ કરતાં વાર્તાચક્રની પરંપરાની દૃષ્ટિએ તેમને ત્રણ વર્ગમાં મૂકી શકાશે. ૧. દક્ષિણી વાચનાને અનુસરતા, ૨. ક્ષેમંકરને અનુસરતા અને ૩. પછી વિશેષ સ્વતંત્રતા ભોગવતા રાજસ્થાની, લલ્લુલાલજી, શામળ જેવાનાં રૂપાન્તરો. વિશેષ સ્વતંત્રતા ભોગવતા 'સિંહાસન બત્રીસી' કારોમાં કેટલીક વખત પૂતળીઓનાં નામ અને

જુદા હોય છે અને જુદી કથા પણ હોય છે."(પૃ. ૨૪૪).

આ પછી લેખક, પુરાણો અને લોકકથાઓના વ્યાવર્તક લક્ષણોની વિગતે ચર્ચા કરે છે અને પોતે જ પ્રશ્ન પૂછે છે: 'આ વાર્તાઓએ સમાજ ઉપર કેવા પ્રકારની અસર કરી હશે?' "એમ લાગે છે કે આ વાર્તાઓ મનોરંજનનું અને લોકશિક્ષણનું એક મહત્ત્વનું સાધન બની હશે. આ વાર્તાચક્રો રચવા શરૂ થયા તે વખતની લોકમાન્યતાઓના પડઘા એમાં પડયા હશે. જેમ આ વાર્તાઓ લોકમાનસને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવતી હશે, તેમ લોકમાનસ પણ કેટલેક અંશે આ વાર્તાઓને ઘડનારું બળ બન્યું હશે... સમસ્યાઓ અને ઉખાણાં આ વાર્તાઓને વિકસાવવામાં સહાયભૂત થયા છે. સમસ્યાઓ પ્રાચીન સમયથી લોકબુધ્ધિને કસવાનું એક મહત્ત્વનું સાધન રહી છે....શામળમાં એ વૃત્તિની પરાકાષ્ઠા જોવા મળે છે. અનેક પ્રકારનાં સામાન્ય વિધાનો અને સુભાષિતો લોકરુચિને ઘડવામાં તેમ જ સદ્બોધ કથનમાં ઉપયોગી છે. ...ધાર્મિક માન્યતાઓના અને ધર્મના પ્રચારના સાધન તરીકે આખ્યાનો વપરાતાં તેમ આ કથાઓ પણ કેટલેક અંશે વપરાયેલી દેખાય છે. ખાસ કરીને જૈન કવિઓએ પોતાના ધર્મને લોકપ્રિય બનાવવા માટે તેમ કર્યું છે તે સ્પષ્ટ છે. એમની કૃતિઓમાં જેમ શૃંગારનું નિરૂપણ આવે છે તેમ ધર્મબોધક સામગ્રી પણ હોય છે...અથવા બીજી રીતે પાંચમા શતકમાં રચાયેલા પ્રાકૃત કથાગ્રંથ 'વસુદેવ હિંડી'ના કર્તા સંઘદાસ-ગણિના શબ્દોમાં કહીએ તો એમનો આશય શૃંગારકથાના વ્યપદેશથી ધર્મકથા કહેવાનો છે." (પૃ. ૨૪૭-૪૮).

ડૉ. રણજિત પટેલને પદ્યસર્જન સહજ છે અને એથી જ કદાચ એમનાં ગદ્યલખાણોમાંય કાવ્યાત્મકતા સ્થળે સ્થળે પ્રતીત થતી

લાગે છે. આ શોધ પ્રબંધમાં અનેક સ્થળે એમના કવિત્વભર્યા ગદ્યનો પરચો મળી રહેતો હોય છે. આ આખા 'ઉપસંહાર'માં એમના ગદ્યનો રોચક પરિચય થાય છે. એમાં વિચારોનું તત્ત્વ પણ ભારોભાર હોય છે. આ એક જ પરિચ્છેદ જોઇએ :

" મૂળે આ લોકપ્રિય લોકસાહિત્ય, લોકો જેટલું જ આપ્તરંગી છે. લોકોના સ્વભાવ જેવું સરળ અને પારદર્શક તેમ જ પારા જેવું ચંચળ ને પાણી જેવું પ્રવાહી છે. તે નિર્મળી જેવું છે ને છતાંયે એની જડ ને જાળ જોતજોતામાં જામી જતી હોય છે. નિયત ચોકઠા, મર્યાદાઓ અને ઘડેલા આકાર એને પસંદ નથી. સુકિયાણી કળાએ નિર્ણીત કરેલા જડ આકારોને એ ગાઠતું નથી અને છતાંયે કળાના ઉચ્ચ તત્ત્વો તેમાં સભર હોય છે. લોકવાર્તા, લોકકાવ્ય કે લોકનાટય ગમે તે પ્રકારના લોકસાહિત્યને એનો આખરી આકાર જ નથી હોતો. લોકવાર્તાઓના સાગરમંથનમાંથી અર્વાચીન ટૂંકીવાર્તા ને નવલના રત્નો સાંપડયા તેમ લોકગીતોમાંથી અર્વાચીન ગીતરત્નો જે સાહિત્ય ને કળાના સ્વરૂપે પોતાનો પ્રૌઢ આકારપિંડ ઘડી દીધો તેના વિકાસની અવધિ આવી રહી. નવા વિકાસની માત્રા ત્યાં અલ્પ. ઉત્ક્રાંતિના પથમાં ઉત્તરોત્તર આગળ વધતી પેઢીઓ જો એ પ્રજાકીય સાંસ્કારિક સૂક્ષ્મ સંપત્તિને એના શેખરસ્થાને સાચવી શકે નહીં તો એનું માત્ર પતન જ શકય બને. લોકસાહિત્યની ઉન્નતિ, અવનતિ, પ્રજાની જાગૃતિ–મૂર્છા પર અવલંબિત હોઇ, એ સદોદિત નવનવા ઉન્મેષ દ્વારા જૂજવારૂપે અવતરે છે ને પ્રજા દ્વારા અવતરી, પ્રજાને અવતાર આપે છે."
(પૃ. ૨૪૮–૨૪૯).

આગળ ઉપર જણાવ્યું કે આવી કથાઓનો આશય શૃંગાર કથાના વ્યપદેશથી ધર્મકથા કહેવાનો હોય છે -- તો એ આશય સિધ્ધ કરવા માટે લેખકો કયા પ્રકારની 'ટેક્નિક'નો આશ્રય લે છે ? સિંહાસન બત્રીસી, વેતાલ પચીસી કે શુકસપ્તતિ વાર્તાસમૂહોના કલાતત્ત્વ વિષે અર્વાચીન વિદ્વાનોનો અભિગમ કેવોક રહેવાનો ? 'રામાયણ' 'મહાભારત' કે 'બૃહત્કથા' સાથે આવી વાર્તાઓની સરખામણી કરવી યથાર્થ ગણાય કે કેમ ?... આ બધા પ્રશ્નોનો નિર્દેશ કર્યા પછી ડૉ. પટેલ લખે છે :

" પહેલું તો કોઇપણ કૃતિનું વિવેચન કરતી વખતે સ્થળ અને કાળની મર્યાદાઓને સમજવી રહી. કર્તાનું માનસ, યુગચિત્ર, નિરૂપિત સમાજનું લેખકનું દર્શન - આ બધાના અનુલક્ષમાં જ કૃતિની ગુણવત્તા માપી શકાય. કાલિદાસાદિનાં કાવ્ય-નાટકોમાં જોવા મળતી ઉચ્ચ કક્ષાની કલાની સાર્વજનીનતા કે સાર્વકાલિક અપૂર્વતા આવા વાર્તાચક્રોમાં જોવા ન મળે એ તો સહેજે સમજાય તેવું છે, છતાં આવાં વાર્તાચક્રોનું મધ્યયુગમાં ઓછું મહત્ત્વ ન હતું. ભારતની વિશાળ ધરતી પર એ યુગમાં કાલિદાસાદિના ઉચ્ચ સાહિત્યનો ભાવક એવો વર્ગ કેટલો ? રાજકીય દુર્વ્યવસ્થા, સાંકડાં રાજકીય અને ધાર્મિક વર્તુળો અને ક્ષણે ક્ષણે બદલાતી પ્રદેશસીમાઓ અને સત્તા-સીમાઓમાં આ વાર્તાઓએ સર્વજનમનરંજનનું અદ્ભુત કાર્ય કર્યું છે. તેમણે સામાન્ય માનવીમાં, સંસ્કૃતિને ટકાવી રાખનારા શૌર્ય, સાહસ, પ્રેમ, ઉદારતા, પ્રતિજ્ઞાપાલન અને દાન જેવા ઉચ્ચ ગુણોનું ગૌરવ જીવંત રાખ્યું છે... અને એ રીતે ભારતીય સંસ્કૃતિના પાયામાં પ્રાણ પૂર્યા છે. વિક્રમના આ વાર્તાચક્રો દૂર્વા જેવા અલ્પ અને લઘુ લાગે, છતાં દૂર્વાંકરોની જેમ આ વાર્તાચક્રોની અસર માનવચિત્તની

સમસ્ત ભૂમિમાં ફરી વળે છે અને દૂર્વાની જેમ દૃઢમૂલ બની, નષ્ટ થતા જ નથી." (પૃ. ૨૫૦).

સંપાદકે, વડોદરા, ભારતીય વિદ્યાભવન અને લીંબડીમાંથી ઉપલબ્ધ થયેલી ત્રણ હસ્તપ્રતોને આધારે 'સિંહાસન બત્રીસી'નું સંપાદન કર્યું છે અને અત્યંત કાળજી અને નિષ્ઠાપૂર્વક પાઠાન્તરોની શુધ્ધિ સાચવી હોવા છતાં પણ ભાષા લગભગ સવા પાંચસો વર્ષની જૂની હોવાને લીધે અને મલયચંદ્રે બત્રીસેય કથાઓ અતિશય સંક્ષેપમાં કહી હોવાને કારણે ક્યાંક ક્યાંક અર્થ પામવામાં મુશ્કેલી અનુભવાય છે. આ મુશ્કેલીના નિવારણ અર્થે સંપાદકે 'સિંહાસન બત્રીસી' નો અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે તેમાં એમની શ્રમસહિષ્ણુતાનો પાકો પરિચય થાય છે. વડોદરાની મુખ્ય હસ્તપ્રત અને લીંબડી-ભારતીય વિદ્યાભવનની હસ્તપ્રતોના મુદ્રિત પાઠાન્તરો પર અછડતી નજર નાખનારને સહેજે આ મુશ્કેલીનો ખ્યાલ આવી જશે. કુલ્લે ૩૭૪ કડીઓના અનુવાદની સાર્થકતા થોડીકનો પરિચય પામતાં સમજાશે. દા. ત.

"ઉદારપણૂં અધિક તસ હૂઉં,
ચીતઇ કાંઇ છઇ કારણ જૂઉં !
વસ્તુ તણઉ મહિમા વિસ્તરઇ,
જલહ તેલ, ખલ ગૂઝ પસ્તરઇ" !! (કડી - ૧૦)

અનુવાદઃ તેને વધારે ઉદારતા પ્રગટ થઇ એ વિચાર કરે છે કે કંઇક જુદું જ કારણ છે. જેમ જલમાં તેલ અને ખલ માણસોને કહેલી ગુપ્ત વાત ફેલાય છે, તેમ આ વસ્તુનો મહિમા વિસ્તાર પામે છે. (કડી - ૧૦)

" કદર્યપણું તુહનઇ અજાણ,
આફણી આપણૂં કરઇ વખાણ !
પરગુણ બોલ્યઇ ગિરૂય ચડઇ,
આપણા ગુણ બોલઇ તુ ઇંદ્ર પડઇ " (કડી - ૨૫).

અનુવાદ: (પૂતળી કહે છે) હે અજ્ઞાની ! તું તો કંજૂસ છે.
પોતાની મેળે પોતાના વખાણ કરે છે. પારકાના
ગુણ બોલ્યે ઉત્તમ લોકો મહાન બને છે, પણ પોતાના
ગુણના વખાણ કરવાથી ઇન્દ્ર પણ પતન પામે છે.
(કડી - ૨૫).

" રાજન, કૂડકપાલી એહ,
બત્રીસ લક્ષણની બલિ તેહ !
કરી સોવન-પુરુસુ સાવસ્યઇ,
ધીરિમ, પાપઇ તે બાવસ્યઇ" !! (કડી - ૫૨).

અનુવાદ: (શબ કહે છે) હે રાજા ! આ તો કપટી યોગી છે.
તેને બત્રીસ લક્ષણાનો બલિ આપવો છે. સુવર્ણપુરુષ
કરીને તે પોતાનો અર્થ સિધ્ધ કરશે. તેની વાત માનીશ
નહીં. તે પાપપૂર્વક તને નડશે. (કડી - ૫૨)

" ગંધ દ્રવ્ય અક્ષત આરોપ,
તવી તોયધિપ કન્હઇ માગઇ નિરોપ !
પ્રત્યષિ થ્યો અંબુધિ સિણીઉ,
વિક્રમ ભગતઇ હું પ્રણીઉ " !! (કડી - ૯૯)

અનુવાદ: (સાગરને) ગંધ, દ્રવ્ય અને અક્ષત ચઢાવ્યા, ત્યારે તપથી સાગરને પ્રગટ થવા (તે બ્રાહ્મણે) વિનંતી કરી. છૂપો રહેલો સાગર પ્રગટ થયો (અને કહ્યું), વિક્રમની ભક્તિથી હું પ્રસન્ન થયો છું. (કડી - ૯૯).

" સિરધડ જૂઉ તે કારણ કિસ્યા,
અક્ષર વાચઈ પાટિઈ ઇસ્યા !
સત્વવંત સિર છેદી જેય,
બલિ દેસ્યઇ તુ જીવસ્યઇ એય " !! (કડી-૧૩૯).

અનુવાદ: તેમના શિર અને ધડ કયા કારણે જુદા હતા એવા અક્ષર તેણે પાટી ઉપર વાંચ્યા - કે જે સત્ત્વવંત (વ્યક્તિ) શિર છેદીને બલિદાન આપશે તેનાથી આ સ્ત્રી-પુરુષ જીવશે. (કડી - ૧૩૯).

" સગસણી જે વારિઉ તેહ,
અસદવરુ નવિ કીજઇ એહ !
લછિ પખઇ નવિ માનઇ કોઇ,
લછિઇં માન સુહત ઇમ હોઇ " !! (કડી - ૧૭૪)

અનુવાદ: સગાસ્નેહીઓએ એને વાર્યો કે (ધનનો) દુર્વ્યય ન કરવો જોઇએ. લક્ષ્મી સિવાય માણસને કોઇ માન આપતું નથી. લક્ષ્મીને લીધે મોટું માન મળે છે. (કડી - ૧૭૪).

" કરી ભગતિ જવ આવિ ધુકલિ,
દેઉલે તેલ કડાહ કલકલિ !
મદન – સંજીવની રાજ જ કરિ,
જે ઝંપાવિ તેહનિ ઘરિ " !! (કડી – ૧૯૯).

અનુવાદ: ભમતા ભમતા સુમિત્ર દેવળમાં આવ્યો. ત્યાં તેલની એક કઢાઇ ઉકળતી હતી. જે કોઇ (ઉકળતા તેલના કઢાયામાં) ઝંપલાવે તેને પરણવાની તેની (પ્રતિજ્ઞા) હતી. (કડી – ૧૯૯).

" વલતુ દેઉલિ સૂતુ જામ,
વાસુ રહી થઇ સુરી આવી તામ !
બિપહર વેલા માડિઉં નૃત્ય,
અઠઇ અપછર કરઇ સુકૃત્ય " !! (કડી – ૨૫૨).

અનુવાદ: વળતા રાત્રે દેવળમાં સૂતો ત્યારે, ત્યાં (દેવળ પાસે આવેલા સરોવરમાં) રહેનારી દેવાંગના આવી અને બે પ્રહર વીત્યા ત્યારે (મધ્યરાત્રે) નૃત્ય શરૂ કર્યું. આઠ અપ્સરાઓ તે સુકૃત્ય કરતી હતી. (કડી – ૨૫૨).

" આમિષ વાછઇ તે નરતણું,
સુપ્રભાવ ભણી લહઇ તે ઘણું !
સૂનઇ બલિ કાજિ નર લીઇ,
વૈદિસિકા, દેષી તસ દીઇ " !! (કડી – ૩૧૧).

અનુવાદ: તે પુરુષનું માસ ઇચ્છે છે અને તેના પ્રભાવને કારણે (તે ઘણી શક્તિશાળી હોવાને કારણે) તે તેને ઘણું મળે છે. (જે કોઇ એની ભક્તિ કરે છે તે તેને નરબલિ આપે છે) બલિદાન માટે પુરુષને ત્યાના લોકો સુવર્ણ આપી, મૂલ્ય આપી, (બહારનાને બળજબરીથી) લે છે અને ચૌદશને દિવસે તેનું બલિદાન આપે છે. (કડી - ૩૧૧).

આમાં અધ્યાહાર રહેલ કેટલાક પ્રસંગો, પાત્રો અને પરિસ્થિતિઓને સંપાદક - અનુવાદકે સ્પષ્ટ કરી આપીને આપણી સમજ વધારી છે. વળી, પાદનોંધોમાં નોંધેલા અનેક પાઠાન્તરોનો ઝીણવટથી અભ્યાસ કરતા પણ જણાશે કે પાઠશુધ્ધિ માટે સંપાદકે કેવો તો ઝીણો વિવેક દાખવ્યો છે.

આ અનુવાદ પછી, મલયચંદ્રકૃત 'સિંહાસન બત્રીસી' માં આવતા લગભગ ૧૧૮ વિશિષ્ટ શબ્દોનો કોશ આપ્યો છે, જે અનેક દૃષ્ટિએ ઉપયોગી છે. તત્સંબંધે, ડૉ. સુભાષભાઇ દવે લખે છે : "ભાષાકીય દૃષ્ટિએ શબ્દની વ્યુત્પત્તિ સૂચવી, અર્થ આપતા, યથા-સંભવ શબ્દ-ઇતિહાસ અને ભાષાવિષયક નોંધ આપી અભ્યાસનું મૂલ્ય વધાર્યું છે. કૃતિને સમજવામાં આ પ્રકારનો શબ્દકોશ અત્યંત ઉપયોગી તો છે જ, એ સાથે ગુજરાતી ભાષાના તત્કાલીન રૂપને સમજવામાં પણ સુવિધા ઉભી થાય છે. 'અલવઇ,' 'સંદોહ,' 'કઇવાર' 'જમલિ,' 'ધીરઠપણઉં,' 'સામસાલ,' 'ઉદારથ,' 'પાઉલ' આદિ શબ્દોની સમજૂતી આની પ્રતીતિ કરાવે છે."[૪] આ ઉપરાંત આવા શબ્દો જૂની ગુજરાતીમાં કઇ કઇ કૃતિઓમાં વપરાયા છે

તેનો પણ શક્ય હોય ત્યાં નિર્દેશ કર્યો છે. આના સમર્થનમાં બે જ દૃષ્ટાંત જોઈએ :

<u>અલવઇ</u> : અવ્યય, – 'લીલાપૂર્વક' –૧૫ (આના મૂળમાં પ્રાચીન દ્રાવિડી 'અડવ', 'અળવ' (સુંદરલીલાયુક્ત છે, જે સાથે સુન્દરતા-વાચક સંસ્કૃત શબ્દો अलंप, अलंणा, अलंकार આદિ સંબંધ ધરાવે છે. જૂના ગુજરાતી 'અલવેસર' (=અલબેલો) એ શબ્દનું 'અલવ' અંગ પણ આમાંથી હશે. अलव+ईश्वर=अलवेश्वर, अलवेसर જૂના ગુજરાતી સાહિત્યમાં આ બન્ને રૂપો અનેકવાર પ્રયુક્ત થયેલાં છે. 'અલવઇ' ની જેમ 'અલવિહિં' અને 'અલવિ' પ્રયોગો પણ એ જ અર્થમાં મળે છે. આ વિષે જુઓ – મહીરાજકૃત 'નલ-દવદંતીરાસ' (પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા, ગ્રન્થ-૨) ના શબ્દકોશમાં अलवेसर. (પૃ. ૧૩૧).

<u>પાઉલ</u> : નપુંસકલિંગ – પાયલ, ઝાંઝર ? – ૨૧ આ અર્થ જો બરાબર હોય તો મૂલમાંનો 'પાઉલ પાત્ર' એટલે 'જેણે પાયલ-ઝાંઝર પહેર્યા છે એવી નર્તિકા' એમ સમજાય; જો કે જૂની ગુજરાતીમાં કોઈવાર 'પાઉલ' શબ્દ એકલો સ્પષ્ટ રીતે 'નર્તિકા' અર્થમાં વપરાયો છે; જેમ કે 'નાચઈં પાઉલ, જાણી હુજિ રાજકુલ' – 'વર્ણક સમુચ્ચય' : ભાગ-૧, પૃ. ૭૬. 'પાઉલપાત્ર' પ્રયોગમાંથી એકલો 'પાઉલ' શબ્દ આમ કાળાન્તરે 'નર્તિકા' એવા અર્થમાં વપરાતો થયો હોય એમ બને. મલયચંદ્રની એક પ્રતમાં 'પાઉલ' ને બદલે 'રાઉલી' પાઠ છે; ત્યાં 'રાઉલીપાત્ર' એટલે 'રાજનર્તકી' એવો અર્થ થાય. આવો જ શબ્દ પાત્ર – સ્ત્રી (સં.) નર્તિકા --- સરખાવો ગુજરાતી 'પાતર' = ગણિકા. એમાં અર્થ નીચે ઉતર્યો છે.

ગ્રંથને અન્તે આઠ પૃષ્ઠની 'સંદર્ભસૂચિ' આપી છે જેમાં

મુદ્રિત અને અસ્તલિખિત ગુજરાતી ગ્રંથો, સંસ્કૃત, અંગ્રેજી અને હિંદી મુદ્રિત ગ્રંથોનો તેમણે શોધ-પ્રબંધમાં ઉપયોગ કર્યો છે તેનો સમાવેશ થાય છે. આ શોધ-પ્રબંધ મ.સ.યુનિ.ના ગુજરાતી વિભાગના 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'ના ગ્રન્થ નં.-૧૦ રૂપે, ઇ.સ. ૧૯૭૦માં પ્રગટ થયો છે. 'સંભારણું'માં (પૃ. ૨૨,) ડો. સુભાષ દવેએ એક જ વાક્યમાં, આ ગ્રન્થ અંગે ઘણુંબધું કહી નાખ્યું છે. તેઓ લખે છે : 'આપણે ત્યાં આ પ્રકારના તુલનાત્મક અધ્યયનની ઘટના વિરલ છે.' અલબત્ત, આજે લગભગ સાડાત્રણ દાયકા બાદ ભલે એ ઘટના વિરલ ન રહી હોય ! વળી ડો. પટેલના પીએચ.ડી.ના માર્ગદર્શક ડો. સાંડેસરા 'સંભારણું'માં લખે છે : "'સિંહાસન બત્રીસી'ના વાર્તાચક્ર વિષે તેમણે મારી પાસે પીએચ.ડી. માટે સંશોધન કર્યું ત્યારે અભ્યાસી તરીકે તેમની કેટલીક ગૂઢ વિશિષ્ટતાઓ પ્રગટ થતી જોઇ." ડો. એગર્ટને પણ ડો. પટેલના આ ગ્રંથ માટે અભિનંદન પાઠવેલા. (પત્ર જડતો નથી.)

'ગ્રંથ-૯૧, વર્ષ-૮, અંક-૭, જુલાઇ ૧૯૭૧, પૃ. નં. ૩૧-૩૨ ઉપર ડો. ચંદ્રકાન્ત મહેતાએ આ શોધપ્રબંધની સમીક્ષા કરી છે. જેમાં દોષદર્શન કરાવતાં લખ્યું છે : "સંપાદકે મલયચંદ્ર ઉપરાંત બીજી ૧૯ 'સિંહાસન બત્રીસી'નો પરિચય આપ્યો છે અને દરેકની વિશેષતા ને મર્યાદા દર્શાવી છે - - પણ ક્યારેક સિધ્ધિસૂરિ, જ્ઞાનચંદ્ર, દેવીદાસ, સંઘવિજય, વિનયલાભ ઇત્યાદિની રચનાઓમાં ભરપૂર અવતરણો આપ્યાં છે ----- એથી સમીક્ષાનું સ્થાન અવતરણોએ પચાવી પાડ્યું છે." ડો. મહેતાએ ઉપર દર્શાવ્યું કે દરેકની વિશેષતા ને મર્યાદા દર્શાવી છે તો એમાં સમીક્ષાનું તત્ત્વ ન આવ્યું? વળી સંપાદક આ અવતરણો આપવાની વાતથી સભાન છે જ ---'પ્રાકકથન' (પૃ. ૮) માં તેઓ લખે છે : "આ બધી

કૃતિઓમાંથી આવશ્યકતા અનુસાર અવતરણો આપ્યા છે. એ ઉદ્ધરણોની પાછળ કોઇક સ્થળે સર્જકની કવિત્વશક્તિ, અલંકારના ઉપયોગમાં યોગ્યતા, સામાન્ય વિધાનો, જીવનનું નિરીક્ષણ અને તેનો પોતાની વિનિયોગ કરવાની શક્તિ તેમ જ સમકાલીન સમાજનું આ કૃતિઓમાંથી પ્રગટ થતું ચિત્ર ઇત્યાદિનો ખ્યાલ આપવાની પણ દૃષ્ટિ રાખી છે." સંપાદકે દર્શાવેલી આ દૃષ્ટિ સાચી છે —— પણ મને આ અવતરણોની આવશ્યકતા નહીં પણ અનિવાર્યતા બીજા મહત્ત્વના કારણે લાગી છે —— તે એ કે સંપાદકે જે હસ્તપ્રતોમાંથી આ અવતરણો આપ્યાં છે તે મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આ અવતરણોપરથી જ એ કૃતિઓનું મૂલ્યાંકન થવાનું. મારા વક્તવ્યના સમર્થનમાં હું નમ્રતાપૂર્વક એટલું કહીશ કે આજે સાડાત્રણ દાયકા બાદ પણ ઉપર્યુક્ત કયા કવિની 'સિંહાસન બત્રીસી' પ્રગટ થઇ છે? આ તો અવતરણો પૂરતું, બાકી ડો. મહેતા લખે છે : "મલયચંદ્રની 'સિંહાસન બત્રીસી'માં સંપાદકે એમની સમીક્ષા શક્તિનો સારી પેઠે પરિચય આપ્યો છે - ને લેખકના ગુણદોષની તટસ્થભાવે સમીક્ષા કરી છે —— મધ્યકાલીન લોકવાર્તાના સૂક્ષ્મ અધ્યયન માટે આ પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડે એવું છે એ વિશે શંકા નથી —— સંપાદકે સારી પેઠે જહેમત લીધી છે અને કથાઓનો અનેક દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે."[૫]

મલયચંદ્રકૃત 'સિંહાસન બત્રીસી'નો લેખકે વિધવિધ દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે. સાહિત્યની નિર્ભેળ રસલક્ષી, નિરપેક્ષ દૃષ્ટિએ કૃતિનું મૂલ્ય ઝાઝું આંક્યું નથી પણ આજથી લગભગ સવાપાંચસો વર્ષ પૂર્વે વિક્રમ-વિષયક, જૂની ગુજરાતીમાં લખાયેલી આ પ્રથમ જ ઉપલબ્ધ કૃતિ હોવાને કારણે સાહિત્યિક ઉપરાંત સાંસ્કૃતિક ને ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ એનું મૂલ્ય ઝાઝું આંક્યું છે —— વળી,

મલયચંદ્રની આ કૃતિરૂપી ગંગોત્રીમાંથી શામળની 'સિંહાસન બત્રીસી' રૂપી વિપુલસલિલા ગંગાનો વિકાસ થયો છે એ પરંપરાનું પણ ઐતિહાસિક મૂલ્ય છે. કર્તાની ઊડીને આંખે વળગે એવી મોટી મર્યાદા તે એની સૂત્રાત્મક શૈલી છે. લાઘવ (બ્રેવીટી) એ કોઇપણ કલાનો પ્રાણ સહી, પણ એ લાઘવ કલાકૃતિના ગ્રથન, સુષ્ઠુ આકાર અને એની સપ્રમાણ સુરેખતા તેમજ ચોટને ક્ષતિ પહોંચાડે તે તો અસહ્ય એટલે જ વર્જ્ય. વાર્તામાં લાઘવથી એના પ્રાણરૂપ રસતત્ત્વને હાનિ ન પહોંચવી જોઇએ. આમાની કેટલીક વાર્તાઓમાં, ચૂર્ણિઓ અને જૈન આગમની નિર્યુક્તિમાં કવિતાનો ગદ્યસાર હોય છે તેવી સૂત્રાત્મક રીતિ જોવા મળે છે. કેટલીક વાર્તાઓમાં પ્રમાણભાનનો અભાવ પણ વરતાય છે. આખી રચના મલયચંદ્રે ચોપાઇમાં કરી છે પણ કૃતિ નાની હોવાને કારણે છંદ-વૈવિધ્યનો અભાવ વરતાતો નથી. છંદ ઉપરનો એનો કાબૂ પ્રશસ્ય છે. આ વિષય ઉપર રચાયેલી જૈન તેમજ જૈનેતર બધી જ ઉપલબ્ધ ગુજરાતી કૃતિઓમાં આ કૃતિ સૌથી જૂની છે એ દૃષ્ટિએ સાહિત્યિક કરતાં એનું ઐતિહાસિક મૂલ્ય વિશેષ છે.

'બૃહત્કથા', 'કથાસરિતસાગર', 'વૈતાલપંચવિંશતિકા', 'બૃહત્કથામંજરી', 'વિક્રમચરિત્ર', દ્વાત્રિંશપુત્તલિકા' અને અનેક અન્ય 'સિંહાસનબત્રીસી'ઓમાં ઐતિહાસિક કે અર્ધ-ઐતિહાસિક વિક્રમવિષયક વાર્તાચક્રો કે છૂટક વાર્તાઓ ઉપલબ્ધ થાય છે અને તેને આધારે લોકમાનસમાં તેનું સ્થાન ભગવાન રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર ને નળ જેવી પુણ્યશ્લોક વિભૂતિઓની સાથે જ છે --- અને આ બધી વાર્તાઓમાંથી એનું વીરત્વ, દાનવીરતા, ન્યાયીપણું, પરદુઃખભંજકતા, સાહસ અને નીડરતા જેવાં વ્યક્તિલક્ષણો પ્રગટ થાય છે. મલયચંદ્રની આ 'સિંહાસન બત્રીસી'માંથી પણ વિક્રમના એવાં ગુણ-લક્ષણોનો અનુભવ થાય છે.

એક વિશિષ્ટ સંપાદક–સંશોધક તરીકેની ડો. અનામી ની અનેક શક્તિઓનો સુષ્ઠુ પરિચય પણ આ કૃતિ દ્વારા થાય છે.

પૂર્ણિમા ગચ્છના સાધુ રત્નસૂરિના શિષ્ય કવિ મલયચંદ્રે 'સિંહાસન બત્રીસી' ઉપરાંત 'સિંધલસી ચરિત્ર' અને 'દેવરાજ–વત્સ પ્રબંધ' નામે બે કાવ્યો પણ લખ્યા છે. 'સિંધલસી ચરિત્ર' એ ૨૨૦ ચઉપાઈનું સં. ૧૫૧૯ (ઈ.સ. ૧૪૬૩)માં ગોંડલમાં લખાયેલું દાન–વિષયક કથા–કાવ્ય છે. 'સિંધલસી ચરિત્ર' એ 'ધનદત્ત–દેવદત્ત ચરિત્ર', 'સિંધલસી કુમાર ચોપાઈ' અથવા 'ધનદેવ કથા' તરીકે પણ ઓળખાય છે. આ કાવ્યકૃતિની એકમાત્ર ઉપલબ્ધ હસ્તપ્રતને, ભારતીય વિદ્યા–ભવન, મુંબઈમાંથી પ્રાપ્ત કરી, અનામીએ તેનું પ્રથમવાર પ્રકાશન કરેલું સ્વાધ્યાય, પુ. ૧૦, અંક ૩ 'અક્ષયતૃતીયા અંક' માં. આ કૃતિનો કથાસાર તેમજ તેની સમગ્રદર્શી વિવેચના તેમણે તેમના શોધપ્રબંધ 'સિંહાસનબત્રીસી' (પ્રથમ આવૃત્તિ ૧૯૭૦, પૃ. ૫૩ થી ૫૯) માં વીગતે આપ્યા છે.

સ્વ. પ્રો. બળવંતરાય ક. ઠાકોરને પ્રાચીન કૃતિઓનું સંપાદનનો પણ શોખ હતો. વાચક મંગલમાણિક્ય વિરચિત 'અંબડ વિદ્યાધર રાસ' અને ઉદયભાનુરચિત 'વિક્રમચરિત્રરાસ' આ બે એમના સંપાદનો છે. એમાંથી 'અંબડ વિદ્યાધર રાસ' ને તેઓ વ્યવસ્થિત ને શાસ્ત્રીય રીતે સંપાદિત કરી પ્રકાશિત કરી શક્યા હતા પણ 'વિક્રમચરિત્ર રાસ' ને તેઓ સંપૂર્ણ કરી પ્રકાશિત કરે એ પહેલા તેઓ દિવંગત થયા. એમના જીવનકાળ દરમિયાન ઈ.સ. ૧૯૫૧માં

'વિક્રમચરિત્ર રાસ'ના કેવળ ફર્મા છપાઇ ગયા હતા અને 'ઉપોદ્ઘાત' નોંધપાત્ર શબ્દપ્રયોગોની સૂચિ અને શોધપત્ર - બધુ જ બાકી હતુ - તે મ.સ. યુનિવર્સિટીની વિનંતીથી ડો. રણજિત પટેલે ('અનામી') તૈયાર કર્યુ હતું. સુભાષ દવેએ તેને અનુષંગે તેમના એક લેખ - ઉદયભાનુરચિત 'વિક્રમચરિત્ર રાસ' - એક દૃષ્ટિપાત (મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય, સંપા. જયંત કોઠારી, કાન્તિભાઇ બી. શાહ, પહેલી આવૃત્તિ, માર્ચ ૧૯૯૩, પૃ. ૨૭૮) ની પાદટીપ મા નોંધ્યુ છે : "ડો. રણજિત પટેલે ('અનામી') તેની વિસ્તૃત પ્રસ્તાવના અને નોંધપાત્ર શબ્દપ્રયોગોની સૂચિ આ સંપાદન સાથે પ્રકાશિત કરી છે." યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા'ના છઠ્ઠા પુષ્પ તરીકે, આ એક પ્રાચીન શિષ્ટ ગુજરાતી કાવ્યનુ ઇ.સ. ૧૯૫૭માં પ્રકાશન થયુ છે.

પ્રસ્તુત 'વિક્રમચરિત્ર રાસ' એ વિખ્યાત રાજા વિક્રમના પ્રતાપી પુત્ર વિક્રમકુમાર કે વિક્રમસેનના ચાતુર્ય, ધૈર્ય અને પરાક્રમની વાર્તા છે. માતા લીલાવતી અને પિતા વિક્રમના દીર્ઘકાલીન વિયોગનો વિક્રમચરિત્ર સ્વચાતુર્ય અને પરાક્રમોથી અંત લાવી માત-પિતાનો મેળાપ કરાવે છે ને પિતા વૃધ્ધ થતા રાજ્યનો ભાર ઉપાડી લે છે, એવી વાર્તાનુ ઉદયભાનુએ અહીં વિશિષ્ટ રીતે નિરૂપણ કર્યુ છે. 'शठं प्रति शाठ्यम्' ની લોકોક્તિને કથાઘટક તરીકે લઇને ઉદયભાનુએ કથાપ્રસંગને કૌતુકરંગી પુટ આપ્યો છે અને એ રીતે વાર્તાને આસ્વાદ્ય બનાવી છે.

આ કૃતિ વિષે રા. મણિભાઇ બકોરભાઇ વ્યાસ પોતાની નોંધમા લખે છે : "આ ૫૬૬ ટૂંકનો પ્રબંધ છે. તે દરેક રીતે શામળ ભટ્ટની વાર્તા સાથે હરીફાઇ કરે તેવો છે; અર્થાત આ પ્રબંધની રચના કોઇ પણ રીતે, શામળ ભટ્ટની વાર્તાથી ઉતરતા પ્રકારની

નથી."[૬] ભોગીલાલ સાંડેસરા આ કૃતિ વિષે લખે છે : "આ વિષયમાં ઉદયભાણની રચના સૌથી જૂની છે. તેના સમકાલીન બીજા વાર્તાકાર કવિઓથી તે એકદમ જુદો પડી આવે છે. તેની શૈલી રસિક અને પ્રાસાદિક છે. શામળ ભટ્ટના અને તેના વર્ણનો ઘણી રીતે મળતા આવે છે."[૭] પણ આ રાસના સંપાદક પ્રો. ઠાકોર, વાચક મંગલમાણિક્ય વિરચિત 'અંબડ વિદ્યાધર રાસ'ની પ્રસ્તાવના (પૃ. ૧૦) માં, સ્વરચિત છંદોબધ્ધ પુષ્પિકામાં (જે પુષ્પિકા વિક્રમચરિત્રરાસ ના પૃ. ૫૨ પર છાપી છે.) કહે છે :

કથારસે કવિ ભુલ્યો લગાર :
શામળ ભૂલ્યો નવ સંઘર્યો,
ખાતે તે આ રાસુદ્ધર્યો.

મતલબ કે આવા રસિક રાસને શામળ જેવા પદ્યવાર્તા-લોકવાર્તા--નિષ્ણાત કવિ પણ ભૂલ્યો છે જેનો ખંતે કરીને સંપાદકે ઉદ્ધાર કર્યો છે. સંપાદકના આ વિધાનનો વિરોધ કરતા ને શામળનો બચાવ કરતા રણજિત પટેલ ('અનામી') લખે છે : "હકીકતમાં પ્રો. ઠાકોરનું આ વિધાન બરાબર નથી; કેમ કે શામળે પોતાની 'સિંહાસન બત્રીસી'ની વાર્તાઓમાં - બારમી વાર્તા -('કાવડિયાની વાર્તા')- માં થોડાક ફેરફાર સાથે આ વિક્રમરાજાના પુત્રની જ વાત કહી છે. ઉપરાંત, 'સિંહાસન બત્રીસી'ની ૨૮-૨૯મી વાર્તાઓ ('શુકસારિકાની વાર્તા' અને 'સ્ત્રીચરિત્રની વાર્તા')માં પણ આ વિક્રમચરિત્રના ઉલ્લેખો છે. જો કે ૨૮મી વાર્તામાં તો પ્રસ્તુત રાસના પૂર્વજન્મના કથાનકે મળતું શુકસારિકાનું કથાનક મળતું આવે છે --- જ્યારે ૨૯મી વાર્તામાં તો આ વિક્રમચરિત્ર પોતે જ કથાનાયક છે."[૮]

'ઉપોદ્ઘાત'માં રણજિત પટેલ ઉદયભાનુ ઉપરાંત જૂની ગુજરાતીમાં વિક્રમકુમાર કે વિક્રમસેન સંબંધે લખનાર કવિઓનો આ રીતે ઉલ્લેખ કરે છે: "સં. ૧૪૯૯માં જૈન કવિ સાધુકીર્તિએ 'વિક્રમચરિત્ર કુમાર રાસ' રચ્યો છે. ત્યાર પછી સં. ૧૫૬૫માં ઉદયભાનુએ પ્રસ્તુત રાસ રચ્યો છે. મધુસૂદને સં. ૧૬૦૬માં, જૈન કવિ અભયસોમે સં. ૧૭૨૪માં અને પરમસાગરે સં. ૧૭૨૯ લગભગ આ વિષયક ઉપર કૃતિઓ રચેલી છે. આમ વિક્રમના પુત્ર વિષયક વાર્તાઓ પણ ઠીકઠીક પ્રમાણમાં લખાઇ છે."(પૃ. ૫). વળી દેવમૂર્તિગણિ (સં. ૧૪૭૧ આસપાસ) એ સંસ્કૃતમાં 'સિંહાસનદ્વાત્રિંશિકા કથા' રચી છે તેમાં પૂતળીઓ ભોજને નહિ પરન્તુ વિક્રમપુત્ર વિક્રમસેનને, વિક્રમના અવસાન બાદ તે સિંહાસને બેસવા જાય છે ત્યારે કથાઓ કહે છે.

પ્રત્યેક જમાનો પોત પોતાના અસાધારણ શક્તિસંપન્ન જીવનવીરોનું અભિવાદન કરી એમનું સંકીર્તન કરતો હોય છે અને એમના જીવનપ્રસંગોને કથાના ઉપાદાન રૂપે ઉપયોગમાં લેતો હોય છે. બૌધ્ધ, બ્રાહ્મણ અને જૈન એ ત્રણે સંસ્કૃતિઓના લેખકોએ ધર્મબોધ, નીતિશિક્ષા અને જનમનરંજન અર્થે વાર્તાનો કુશળ ઉપયોગ કરી જાણ્યો છે. ભારતના પ્રાચીન વાર્તાસાહિત્યને આ રીતે ત્રણેનો અનન્ય ફાળો મળ્યો છે અને રામ, કૃષ્ણ, વત્સરાજ, ગૌતમબુધ્ધ, મહાવીર, વિક્રમાદિત્ય, ભોજ વગેરેના જન્મકર્મથી ભારતવર્ષનું કથાવાઙ્મય સમૃધ્ધ બન્યું છે. મધ્યકાલીન વાર્તાસાહિત્ય-કથાસાહિત્ય બે સ્ત્રોતમાં વહે છે, જૈન અને જૈનેતર. શામળ પૂર્વેનું જે વાર્તાસાહિત્ય ઉપલબ્ધ છે તે મોટે ભાગે જૈનોનું છે. વિક્રમચરિત્ર રસ ના કર્તા શ્રી ઉદયભાનુ પણ સોળમા સૈકાના એક શિષ્ટ જૈન કવિ છે. તેમના આ રાસની સંખ્યાબંધ હસ્તપ્રતો જુદા જુદા ગ્રંથભંડારોમાં મળે છે પણ આ સંપાદન માટેની આધારભૂત પ્રત પ્રો. ઠાકોરે કયા ગ્રંથ-

ભંડારમાંથી મેળવેલી તે જાણવા મળયું નથી -- પણ આ કૃતિનો મૂલ પાઠ ઈ.સ. ૧૯૫૧ માં શ્રી કિશનસિંહ ચાવડાના[6] સાધના પ્રેસ[9] માં છપાવ્યો હતો -- જેમાં લગભગ ૧૨૯ જગ્યાએ ભ્રષ્ટ પાઠ રહી જવા પામેલો જે રણજિત પટેલે('અનામી') શોધપત્ર શીર્ષક નીચે આ રાસને અન્તે પ્રગટ કરેલ છે.

આ નાનકડા રાસના ખાસ્સા છવ્વીસ પાનાના 'ઉપોદ્‌ઘાત' માં ડો. પટેલ, છેક ઋગ્વેદથી શરૂ કરી બ્રાહ્મણ, આરણ્યક ને ઉપનિષદ્ સાહિત્ય તેમ જ મહાભારત, રામાયણ ને પુરાણોમાંથી અનેકાનેક વાર્તાઓ તેમજ તેના ઉપરથી પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાંતીય ભાષાઓમાં ઉતરી આવેલા સાહિત્યમાં બૌધ્ધ, જૈન, જૈનેતર સાહિત્યમાં - કઈ દૃષ્ટિ અંતર્ગત છે તેનો ખ્યાલ આપ્યો છે અને એ પછી ડો. એજર્ટન એફ. ના 'વિક્રમ્સ એડવેન્ચર્સ' ગ્રંથના આધારે વિક્રમચરિત્રની પાંચ વાચનાઓનો ઉલ્લેખ કરી એમાં કઈ પરંપરા સૌથી જાણીતી છે તેનો ખ્યાલ આપી, જૂના ગુજરાતી સાહિત્યમાં મલયચંદ્ર (સં. ૧૫૧૯) થી લઈને તે શામળ સુધીના વિક્રમવિષયક વાર્તાસાહિત્યનો પરિચય કરાવ્યો છે. એ પછી આ રાસનો વિગપૂર્ણ સાર આપ્યો છે જે અનિવાર્ય હતો -- કેમ જે કવિએ 'ટબા પધ્ધતિ' એ અતિ સંક્ષેપમાં ક્યાંક ક્યાંક વાર્તાનો વિસ્તાર કર્યો છે ને લગભગ ચારસો વર્ષની ભાષાથી ઘણા વાચકો - ભાવકો સુજ્ઞાત ન પણ હોય. વળી, આ રાસના સંપાદનમાં ઉપયોગમાં લેવાયેલી પ્રત સં. ૧૭૦૬ની હોવા છતાં લહિયાએ જૂની ભાષાને સાચવી રાખવાનો આગ્રહ સેવ્યો હોય એમ જણાય છે જેથી આ પ્રકારનો વાર્તાસાર વિસ્તારથી આપવાનો ડો. પટેલનો અભિગમ યથાર્થ છે. રાસની ભાષામાં કવિનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન સર્વત્ર પ્રગટ થાય છે. વળી ભાષામાં એક પ્રકારની શિષ્ટતા, લાઘવ,

ગૌરવ, ચોટ અને પ્રાસાદિકતા વરતાય છે.

ઉદયભાનુના આ રાસનું એક મહત્ત્વનું આકર્ષણ તે એના વર્ણનો છે. સંક્ષેપમાં છતાં આકર્ષક વર્ણનો કરવાની કવિની શક્તિનું નિદર્શન કરાવવા, 'ઉપોદ્ઘાત'માં લેખકે ઉજ્જયિની નગરીનું વર્ણન, નાયિકા લીલાવતીનું વર્ણન, વનનું વર્ણન, વિક્રમસેન અને નરવાહનના યુધ્ધનું વર્ણન – લગભગ ચારેક વર્ણનના ઠીકઠીક અવતરણો ટાંક્યા છે. આ ઉપરાંત કવિ, સામાન્ય વિધાનો અને સામાજિક પરિસ્થિતિનું પણ સુંદર, સંક્ષિપ્ત નિરૂપણ કરે છે તેનો કડી-વાર નિર્દેશ કર્યો છે. અંતમાં કેટલાક વિશિષ્ટ રૂઢિ-પ્રયોગો ઉપરાંત કેટલીક સૂક્તિઓ પણ કવિ કાવ્યમાં સ્થળે સ્થળે વેરે છે તે કડી-વાર દર્શાવ્યું છે.

વિશેષમાં, લોકવાર્તાનું પરંપરાગત વાતાવરણ આ રાસમાં તેની વિશેષતાઓ સહિત ઉપસ્થિત છે તે સ-દૃષ્ટાંત નિર્દેશ્યું છે -- વળી, આ વાર્તા મુખ્યત્વે ધૂર્તતાની વાર્તા હોવા છતાં લોક-વાર્તાના કેટલાક મહત્ત્વના અંશો અને વાતાવરણ આ કૃતિમાં સફળતાપૂર્વક કવિને હાથે નિરૂપાયાં છે તેની પણ ચર્ચા કરી છે.

આ સંપાદનનું એક આકર્ષક અંગ તે તેનો 'શબ્દકોશ' છે; જેમાં ડો. પટેલે રાસમાં વપરાયેલા લગભગ ત્રણસો ચાલીસેક જૂના શબ્દોના અર્થ આપી આ કૃતિને સમજવામાં સરળતા કરી આપી છે. છોતેરમે વર્ષે આ રાસનું સંપાદન કરતાં 'પુષ્પિકા'માં પ્રો. ઠાકોર લખે પણ છે કે –

ભાષાપુરાણ અભિરુચિ ઘને
પંક્તિ પંક્તિ પઢશે એકમને,
શતક ચારના રાસ પ્રબંધ
તાણી લાભશે કુંચિ કમાલ
થશે હૈમકૃતિયો ય રસાળ. (પૃ. ૫૨).

આ 'કમાલ કૂંચિ', ડો.પટેલનો 'ઉપોદ્ઘાત', 'શબ્દકોશ' અને 'શોધપત્ર' વાંચ્યા બાદ પ્રાપ્ત થાય છે એમ નિઃશંક કહી શકાય; અને 'થશે હેમકૃતિયો ય રસાળ' એ ઉક્તિની યથાર્થતા તો આ રાસનો સાંગોપાંગ અભ્યાસ કરીએ ત્યારે જ સમજાય. 'વિક્રમચરિત્ર રાસ' વાંચ્યા બાદ આપણા મૂર્ધન્ય વિવેચક-ચિંતક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ડો.પટેલને ધન્યવાદ આપતા પત્રમાં લખેલું કે 'આપણા પ્રાધ્યાપકોનું કામ આવું હોવું જોઈએ.'

'મધ્યકાલીન કથાસાહિત્ય' નામના ડો.પટેલના એક લાંબા અભ્યાસપૂર્ણ લેખના ઉપસંહાર સાથે આ વિવેચન પણ સમાપ્ત કરીએ : "મધ્યકાલીન ગુજરાતી લોકવાર્તા સાહિત્ય વિત્ત અને વ્યાપમાં અનેક રીતે સમૃધ્ધ છે. શામળ જેવા વાર્તાકારે વિક્રમચરિત્રને પાંચમો વેદ ગણાવી એને ભાગવત અને રામાયણ (રામચરિત)ની સમકક્ષ મૂક્યું છે. તેને બૃહદ્ અર્થમાં સમગ્ર કથાવાઙ્મયની રસસૃષ્ટિ માટે કહેલું સમજીએ તો લોકવાર્તાએ સદીઓ સુધી હિંદુ સમાજ ઉપર કામણ કરી, શૃંગાર, વીર, અદ્ભુત જેવા રસોનો આશ્રય શોધી, પોતાની કૌતુકસભર ચમત્કારલીલા દાખવતી પાત્રસૃષ્ટિ દ્વારા જે શ્રેયસ્કર છે તે બતાવી જીવનમાં સત્ય, શીલ, પરાક્રમ, સતીધર્મ, પરદુઃખભંજન, વ્યવહારશુધ્ધિ, પ્રેમ જેવાં મૂલ્યો તરફ શ્રોતાઓની દૃષ્ટિ વાળી છે તેનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. જીવાતા જીવનની અલ્પતાઓ અને અપૂર્ણતાઓથી માનવ જમાને જમાને અકળાતો અને પીડાતો આવ્યો છે અને પોતાની રીતે પૂર્ણ કહી શકાય તેવા જીવન માટેની એની ઝંખનાએ જમાને જમાને મૂર્ત સ્વરૂપ લીધું છે. મધ્યકાળમાં વૈરાગ્ય બોધનારા અને પરલોકની ચિંતા કરનારા સાહિત્યનું બાહુલ્ય વધ્યું ત્યારે ઇહજીવનને ઉપાદાન બનાવી, આદર્શ સુખપ્રધાન જીવનની અદ્ભુત-રસિક નિયતિનિયમરહિત

અલૌકિક આકૃતિ ઉપસાવનારું લોકવાર્તાનું સાહિત્ય કેટલું બધું આવશ્યક હતું તે સમજાશે. સમાજ બુધ્ધિ અને તર્કની પરાકાષ્ઠાએ પહોંચી જશે ત્યારે પણ આવી વાર્તાઓની આકર્ષકતા ઓછી થવાની નથી કારણ કે, એરિસ્ટોટલે વાપરેલ સંજ્ઞાનો ઉપયોગ કરીને કહીએ તો, 'કેથાર્સિસ' માં, આવી વાર્તાઓ દ્વારા નિષ્પન્ન થતો રસ, મૂળભૂત વાસનાઓના ક્ષયમાં કારણરૂપ બને છે."[૯]

ડો. રણજિત પટેલ('અનામી') ઇ.સ. ૧૯૫૦ થી ૧૯૫૮ સુધીમાં નડિયાદની જે. એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ અને સી.બી.પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટમાં ગુજરાતીના પ્રોફેસર અને અનુસ્નાતક કેન્દ્રના અધ્યક્ષ હતા ત્યારે એમના મિત્ર પ્રો. રામચંદ્ર નારણજી પંડયા એમના સહકાર્યકર હતા. 'કાલિદાસ ગુજરાતીમાં' નામનો શોધ-પ્રબંધ લખી ભવિષ્યમાં પ્રો.પંડયા અનામીના પીએચ.ડી.ના પ્રથમ વિદ્યાર્થી પણ થયા અને છેલ્લે નડિયાદની આર્ટ્સ કોલેજના આચાર્ય પણ બન્યા. 'મણિ-બાલ શતાબ્દીગ્રંથ' આ બંને પ્રાધ્યાપક-મિત્રોના સાયસહકારથી તૈયાર થયો છે.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળનો આશય દર્શાવતાં 'પ્રાક-કથન'માં તેઓ લખે છે : "નડિયાદના બે સમર્થ સુપુત્રો, ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો અને ગુજરાતી પ્રજાના સંસ્કારના જ્યોતિર્ધરો બ્રહ્મનિષ્ઠ પંડિત મણિલાલ નભુભાઇ દ્વિવેદી અને મસ્તકવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાના જન્મને આ વર્ષે (૧૯૫૮) સો વર્ષ પૂરાં થાય છે. તે પ્રસંગે ગુજરાતી સાહિત્યના અદના અભ્યાસીઓ તરીકે અને નડિયાદ કાર્યક્ષેત્ર હોવાથી ઉપજતી વિશેષ નિકટતાથી પ્રેરાઇને

આ સ્મારકગ્રંથ તૈયાર કરવાનું અમે કર્તવ્ય માન્યું. તેમાં અમારું અધ્યયન વિકસે અને આ સાહિત્યકારોની સાહિત્યપ્રસાદીના પધ્ધતિસરના પરિચયથી અમને ઉચ્ચ પ્રકારની સાહિત્યકૃતિઓના રસાસ્વાદનો આનંદ મળે એ પણ એક પ્રયોજન ખરું."(પૃ. ૩).

અભેદમાર્ગપ્રવાસી શ્રી મણિલાલના વ્યક્તિત્વના બે પાસા - પાર્થિવ અને અપાર્થિવ - એમના જીવનમાં અને સાહિત્યસર્જનમાં સુપેરે વ્યક્ત થાય છે. ઇ.સ. ૧૮૮૫ થી ઇ.સ. ૧૯૧૫ સુધીનો ગાળો ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગ કે સાક્ષરયુગ તરીકે જાણીતો છે. એ ગાળા દરમિયાન સાક્ષરતમ ગોવર્ધનરામ, પ્રચંડ મનોઘટનાશાલી સાહિત્ય-પુરુષ મણિલાલ દ્વિવેદી, રમણભાઇ, નરસિંહરાવ, બાલાશંકર, કેશવ હર્ષદ ધ્રુવ, બલવંતરાય ઠાકોર, કાન્ત જેવા સમર્થ સાહિત્યકારો થઇ ગયા પણ આ સૌમાં મણિલાલનું નામ અને સ્થાન પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામની સાથે જ મૂકવા કે ગણાવવા જેવું છે. સમર્થ ગદ્યકાર, ઊંડા ચિંતક, સૌમ્ય વિવેચક, મધ્યમકક્ષાના કવિ, નાટ્યકાર, ભાષાન્તરકાર અધ્યાપક, આત્મચરિત્રકાર, સંપાદક અને તંત્રી - આમ અનેક રીતે તેમણે ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કર્યું છે અને વ્યાપની દૃષ્ટિએ જોઇએ તો ગોવર્ધનરામ કરતાં પણ એમની લેખિની વિવિધ ક્ષેત્રોમાં વિશેષરૂપે વિહરી છે.

એક રીતે જોઇએ તો, દુર્ગારામ મહેતાજી, દલપતરામ, નર્મદ, નવલરામ, કરસનદાસ મૂળજી, દાદોબા, મહીપતરામ, ભોળાનાથ સારાભાઇ વગેરે સુધારાયુગના સમર્થ વીરોના સમાજ-શિક્ષણ-સાહિત્ય-સંસ્કારક્ષેત્રે સેવેલા અવિરત સંઘર્ષ પછીનો એ સમન્વયયુગ હતો. કેટલાક વિદ્વાનોએ એને સુધારાનો બોધકાળ અને સુધારાનો કાવ્યકાળ એવા બે પેટાવિભાગમાં વિભાજિત કરેલ છે. જોસ્સો અને નિષ્ઠા એ

યુગના વ્યાવર્તક લક્ષણો હતા. અંગ્રેજ પ્રજાના આગમન અને સંસર્ગે આપણી શાહમૃગી વૃત્તિ અને બધિયારપણુ દૂર થયા અને સંસ્કૃતિક ઉત્થાન માટેની અભીપ્સા પ્રગટી... પૂર્વ–નર્મદયુગની દ્વિધાવૃત્તિ ટળી અને ગુજરાતને મણિલાલ અને રમણભાઈ નીલકંઠના રૂપમા સમાજ–સાહિત્ય–સંસ્કારક્ષેત્રે નવી નેતાગીરી પ્રાપ્ત થઈ.

કોલેજકાળ દરમિયાન એમના અંતરમા પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ સંબંધે મંથન જાગે છે ને એ લખે છે : "ધર્મ, નીતિ તથા સુધારાના તત્ત્વો વિષેનો નિર્ણય કર્યા વિના મારી જિન્દગી સુખમા કે નિશ્ચિત માર્ગે જનાર નથી." (પૃ. ૧૩) અને પરિણામે તેઓ બંનેય સંસ્કૃતિઓનો ઊંડો અભ્યાસ કરી, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને વિશાળ ભૂમિકા ઉપર મૂકી ભાવિજીવનનુ ધ્રુવપદ નિશ્ચિત કરે છે. 'સુદર્શન ગદ્યાવલિ' નામના એમના દળદાર ને માતબર ગદ્ય–ગ્રંથમા એમના શિક્ષણ, સાહિત્ય, રાજકારણ, ધર્મ, સમાજ સુધારા વિષયક અનેક વિષયોની ઊંડી પર્યેષણા જોવા મળે છે. ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનના એમના ઊંડા અભ્યાસને કારણે એ સત્યાન્વેષી બની શકયા અને કહી શકાય કે " અમારા હૃદયની પ્રીતિ હાલના પ્રાચીનપક્ષ કરતા હાલના નવીન પક્ષ ઉપર વધારે છે." (પૃ. ૧૭)-- નવાઈની વાત એ છે કે પ્રાચીનતાને નવીનતારૂપી એન્જિનની બ્રેક માનવા છતા ! મણિલાલ પ્રાચીનતા કે નવીનતા... એકકેયના એકાંતિક ભકત નથી. પ્રાચીનતા અને નવીનતાને તેઓ યોગક્ષેમના બે અનિવાર્ય અંગ ગણે છે. 'ભદ્રંભદ્ર' ના કર્તા એમને સાચા સ્વરૂપે સમજેલા નહીં.

'સિધ્ધાંતસાર' એ મણિલાલની એક વિરલ, સમર્થ અને રત્ન જેવી ગદ્યકૃતિ છે. એમાં તેમનું એક તેજસ્વી દાર્શનિક અને પરિપક્વ ગદ્યકાર તરીકે યુગપદ્ દર્શન થાય છે. એમના જમાનાના તત્ત્વજ્ઞાનના અતિ મહત્ત્વના અનેક પ્રશ્નો તેમણે આત્મશ્રધ્ધા દ્વારા હૃદયના પૂર્ણ ઉત્સાહ ને રસપૂર્વક એમાં ચર્ચ્યા છે. 'પ્રાણવિનિમય' એ ચૈતન્યવાદને નિરૂપતું-ચર્ચતું એમનું વિશિષ્ટ સર્જન છે. એમાં તંત્ર, યોગ અને સ્વરશાસ્ત્રનો એમનો અભ્યાસ વરતાય છે. જડવાદને વ્યર્થ ઠેરવવા ઉપરાંત રોગનિવારણ અને યોગસાધના તરીકે એની મહત્તા દર્શાવવા એ લખાયું છે. Monism or Advaitism તેમજ Imitation of Shanker એ દર્શન-વિષયક તેમના અંગ્રેજી ગ્રંથો છે જેણે મણિલાલને પરદેશમાં પ્રતિષ્ઠા અપાવી છે. 'ચેતનશાસ્ત્ર' નામના ગ્રંથમાં, માનસશાસ્ત્રની દૃષ્ટિએ શિક્ષણના પ્રશ્નોને નિરૂપ્યા છે... તો 'નારીપ્રતિષ્ઠા' તેમજ 'પૂર્વ અને પશ્ચિમ'માં નારી-કેળવણી અને સામાન્ય જનતાની શિક્ષા સંબંધે પર્યેષણા કરી છે.

લલિતેતર સાહિત્યમાં એમનું સ્મરણીય પ્રદાન જો નિબંધરૂપે છે તો લલિતસાહિત્યના ક્ષેત્રમાં મૌલિક નાટકો 'કાન્તા' અને 'નૃસિંહાવતાર' તેમજ અનુવાદક લેખે 'માલતીમાધવ' 'ઉત્તરરામચરિત' એ ચાર નાટકો છે. 'મહાવીરચરિત'નો અનુવાદ અપૂર્ણ છે બાકી પ્રથમ બે કરતાં આ અનુવાદ ઉત્તમ છે. આ ઉપરાંત એમણે 'ગીતા', 'ચારિત્ર્ય','રામગીતા', 'હનુમન્નાટક', 'ચતુઃસૂત્રી', 'વૃત્તિ-પ્રભાકર' વગેરેના અનુવાદ કરેલા છે પણ લોર્ડ લીટનની 'ઝેનોની' નામક નવલકથાનું 'ગુલાબસિંહ' નામે કરેલું રૂપાન્તર બહુ મૂલ્યવાન છે. આ ઉપરાંત 'મારું જીવનચરિત્ર' તેમજ 'વિક્રમચરિત્ર', 'ભોજ-પ્રબંધ', 'દ્વાશ્રય',

'વિવાદતાંડવ', 'ષડ્દર્શન સમુચ્ચય' વગેરે પ્રાચીન ગ્રંથોનું સંપાદન તેમજ અનુવાદ પણ ગણના યોગ્ય કાર્ય છે. 'ચેતનશાસ્ત્ર' અને 'ન્યાયશાસ્ત્ર' વિષે પણ તેમણે ગ્રંથો લખ્યા છે અને 'સુદર્શન' તેમજ 'પ્રિયંવદા' માસિકોનું સંપાદન-સંચાલન પણ એમની વિદ્વત્તા ઉત્સાહ ને નિષ્ઠાનાં સુફળ છે. એ પત્રો દ્વારા એમણે જીવનના લગભગ બધા જ મહત્ત્વના વિષયો ઉપર અને વિશેષ ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કાર, સમાજસુધારો, સાહિત્ય, વિવેચન વગેરે ઉપર ઉચ્ચ કક્ષાની સેવા બજાવી છે. વિશેષમાં આ પત્રો દ્વારા તેમણે નિબંધના સાહિત્યસ્વરૂપને સુપેરે વિકસાવ્યું... એટલી કક્ષાએ કે શ્રી વિશ્વનાથ ભટ્ટને કહેવું પડયું કે "આ સંરક્ષક યુગના નિબંધ-સાહિત્યના અધિષ્ઠાતા તે તો મણિલાલ નભુભાઈ જ. ગુજરાતીમાં જેની રચનાઓને આપણે આદર્શ નિબંધો તરીકે રજૂ કરી શકીએ એવો કોઈ સર્વોત્તમ નિબંધકાર હોય તો તે મણિલાલ નભુભાઈ જ. નિબંધલેખનની કળાના જેવા અને જેટલા પૂર્ણ નમૂના એમની પાસેથી મળે છે તેવા અને તેટલા બીજા થોડા પાસેથી મળશે."[૧૦] આગળ ઉપર લખે છે : "એમના જેવું મિતાક્ષર છતાં સ્પષ્ટ, શિષ્ટ છતાં છટાદાર, વિદ્વત્તાભર્યું છતાં સરળ, પ્રૌઢ, અસ્ખલિત ગદ્ય ગુજરાતના બીજા કોઈપણ નિબંધકારમાં નહિ મળે."[૧૧] પ્રો. ઠાકોર તો નવલરામ કરતાં પણ મણિલાલને વધારે વિદ્વાન, ઉદાર, અપક્ષ અને શાસ્ત્રીય વિવેચક ગણે છે. એમનું ગદ્ય ચિત્રાત્મક કરતાં ચિંતનાત્મક વિશેષ છે. આ ઉપરાંત મણિલાલે સંશોધનક્ષેત્રે પણ નોંધપાત્ર કામ કર્યું છે.

ગદ્યની તુલનાએ મણિલાલનું પદ્યસાહિત્ય અતિ પરિમિત છે. એમ કહી શકાય કે પંદર સોળ વર્ષના ગાળામાં તેમણે આશરે પચાસેક કાવ્યો લખ્યાં છે... પણ આ અભેદમાર્ગ પ્રવાસીના ગદ્યસાહિત્ય દ્વારા એમના અભેદમાર્ગનું તત્ત્વજ્ઞાન જેટલે અંશે વ્યક્ત કરી શક્યા છે તેના કરતાં વિશેષ પ્રમાણમાં એમના આ પરિમિત કાવ્યો દ્વારા કરી શક્યા છે. પ્રેમની ભાષામાં એમણે પોતાના આત્માનુભવનું ગાન કર્યું છે અને એ ગાન એટલું બધું ઉત્કટ છે કે ભલે એમનું કાવ્યસર્જન મર્યાદિત રહ્યું પણ એની ગુણસામગ્રીથી એ વિશિષ્ટ છે.

સંપાદકોએ મણિલાલના 'આત્મનિમજ્જન'ને પ્રગટ કરવામાં બે દૃષ્ટિ રાખી છે : એક તો ઘણાં વર્ષોથી એ અપ્રાપ્ય હતું. બીજું, અભેદમાર્ગની અભિવ્યક્તિ આ પદ્યો દ્વારા વિશેષરૂપે થઇ છે... અને ત્રીજું, એ પદ્યોના વિવેચન દ્વારા મણિલાલની વિવેચનશક્તિ અને ગદ્યની શક્તિનો પણ આપણને સુપેરે પરિચય થાય છે.

'પ્રેમજીવન', 'અભેદોર્મિ' અને 'મિશ્રધ્વનિ' એ ત્રણેયનો સમાસ કરતું 'આત્મનિમજ્જન' એ કવિના પંદર-સોળ વર્ષના આત્મવિકાસ-ક્રમનો વાસ્તવિક ઇતિહાસ છે. 'પ્રસ્તાવના'માં તેઓ લખે છે : "આત્મનિમજ્જન એટલે આત્માને વિષે ડૂબકી મારવી તે. મનુષ્યમાત્ર પોતપોતાના આત્મામાં ડૂબકી મારે ત્યારે નવાં નવાં મોતી, રત્ન આદિ લઇને ઉપર આવે છે." આમ, 'આત્મનિમજ્જન'માં વેદાંત પ્રતિપાદિત અદ્વૈતનુભવ અને એની વિવિધ અને ક્રમિક અવાન્તર દશાઓ આ કાવ્યોનો વિષય છે. 'અભેદોર્મિ'ના ૧૧ કાવ્યો, 'પ્રેમજીવન'ના ૧૧ કાવ્યો અને 'મિશ્રધ્વનિ'ના લગભગ વીસેક

કાવ્યો... આમ જથ્થાની દૃષ્ટિએ પરિમિત હોવા છતાં એમનાં ઘણાં કાવ્યો લોકપ્રિય ને લોકખ્યાત બન્યાં છે. એમાંય મણિલાલની ગઝલોની સંખ્યા એકંદરે ડઝનથી ઝાઝી નથી છતાંય એ અતિશય લોકપ્રિય થઇ છે. વળી વાચ્યાર્થથી રસાસ્વાદ કરાવનાર આ કાવ્યો એનાં દાર્શનિક અર્થની દૃષ્ટિએ પણ આહ્લાદક છે. મણિલાલની સમગ્ર કાવ્યપ્રવૃત્તિનું સમીક્ષણ કરતાં સંપાદકો લખે છે : " મણિલાલની એકંદર કાવ્યસમૃધ્ધિ જથ્થાની દૃષ્ટિએ નાની છે અને કોઇ કોઇ સ્થળે એમની રચના પૂરી ઘૂટેલી, સ્વસ્થ અને સચોટ ન લાગે એમ પણ બને, છતાં મણિલાલની અનુભૂતિની સચ્ચાઇ, હૃદયની વેગેલી ઊર્મિ અને તેનું ઉત્કટ રીતે થયેલું આલેખન મણિલાલની કાવ્યકૃતિઓનાં મહત્વનાં આકર્ષણ સ્થાનો છે." (પૃ. ૪૫).

ઇ.સ. ૨૬-૯-૧૮૫૮ ના રોજ જન્મ અને ઇ.સ. ૧૮૯૮ ના ઑકટોબરની પહેલી તારીખે મૃત્યુ...માડ ચાર દાયકાનું ટૂંકું આયુષ્ય... અને છતાંય એ ટૂંકી અવધિમાં કેવડું મોટું કામ મણિલાલ કરી ગયા ! સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે સંપાદકોએ આ સંપાદનમાં સહૃદયતાપૂર્વકની સમતુલા જાળવી છે. મણિલાલ સંબંધની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના 'અભેદમાર્ગપ્રવાસી' માં પણ આ ગુણાનુદર્શન થાય છે. આ સંપાદનનું એક મુખ્ય કારણ એ પણ ખરું કે મણિલાલની અભેદમાર્ગની ફિલસૂફી ઊર્મિપ્રાણિત બનીને કાવ્યસ્વરૂપે તો અભેદોર્મિ માં જ સંગ્રહઇ છે એટલે ગુજરાતની પ્રજાને એ સુલભ થાય એ કાજે 'આત્મનિમજ્જન'નું સંપાદન કરવાનું વાજબી લાગ્યુ. એમાંની સંગ્રહિત કાવ્યકૃતિઓમાં સંપાદકોએ કશો જ ફેરફાર કર્યો નથી....પણ જ્યાં જ્યાં એમની ટીકાઓ દીર્ઘ લાગી ત્યાં ત્યાં

એમના વકતવ્યને ક્ષતિ ન પહોંચે એ રીતે કેટલીક શૈલીની કે ઉત્સાહના વેગમાં આવીને એમણે કરેલી પુનરુકિતઓ દૂર કરી છે એ યોગ્ય થયું છે. આમ કરવા જતાં મણિલાલના વકતવ્યને, એમની શૈલીના સૌંદર્યને અને ઓજસને કે એમના વકતવ્યની પ્રવાહિતાને કયાંય વાંધો આવતો નથી. અલબત્ત, આ પ્રગલ્ભ પગલું ગણાય પણ મણિલાલની એ કૃતિને લોકભોગ્ય બનાવવા કાજે એ અનિવાર્ય પણ હતું. આ માટે પૃ. ૨૩૧ ઉપરનું અવતરણ નોંધપાત્ર છે : "તમે કહેશો કે દુનિયામાં રહેવું અને આવી ગાડાઇ ન ચાલે. શું દુનિયા છે ? એમ હોય તો નિત્ય ત્રિકાલસિધ્ધ હોવી જોઇએ. આમ તો છે નહિ, ત્યારે હું દુનિયા નથી ? આનું ઉત્તર પણ હા નથી એમ કહો, તો નજરે જુવો છો તે શું છે ? ત્યારે સિધ્ધાંત કે માયા અનિર્વાચ્ય છે - છે એ ખરી ને નથી પણ ખરી - એવી વિરુધ્ધ વાતવાળી અનિત્ય દુનિયાનો હું દિવાનો નથી. મને તેની દરકાર નથી. ત્યારે સાચી વાત અને શાના ઉપર શ્રધ્ધા કરો છો? એનું ઉત્તર એ જ કે ત્રિકાલસિધ્ધ એવો સદાય સાચો તો પ્રેમ-બ્રહ્મ છે, ને એ પ્રેમ સાથે દુનિયા તો હરાય છે - એ પ્રેમ વડે જ પોતે નીભે છે, છતાં તે પ્રેમને ગણકારતી નથી, તેવા પ્રેમનિષ્ઠ સંત લોકોને નિંદે છે, બ્રહ્મમાર્ગથી અળગા કરે છે - પ્રેમનો ને માયાનો વિરોધ છે. આમ પ્રેમ જ્યાં વ્યાપ્યો ત્યાં દુનિયા જણાતી નથી; એટલે નીતિ, રીતિ, વ્યવહાર, એ બધું દુનિયાનું કર્મ છે, તે પણ કયાં રહ્યું ? આ પ્રમાણે દુનિયા પ્રેમમાં જણાતી નથી, પણ પ્રેમ એવો સમર્થ છે કે તેના વડે અગણિત દુનિયા ઉભી થઇ શકે છે. પ્રેમાનંદની અતુલ રચનામાં લાખો દુનિયા બન્યા જાય છે ને પરમાનંદની વૃધ્ધિ થાય છે. કશું પ્રેમ વિનાનું નથી."

સાક્ષરનગરી નડિયાદના રહીશ, મણિલાલના પ્રગાઢ સુહૃદ અને મણિલાલને કાવ્યકલાનો છંદ લગાડનાર, પંડિતયુગના સાહિત્યકારોમાંના એક અપૂર્વ સ્થાન ધરાવનાર, નર્મદ, કલાપી, કાન્ત ને મણિલાલ જેવા જિન્દાદિલ મસ્તકવિ કે 'કલાન્તકવિ' શ્રી બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાની સાહિત્યવિષયક પ્રવૃત્તિઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે થઇ છે. શરૂમાં કવિતા રચનાનું શિક્ષણ તેઓએ કવિ દલપતરામ પાસેથી મેળવેલું જેને પ્રતાપે એ વ્રજભાષાની છાટવાળી – અસરવાળી કવિત્વરીતિ કેળવી શકેલા. એમને ગુજરાતી, સંસ્કૃત, વ્રજ, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષાનો સારો અભ્યાસ હતો. અને જલાલુદ્દીન રૂમી, હાફીઝ આદિ સૂફી કવિઓની પ્રબળ અસર નીચે આવેલા. 'સતીદહન' (ખંડકાવ્ય), 'સતી' (નાટક–હિંદીમાંથી ગુજરાતીમાં અનુવાદ), દેવીદાસ રાજનીતિ, 'ચંદ્રાવતી' 'મદનચંદા' 'સાહિત્યદર્પણ' નો સટીક અનુવાદ, 'ઇતિહાસમાળા', હાફીઝમાંથી અનુવાદ, 'ઉત્તરરામચરિત' નું ભાષાન્તર, 'વિજયા પ્રશસ્તિ,' 'રીપન પંચદશી', 'મૃચ્છકટિક', 'કર્પૂરમંજરી' ના અનુવાદ ઇત્યાદિ સાહિત્ય પ્રવૃત્તિ નોંધપાત્ર છે પણ એમની વિશિષ્ટ કૃતિઓ તો છે 'કલાન્ત કવિ' 'સૌંદર્યલહરી', 'હરિપ્રેમ પંચદશી' અને કેટલીક પ્રખ્યાત ગઝલો.

કવિતાઇ કેફવાળા એમના પ્રિય છંદ 'શિખરિણી' માં એમણે 'કલાન્ત કવિ' ની ચારસો પંક્તિઓમાં રચના કરી છે એ એક જ કૃતિ એમની સાચા ને મોટા ગજાના કવિ તરીકેની પ્રતીતિ કરાવે છે. 'ગલિત મનડે સ્વસ્થ જ થઇ આલાપી મૈં તારા વિરહની વ્યથા જે અનુભવી' એ પંક્તિઓમાં 'ગલિત મનડે' માં અનન્ય પરતંત્રા કવિનિર્મિતિ અને 'સ્વસ્થ જ થઇ' માં 'આત્મતંત્રા' નો પરિચય

કરાવે છે. એમની કવિતા 'કોમલનાદ' અને 'નાદમસ્ત' બનેય છે. 'કલાન્ત કવિ' માં દ્રવડે ભરતે અર્થનું સંયોજન થયું છે અને સંસ્કૃતના ઘેરા પટની સાથે સાથે તળપદી બાની અને ફારસી તેમજ વ્રજભાષાની છાંટ પણ અવનવી ચમત્કૃતિ સર્જે છે. શ્રી ઉમાશંકર જોષી લખે છેઃ " છંદોલય સંસ્કૃત કવિતાની બહાર આવો જવલ્લે જ જોવા મળે છે... બાલાશંકરના જેવો ઉચ્ચારભોગ્ય શિખરિણી કે શાર્દૂલ ગુજરાતી કવિતામાં દેખાયો નથી."[૧૨] અલબત્ત, બાલાશંકરમાં કાન્ત જેવી સંસ્કૃત પદાવલિની સુરેખતા નથી... છતાંયે એનું આકર્ષણ અનવદ્ય છે. પ્રિયા, કવિતા અને ભગવતી ત્રણેયને ઉદ્દેશતી 'કલાન્ત કવિ'ની કવિતા આપણા સાહિત્યમાં, કાન્તના 'વસંતવિજય' ની જેમ વર્ષો સુધી જીવંત રહેશે. આપણા એક મૂર્ધન્ય વિવેચક શ્રી વિ.ક.વૈદ્યે બાલાશંકરની કવિતા માટે કહેલું કે 'એમની કવિતામાં અર્વાચીન કવિતાનો ઉષઃકાળ છે' એ વાત સર્વથા ઉચિત લાગે છે. મસ્તીના પ્રમાણમાં કલા-વિવેક ઓછો હોવા છતાં પણ કવિની ખ્યાતિ સમયના સરવા સાથ ક્ષણિકતામાંથી શાશ્વતતા તરફ ગતિ કરતી હોય તેમ લાગે છે.

બાલાશંકરની કાવ્યકૃતિઓ પસંદ કરવાનું કામ અતિ કઠિન લાગે છે... મુખ્યત્વે તે આત્મલક્ષી કવિ છે અને ટૂંકા આયખામાં અનુભવેલા ગહન-માર્મિક અનુભવને એ જે રીતે નિરૂપે છે તેમાં એમની પ્રતિભાની નિજી મુદ્રા ઉઠે છે. 'ગુજારે જે શિરે તારે' જેવી ગઝલમાં એમની ઉત્તમ જીવનરીતિનું પ્રતિબિંબ પડે છે તો 'ઊડો નાદાન મન બુલબુલ' એ ગઝલમાં એમની અંતિમ લાગણીનો પડઘો સ્પષ્ટ સંભળાય છે. પૃષ્ઠ-સંખ્યાની મર્યાદા, દ્રવ્યમર્યાદા અને સમયની મર્યાદાને

કારણે આ સંપાદનમાં મર્યાદિત પ્રમાણમાં એમની રચનાઓ લઈ શકાઈ છે પણ જેટલી લીધી છે તેમાં કવિનો પોતાનો સ્પષ્ટ અવાજ સંભળાય છે. 'મણિલાલ શતાબ્દી ગ્રંથ' ની સમભાવ ને સહૃદયતાપૂર્ણ પ્રસ્તાવનાઓ એ આ સંપાદનનું એક જમાપાસું છે.

'વિશ્વમાનવ' માસિકના તંત્રી, વડોદરાના શ્રી ભોગીલાલ ગાંધીએ ઇ.સ. ૧૯૬૦ માં એક 'ગુર્જર કાવ્યશ્રેણી' શરૂ કરેલી જેમાં પ્રેમાનંદ, શામળ અને દયારામ....પ્રત્યેક સંબંધે આશરે ૧૨૪ પૃ.ની પુસ્તિકા તૈયાર કરવાની હતી. શ્રી ગાંધીએ, શામળના અને મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી તરીકે તે કામ શ્રી રણજિતભાઇ પટેલને સોંપ્યું. આ ચયન-સંકલન-આલોચનાનો મુખ્ય આશય તો હાઇસ્કૂલના શિક્ષકો, વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તથા અભ્યાસ પૂરો કરીને વ્યવસાયમાં પડેલા છતાં કૈંક અંશે કાવ્ય સાહિત્યમાં રસ ચાલુ રાખવા ઇચ્છતા નાગરિકોને ઉપયોગી થવાનો હતો. ૧૨૪ પૃ. ની આ પુસ્તિકા વાંચ્યા બાદ, પ્રકાશકે સેવેલો ઇષ્ટ મનોરથ સર્વથા ફળયો લાગે છે.

૧૨૪ પૃ.ના આ સંકલનમાં ૩૮ પૃ. શામળસાહિત્યની આલોચના સંબંધે છે અને બાકીના શામળની વિધવિધ કૃતિઓમાંથી એની સર્જનકલાના નમૂનારૂપ ચયન કરેલ સામગ્રી રૂપે છે.

'પ્રવેશક'ની શરૂઆત જ કેવી પ્રભાવક છે. "ઇસ્વીસનના સત્તરમા સૈકાનો ઉત્તરાર્ધ અને અઢારમા સૈકાનો પૂર્વાર્ધ એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષકાળના ત્રિમૂર્તિ જેવા પ્રધાન કવિઓ ત્રણ: અખો, પ્રેમાનંદ, અને શામળ. એક જ યુગ-વેલીના પુષ્પ હોવા છતાં પ્રકૃતિ-પરાગે સાવ ભિન્ન. એમણે ખેડેલા સાહિત્યના પ્રકાર પણ ભિન્ન અને એમના સર્જનનું ધોરણ પણ ભિન્ન. જીવાત્માની સત્ત્વ, રજસ ને તમસ પ્રકૃતિની માફક, સમાજજીવનના ત્રિ-વિધ-સ્તરને સંતર્પક સાહિત્ય સર્જનાર આ કવિ-ત્રિપુટીની લાક્ષણિકતાઓ પણ

વિશિષ્ટ રીતે ભિન્ન" (પૃ. ૧). આ પછી લેખક એ ત્રણેય કવિઓની વિશિષ્ટતાઓ અર્થવાહી વિશેષણો દ્વારા વ્યક્ત કરે છે. અખાને તે "આતમસૂઝ' ના કવિ તરીકે ઓળખાવી એના કેટલાક સર્જનને 'ત્રીજા નેત્રની પ્રસાદી' રૂપે જણાવે છે અને એની કવિતાને 'અક્ષય-રસની નદી' તરીકે વર્ણવે છે. એની ભાષાને શૂરવીરના શસ્ત્ર જેવી ગણાવે છે અને એની આધ્યાત્મિક અનુભૂતિને દર્શનની કોટિએ પહોંચેલી દર્શાવે છે.

'અખાની કવિતા જો દર્શનમાં રાચે છે તો એ જ શતકના બીજા પ્રધાન કવિ પ્રેમાનંદની કવિતા વિશેષતઃ જીવનના સંયમિત ને કલાત્મક નિરૂપણમાં સફળતા શોધે છે' એમ જણાવી જનસ્વભાવના તાદૃશ આલેખનમાં પ્રેમાનંદને કોઇ આંબી શકે નહીં એવો સામાન્ય રીતે સર્વમાન્ય ને શ્રધ્ધેય અભિપ્રાય વ્યક્ત કરે છે. એની રસલીલા, રસસંક્રાન્તિ જેટલી જ સ્વાભાવિક લાગે છે. એની કવિતાનો પ્રધાન ગુણ પ્રસાદ છે. અખા અને પ્રેમાનંદની તે આ રીતે તુલના કરે છે : " અખાએ જો સમાજના આધ્યાત્મિક વિકાસના યાત્રિકોને લક્ષ્યમાં રાખી વિશેષતઃ જીવનદર્શનના તત્ત્વવાળી 'અક્ષયરસની નદી' વહાવી છે તો પ્રેમાનંદે ધર્મ ને નીતિની છાંટવાળી સંસારરસની કાવ્યસરિતામાં સમાજના મધ્યમ વર્ગને જીવનના નિરૂપણ દ્વારા અવગાહન કરાવ્યું છે." (પૃ. ૭).

અખો, પ્રેમાનંદ અને શામળ કયાં કયાંથી વસ્તુ લઇ, કેવી કેવી રીતે એનો કાવ્યાત્મક ને કલાત્મક વિનિયોગ કરે છે તેની ચર્ચા કરતાં લેખક કહે છે : " અખો આપણા અક્ષયતત્ત્વભંડારમાંથી

કાવ્યવસ્તુ લઈ, અનુભવની એરણ ઉપર કસી, ઉપમા-દૃષ્ટાંતોની આતશબાજી ઉડાવે છે, પ્રેમાનંદ, ભકતજીવન કે પૈરાણિક કથા-સાહિત્યમાંથી પોતાના આખ્યાનોનું ઉપાદાન શોધી લે છે તો લોકકવિ, 'વાણિયાનો કવિ'-'સંસાર બુધ્ધિવાળાઓનો કવિ'.... કથાકવિ શામળ, પરંપરાગત લોકવાર્તાના બહુરૂપી વસ્તુભંડારમાંથી બાદશાહી લૂંટ ચલાવે છે ને બાદશાહી અદાથી એને સવાયું શણગારીને એનું ગૌરવપૂર્વક પ્રદાન કરે છે." (પૃ. ૭).

અખા જેવું જીવનદર્શન શામળમાં નથી પણ એના અનેક છપ્પાઓમાં બોધ જરૂર છે. પાત્રાલેખનમાં એ પ્રેમાનંદની પાછળ રહી જાય છે. રસની ઉપચિતિમાં એ ઉઘાડો પડી જાય છે. એને વિશેષ રસ છે વાર્તામાં ને વર્ણનમાં. એની આ વિશેષતાને બિરદાવતાં લેખક કહે છે : " વાર્તા પ્રવાહમાં એ તણાયો જાય છે....અને બાહ્ય વર્ણનમાં એ રાચે છે. કૌતુકરસના એ કામણ રચે છે ને અદ્દભુત રસની મંદાકિનીમાં ભાવકોને એ તરબોળ કરે છે. જીવનદર્શન કે નિરૂપણ કરતાં એની કવિતા જીવનના વર્ણનમાં વધુ સ્વાભાવિક ને સફળ લાગે છે." (પૃ. ૭).

સામાન્ય માનવીઓને, 'નરનારીની ચાતુરી, નરનારીનાં ચરિત્ર' નિરૂપીને તે રોમાન્સ ના અવનવા પ્રદેશમાં વિહાર કરાવતાં કરાવતાં, તે મનોરંજનની સાથે સાથે વાર્તારસપોષક કુતૂહલને સંતર્પે છે; તે સાથે જ તેમને વ્યવહારજ્ઞાન, ચમત્કૃતિ અને સદ્દગુણ તરફ અભિરુચિ કેળવાય કે પૂરા પડાય તેવું નિશાન તાકે છે એટલે એને વાણિયાનો કે સામાન્ય માનવીનો કવિ કહ્યો છે. એની લોકપ્રિયતામાં એની અસાંપ્રદાયિકતાએ પણ ભાગ ભજવ્યો છે. એની ભાષા શૈલી પણ સામાન્ય લોકસમુદાયને સમજાય ને આકર્ષક લાગે

તેવી હતી. એની વાર્તાનો રસ ખંડ લહરી છે પણ કથારસને જન્માવનારી કે જમાવનારી એની શક્તિ વિશેષ છે. એના જમાનાના લોકજીવનનો એ ચિતાર આપે છે તે લોકોને ગમે છે. સમસ્યાઓ દ્વારા પીરસેલું વ્યવહારજ્ઞાન રોચક નીવડયું છે. લોકોને એના ચલણી છપ્પા ડહાપણના દરિયા જેવા લાગ્યા છે. સંસ્કૃતથી અનભિજ્ઞ બહુજનસમાજને એના સુભાષિતો ગ્રાહ્ય જ નહીં, આશીર્વાદરૂપ નીવડયા છે. અતિ રોચક અને ચાતુર્યયુક્ત સમસ્યાઓ દ્વારા, પ્રજાની બાલકલ્પનાની કેળવણીનું જે કાર્ય તેણે કર્યું છે તે તો આજે પણ પ્રશસ્ય ને ઇચ્છવાયોગ્ય છે.

વર્ષો સુધી શામળના કાળ-નિર્ણય વિષે વિવેચકોમાં ઠીકઠીક મતભેદ પ્રવર્તતો હતો પણ સં. ૧૭૭૪માં પ્રથમ રચાયેલી તેની 'પદ્માવતી'ની વાર્તા અને સં. ૧૮૨૧માં પૂર્ણ થયેલી એની છેલ્લી કૃતિ 'સુડા બહોતેરી' - આ આદિમ અને અંતિમ કૃતિઓ શામળના જન્મ-મૃત્યુના કાળનિર્ણયમાં માર્ગસૂચક સ્તંભો બની રહી છે ને એને આધારે એના જન્મ-મૃત્યુ કાળ સામાન્ય રીતે સં. ૧૭૫૦-૫૫ થી સં. ૧૮૨૫ સુધીનો આંકી શકાય છે. અલબત્ત, આ અનુમાનનો વિષય છે તો પણ એથી ઐતિહાસિક પરિસ્થિતિ પેદા થતી નથી એટલે મોટા ભાગના વિદ્વાનોએ એનો સ્વીકાર કર્યો છે.

આ પછી શામળના સાહિત્યના આધારે તથા શામળના 'ભોજ સમોવડ ભૂપ' એવા સિંહુજના રખીદાસ પટેલનો શામળને પરિચય કરાવનાર દશોદી બારોટ ગુમાન કે ગમાનના ચોપડાના આધારે --- સંપાદક શામળના કુટુંબજીવનની તેમજ સાહિત્યજીવનની આછી રૂપરેખા આપે છે. એ પછી શામળની સંદિગ્ધ તેમજ અસંદિગ્ધ

કૃતિઓનો વિવેકપૂર્વક નામોલ્લેખ કરે છે અને એ પછી આ ચયન--સંકલનમાં સમાવિષ્ટ સાહિત્ય-સામગ્રી સંબંધે વિસ્તારથી વિવેચન કરે છે. --- જેમાં 'ઉદ્યમકર્મસંવાદ', 'રાવણમંદોદરી સંવાદ', 'અંગદવિષ્ટિ', 'શિવપુરાણ', 'નંદબત્રીસી', 'સિંહાસન-બત્રીસી', 'મદનમોહના', 'ચંદ્રચંદ્રાવતી', 'રૂસ્તમનોસલોકો', 'પાવાગઢનું પતન', શામળની કેટલીક પદ્યવાર્તાઓમાંથી તારવેલી કેટલીક સમસ્યાઓ, છપ્પા, સુભાષિતો વગેરે પ્રકીર્ણ સામગ્રીનો સમાવેશ થાય છે. અન્તે, શામળ-વિષયક મુખ્ય અભ્યાસ-સામગ્રીની સંદર્ભસૂચિ પણ આપી છે. ટૂંકમાં ૧૨૨ પૃષ્ઠની આ પુસ્તિકામાં જાણે કે ગાગરમાં સાગર ભર્યો હોય એવી પ્રતીતિ થાય છે.

આ સંપાદન (૧૯૬૧)ના સંપાદકે ચૌદસાલ બાદ -- એટલેકે ૧૯૭૫માં 'બુધ્ધિપ્રકાશ'માં પણ 'શામળ: વ્યક્તિ અને સાહિત્ય'(જૂન, ૧૯૭૫) એ શીર્ષક નીચે એક લાંબો લેખ લખેલો જેમાં બિન-પૌરાણિક વાર્તા-સ્વરૂપનો ગુજરાતીમાં શ્રેષ્ઠ કવિ તરીકે શામળને ગણાવેલ અને શામળના કેટલાક ગણનાપાત્ર પુરો-ગામીઓ -- જેવા કે ક્ષેમંકર, દેવમૂર્તિ, રામચંદ્ર, મલયચંદ્ર, જ્ઞાન-ચંદ્ર, સિધ્ધિસૂરિ, હીરકલશ, સંઘવિજય, વિનયલાભ - - જેમણે 'સિંહાસન બત્રીસી' લખી છે ને શામળ તેમનો કેટલે અંશે ઋણી છે -- તેની પણ ચર્ચા કરી છે -- ને કહ્યું છે કે "ઇયત્તા, અભિનિવેશ અને અસરની દૃષ્ટિએ શામળનું કાર્ય એવું છે કે તે તેને આ બધામાં શ્રેષ્ઠ કવિનું બિરદ અપાવે છે." (પૃ. ૨૯).

થોડાક સમય માટે શામળ અંગે એવી માન્યતા જન્મેલી કે તે તેના જમાના કરતા ઘણો આગળ હતો -- સ્વ. ગો. મા. ત્રિપાઠીએ એમના પુસ્તક 'ક્લાસીકલ પોએટ્સ ઓફ ગુજરાત'માં

આનો કૈંક નિર્દેશ પણ કરેલો -- કિન્તુ જેમ જેમ સંશોધન વધતું ગયું ને વ્યવસ્થિત થતું ગયું તેમ તેમ એના પુરોગામીઓના ૠણનો ખ્યાલ આવતો ગયો ને તેથી યશ કે અપયશ પરંપરાને ફાળે ગયો. લેખક આ અંગે કહે છે : "મધ્યકાળના ઇ.સ. પાંચમી સદી પછીના સૈકામાં જે વાતાવરણ આવી લોકવાર્તાઓમાં છે તેનો જ ધીરે ધીરે વિકસતો જતો ને ક્વચિત્ બદલાતો જતો પ્રતિધ્વનિ જ અહીં એવા મળે છે. 'દશકુમારચરિત્ર'નાં કથાનકો તેનું એક ઉદાહરણ ગણાય. 'ભોજપ્રબંધ'નો તે (શામળ) વારંવાર ઉલ્લેખ કરે છે, 'નંદદ્વાત્રિંશિકા' જેવી કૃતિઓ પણ રચાઇ છે, 'વિક્રમચરિત્ર' પણ વિવિધરૂપે રચાયું છે ને 'વૈતાલપંચવિંશિકા' પણ સંસ્કૃતમાં મળે છે -- ને તેનાં યુગે યુગે રૂપાન્તર થયા કર્યાં છે."

આજના ઝડપી સંકુલ જીવનના યુગમાં કલાકૃતિ ચોટદાર, રસિક ને ટૂંકી હોય તેમ આપણે ઇચ્છીએ અને શામળમાં આવતી આડકથાઓ, સમસ્યાઓ, છપ્પા અને ઉપદેશાત્મક માહિતી વાર્તાપ્રવાહમાં વિઘ્નરૂપેય લાગે પણ આપણે એ ભૂલવું જોઇએ નહીં કે જે લોકોને માટે આ વાર્તાઓ રચાઇ તે લોકો સામાન્ય-અભણ, ભોળા ગ્રામજનો હતા. તેમની બુધ્ધિને ચમત્કૃત કરે, મનોરંજન પૂરું પાડે ને તે સાથે જ વ્યવહારવિત્તિ અને સંસ્કાર પૂરા પાડે તેવું તેમનું ત્રિવિધ કાર્ય હતું.

આપણા મધ્યકાલીન સાહિત્યના કીર્તિવંત કાળ - અઢારમા શતકનો લોકવાર્તાસાહિત્યના મેરુમણિ જેવો કવિ શામળ - સંબધે સંપાદક સાંપ્રત સંદર્ભના અનુલક્ષમાં 'પ્રવેશક'માં જે લખે છે તે કેટલું બધું ઔચિત્યયુક્ત છે ! "જ્યારે 'કલાની ખાતર કલા' અને 'જીવનને ખાતર કલા' નો વાદ પ્રવેશ્યો નહોતો અને નવા અર્થમાં

વિવેચન શરૂ થયું નહોતું ત્યારે રચાયેલી આ વાર્તાઓમાં જીવનને સમજવામાં અને સારી રીતે જીવનમાં ઉપયોગી થાય એવાં સૂચનો કે ઉપદેશ વાક્યો કે નિરૂપણ આ વાર્તાઓમાં સ્વાભાવિક છે. જે કામ આખ્યાનોએ લોકોને ધર્મ પ્રત્યે અભિમુખ બનાવીને કર્યું છે અને મનોરંજનની સાથેસાથે સંસ્કારિતાના અમૃતનું પાન કરાવ્યું છે તે જ કામ આ વાર્તા-પરંપરાએ પણ અમુક પ્રમાણમાં કર્યું છે. જો કે બેઉ સ્થળે વાતાવરણમાં ઘણો ફરક છે." (પૃ. ૩૮).

ઇ. સ. ૧૯૭૭માં ડો. અનામી યુનિવર્સિટીમાંથી દીર્ઘકાળની સેવા બાદ નિવૃત્ત થયા ત્યારે એમનું જે 'સન્માન' કરવામાં આવ્યું અને 'સંભારણું' પ્રગટ થયું તેમાં ગુજરાત રાજ્યના માજી આરોગ્ય મંત્રી ડો. ઠાકોરભાઇ પટેલે લખેલું : "સંતસૌરભ ગ્રંથ એમના જ્ઞાન તેમજ સંપાદન પધ્ધતિનો પ્રત્યક્ષ પુરાવો છે. મ. સ. વિશ્વવિદ્યાલય આવા વિદ્વાન પ્રાધ્યાપકો વડે જ પોતાનું મસ્તક ઉન્નત રાખી શક્યું છે." આમાંથી જ્ઞાનની વાતને સાપેક્ષ ગણી એક બાજુએ રાખીએ, અને કેવળ સંપાદનની જ વાતનો વિચાર કરીએ તો ડો. ઠાકોરભાઇ પટેલની વાત સર્વથા ઉચિત લાગે છે.

ઇ. સ. ૧૯૭૫માં, મ. સ. યુનિવર્સિટીના રજતજયંતી ભંડોળ નિમિત્તે લગભગ એકાદ કરોડ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્ય હતું. એ નિમિત્તે યુનિ.ના કર્મચારી મંડળપરિવારના ઉપક્રમે કેટલાક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ૧. સંત સંમેલન, ૨. પૂ. ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ અને ૩. એ અક્ષરસ્વરૂપનો સ્થાયી આ 'સંતસૌરભ' નામે દળદાર ગ્રંથ -- જેના મુખ્ય સંયોજક ને સંપાદક અનામી હતા.

આ 'સ્મરણિકા' કે 'સંતસૌરભ'નો આશય સ્પષ્ટ કરતા સંપાદકીય માં અનામી અતિસંક્ષેપમાં લખે છે : "લોકસંગ્રહની દૃષ્ટિ અને વિશ્વવિદ્યાલયને લોકાભિમુખ બનાવવાની વૃત્તિ એના પ્રાગટ્યના મૂળમાં છે. પ્રચુર પાંડિત્ય અને અતિસામાન્યતાના અંતિમો ટાળીને મધ્યમમાર્ગી બનવાનો આગ્રહ એના સંપાદનમાં સેવ્યો છે. અનુક્રમણિકા ઉપર અછડતી નજર નાખનારને કે આ ગ્રંથના પાના ફેરવનારને ઉપરના વિધાનની પ્રતીતિ થશે જ."[13]

વળી આ ગ્રંથમાં, નાનામોટા, વધુ જાણીતા કે ઓછા જાણીતા એવા લગભગ એંશી સંતોનો પરિચય કરાવ્યો છે. સંત તુલસીદાસ કે સંત નાનક---અહીં 'સન્ત'ની જે વિભાવના ચિત્તમાં અંકિત થાય છે તેવી આ એંશી સંતોમાંથી કેટલાકને માટે ન થાય એ સમજી શકાય તેમ છે - - છતાંયે તેમના દેશ-કાળ અને પ્રદેશમાં આ સર્વ વિભૂતિઓએ આધિ-ઉપાધિ-ગ્રસ્ત અનેક આત્માઓને બોધ અને સેવા દ્વારા પરમ શાંતિનો અનુભવ કરાવ્યો છે એ વાત નક્કી છે. સંત વિનોબાની સાથે સંત રવિશંકર મહારાજ કેટલાકને અડવો પ્રયોગ લાગે એથી એમના સંતપણામાં રજમાત્ર વધઘટ થતી નથી -- એટલે સંતનો અહીં વિશાળ અર્થ લેવાનો છે. 'સેવામૂર્તિ રવિશંકર મહારાજ કહો કે સંત રવિશંકર મહારાજ - - અંતે તો હેમનું હેમ હોયે.' અલબત્ત, ઝીણું કાંતનારને એવા ભેદ મુબારક હો. આમાંના કેટલાક સંતોની પાસે પોતે પહોંચીને વા અન્યને મોકલીને પ્રત્યક્ષ ને શ્રદ્ધેય માહિતી પ્રાપ્ત કરી છે -- અને મળયા એટલાના ફોટા પણ મેળવ્યા છે. વળી જે તે સન્ત સંબધે લખવાનું કાર્ય જે તે લેખકની સજ્જતા ને વ્યુત્પત્તિને લક્ષમાં લઈને સોંપ્યુ છે જેથી યોગ્ય ન્યાય આપી શકે.

ગ્રંથના પ્રથમ રંગીન પૃષ્ઠ પર, પૂ. ડોંગરે મહારાજની નીચે જે છ મહાનુભાવોના ફોટા છાપ્યા છે – અનુક્રમે મહર્ષિ અરવિંદ ઘોષ, પૂ. વિનોબા ભાવે, પૂ. મોટા, પૂ. રંગઅવધૂત, શ્રીમન નૃસિંહાચાર્યજી અને પૂ. નરહરિ મહારાજ – – આ સૌને મુખપૃષ્ઠ ઉપર સ્થાન આપવામાં તેમના વડોદરા કોલેજ અથવા વડોદરા શહેર સાથેના સંબંધોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આમાં કોઈની વત્તીઓછી મહત્તા આંકવાનો આશય નથી. સૌ પોતપોતાની રીતે અદ્વિતીય છે. વળી લિંગ કે વયના ભેદ સિવાય, અનેક ધર્મ અને સંપ્રદાયના સંતોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે એ આ ગ્રંથની વિશેષતા છે.

ગ્રંથની શરૂઆત, ભાગવત સપ્તાહની ઉજવણી અને 'સંત સૌરભ'ના પ્રકાશન નિમિત્તે અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતીમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના લગભગ પંદરેક પ્રેરક અને પ્રસંગને અનુરૂપ સંદેશાઓ આવ્યા છે જેમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તીનો સંદેશો તો ભારતની અને ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા પર પ્રકાશ પાડતા એક નાનકડા લેખ જેવો છે.

'સંતસૌરભ' ગ્રંથને સંપાદકે યોગ્ય રીતે જ બે ભાગમાં વહેંચ્યો છે જેમાં પ્રથમ ભાગમાં નાનામોટા લગભગ એંશી સંતોનો પરિચય આપવામાં આવ્યો છે જ્યારે બીજા ભાગમાં ભારતના વિવિધ ધર્મો અને સંપ્રદાયોની તાત્ત્વિક પર્યેષણા છે અને બીજા વિભાગના અંતભાગમાં –– યુનિવર્સિટી અને તેની પ્રવૃત્તિઓ વિષયક કેટલીક માહિતી આપવામાં આવી છે. અને યુનિવર્સિટીની રજત–જયંતી સુધીના સૌ વાઇસ–ચાન્સેલરોનો પરિચય આપી એમની વિશિષ્ટ કામગીરીને બિરદાવી છે. આ વિભાગમાં 'રામાયણનું

સંશોધન' નામનો ડો. ઉમાકાન્ત પ્રેમચંદ શાહનો લેખ, વિદ્વત્તા ને સંશોધનના આદર્શને ચરિતાર્થ કરતો લેખ છે તો 'મ.સ. વિશ્વ-વિદ્યાલયની વિકાસકૂચ' નામનો ડો. ધનવંત મ. દેસાઇનો લેખ પરિચયાત્મક ને યુનિવર્સિટીના વિકાસના આલેખ જેવો છે.

લગભગ એંશી સંતોના જીવન અને કાર્યનો પરિચય કરાવતા લેખોની આગળ બે લેખો એવા મૂક્યા છે જે આ ગ્રંથની પૂર્વભૂમિકા રચી આપે છે. એમાંનો પ્રથમ લેખ 'સત્યં શિવં સુંદરમ્' નામનો પ્રો. અનંત ગ. જાવડેકરનો છે -- જે એટલો બધો તાત્વિક અને અર્થગર્ભ છે કે એમાંનું એક પણ વાક્ય શિથિલ કે અર્થદોષવાળું નથી. -- જ્યારે 'સંત સૌરભ' નામનો બીજો લેખ પ્રા. મહેન્દ્રકુમાર મ. દેસાઇ ('કુમાર')નો છે જે સાચા સન્તના વ્યાવર્તક લક્ષણોની સોદાહરણ પર્યેષણા કરે છે. આ પછી, લગભગ ૧૬૬ પૃષ્ઠોમાં સંતોની છબિઓ સહિત વિવિધ લેખકોએ અનેક સંતોનો પરિચય કરાવ્યો છે. આ બધા સન્તો અને સર્વ લેખકોના નામનો ઉલ્લેખ કરવો આવશ્યક લાગતો નથી. પણ લેખને અંતે જ્યાં જ્યાં ખાલી જગ્યા પડી છે ત્યાં ત્યાં 'દત્તાત્રેય-સ્વરૂપ', 'દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમ્', 'રામસ્તુતિ', 'શ્રીમધુરાષ્ટકમ્', 'શ્રી સૂર્યસ્તુતિ', 'એકશ્લોકી મહાભારત', 'સપ્તશ્લોકી ચંડીપાઠ', 'એકશ્લોકી ભાગવત', 'એકશ્લોકી રામાયણ,' 'જપયજ્ઞ માટેના મંત્રો અને ધૂન', 'સ્નાન વખતે બોલવાના શ્લોકો', 'એક વર્યો ગોપીજનવલ્લભ' એ દયારામપદ, 'દત્તબાવની', 'શ્રી રણછોડ બાવની' વગેરે જેવું ધાર્મિક સાહિત્ય મૂક્યું છે તે પણ આ વિષયને એકદમ અનુરૂપ છે. આ વિભાગના સર્વ સન્તોની આંતર-સંપદાને સમજવામાં અને આલેખવામાં લગભગ બધા જ નાનામોટા નામી-અનામી લેખકોએ એમની શક્તિ-ભક્તિનો પરિચય કરાવ્યો છે.

'ધર્મ અને યુનિવર્સિટી વિભાગ' એ આ ગ્રંથનો બીજો વિભાગ છે જેમાં પ્રથમ વિભાગની તુલનાએ મોટાભાગના લેખો પાંડિત્યપૂર્ણ છે અને વૈવિધ્યની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. આ વિભાગમાં ભારતીય સંસ્કૃતિનું વિશદ નિરૂપણ કરતા ઘણા લેખો છે. દા.ત. 'ઉપનિષદનો પરિચય', 'વેદાન્તદર્શન', 'શ્રીમદ્ ભાગતગીતા', 'શ્રીમદ્ ભાગવત', 'વૈષ્ણવસંપ્રદાય', 'શૈવસંપ્રદાય', 'જૈનધર્મદર્શન', 'બૌધ્ધદર્શન', 'શાક્તસંપ્રદાય', 'રામાયણમાંથી થતું સંસ્કૃતિનું અભિનવદર્શન', 'મહાભારત', 'વેદ, રૂત અને વરુણ' અને અન્ય અનેક સંપ્રદાયની મીમાંસા કરતા લેખો ગણાવી શકાય.

'સંપાદકીય' ઉપરાંત મુખ્ય સંયોજક તરીકે અનામીએ આ ગ્રંથમાં, 'રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધર મહર્ષિ અરવિંદ ઘોષ' અને 'મહારાજશ્રી નારાયણદાસજી'— — એ બે સંતો સંબંધે લેખો પણ લખ્યા છે. અરવિંદ ઘોષ માટે તેઓ લખે છે : "શ્રી અરવિંદ દેશભક્ત, કવિ, રાષ્ટ્રીયતાના સંદેશવાહક, મહામાનવતાના પ્રેમી અને દિવ્યજીવનના સાધક મહાયોગી હતા. મહાન સેનાપતિઓના પ્રત્યક્ષ પરાક્રમો કરતાં 'પૂર્ણયોગ' અને 'દિવ્યજીવન' સાધનાના આ ચક્રવર્તીના પરોક્ષ પરાક્રમો રજમાત્ર ઓછા રોમાંચક કે ઓછા આશ્ચર્યકારક નથી જ નથી. ભાવિ માનવજાતિ માટે એમની આવી જીવંત શ્રધ્ધા હતી : 'આપણે ભૂતકાળની ઉષાઓના નહિ ભાવિના મધ્યાહ્નોના સંતાન છીએ. ભૂતકાળ આપણે માટે પવિત્ર તો હોવો જોઈએ પરંતુ ભાવિ તો એના કરતાં પણ પવિત્ર છે.' 'એકાદ રડયાખડયા માનવને મોક્ષ મેળવી આપીએ તેના કરતાં આપણા દુર્ભાગી માનવબંધુઓ સાથે નરકનિવાસ કરવો બહેતર છે.' "[૧૪] આ અવતરણ પણ અનામીના અંદાઝને યથાર્થ ઠેરવે છે.

મહારજશ્રી નારાયણદાસજી સબંધે તેઓ લખે છે : "ભાવિ-કથન, દૂરદર્શન, દૂરશ્રવણ આદિની સિધ્ધિ, ગુરુકૃપાએ તેમને હતી એમ કહેવાય છે. તેઓ અનુભવસિધ્ધ જ્ઞાની હતા. વેદાન્તના સૂક્ષ્મ કોયડાઓને હસ્તકમલવત ઉકેલતા. સ્વાત્મબોધ, હસ્તામલક, આત્મ-પુરાણ, યોગવાસિષ્ઠ, મહારામાયણ જેવા ગ્રંથોમાંથી કથા-વાર્તા કરતા. જ્ઞાનના કશા જ આડંબર વિના, કર્મકાંડના કશા જ ઠાઠ વિના, યોગના કશા જ ઘટાટોપ વિના, જ્ઞાન-કર્મ-યોગ દ્વારા વ્યષ્ટિ કે સમષ્ટિની જે કંઇ ઉન્નતિ સાધી શકાય તેથીય અધિક તેમણે ભૂતાનુકંપાથી પ્રેરાયેલ ભક્તિપ્રવણ લોકસંગ્રહની દૃષ્ટિથી નિજની તેમજ સમાજની ઉન્નતિ સાધી છે."[૧૫]

ઉપર્યુક્ત બંનેય અવતરણોમાં અનામીની ગદ્યશૈલીમાં કવિત્વનો રંગ ભળેલો ભાળી શકાય છે.

ડો. સોમાભાઈ પારેખે 'પુણ્યતીર્થ મુનિશ્રી પુણ્યવિજયજી' (પૃ. ૧૩૫) સબંધે જે સંત-પરિચય કરાવ્યો છે તેની શરૂઆતમાં તેમણે 'એક દીપક પ્રગટયો આગમનો' - એ અનામીના આખા કાવ્યને ઉદ્ધૃત કર્યું છે જે મુનિશ્રી પુણ્યવિજયજીના સમગ્ર વ્યક્તિત્વને મૂર્ત કરે છે. એમાંની કેટલીક પંક્તિઓ જોઈએ :

> "જંગમ વિદ્યામંદિર પોતે, ક્ષણે ક્ષણે અ-ક્ષરને ગોતે,
> નેત્ર-નૂર-ક્ષીણ જોતે જોતે; પુણ્ય-વિજય આ ભવ્ય-ગણાશે,
> સંસ્કૃતિની સંપદનો, એક દીપક પ્રગટયો આગમનો.
> જ્ઞાનસ્થવિરની અદ્દભુત દીક્ષા, સમાજ, આગમ, અજોડ શિક્ષા,
> ધન્ય! ધન્ય! તપ ત્યાગ તિતિક્ષા; મનસા, વાચા, કર્મે સાધુ!
> સાધુવાદ આલમનો, એક દીપક પ્રગટયો આગમનો."

'સંત સૌરભ'ના સંપાદન-પ્રકાશન દ્વારા રજતજયંતી ભંડોળમાં યત્કિંચિત્ ફાળો તો પ્રાપ્ત થયો પણ એણે યુનિવર્સિટીએ લોકાભિમુખ બનાવીને સમાજનું ઋણ અદા કરવાનો જે અમૂલ્ય અવસર ઉભો કર્યો એનું શ્રેય ન-ગણ્ય ન લેખવું જોઈએ.

મ.સ.યુનિવર્સિટીના, ગુજરાતી વિભાગના, 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલાના' ૧૩મા ગ્રંથ તરીકે મેરુસુંદર ઉપાધ્યાયકૃત 'વાગ્ભટાલંકાર બાલબોધનું, ઇ.સ. ૧૯૭૫માં જે પ્રકાશન થયું છે તેના સામાન્ય સંપાદક, તે સમયના ગુજરાતી વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડો. રણજિત પટેલ('અનામી') છે. ગ્રંથનું સંપાદન ડો.ભોગીલાલ સાંડેસરાએ કર્યું છે.

'નિવેદન'માં ડો.પટેલ જણાવે છે કે, જૂની ગુજરાતી ગદ્ય--સાહિત્યની વિવિધ રીતિઓનું પ્રતિનિધિત્વ ધરાવતી કેટલીક મૂલ્યવાન રચનાઓ - જેવી કે 'ષષ્ટિશતક પ્રકરણ'ના ત્રણ બાલાવબોધો, 'વર્ણક સમુચ્ચય', 'પચાખ્યાન બાલવબોધ' અને 'પચદણ્ડની વાર્તાઓ - વગેરે છે તેમાં આ પ્રસ્તુત કૃતિ દ્વારા ગણનાપાત્ર ઉમેરો થાય છે. જૂની ગુજરાતીના વિપુલ ગદ્યસાહિત્યમાં સંસ્કૃત અલંકાર ગ્રંથોના બે જ બાલબોધો અત્યાર સુધી જાણવામાં આવ્યા છે. એ બે ગ્રંથો તે વાગ્ભટકૃત 'વાગ્ભટાલંકાર' અને ધર્મદાસગણિકૃત 'વિદગ્ધમુખમંડન'. એ બંનેના બાલવબોધ એક જ વિદ્વાન મેરુસુંદર ઉપાધ્યાયે રચેલા છે.

'વાગ્ભટાલંકાર' એ અલંકારશાસ્ત્રનો સંક્ષિપ્ત સંસ્કૃત ગ્રંથ છે. એની રચના ગુજરાતના ઐતિહાસિક પાટનગર અણહિલવાડ પાટણમાં,

સિધ્ધરાજ જયસિંહના રાજ્યકાળ (ઇ.સ. ૧૦૯૪-૧૧૪૩) દરમિયાન થઇ હોવાનું અનુમાન છે. આ ગ્રંથ પાંચ પરિચ્છેદોમાં વહેંચાયેલો છે ને એમાં ૨૬૦ શ્લોકો છે. પ્રથમ પરિચ્છેદમાં, કાવ્યની વ્યાખ્યા આપતાં, પ્રતિભાને કાવ્યનું કારણ, વ્યુત્પત્તિને વિભૂષણ અને અભ્યાસને કાવ્યની ઉત્પત્તિ કરનાર ગણાવે છે. દ્વિતીય પરિચ્છેદમાં, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભૂતભાષા અથવા પૈશાચીને કાવ્યની કાયા ગણાવે છે ને પદ અને વાક્યના તથા અર્થના દોષોની વ્યાખ્યા સોદાહરણ આપે છે. ત્રીજા પરિચ્છેદમાં દશ ગુણોની વ્યાખ્યા અને ઉદાહરણ આપે છે. ચોથા પરિચ્છેદમાં ચિત્ર, વક્રોક્તિ, અનુપ્રાસ અને યમક એ ચાર શબ્દાલંકારોનું, પાંત્રીસ અર્થાલંકારોનું તથા વૈદર્ભી અને ગૌડી એ બે રીતિઓનું નિરૂપણ છે અને પાંચમા અને છેલ્લા પરિચ્છેદમાં શૃંગારાદિ નવ રસની ચર્ચા છે.

આ 'વાગ્ભટાલંકાર'નો જૂની ગુજરાતી ગદ્ય બાલવબોધ, મેરુસુંદર ઉપાધ્યાયે સં. ૧૫૩૫ (ઇ.સ. ૧૪૭૯)માં રચેલો છે. અલંકાર અથવા સાહિત્યશાસ્ત્રના ગ્રંથોના બાલવબોધ અતિ વિરલ છે. જૂના ગુજરાતી સાહિત્યમાં તો મેરુસુંદર બાલવબોધકાર તરીકે ઘણો પ્રસિધ્ધ છે. તેઓ વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધમાં થઇ ગયા. ખૂબીની વાત એ છે કે આ ગ્રંથની રચના સં. ૧૫૩૫માં થઇ અને એની હસ્તપ્રત પણ એ જ વર્ષમાં લખાયેલી છે. ગ્રંથના રચનાકાળ પછી આટલા ટૂંકા ગાળામાં લખાયેલી હસ્તપ્રતો જવલ્લે જ મળે છે.

'વાગ્ભટાલંકાર' અને 'વિદગ્ધમુખમંડન' આ બે બાલવબોધના, મૂળના શ્લોકો સમજાવતાં, સંસ્કૃત અને જૂની ગુજરાતીનું જે મિશ્રણ કરવામાં આવ્યું છે તે એ સમયે શિષ્યોને આ પ્રકારના ગ્રંથો ભણાવવાની પધ્ધતિમાં સામાન્ય હોવું જોઇએ.

અલંકારગ્રંથના એક વિરલ ગુજરાતી વાર્તિક તરીકે, કેવળ એક જ હસ્તપ્રત પરથી ડો. સાંડેસરાએ કરેલુ આ સંપાદન અને સામાન્ય સંપાદક તરીકે ડો. રણજિત પટેલે કરેલુ એનુ પ્રકાશન રસપ્રદ અને ઉપયોગી છે.

જૂના ગુજરાતી સાહિત્યમાં મેરુસુંદર બાલવબોધકાર તરીકે અતિ પ્રસિધ્ધ અને સંસ્કૃત અલંકાર ગ્રંથના એક વિરલ ગુજરાતી વાર્તિક તરીકે આ ગ્રંથમાં એમની વિશિષ્ટ વિદ્વત્તાની કેવી છબિ ઉપસે છે તેના દૃષ્ટાંતરૂપે કેવળ એક જ શ્લોક જોઈએ :

સાધુશબ્દાર્થસંદર્ભં ગુણાલંકારભૂષિતં ।
સ્ફુટરીતિરસોપેતં કાવ્યં કુર્વીત કીર્તયે ॥ ૨ ॥
કવિઃ કાવ્યં કુર્વીત । કવીશ્વર કાવ્ય કરઈ ॥
કિમર્થં કીર્તયે । કીર્તિનઇ અર્થિ । કિંવિશિષ્ટં
કાવ્યં । સાધુશબ્દાર્થસંદર્ભં । સાધુ દોષરહિત શોભન
છઇ જે શબ્દ અનઇ અર્થ તેહ તણુ સંદર્ભ
રચનાવિશેષ છઇ ॥ પુનઃ કિંવિશિષ્ટં કાવ્યં ।
ગુણાલંકારભૂષિતં । ગુણ ઔદાર્યાદિક અલંકાર
ઉપમાદિક તેહિ ભૂષિત અલંકૃત છઇ ॥ પુનઃ
કિંવિશિષ્ટં કાવ્યં ॥ સ્ફુટરીતિરસોપેતં
સ્ફુટ પ્રકટ છઇ જે રીતિ પાંચલ્યાદિક
અનઇ રસ શૃંગારાદિક તેહિ ઉપેત સંયુક્ત
છઇ ॥ તત્ર રીતીનામુદ્દેશઃ કથ્યતે ॥
હવઈ રીતિનુ ઉદ્દેશ કહીઇ ॥ (પૃ. ૪).

આ ઉપરાંત અનામી 'પ્રેમાનંદ સાહિત્યસભા' (વડોદરા) દ્વારા પ્રકાશિત ઇ.સ. ૧૯૭૪ અને મંજુલાલ મજમુદાર દ્વારા

સંપાદિત 'સાહિત્યકાર અખો' ની પ્રથમ આવૃત્તિની નવસંસ્કરણ સંપાદન સમિતિના અગ્રણી સભ્ય અને 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા' ના પ્રકાશન 'ભાલણ' (કે. કા. શાસ્ત્રી) ની બીજી આવૃત્તિના પણ સામાન્ય સંપાદક હતા.

રણજિત ડભોડાકરને નામે, 'લોકવાણી' મુદ્રણમંદિર, સૂરત તરફથી પ્રગટ થયેલ 'રણજિત રત્નાવલિ ભાગ-૧' (ઇ.સ. ૧૯૩૬) નામની પુસ્તિકાએ લેખકનું ગદ્યમાં થયેલું પ્રથમ પ્રકાશન છે. મેટ્રીકની પરીક્ષા ઇ.સ. ૧૯૩૫ માં પસાર કરી એ દરમિયાન લખાયેલ ચિંતનકણિકાઓનો આ સંગ્રહ છે. 'લોકવાણી' ના તંત્રી શ્રી ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇ 'પ્રસ્તાવના' માં લખે છે : " આ નાનકડા પુસ્તકમાં દિલ બહેલાવનારી નવલકથા નથી, ઊર્મિ જગાડે એવી કવિતા નથી, ને નથી ઇતિહાસ કે જીવનચરિત્ર એમાં તો લેખકે સાહિત્યના શોખને પરિણામે વિચારેલા કેટલાક સૂત્રો રજૂ કર્યાં છે. અને સૂત્રો ઉપલકીઆ નજરે જોનારને શુષ્ક લાગે અને હળવા વાચનના રસિયાને માથાફોડ કરવા જેવા લાગે તો નવાઇ નથી. કારણ સ્પષ્ટ છે. એમાં નથી લાગણીના લલકાર કે નથી પ્રેમનું કે અદ્ભુત રોમાંચકારી કથાનક. એ તો વિચારીને, પરિશીલન કરીને રજુ કરેલાં વિચાર રત્નો છે. એ સમજવા માટે પણ મનન અને પરિશીલન જોઇએ, અભ્યાસદૃષ્ટિ જોઇએ.... એટલે જ જીવનને ગભીર નજરે નિહારનાર ને અભ્યાસપ્રિય સજ્જનોને એમાં રસ પડે એ દેખીતું છે." (પૃ. ૧) લેખકને મુબારકબાદી આપવા સાથે દોષ-દર્શન કરાવતાં તેઓ લખે છે : " ખાસ કરીને ભાષા આડંબરી લાગે એમ છે ને તેથી લેખક બીજી કૃતિઓમાં સાદી ભાષા તરફ ઝોક રાખશે એમ ઇચ્છીશું." (પ્રસ્તાવના, પૃ. ૨).

'ટાઇટલપેજ' ઉપર લેખકે ચાર સૂત્રો મૂકયા છે જેમાંથી જીવન પ્રત્યેનો એમનો અભિગમ વરતાય છે : ૧ Youth is Revolt, ૨ Mend or end, ૩ તારે તે તરૂણ, ૪ ન ક્રાન્તિ: ઉત્ક્રાન્તિ વિના. આ પુસ્તિકાનું 'અર્પણ' પણ એ સૂત્રોને અનુરૂપ છે. "અસીમ કલ્પના, અજોડ મનોભાવના, અખૂટ ધીરજ, અદમ્ય ઉત્સાહ, અવિરામ પુરુષાર્થ, નવજોમ, અણબૂઝ આશા-જ્યોત, અપ્રતિમ આર્ષ-દૃષ્ટિ અને દુનિયામાં કંઇ નવું કરી નાખવા કાજે, ઉગતી યુવાનીનો અનુપમ તરવરાટ અને તન્મનાટ ધારતા ને ધરાવતા, રાષ્ટ્રના જીવતાજાગતા અણમોલ ધન-સમોવડ, વર્તમાનના ભવિષ્યસૃષ્ટાઓને — આશાભર્યા કોડીલા યુવાનોને....."

'પ્રસ્તાવના'માં શ્રી દેસાઇએ લેખકની શકિત અને મર્યાદાનો જે ઉલ્લેખ કર્યો છે તેનું એકી સાથે દર્શન આ અવતરણ પરથી થશે : " દરેક વ્યકિતમાં થોડે ઘણે અંશે એક પ્રકારની અલૌકિક શકિત તો, જીવનના કોક અજાણ્યા ખૂણામાં સૂતેલી હોય છે જ હોય છે. કો'ક હતભાગી જીવાત્મા તે દિવ્યશકિતને ગુપ્ત ને સુપ્ત સ્થિતિમાં જ લુપ્ત થવા દે છે ; કો'ક ચેતનાત્મા એ અણમોલ શકિતનો ઓછો-અધૂરો લાભ ઉઠાવે છે; તો કો'ક જીવનદૃગ્ધ તે શકિતને જીવનમાં ભરવા મથે છે ખરો, કિન્તુ તેની વિવેકબુધ્ધિની ન્યૂનતાને લીધે, તે દિવ્ય-શકિત-ઝરણા જીવનની અનેકવિધ દિશાઓમાં ક્ષુલ્લક વહી, વડફાઇ જાય છે; કિન્તુ જો કોઇ ધન્યાત્મા યા ભાગ્યાત્મા તે જ શકિત-ઝરણાને કો'ક ઉદાત્ત અને ઉત્કૃષ્ટ, અદ્વિતીય અને અનુપમ, જીવન અને જગતસિધ્ધિ લાભવા, જીવનની આ અજોડ નીકમાં વાળે તો તો જેમ કાગળના છૂટાછવાયા પાનનો સુયોગ સધાતા મોહક લલિત પુસ્તક

રચાય છે; પદ્મની છૂટી-વિખૂટી પાંદડીઓનો સુમેળ રચાતાં લોલ-વિલોલ પદ્મ-પુષ્પ લાધે છે; જલબિંદુઓનો જલધિ રચાય છે, યૌવનના ઉછાછળા ઉછાળે ઉછળતા સરિત-નીરના સંયમ પ્રગટયે વીજળીના તેજપુંજ અવનિને અજવાળે છે; તેવી જ રીતે તે અપ્રતિમ શક્તિ-ઝરણાનો પણ સંયમ સેવાતાં વિશ્વની સારીએ અશકયતાઓ શકયતામાં પરિણમે છે; તે ઘટના તો બ્રહ્મ-તત્ત્વના અસ્તિત્વ સમોવડી નિર્વિવાદ જ છે." (પૃ. ૨૧).

મેટ્રીક થયા પહેલાં એમણે ડોલનશૈલીમાં 'અજિત' નામે એક નાટક લખેલું જેમાંની 'જીવન એટલે ?' એ નાયકની ઉક્તિ જોઈએ :

અજિત: "જોગી, જોગેશ્વરો ને તત્ત્વચિંતકો કથે છે કે જીવન એટલે તપ, ભોગ ને યજ્ઞ. કવિગણ કવે છે કે જીવન એટલે કવન. મુમુક્ષુઓ વેણ વદે છે કે જિન્દી એટલે બાદગી ને મોક્ષ.
વામમાર્ગીઓ ભાખે છે
કે જીવન એટલે ભોગવિલાસ ને રંગરાગ.
નિરાશાવાદીઓ લવે છે
કે જીવન એટલે નર્યું પ્રારબ્ધ.
આશાવાદીઓ ઉચ્ચારે છે
કે જીવન એટલે કલામય ઉત્કૃષ્ટ-કલા.
જીવન સમ્રાટો હાકલ દે છે
કે જીવન એટલે સમ્પાધ્યતા ને સર્વાંગીણ વિકાસ.
કાલે ગગનેથી વાયુ વધામણી લાવ્યો,
'સુનેરી રૂપેરી વાદળીઓએ સંદેશ પાઠવ્યો છે
કે જીવન એટલે સ્વતંત્રતા.'

મુજ પુષ્પોદ્યાન ભાખે છે મૂગી ભાષા
કે જીવન એટલે પુણ્ય ને ધર્મ.
પુણ્યોદ્યાનની કોકિલ કૂજીકૂજીને કહે છે
કે જીવન એટલે અખંડ ઉલ્લાસ.
બોલે છે ચક્રવાક–ચક્રવાકીની મુખમુદ્રા
કે જીવન એટલે વિરહ અને આશા.
સ્વ–વિલાપજન્ય અશ્રુજવાલામાં
ખાક થઈ, ભસ્મ થઈ
જીવનના પદાર્થપાઠ પઢાવતું 'હુમા'
હોમાતા હોમાતા બોધે છે
કે જીવન એટલે :
'નિત્યનવા,' 'નિત્યયુવા,' 'નિત્યમધુરા'
કાલે કો'ક કુંજચું ગગનથી કુંજમાં
કે જીવન એટલે કલા–પ્રપૂર્ણ જીવન–સરલતા.
સંયમી આત્માઓ કથે છે
કે જીવન એટલે સંયમ અને દમન.
(સહસા પલભર થંભી આશાથી)
હાં ! નઝર ઠરે છે એ કથનપે.
સંયમ છે ચિત્રની પરિરેખામાં
અને તેથી જ તે સોહતું હશે સુંદર ?
રૂડી રીતનો સંયમ છે ઈંડાની કોપટીમાં
ને તેથી જ તે રક્ષાયેલું હશે ?
મિષ્ટ, મધુરાં ફૂલ–છોતરે સંયમ છે
ને ભાસે છે તેથી જ તે કલામય ?

સંયમમાં કલા છે, ઉન્નતિ છે,
તો હે બ્રહ્મઅંશ માનવી !
તુજ જીવને સંયમ શાને નહીં ?
દિલ કહે છે, હૃદય શાખ પૂરે છે
ને આત્મા મુજ હુંકાર ભણે છે;
કે જીવન એટલે :
સૃષ્ટિના સત્ત્વશાળી તત્ત્વોની તત્ત્વસિદ્ધિ
સત્યાભાસના આભ-ધરણી શા ભેદ
નથી, નથી પમાતા મુજ આત્માનથી." (પૃ. ૩ થી ૫).

જીવન-વિષયક આ મીમાંસા (૧) વાંચતાં આપણને કવિ શ્રી નાનાલાલના 'જયા-જયંત'[૨] નાટકની નાયિકા જયા યાદ આવે છે. આટલી નાની વયે પણ નાનાલાલની ડોલનશૈલીનું લગભગ સફળ ગણી શકાય એવું અનુકરણ નોંધપાત્ર છે. શૈલીમાં આડંબર અવશ્ય છે પણ એક મુગ્ધ ભાવુક હૃદયનો એમાં આવિષ્કાર પણ અછતો રહેતો નથી.

એક સ્થળે, મહાન કાર્ય-સિદ્ધિની મુશ્કેલીનો ખ્યાલ આપતાં લખે છે :

"ગુલ-ફૂલ પામતાં કંટકેય લાગે,
રત્ન તો લાધે રત્નાકર તળીએ જ,
મિષ્ટ-મધુરા રસ તો ફૂલ-છોતરે જ,
હીરાના ચળકાટ તો ઊંડી ખાણે જ,
તારલાના ઝાંઝાં તેજ તો માઝમરાતે જ.
રેલાવવા ઉજાસના ધવલ-ઝરણ
ઉલેચવા રહ્યા ઘોર નિબીડ અંધાર-પૂર." (પૃ. ૨૦).

આ પુસ્તિકામાં એક સૂત્ર અંગ્રેજીમાં આ પ્રમાણે છે :

If wealth is lost, nothing is lost.
If health is lost, something is lost.
If Fame is lost, something more is lost.
If character is lost, everything is lost.

વિચાર તરીકે આ ખૂબ સામાન્ય છે પણ એનો સરલ-પ્રવાહી અનુવાદ ગમી જાય તેવો છે :

"જો લક્ષ્મી-ચંચલ સરી ગઇ તો ગયું શું ?
જો તંદુરસ્તી તનની ગઇ તો ગયું કૈં.
જો માન-કીર્તિ ગળી તો સમજો ગળ્યું કૈં.
ચારિત્ર્ય જો સરી ગયું, સમજો સર્યું સૌ." (પૃ. ૨૩).

આ પુસ્તિકા મુખ્યત્વે આશાભર્યા કોડીલા યુવાનોને ઉદ્બોધનરૂપે લખાઇ છે, અર્પણ પણ યુવાનીને કરેલ છે ને એનું સમાપન પણ એ ભાવનાને અનુરૂપ જ છે :

" ગગન-કુંજ સમું નવલું હજો,
પમરતું ખીલી કુંજ સમું થજો.
પૂષન-ભર્ગ થકી વિમલું હજો,
જીવન, યુવકવૃંદ સુખી થજો. " (પૃ. ૩૦).

સ્વાભાવિક રીતે જ આપણને જિજ્ઞાસા થાય કે લેખકે આ પુસ્તિકા સૂરતથી કેમ પ્રગટ કરી ? લેખકને પૂછતા જાણવા મળ્યું કે મેટ્રીક થયા બાદ તેમણે ૧૯૩૫ થી ૧૯૩૬ સુધી, ઉત્તર ગુજરાતમા

આવેલી કડીની ગુજરાત-ખ્યાત શિક્ષણસંસ્થા 'સર્વવિદ્યાલય' માં, (એક સાલ માટે) શિક્ષક તરીકે કામગીરી બજાવેલી ને ૧૯૩૬ ના જૂનમાં તેઓ સૂરતની 'પોપ્યુલર સ્કૂલ ઓફ કોમર્સ' માં શોર્ટહેન્ડ, ટાઇપરાઇટીંગ, બીઝનેસ કોરસ્પોન્ડસનો કોર્સ કરવા આવેલા... ત્યારે 'લોકવાણી' સાપ્તાહિકના તંત્રી શ્રી ઇશ્વરલાલ દેસાઇના પરિચયમાં આવતાં આ પુસ્તિકા પ્રગટ કરેલી. ભણતાં ભણતાં કરેલું આ સાહસ દાદ માગી લે તેવું છે, અલબત્ત, કોકને તેમાં ઉતાવળ કરવા જેવું લાગે પણ સાહિત્યના લગાવ અને ઉત્સાહ સમક્ષ એ વસ્તુ ગૌણ બની જાય છે.

માનવીનું જીવન એવું તો સંકુલ, અર્થસભર ને અકળ છે કે એને જાણવું—પામવું તે એક રસપ્રદ ઘટના થઇ પડે. એ દૃષ્ટિએ મનુષ્ય એ રસનો વિષય છે. નવલકથા, ટૂંકીવાર્તા જેવા સાહિત્યસ્વરૂપોમા મનુષ્યજીવનનું કોઇ ને કોઇ પાસું તેના વસ્તુ નિમિત્તે સ્થાન પામે ખરું પરંતુ કોઇ ચોક્કસ વ્યકિતના જીવનને જ પ્રધાન—મુખ્ય વિષય બનાવીને ખેડાતું સાહિત્યસ્વરૂપ તો ચરિત્રનું. ચરિત્રસાહિત્યના દ્વિદળ તે જીવનચરિત્ર ને આત્મકથા. બંનેનો ઉપક્રમ વ્યકિતજીવનના અંતરતમને પામવાનો છે, મનુષ્યની સાચી ઓળખ મેળવવાનો છે. જીવનની અભિવ્યકિતમા બંનેએ સત્યના ઉપાસક થવાનું છે ને આમ છતા બંનેની પધ્ધતિ ભિન્ન છે. જીવનચરિત્રકાર અન્યનું જીવનવૃત્તાંત લખતો હોઇ તેણે પત્ર, ડાયરી, સાહિત્ય જેવી બાહય સામગ્રીને આધારે ચરિત્રનું ગ્રથન કરવાનું રહે છે. આત્મચરિત્રકારને જીવનવિષયક સામગ્રી પોતાના મનોજગતમા જ સુલભ—સંપન્ન હોય છે. આત્મા-વિષ્કરણની ને સચ્ચાઇની જે તકો આત્મકથાકારને સુલભ છે તેવી કદાચ ચરિત્રકારને ઓછી મળે. જીવનની સચ્ચાઇ ને વ્યકિતત્વની પ્રમાણભૂતતાની બાબતમા ચરિત્રકારે પરાશ્રિત રહેવું પડે છે. આમ છતા સત્યનિષ્ઠાના સંદર્ભમા બંનેનો માર્ગ ખાંડાની ધાર પર ચાલવા જેવો છે, ભલે જુદા જુદા સંદર્ભે, પરંતુ બંનેની ભૂમિ લપસણી છે. ચરિત્રસાહિત્યનું ખેડાણ આવું કપરું હોવાથી જ તે દુઃસાધ્ય સાહિત્ય-પ્રકાર ગણાયો હશે.

વિશ્વસાહિત્યમા આદર્શ આત્મ—જીવનકથાઓ આંગળીને વેઢે ગણાય તેટલી છે. તટસ્થતા, પ્રમાણભૂતતા અને અતિશયોકિત કે અલ્પોકિત રહિત સત્યકથનમા આણીશુધ્ધ પાર ઉતરે તેવા ગાંધીજીના

'સત્યના પ્રયોગો' જેવાં આત્મચરિત્રો તેમજ જીવનચરિત્રો પણ અલ્પસંખ્ય છે. ઇતિહાસ, વ્યક્તિ અને સાહિત્ય આ ત્રણે તત્ત્વોનું સમુચિત સંયોજન કરીને વ્યક્તિના આંતરબાહ્ય પાસાને અજવાળતું ચરિત્ર નિપજાવવું એ કપરું હોવાથી જ ઉત્તમ ચરિત્રો ઓછા સાંપડયા હશે. સાહિત્યગુણ અને સચ્ચાઇને કેન્દ્રમાં રાખીને લખાયેલા વિશ્વ-સાહિત્ય અને ભારતીય ભાષાઓના ચરિત્રો પણ કેટલા અલ્પસંખ્ય છે ! ઉડતી નજરે જોઇએ તો લિટન સ્ટ્રેચીનું 'વિક્ટોરિયા,' બોસવેલનું 'સેમ્યુઅલ જહોનસન,' આલ્બેર મૉડનું ટૉલ્સ્ટોયનું ચરિત્ર (બે ભાગમાં) મિસિસ પોલાકનું 'Gandhi, the Man', રોમારોલા લિખિત 'રામકૃષ્ણ પરમહંસ' અને 'વિવેકાનંદ,' રાજમોહન ગાંધીનું 'Patel-A Biography,' John waing's 'Dr. Johnson,' આન્દ્રે મોર્વાનું 'Ariel-Life of shally and Byron', S. Gopal's 'Life of Radhakrisna',
મરાઠીમાં લક્ષ્મીબાઇની આત્મકથા, હિંદીમાં પ્રેમચંદજી વિષે એમના પત્નીનું લખેલું જીવનચરિત્ર, મહાત્માજી અને નહેરુજીની આત્મ-કથાઓ, કાકાસાહેબ કાલેલકરનું ('કાલેલકર ગ્રંથાવલિ' માં) ચરિત્રલેખન એ ભાગ, વિનાયક મહેતાનું 'નંદશંકર જીવનચરિત્ર,' મુનશીની આત્મકથાના ત્રણભાગ, મણિલાલ દ્વિવેદીનું આત્મચરિત્ર, કવિવર ટાગોરનું 'Reminiscenses' - આવા કેટલાક ગણાવી શકાય.

વિશ્વસાહિત્યમાં જ્યારે ઉત્તમ કક્ષાના ચરિત્રોની ખોટ વર્તાતી હોય ત્યારે પ્રાદેશિક ભાષાઓમાં તે અલ્પસંખ્ય હોય તો તે બનવાજોગ છે. સદ્ભાગ્યે ગુજરાતી ચરિત્રસાહિત્ય 'સત્યનાપ્રયોગો'

જેવી વિશ્વસાહિત્યમાં સ્થાન પામે તેવી ગાંધીજીની આત્મકથાને કારણે રળિયાત છે પરંતુ જીવનચરિત્રોની બાબતમાં નર્મદને થયો હતો તેવો અસંતોષ આજે આપણને પણ થવાનો. ચરિત્રસાહિત્યની આ અલ્પસંખ્યક સૃષ્ટિમાંય દયારામ કે નર્મદ–નવલરામ જેવા ગુજરાતના ધરદીવડાઓના ચરિત્રોની અપેક્ષાએ વિશ્વકક્ષાની વિભૂતિઓના ચરિત્રો તો ગણતર જ છે. ચરિત્રસાહિત્યના આવા 'સુકવણાના કાળ' માં ચરિત્રલેખનના નાનામોટા સૌ પ્રયાસોનું મૂલ્ય અદકેરું છે આમાં 'કવિવર ટાગોરનું જીવન–કવન' (ડાં. રણજિત પટેલ–'અનામી') ગુરુદેવ ટાગોરની જીવનઝલક રજૂ કરતું ને વિશ્વકક્ષાની વિભૂતિનો પરિચય સંપડાવતું હોવાથી ગુજરાતી ચરિત્રસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કરે છે.

જીવનચરિત્ર મહાન વિભૂતિનું જ લખાય એવો કોઈ અબાધિત નિયમ ન હોવા છતાં મહાન માણસો મનુષ્યજાતિ માટે જે કંઈ મૂલ્ય, આદર્શ કે સંસ્કાર–વારસો મૂકી જાય છે તેને લક્ષમાં લઈએ તો મહામનાના ચરિત્રોનું મૂલ્ય વ્યક્તિ–સમષ્ટિ લેખેનું, દ્વિગુણિત બની જાય છે. આ દૃષ્ટિએ 'કવિવર ટાગોરનું જીવન–કવન'માં જીવનસત્ત્વની દૃષ્ટિએ એક સભર વ્યક્તિત્વ–ચરિત્ર પસંદગી પામ્યું છે. વિશ્વસાહિત્યમાં કવિ–કલાકાર તરીકે સુવિખ્યાત એવા કવિવરના જીવનના સઘળા પાસાનું, તેમની વિસ્તૃત સાહિત્યસમૃધ્ધિનું ચિત્રણ સાંગોપાંગ રજૂ કરવું એ એક બૃહદકાર્ય છે પરંતુ આ સંક્ષિપ્ત ચરિત્રમાં લેખકે ટાગોરની બહુમુખી પ્રતિભાને અજવાળતા અંશોને એવી સમગ્રતાથી નિબધ્ધ કર્યા છે કે કવિવરના ચરિત્રને પામવામાં વાચકને કંઈક ગુમાવ્યાનો અસંતોષ ન રહે. ટાગોરની પ્રતિભા–ચરિત્રના મુખ્ય અંશોને અનુસરીને

યોગ્ય રીતે ચરિત્રને 'જીવનઝરમર,' 'હું કવિ છું,' 'બહુશાખાળો કલા-વડલો,' 'વિશ્વમાનવ' અને 'મૃત્યુના અમૃતના પ્યાસી' જેવા પાચ પ્રકરણોમા નિરૂપણનું આયોજન કર્યું છે. લેખકના શબ્દોમા, "આવડા નાના જીવનચરિત્ર મા ૮૦ વર્ષનો જીવનસંભાર ભરવો એ વિકટ કાર્ય છે, છતા યે આ પ્રકરણમા (ત્રીજા) ટાગોરના વ્યકિતત્વના એવા સૂચક અંશોને પસંદ કરવામા આવ્યા છે જેથી ટાગોરની બહુમુખી પ્રતિભાને સમજવામા સરળતા રહે." (પૃ. ૮૨). ગાગરમા સાગર એવી રીતે સમાવવાનો છે કે આવશ્યક કે ઘટિત એવા ચરિત્રઅંશો ચૂકી ન જવાય. ચરિત્રનિરૂપકની આ કપરી કામગીરીની સભાનતા લેખક ધરાવે છે તેથી તો ટાગોરના જીવનના હાર્દને સમાવી લે તેવુ સમુચિત વર્ગીકરણ ને આયોજન કરવાનુ શકય બન્યુ છે. અહીં ચરિત્રકારે જે પ્રશ્નનો સામનો કરવાનો છે તે સામગ્રીની વિગતોના સ્વીકાર પરિહારનો Art of omission-ની કલાદૃષ્ટિ ન હોય તેવા ચરિત્રલેખક દળદાર ગ્રંથ રચી દે પણ નિરૂપ્ય વ્યકિતના જીવનનુ હાર્દ પામવાનુ તો બાકી જ રહે. એટલુ જ નહીં એને પામવામા વ્યવધાન પણ જાતે જ ખડુ કરી બેસે. 'કવિવર ટાગોરનુ જીવન-કવન'મા ચરિત્રકાર ટાગોરજીવનના મર્મકોષો પર દૃષ્ટિ સ્થિર કરીને ચરિત્રનિરૂપણની સંકલ્પના કરી છે. ટાગોરજીવનને લેખકે ઊંડાણથી આત્મસાત કરેલુ છે તેથી વિષયની આ પ્રકારની સજ્જતા અને આયોજનદૃષ્ટિ વિશેની સતર્કતાએ કરીને ચરિત્રકાર વિસ્તૃત સામગ્રીનો ચરિત્રને સમપર્ક વિનિયોગ 'ટાગોર-ચરિત્ર'મા કરી શકયા છે.

ટાગોર જીવનના ચરિત્રલેખક પાસે ટાગોરના જીવનવિષયક સામગ્રીની ભરપૂર સજ્જતા છે. ચરિત્રમા આવતા 'ગીતાંજલિ,'

'તીર્થસલિલ' જેવી કૃતિઓના સંદર્ભો ઉપરાંત સાહિત્યસમૃધ્ધિનો મળતો ઇયત્તામૂલક વ્યાપક સંદર્ભ-પરિચય અને જીવનસ્મૃતિ જેવી ટાગોરની આત્મકથાત્મક કૃતિનો વિનિયોગ ચરિત્રસામગ્રીની સજ્જતાનો દ્યોતક છે. જો કે એકમાત્ર સામગ્રીની સજ્જતા એ તો પ્રાથમિક આવશ્યકતા જેવી લેખાય. 'ટાગોરનું જીવનચરિત્ર' લખવા ચરિત્રકાર પ્રવૃત્ત બન્યા છે તે તો કવિવર પ્રત્યેના ભાવનાત્મક અભિગમથી પ્રેરાઇને. ચરિત્રને આરંભે કવિવરને સંબોધીને મૂકાયેલું રવી-દ્રસ્તોત્ર 'હે મહાકવિ' લેખકના હૃદયભાવને, કવિવરની ભાવનાત્મક છબીને રજૂ કરે છે :

> "યુગના કાન્તદ્રષ્ટા શો રવિ ! તું પૂર્વનો રવિ !
> શાન્તિ, અદ્વૈત ને શિવ-મંત્રના હે મહાકવિ !"

સ્વરચિત આ કાવ્યાંજલિમાં, ચરિત્રલેખકનું કવિવરના જીવનચરિત્રને નિરૂપવા માટેનું મહત્વનું આંતરિક પરિબળ પમાય છે. કવિવર ટાગોરના જીવન આલેખનમાં સામગ્રીનો જે સહજ ઉપચય થયો છે તે ચરિત્રકારની આ આંતરસંપદાને આભારી છે. એના અભાવમાં તો ચરિત્ર શુષ્ક સામગ્રીનો ખડકલો જ બની ગયું હોત ! ચરિત્રનાયક પ્રત્યેનો ભાવનાત્મક અભિગમ અને ચરિત્રની વિગતોનો કેવો સંયોગ--વિનિયોગ થાય છે તેના પ્રમાણો કવિવર ટાગોરના ચરિત્ર આલેખનમાં સ્થળેસ્થળે મળે છે. ટાગોર માટે પ્રયોજાયેલ 'કવિવર' શબ્દની સાર્થકતા દર્શાવતા ચરિત્રકાર કહે છે : "કવિ એટલે ૠષિ, મનીષી, દ્રષ્ટા, પ્રજાનું મુખ અને હૃદય - એ દ્રષ્ટિએ એ સમસ્ત પ્રજાનો ગુરુ -'ગુરુદેવ' ટાગોર આવા અર્થમાં 'ગુરુદેવ' હતા."(પૃ. ૩૩). અહીં 'ગુરુદેવ' વિશેષણ કેવળ પ્રશસ્તિસૂચક રહેતું નથી પરંતુ અર્થપૂત એવું સમુચિત ગૌરવ ધારણ કરે છે. ચરિત્રનાયક પ્રત્યેનો ભાવનાત્મક

અભિગમ હોવાથી ચરિત્રકાર અતિશયોક્તિમાં પડીને સંયમ ગુમાવતા નથી. કવિવરની મહત્તા સૂચવવાનો આશય હોય તો પણ ચરિત્ર-નિરૂપણમાં જ્યાં જેવાં જોઈએ તેવા અતિશયોક્તિ કે અલ્પોક્તિથી અળગા રહીને ચરિત્રને આલેખવું છે. અહીં આપણને ન્હાનાલાલે લખેલા 'કવીશ્વર દલપતરામ' નામક ચરિત્રનું સહેજે સ્મરણ થાય. તેમાં પિતૃપ્રેમથી પ્રેરાઈને વિશેષણોના ઓધથી ને ચરિત્ર પ્રત્યેના અતિઉત્કટ અહોભાવથી ચરિત્રલેખકે અભિગમની જે સમતુલા ગુમાવી છે તેવું ટાગોરના આ સંક્ષિપ્ત ચરિત્રમાં જોવા મળતું નથી. ચરિત્રલેખકના તાટસ્થ્યપૂર્વકના તાદાત્મ્યને જ એ આભારી છે.

ચરિત્રકારે વ્યક્તિના સાચા સ્વરૂપને ખોલી આપવાનું હોય છે. જ્યાં વ્યક્તિને અન્યાય થતો હોય અથવા કોઈ કારણસર તેનું ગુણપાસું દબાઈ જતું હોય તો ચરિત્રકારે તેની વહારે આવવાનું છે. કવિવર ટાગોરે નમ્રતાપૂર્વક પોતાના જીવનનાં ૧૫-૧૬ થી ૨૨-૨૩ નાં વર્ષોને 'રેઢિયાળ કાળ' તરીકે વર્ણવ્યો છે. કવિવર ની આ નમ્રતા પાછળ ઢંકાઈ જતા સત્યને અજવાળતાં લેખક કહે છે : "સ્થિર, વ્યવસ્થિત જીવનના અભાવને કારણે કવિને કદાચ એમ લાગ્યું હશે, બાકી એ છ-સાત વર્ષોમાં કવિએ જે કંઈ સાધના કરી છે તે કાઢી નાખવા જેવી નથી." (પૃ. ૨૦). આ રીતે સામગ્રીના નિર્વહણમાં અવારનવાર ચરિત્રલેખકની સાભિપ્રાય સતકર્તા અને મૌલિક અભિગમ પ્રવૃત્ત બને છે.

ચરિત્રકારે ડાયરી, વ્યાખ્યાનો, સાહિત્યકૃતિઓ, આત્મકથા વગેરેમાંથી સાંપડતી પ્રાપ્ય સામગ્રીને આધારે ચરિત્ર

લખવાનું હોય છે. કવિવર ટાગોરના ચરિત્રમાં આ સામગ્રીનો દૃષ્ટિપૂત વિનિયોગ થયેલો જણાય છે. ચરિત્રકારે ટાગોરના ચરિત્રના સૂક્ષ્મ ને નિર્ણાયક બિંદુઓના સંદર્ભે જીવનસ્મૃતિ ના અવતરણો ટાંકીને કવિને પોતાને બોલવા દીધા છે. ચરિત્રનો વિષય બનેલ વ્યક્તિના અંતરંગને પામવા–નિરૂપવાનો ચરિત્રલેખક પાસે જે શ્રેષ્ઠ કીમિયો છે તે આ જ. કારણ આત્મકથાકાર પોતે પોતાના વિશે અધિકારપૂર્વક ને સચ્ચાઇપૂર્વક જેટલું કહી શકે તેટલું ને તેવું કહેવાની ચરિત્રલેખક પાસે સુવિધા હોતી નથી. કવિવર ટાગોરના ચરિત્ર આલેખનમાં જીવનસ્મૃતિનો આવો પ્રમાણભૂત વિનિયોગ કવિવરની આંતરિક છબીને સ્પષ્ટસુરેખ બનાવી આપે છે. કવિવરના વ્યક્તિત્વ સંદર્ભે ચરિત્રલેખકે ટાંકેલા અવતરણો જુઓ :

૧. "એ સ્વાતંત્ર્ય ન હોત તો હું બીજો ગમે તે હોત, પણ રવીન્દ્રનાથ થઇ શકત નહિ. દાખલા તરીકે, મને કેટલીય વાર એમ લાગ્યું છે કે મારી હૃદય–વૃત્તિઓ જો મને નાકમાં નાથ પહેરાવીને ફેરવતી હોત તો હું બીજું ગમે તે કરત પણ, રૂપસૃષ્ટિ કરી શકત નહિ." (પૃ. ૧૯).

૨. "——— એ ચક્રને સમગ્ર રીતે જોઇ શકું છું, ત્યારે એક વાત મને સમજાય છે કે, મારા પરિચયમાં હું કવિ છું, એ સિવાય બીજું કશું કહેવાનું નથી." (પૃ. ૩૫).

૩. "જીવ્યો છું તે સમય દરમિયાન મૃત્તિકાના પાત્રમાં આનંદરસ રેડી શક્યો હોઉં તો બસ." (પૃ. ૩૮).

૪. "જીવન અને મૃત્યુના બે ચરણે ચાલતા જ માનવબાલની ગતિ–પ્રગતિ થાય છે. વળી જીવન અને મૃત્યુ એ તો વિશ્વરૂપી જનનીના બે સ્તન છે." (પૃ. ૧૦૪).

ચરિત્રકારે કવિવરની આત્મચરિત્રાત્મક સામગ્રીમાંથી સારવેલું આ નવનીત છે. છેલ્લું અવતરણ 'ગીતાંજલિ'નું છે. કવિવરની દૃષ્ટિ ને જીવનદર્શનનો પરિચય આ અવતરણો સિવાય ભાગ્યે જ સુલભ બન્યો હોત – એ જ આ અવતરણોની અનિવાર્યતા સૂચવે છે ને ચરિત્રલેખકની સૂઝબૂઝનું પણ દ્યોતક છે. આ અવતરણો ભાવને અણીશુધ્ધ રીતે રજૂ કરી આપતાં ને સૂત્રાત્મક શૈલીમાં છે; તેથી ભારરૂપ બનતાં નથી. વળી સમુચિત માત્રામાં હોવાથી ચરિત્રનિરૂપણને દબાવી દેવાને બદલે ચરિત્રની સૂક્ષ્મ ભાવપ્રવણતા સિધ્ધ કરી આપે છે. ચરિત્રની પ્રમાણભૂતતા સિધ્ધ કરે તેવા જીવનપ્રસંગો–ઘટનાઓની સાલવારીનો ઉલ્લેખ, સાહિત્યકૃતિઓની રચનાસાલ વગેરેના ઠોસ નિર્દેશો પણ ચરિત્રમાં છે.

કવિવર ટાગોરનું ચરિત્ર ભારતવર્ષના ને વિશેષે બંગાળના સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક–સાહિત્યિક વાતાવરણના સંદર્ભમાં રજૂ થાય છે. કોઈપણ વ્યક્તિચિત્રણને માટે આ પ્રકારની પૃષ્ઠભૂમિ આવશ્યક છે. 'જીવનઝરમર' એ પહેલા પ્રકરણમાં અને 'વિશ્વમાનવ' પ્રકરણમાં ભારતવર્ષનું વાતાવરણ જીવંત થતું અનુભવાય છે. શ્રી શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય અને શ્રી ચારૂ બંધોપાધ્યાય તેમજ શ્રી અરવિંદ ઘોષ જેવા તત્કાલીન બંગાળી સાહિત્યકારો, રાષ્ટ્રવાદની ફેલાતી હવા, સ્વાતંત્ર્ય ચળવળોનું વાતાવરણ, ગાંધીજી પ્રભાવક અસરો – એ સૌ પરિબળોના સંદર્ભે કવિવર ટાગોરનું ઉભરી આવતું વ્યક્તિત્વ યુગના પરિવેશને કારણે સાહજિકતા ધારણ કરે છે. દેશકાળનો પ્રભાવ વ્યક્તિ પર અસર કર્યા વિના રહેતો નથી. ટાગોરનું ચિંતન પણ એ સંદર્ભે અનુભૂતિનો સ્પર્શ પામીને રજૂ થયું છે. "હે મુજ દભાંગી દેશ ! જેઓનું તેં અપમાન કર્યું છે, તેમના જેવું જ અપમાન તારે વેઠવું

પડશે. ––– મનુષ્યના અધિકારથી તે જેમને વંચિત રાખ્યા છે, જેમને સામે ઉભા રાખ્યા છે છતાં ખોળામાં સ્થાન દીધું નથી, તેમના બધાના જેવું જ અપમાન તારે વેઠવું પડશે."(પૃ. ૬૨).

ચરિત્રમાં આવાં મૂલ્યવાન અવતરણોનો સમાસ ન થયો હોત તો કવિવરના જીવનદર્શનનો, એમની ક્રાંતદર્શિતાનો પ્રત્યક્ષ પરિચય ભાગ્યે જ પમાત અને ચરિત્રનું આંતરિક વિશ્વ એના સમગ્ર સાથે ભાગ્યે જ વ્યક્ત થાત. કવિના જીવનમાં વ્યાપેલ દેશભક્તિનું નિદર્શન – તેમના વ્યક્તિત્વનું એક મહત્ત્વનું પાસું પણ આ રીતે વ્યક્ત થયું છે.

ટાગોર જીવનના આંતરિક ગુણોની શ્રી પણ ચરિત્રમાં ઝીલાઈ છે. એ વિશે ચરિત્રકારે ટાગોરના વચનો ટાંક્યાં છે :

> "હું તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી ––– જે લોકો શંખઘંટા વગાડીને મને ઉચ્ચાસને બેસાડવા ઇચ્છે છે, તેમને હું કહું છું કે, હું તો નીચલું સ્થાન લઈને જન્મેલો છું."
> (પૃ. ૩૫).

ચરિત્રકારે આ વાણીને 'અહંકારની વાણી'થી જુદી પાડીને યોગ્ય રીતે 'સત્યવીરની વાણી' ગણાવી છે. મહાન મનુષ્યોની વિભૂતિમત્તા, સંકુચિતા ત્યજીને એટલી હદે વિસ્તરે છે કે છેવટે તે માનવતાની ક્ષિતિજોને સ્પર્શી રહે. ટાગોરમાં રહેલી આ વિશાળ ભાવનાને 'વિશ્વમાનવ' પ્રકરણમાં ઉપસાવ્યું છે. ટાગોરની વિશ્વભાવનાને ચરિત્રકારે ટાગોરના શબ્દો ટાંકીને આધારભૂત રીતે રજૂ કરી છે; ટાગોરના શબ્દો છે –

"જે બંધનથી અમે સમસ્ત માનવજાતિ સાથે જોડાયેલા છીએ, તે

બંધન આજે ખેંચી રહ્યું છે. બૃહત માનવસમાજ આજ અમને બોલાવે છે, તેની સેવા એ ન કરી શકીએ તો અમારાં જીવન નિષ્ફળ જવાનાં છે." (પૃ. ૯૫).

ટાગોરની વિચારણાની પર્યેષણા કરતાં કરતાં, તેમની કવિ, કલાકાર ને માનવતાના વૈતાલિક તરીકેની છબી ઉપસાવી આપવાનો ઉપક્રમ ચરિત્રમાં પમાય છે.

કવિવર ટાગોરનું સાહિત્યિક વ્યક્તિત્વ અતિ સમૃધ્ધ હતું; તેમાંયે ટાગોરની પ્રતિભા મુખ્યત્વે કવિની. 'હું કવિ છું' પ્રકરણમાં એની પ્રધાનપણે છણાવટ થઈ છે અને 'બહુશાખાળો કલા-વડલો' માં અન્ય સાહિત્યરૂપોની આછી પર્યેષણા છે. આ પર્યેષણા જીવનલક્ષી છે અને ગુણદર્શી પણ છે. સાહિત્યના નિચોડમાંથી, એના આંતરિક સત્ત્વમાંથી એ સારવેલી છે, જે એકતરફ કવિવરના અંતરતમનો તો બીજી તરફ એના સચ્ચાઈપૂર્વકના સાહિત્યિક આવિષ્કરણનો આસ્વાદ આપે છે. 'હું કવિ છું' માં કવિવરના 'કડિઓ કોમલ,' 'માનસી', 'સ્મરણ', 'ચૈત્રાલિ', 'પ્રાન્તિક', 'મહુયા' વગેરેની વ્યાપક કાવ્યસૃષ્ટિમાં નિરૂપિત પ્રણય, પ્રકૃતિ આદિ ભાવોનો કાવ્યોના ગુજરાતી અવતરણો સમેતનો પરિચય મળે છે. આથી ટાગોરની કવિતાનો સાક્ષાત્કાર અનુભવીને વાચક તેમના સાહિત્યિક વ્યક્તિત્વને વધુ સઘનતાથી પામી શકે છે. 'શિશુ', 'ગીતાંજલિ' અને 'ચિત્રાંગદા' જેવી કવિવરની કીર્તિદા કૃતિઓમાં નિહિત જીવન-કવિતાનાં ધ્યાનાર્હ તત્ત્વોની ચરિત્રકારે મૌલિક ઢબે છણાવટ કરી છે. કવિવરની કવિતાની પર્યેષણાના કેટલાક અંશો જોઈએ :

૧. "પ્રકૃતિના કોમળ-કરાળ રમ્ય-રુદ્ર કે સુંદર ભવ્ય સ્વરૂપમાં અમને પરમતત્ત્વની ઝાંખી થાય છે. આ બાબતમાં તેઓ વેદના

ૠષિઓને અનુસરે છે. કુદરતમાંથી એમને આનંદ સાંપડે છે, કેમ જે તેઓ પ્રકૃતિ, માનવ અને પરમાત્માની એકતામાં માને છે. ટાગોરને મન આ માન્યતાનો પ્રશ્ન નથી, અંતઃસ્ફૂરણ અને અનુભવનો પ્રશ્ન છે." (પૃ. ૪૨).

૨. "વિવેકાનંદ જેવા વિરલ સંન્યાસીએ દરિદ્રનારાયણોમાં સ્વયં-નારાયણનું દર્શન કરવાની હાકલ કરી અને ગાંધીજી જેવા કર્મવીરે જે દર્શન કર્યું એનું જ ગાન અહીં 'ગીતાંજલિ'માં થયું છે." (પૃ. ૬૨).

કવિતા અને સાહિત્યવિષયક ચરિત્રકારનું દૃષ્ટિબિંદુ સાહિત્ય અને જીવનનો સંબંધ સ્ફૂટ કરી આપવાનું ને મહદંશે ગુણ-દર્શી રહ્યું છે. ક્યારેક કાકાસાહેબ જેવા કવિ-ચિંતકના વિધાનોથી ટાગોરની વિલક્ષણતાઓને છતી કરી છે. ટાગોરની નવલકથાઓ, ટૂંકીવાર્તા ને નાટકો અંગેનાં નિરીક્ષણો કવિવરની ભાવનાશીલતા ને ઉચ્ચ જીવનદર્શનના સંદર્ભે રજૂ થયાં છે. તેમાં જીવનસંભારની સાથો-સાથ અભિવ્યક્તિની રીતિના પણ નિર્દેશો છે. ઉદાહરણ લેખે -

"એકંદર રીતે જોઈએ તો ક્રિયાસંઘર્ષ અને ગતિ કરતાં ટાગોરનાં નાટકો વિશેષ તો સંકેતાત્મક, વિચારાત્મક ને પ્રતીતાત્મક છે." (પૃ. ૭૪).

આવાં નિરીક્ષણો સંક્ષિપ્ત ને સચોટ હોવાથી રસવાહી ગુટિકા જેવાં અનુભવાય છે. ટાગોરમાં કવિ અને સ્વપ્નસેવીનો જવલ્લે સાંપડે તેવો સમાસ થયેલો છે એમ દર્શાવી એ સ્વપ્નવીર ને કર્મવીરની મહત્તા સૂચવતાં લેખક કહે છે :

"આશ્રમ જીવન દ્વારા સાત્ત્વિક જીવનઘડતર કરવું, વિશ્વ-ભારતી ના માળામાં વિશ્વની વિવિધ પ્રજાનાં પંખીઓનો સંસ્કૃતિ--સમાસ કરવો ને શ્રીનિકેતન દ્વારા ભારતનાં કરોડરજ્જુ જેવાં

ગામડાનો ઉદ્ધાર કરવો – ટાગોરની આ ભવ્ય કલ્પના હતી." (પૃ. ૭૮).

આમ ટાગોરની કવિપ્રતિભામાંથી આકારાતી છબી વિસ્તરીને કેળવણીકાર, ચિંતક-વિચારક, સંસ્કૃત – દેશીપ્રેમીના રંગો ધારણ કરીને 'વિશ્વમાનવ' રૂપે સ્થિર થયેલી પામી શકાય છે. કવિવરના જીવનના આવા વિવિધ ગુણસમૃધ્ધિવાળા પાસાને વર્ણવવા 'બહુશાખાળો કલા-વડલો' ની જેમ 'બહુશાખાળો સાંસ્કૃતિવડલો' જેવું બિરુદ પણ સાર્થક બની શકે એટલો માતબર સંભાર અહીં રજૂ થયો છે. કવિવરની જીવનદૃષ્ટિ અને કવિદૃષ્ટિનો સંબંધ દર્શાવતા તેમની જે પ્રતિભા ઉપસે છે તેનું નિદર્શન જુઓ :

"જીવનના કલાધરની માફક એમણે સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક, મંગલ આસ્તિકતા-પૂર્વક સમસ્ત જીવનનો સ્વીકાર કર્યો હતો. એમની કવિ-દૃષ્ટિ વિશ્વતોમુખી અને કવિ-વૃત્તિ સર્વસમન્વયકારી હતી – એટલે તો એમના 'ભારત તીર્થ' કાવ્યમાં ભરત ભૂમિને લોકસાગર તીરે; માનવતાના મેળામાં સમગ્ર વિશ્વને આમંત્રે છે." (પૃ. ૧૦૧).

આ રીતે ટાગોરના જીવન-કવનની પર્યેષણા મૌલિક દૃષ્ટિ-બિંદુથી છતા સાહિત્યના પૂરતા આધારો સહિત થયેલી હોવાથી પ્રતિતીજનક બને છે. ટાગોર મોટા ગજાના કવિ હતા, વિશ્વકક્ષાના કવિ અને સંસ્કૃત-ચિંતક હતા – એમની એ વિશેષતાઓ યોગ્ય પરિપ્રેક્ષમાં અહીં ઝીલાઇ છે. ટાગોરની મહત્તાને સામ્ય (કોમ્પેરીઝન) દ્વારા પણ સૂચવી-પ્રસ્થાપી છે. ભારત-ગાંધી-ટાગોરનો સંબંધ કેવો અવિનાભાવી છે તે તો નીચેના અવતરણ પરથી જણાશે:

"આ બંનેમાંથી એકની પસંદગી કરવાની હોય તો વાત વસમી થઇ પડે, પણ આ બે આંખે ભારતને જોઇ શકાય ને આ બે આંખે જ

ભારત-પંખિણી ઊડી શકે." (પૃ. ૯૮).

કોઇપણ ચરિત્ર વિગતોનો ખડકલો માત્ર ન બની રહે પરંતુ ભાવસ્પર્શ પામીને રસવાહી ચિત્રણ બને તે જરૂરી છે. ચરિત્રકારે વિગતોના ખોળિયામાં પ્રાણ ફૂંકવાનો રહે છે. ટાગોરના ચરિત્રમાં ભાવનાત્મક દૃષ્ટિબિંદુ, પ્રસંગાલેખન, કાકાસાહેબ જેવા મહાનુભાવના પ્રસંગોપાતના ઉદ્ગારો – અભિપ્રાયો, દૃષ્ટિનો ગુણગ્રાહી પ્રસાર અને સરળ-રોચક ભાષા દ્વારા એ સિધ્ધ થયું છે. નાનપણનો ફૂલના રસ અને ચંદ્રના તુક્કાનો પ્રસંગ, પિતાજી સાથેના નૌકાવિહારનો પ્રસંગ, બાલગોઠિયાઓને ઇનામ મળતાં ટાગોરને થયેલ આનંદનો પ્રસંગ – આ બધી સૃષ્ટિમાં કોઇ ને કોઇ ટાગોરના જીવન-વ્યક્તિત્વના અંશો પડેલા છે. તેથી મોટી વયે મુખરિત બનેલા વ્યક્તિત્વની મનો-ભૂમિને જાણવા માણવાની જિજ્ઞાસા સંતોષાય છે ને વ્યક્તિત્વના આ અંશો પાછળથી કેવા પાંગરે છે, એના નિરીક્ષણની તક પણ એ પૂરી પાડે છે.

'આત્મકથા : સ્વરૂપ અને વિકાસ'માં ડો. રસિલા કડીઆ નોંધ છે : "જીવનચરિત્રના લેખકના ચિત્તમાં ચરિત્રનાયકના જીવનની ઉપલબ્ધ સામગ્રી ઓગળે છે ત્યારે ચરિત્રનાયકના સ્પર્શી ગયેલા ગુણો તેના લેખક પાસે એક વિશિષ્ટ દૃષ્ટિકોણ લેવરાવે છે." (પૃ. ૩૮). 'કવિવર ટાગોરનું જીવન-કવન'માં 'હું કવિ છું', 'બહુશાખાળો કલા-વડલો', 'વિશ્વમાનવ' અને 'મૃત્યુના અમૃતના પ્યાસી' એ પ્રકરણના શીર્ષકો ચરિત્રકારના આવા વિશિષ્ટ દૃષ્ટિકોણના દ્યોતક છે. કવિવર ટાગોરના કવિ-સાહિત્યકાર, નટ, ચિત્રકાર જેવા સર્વ-સ્વીકૃત પાસાનું અહીં વિશદ અવલોકન તો છે જ પરંતુ ચરિત્રકારનો વિશિષ્ટ દૃષ્ટિકોણ એમાંથી પણ કશોક વિશેષ તારવતા નોંધે છે –

"ક્ષણભર કવિ-કલાકાર ટાગોરને ભૂલી જાઓ, અને એમણે ભારતના આત્મ-કમળની પ્રત્યેક પાખડી અને દલ-પરિમલને જે છતો કર્યો છે તેનું જ સૌંદર્ય જુઓ. એ પરિમલનો મઘ-મઘાટ કંઈ ઓર છે. ભારતના આત્માના સુવર્ણને એમણે સુગંધે સોહાવ્યુ છે." (પૃ. ૯૯).

આત્મકથાને ફર્સ્ટ હેન્ડ એક્સપીરીઅન્સ અને જીવનચરિત્રને ભલે સેકન્ડહેન્ડ નોલેજ નું પરિણામ ગણવામાં આવતું હોય પરંતુ જીવનચરિત્રની સામગ્રી મનમાં એકીભૂત થયા વિના એના નિષ્કર્ષરૂપી દૃષ્ટિકોણ આવી શકતો નથી, કવિવર ટાગોર વિશેનો ટાંક્યો તે વિશેષ ચરિત્રસામગ્રીમાંથી સારવેલું નવનીત છે, ચરિત્રસામગ્રીને તે નવો ઓપ આપે છે.

'કવિવર ટાગોરનું જીવન-કવનની નિરૂપણરીતિને રૂપક દ્વારા વર્ણવીએ તો ટાગોરના વ્યક્તિત્વના મહાસાગરમાં ભીંજાઈને ચરિત્રકાર એક એકથી અદકાં મોતી જેવાં વ્યક્તિત્વનાં ઝળહળતાં પાસાં દર્શાવતા જાય છે. આ નિરૂપણમાં 'મિલિ મિલિ જાઓવ સાગર લહરી સમાના' જેવી પંક્તિઓ ભાવાનું વહન કરતી નૈકાની જેમ તરી રહે છે. ચરિત્રમાં નાયકના વ્યક્તિત્વવિશેષને વિશદતાથી રજૂ કરવાની સતર્કતા સ્થળે સ્થળે વર્તાય છે. જેમ કે "ટાગોરની ભારત-ભક્તિ આંધળી નથી. એમનાં વિશ્વ-માનવપણામાં પાયારૂપે, ટાગોરની ભારતવર્ષ માટેની સાચી સમજ પડેલી છે."(પૃ. ૯૫). આ પ્રકારની રીતિ ચરિત્રચિત્રણમાં કશું સંદિગ્ધ રહેવા દેતી નથી ને વ્યક્તિત્વનાં દલેદલને પરિમાર્જિત કરી મૂકે છે. ચરિત્રકારે નિરૂપ્યવ્યક્તિના જીવન સાથે, એની જીવનસામગ્રી સાથે તદ્રૂપ થવું પડે તો જ એ તેના જીવનના ગૂઢ તત્ત્વને પારખી-પામી શકે.

કવિવરના અંતરંગની ખોજ કરતાં ચરિત્રકારને જે લાધ્યું છે તે આ :

"સીમામાં રહી અસીમને પામવાની, ભૂમાને ભેટવાની કવિની ઝંખના યુવાવસ્થાથી તે જીવનના અંતકાળ સુધી એકધારી જ રહી. એની પાછળ આજીવન ઘુંટાયેલી અનુભૂતિ હતી --- અને એ અનુભૂતિ માત્ર 'સાધના', 'માનવ ધર્મ', 'પરસનેલિટી', 'આત્મપરિચય', 'ધર્મશિક્ષા', 'શિક્ષામિલન' ઇત્યાદિ લલિતેતર કૃતિઓમાં જ પ્રગટ થઇ છે એમ નહીં પણ જીવનની ઉત્તરાવસ્થામાં પણ અનેક લલિત સર્જનો દ્વારા પ્રગટ થઇ છે." (પૃ. ૩૦).

કવિવરના જીવનની તેમજ તેમના સાહિત્યની ને સમગ્ર રીતે કહીએ તો તેમની કલાજીવનની કે જીવનકલાના આવિષ્કરણની આ સમીક્ષા ચરિત્રકારના મૌલિક અભિગમની ફલશ્રુતિ છે. 'કવિવર ટાગોરનું જીવન-કવન' ભલે પ્રકરણમાં નિરૂપાયેલું હોય, તેમાંથી જે વિગતસમૃધ્ધ વ્યક્તિત્વ સાંપડે છે તે ટાગોરની વિભૂતિમત્તાનું છે. ચરિત્રમાં સિધ્ધ થયેલી આ અખિલાઇ એ પણ ચરિત્રનિરૂપણની એક નોંધપાત્ર સિધ્ધિ જ છે.

અનામીના જીવનઘડતરમાં એમના અધ્યાપકોનો ફાળો નિઃશંક અનન્ય છે. "'અનામી': એક વ્યક્તિવિશેષ" નામે પ્રથમ પ્રકરણમાંથી પણ આ સત્યની પ્રતીતિ થાય છે --- પણ એમણે એમના કેટલાક વિદ્યાગુરુઓ સંબંધે 'તસ્મૈ શ્રીગુરવે નમઃ' માં જે કંઇ વીગતે લખ્યું છે તેમાં પણ એમની શ્રધ્ધા-ભક્તિ સાથે કેટલાક સ્વતંત્ર નિરીક્ષણો ધ્યાનાર્હ છે --- અને એ લખાણોમાં શિષ્ટ સાહિત્યની ઘેરી છાંટ પણ છે. એમના આવા એક અધ્યાપક તે શ્રી ડાહ્યાભાઇ હરગોવિંદદાસ જાની ('સવ્યસાચી'). સુવર્ણજયંતી ના તા. ૨-૪-૭૦ ના અંક ૨૮ માં,

'મને સાભરે રે' એ શીર્ષક નીચે તેઓ આ અધ્યાપકને 'એક મર્મજ્ઞ અને મર્મધ્ન સહઆચાર્ય' તરીકે ઓળખાવે છે. આમ તો શ્રી જાની ઇ.સ. ૧૯૩૦માં મુંબઇ યુનિવર્સિટીના બી.એજી. થયા હતા પણ એમને સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, ઇતિહાસ, ગણિત અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં જીવંત રસ હતો. ખેતી વિજ્ઞાનના આ ગ્રેજ્યુએટ, અનેક ભાષાઓમાં અસરકારક ભાષણો આપી શકતા અને આકર્ષક રંગદર્શી શૈલીમાં લેખો અને પુસ્તકો પણ લખતા. અંગ્રેજીમાં 'રોમાન્સ ઓફ ધ કાવ' એ એમનો દળદાર ને ગૌરવપ્રદ ગ્રંથ છે. ગુજરાતીમાં 'દાયકે દશ વર્ષે', 'ઋણમુક્તિ' વગેરે એમનાં સારાં લોકોપયોગી પ્રકાશનો છે. વઢવાણ મ્યુનિસિપાલિટીના તેઓ એકવાર પ્રમુખ હતા ને 'શક્તિ' પત્રના તંત્રી પણ. રાણપુરથી નીકળતા 'ફુલછાબ'ના તંત્રીમંડળમાં પણ એમણે કામ કરેલું ને સેગાવમાં ઓલ ઇન્ડિયા સ્મોલ સ્કેલ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ ભારતન કુમારપ્પા સાથે તેઓ મંત્રી પણ હતા. આવા શક્તિશાળી એમના અધ્યાપક માટે તેઓ લખે છે : "શ્રી સર્વવિદ્યાલયમાં (કડીમાં) જે દોઢ બે વર્ષ એમણે ગાળ્યાં તે સમય દરમિયાન એમણે સંસ્થામાં નવચેતન રેડ્યું. શ્રી જાની જાતે જ સંસ્થા જેવા હતા. જીવંત વાતાવરણ સર્જવામાં શ્રી જાનીને કોઇપણ અધ્યાપક આંબી શકે નહીં. એમનામાં એક પ્રકારની મૌલિકતા હતી, વિચારોની તાઝગી હતી અને ક્ષણેક્ષણે નવા ઉન્મેષો દર્શાવતી બુધ્ધિને કારણે નવીનતા અને રમણીયતા અનુભવવા મળતાં. એમના વિદ્યાવ્યાસંગી જીવનમાંથી અનેક છાત્રોને પ્રત્યક્ષ પ્રેરણા મળતી."[૧૬]

તે સમયના આત્માર્થી આચાર્ય શ્રી બાપુભાઇ ગામી, શ્રી જાનીની મર્મજ્ઞતા ને રસિકતાના સારા જ્ઞાતા હતા. શ્રી જાનીના જ્ઞાન પર તેઓ મુગ્ધ હતા ને શ્રી જાનીને ઉપાચાર્ય બનાવવામાં

શ્રી ગામીનો જ મોટો હિસ્સો હતો. તા.૨૨-૧૦-૧૯૩૨ના શ્રી જાની પરના એક પત્રમાં આચાર્યશ્રી ગામી લખે છે : "યોર ઓનેસ્ટ - કાઇન્ડ એન્ડ સાયલન્ટ લુક્સ હોવર એરાઉન્ડ મી ડે એન્ડ નાઇટ ! "

શ્રી ગામી અને શ્રી જાનીના - આચાર્ય અને ઉપાચાર્યના - આવા મુગ્ધ સંબંધનો ઉલ્લેખ કરીને પછી અનામી લખે છે : "અલબત્ત, આચાર્યશ્રી ગામીનો આ પ્રતિભાવ તે સમયે (એટલે કે ૧૯૩૨માં) તદ્દન સાચો હતો પણ તે એકપક્ષી હતો એમ આજે મને લાગે છે. શ્રી છગનભાઇ કા. પટેલ, શ્રી પોપટલાલ ગુ. પટેલ, શ્રી અંબાલાલ ઇનામદાર જેવા પોતપોતાની રીતે સંસ્થાની નિષ્ઠાપૂર્વક વિશિષ્ટ સેવા બજાવતા અધ્યાપકો સાથે શ્રી જાનીનો મેળ ન ખાધો એનું મને શ્રી જાનીની મર્માંધ પ્રકૃતિ લાગે છે. આજે મને લાગે છે કે શ્રી જાની કેવળ મર્મજ્ઞ સહઆચાર્ય જ રહ્યા હોત તો? સંસ્થાના સહકાર્યકરો, સંસ્થા અને ખુદ શ્રી જાની - દરેકનું વિશેષ શ્રેય થયું હોત."[૧૭]

મુંબઇની 'ફાર્બસ સભા'ના, અનામીના ઇનામી નિબંધ 'ગુજરાતણોની શરીર સંપત્તિ', જે અમદાવાદની પ્રકાશન સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પુસ્તકરૂપે પ્રગટ કર્યો છે, તેની વિસ્તૃત ને વાસ્તવદર્શી પ્રસ્તાવના શ્રી જાનીએ લખી છે. તો શ્રી જાનીએ ગીતા નો પદ્યાનુવાદ કર્યો છે તેની છંદ-શુદ્ધિમાં અનામીનો મોટો હિસ્સો છે. લગભગ ત્રણ દાયકા સુધી (૧૯૩૦ થી ૧૯૫૮) આ ગુરુ-શિષ્યનો સંબંધ અતિ મધુર રહ્યો. છેલ્લા કેટલાક વર્ષો, સંન્યસ્ત ગ્રહન કરી તેઓએ રમણાનંદ સરસ્વતી તરીકે ભારતભ્રમણ કર્યું ને તા.૧૫-૮-૧૯૫૮ ના રોજ પ્રયાગમાં જલસમાધિ લીધી. ઉત્તરવયમાં ગુરુના યોગક્ષેમની જવાબદારી આ સદ્‌શિષ્યે અદા

કરેલી. પ્રયાગ જતા પહેલા, તા. ૮-૮-૧૯૫૮ના રોજ શ્રી અની અનામીને મળવા આવેલા. એમની પાસેથી રૂા. ૧૦૦ લઇને પછી કહે :

'લ્યો હવે આખરી અલવિદા !'

'કેમ આખરી ?'

'હું જલસમાધિ લેવા પ્રયાગ જાઉં છું.
તા. ૧૫-૮-૫૮નું મુહૂર્ત છે.'

'આવો આકરો નિર્ણય શાથી?'

'હવે મારે કોઇ કર્તવ્ય કરવાનું શેષ રહ્યું નથી.
ધરતીને નાહકનો ભાર શો?'

'મૃત્યુને તમો એટલું બધું સહજ સમજો છો?'
હસીને કહે : 'અવશ્ય; આ એક ઓરડામાંથી
બીજા ઓરડામાં જવા જેટલું સહજ.' ને આખરે
એમણે મનનું ધાર્યું જ કર્યું. અનામીના આ ગુરુએ એમનામાં ભાષા-શુધ્ધિ, ઉચ્ચાર-શુધ્ધિ, વક્તૃત્વકલા, પત્રલેખનકલા અને માનવ-વિદ્યાઓ (હ્યુમનીટીઝ) પ્રત્યે સજ્જ ને જાગ્રત કરી, લગની લગાડી.

અનામીના બીજા વિદ્યાગુરુ તે શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ. આમ તો મહાત્મા ગાંધીજીની વિદ્યાપીઠના, અર્થશાસ્ત્રના સ્નાતક હતા, પણ મેટ્રીક સુધી ગણિતશાસ્ત્ર પણ શિખવતા. એમના આ ગુરુની પ્રકૃતિ અને શિક્ષણ-રીતિ સંબંધે અનામી લખે છે: "અન્ય વિષયોની તુલનાએ ગણિતશાસ્ત્રનો વિષય પ્રમાણમાં નિરસ અને શુષ્ક, છતાંયે શ્રી પોપટલાલ એમના વિષયને સરળ અને રસિક બનાવવા નિત્ય-જાગ્રતિ દાખવતા. સ્વભાવે ધૂની ને અલ્પભાષી--મિતભાષી પણ વર્ગમાં વિષયના અમૂર્ત ધ્યર્થને વિશદ અને સ્પષ્ટ કરવા ભાષાનો અને દૃષ્ટાંતોનો વધુમાં વધુ ઉપયોગ કરતા.

જે દૃષ્ટાંતો આપે તેમાં પણ, વ્યવહાર જીવનમાં સામાન્ય રીતે ગંભીર લાગતા ને રહેતા શ્રી પોપટલાલ, શિક્ષણ-વિતરણની જીવંત ક્ષણોમાં પ્રસન્ન-મુદ્રાના લાગતા. કોઈપણ વિદ્યાર્થીની મૂંઝવણને તે આશ્ચર્યકારક રીતે સમયસર પકડી પાડતા અને એ મૂંઝવણ સો ટકા ટળે નહિ ત્યાં લગી અસામાન્ય ધીરજથી સમજાવ્યે જતા. પાંચ વર્ષના મારા અભ્યાસકાળ દરમિયાન એમના સ્વસ્થ મિજાજની કમાન ક્યારેય છટકી હોય, એનું મને સ્મરણ નથી. શિક્ષણકાર્ય કાજેની અનન્ય નિષ્ઠા અને વિદ્યાર્થીગણ માટેના નિર્વ્યાજ વાત્સલ્ય સિવાય સ્વભાવની આવી વિશિષ્ટતા સિધ્ધ કરી શકાય નહીં."[૧૮]

અનામીનો આ લાંબો લેખ 'ધરતી'ના 'શ્રી પોપટભાઈ પટેલ સ્મારકઅંક'માં પણ ૧૯૬૯માં પ્રગટ થયેલો. એના પ્રતિભાવ-રૂપે, મુંબઈથી તા. ૨૮-૧૧-૬૯ નો શ્રી પોપટભાઈનો, અનામી ઉપરનો પત્ર વાંચવા જેવો છે : "તમારા કડી સર્વવિદ્યાલય સંસ્થામાંના અભ્યાસકાળ દરમિયાન, તમારા એક ગણિત શિક્ષક-ગુરુ તેમજ સંસ્થાના એક કાર્યકર તરીકે મારા જીવનની નીતિરીતિ-વૃત્તિ અંગે, સાડાત્રણથી ચાર દાયકા જેટલા ભૂતકાળમાં ડોકિયું કરાવનારું તમારું જે સાહિત્યિક ને સંસ્કારી ચરિત્ર-આલેખન 'સુવર્ણજયંતી' (અંક-૮)માં પ્રગટ થયું તે બારીકાઈથી વાંચ્યું અને શક્ય તેટલી યાદદાસ્ત તાજી કરીને વિગતોની ચોકસાઈ, આલેખનનું ઔચિત્ય, પૃથક્કરણની સત્યતા, શૈલી સંબંધે પ્રતિભાવ, આત્મશ્લાઘાની માત્રાથી શક્ય તેટલા દૂર રહી, આપવા પ્રેરાઉં છું.

ચાર દાયકાના ગાળા પછી પણ તમે ભૂતકાલીન અનુભવ--સાગરમાં ખૂબ ઊંડે ડૂબકી મારીને જે અનુભવ-આલેખન કર્યું છે તે

મારી દૃષ્ટિએ તમોએ સરસ્વતીદેવીની ઉપાસના કરતાં કરતાં જે ગુણગ્રાહીની સદ્વૃત્તિ કેળવી છે તેને આભારી છે. મારી રીતિ-નીતિ-વૃત્તિ આદિની આઠદશ બાબતોનો તમોએ એ લેખમાં ઉલ્લેખ કર્યો છે, તે સર્વ બાબતોમાં તો નહિ પણ કોઇકમાં અમુક માત્રા તો કોઇકમાં થોડી વધુ માત્રા જેટલી સિધ્ધિ જાણ્યે અજાણ્યે મેળવાઇ હશે એવો ખ્યાલ આજે આવે છે. બે ત્રણ બાબતો સંબંધમાં તમોએ જે અદ્ભુત નિરીક્ષણ-પરીક્ષણ કર્યું છે તે જાણી મને નવાઇ લાગે છે કે તમોએ આટલો ઊંડો અભ્યાસ કેવી રીતે કર્યો? અને તે પણ વિદ્યાર્થી-અવસ્થામાં ! 'વિદ્યાર્થીની મૂંઝવણને આશ્ચર્યકારક રીતે સમયસર પકડી પાડતા.' આ શક્તિ તમારા ગુરુમાં કેવી રીતે આવી એનો કોઇ ખ્યાલ મને આવતો નથી. એ શક્તિ હતી ખરી એનો કંઇક ખ્યાલ આવે છે ખરો. મને લાગે છે કે એ કદાચ કુદરતી બક્ષિસ હશે.

'એમની તીક્ષ્ણદૃષ્ટિ પ્રત્યેક વિદ્યાર્થીના પ્રતિભાવની નોંધ લેતી.' શિક્ષકની આ શક્તિનો ખ્યાલ ખૂબ જ તેજ અને સતેજ વિદ્યાર્થીને જ આવે. ખરેખર મારા વર્ગમાનો કોઇ વિદ્યાર્થી બેધ્યાન રહી જ ન શકે તે રીતે મારી નજર વર્ગમાં સતત ફર્યા કરતી -- એટલે મારા કાર્યની અડધી સિધ્ધિ તો આથી જ થતી એમ મારું નમ્ર માનવું હતું.

'એમના સ્વસ્થ મિજાજની કમાન ક્યારેય છટકી હોય એનું મને સ્મરણ નથી.' મારી દૃષ્ટિએ આ જરીક અતિશયોક્તિ ગણાય. આ તો સ્થિતપ્રજ્ઞ જેવી કે તેની પાસેની-નજીકની સ્થિતિ ગણાય. એટલું ખરું કે ક્રોધને મારા જીવનમાંથી ખૂબ જ દૂર રાખવા પ્રયત્નશીલ રહેતો. એના અભ્યાસથી આજે પ્રસન્નચિત્ત રહી શકું છું." [૧૯]

અધ્યાપક ઉપરાંત શ્રી પોપટભાઇ પટેલ ગૃહપતિ તરીકે પણ આશ્રમની પ્રાર્થનાઓમાં સક્રિય રસ લેતા. તત્સંબંધે અનામી લખે છે : "રાગના ઘરમાં રહી તે ભજનો ગાતા, ગવડાવતા. 'રઘુવર તુમકો મેરી લાજ,' 'મો સમ કૌન કુટીલ ખલકામી', 'પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો', 'સબસે ઉંચી પ્રેમસગાઇ', 'મન લાગો મેરો યાર ફકીરીમેં', 'ગુરુ બિન કૌન બતાવે બાટ?' 'ઠાકુર તુમ શરણાઇ આયો', 'નામ જપન ક્યોં છોડ દિયા?', 'મારી નાડ તમારે હાથે હરિ સંભાળજે રે,' 'એક જ દે ચિનગારી, મહાનલ' વગેરે ભજનો તેઓ ભાવપૂર્વક લલકારતા. પ્રાર્થનાને અંતે ટૂંકુ પ્રવચન કરતા -- ક્વચિત્ પોતાના લગ્નજીવનમાં પાળવાના બ્રહ્મચર્યનું જાહેર પ્રતિજ્ઞા લઇ, વિદ્યાર્થીઓને અંતર્મુખ બનાવતા. પણાને એમનો સ્વભાવ નાળિયેર જેવો રુક્ષ ને શુષ્ક લાગે પણ ઉપરનાં છોતરાં ને કાચલું દૂર કરતાં અંદરના ગર્ભનું કોપરું ને પાણીની મીઠાશ અનુભવવા મળે."[20]

ઇ.સ. ૧૯૩૨ના, જાન્યુઆરીના છેલ્લા અઠવાડિયામાં, સરહદના ગાંધી ખાન અબ્દુલગફારખાન નિમિત્તે 'રેડ શર્ટ'- 'લાલ ખમીસ દિન' ઉજવવાનું કડીની સંસ્થાએ નક્કી કર્યું ત્યારે એક ટુકડીના નેતા તરીકે શ્રી પોપટભાઇની વરણી થયેલી જેમાં માંડ પંદર વર્ષની વયે શ્રી પટેલે (અનામીએ) તેમાં ભાગ લીધેલો ને પંદર દિવસની કાચી ને ચાર માસની પાકી જેલ ભોગવેલી. શ્રી પોપટભાઇ મુંબઇની લેજિસલેટિવ એસેમ્બલીના સભ્ય હતા ને સામાજિક કાર્યકર પણ. અનામીમાં ભક્તિ, રાષ્ટ્રભક્તિ અને સામાજિક સેવાની ભાવનાના આવિર્ભાવમાં તેમના આ ગુરુનો મહિમા મોટો છે.

ઓલિયા, નિરભિમાની, સમાજસેવક, સંસ્કૃતના વિદ્વાન

અને મહાન ગણિતજ્ઞ તથા જેમણે કડી સર્વવિદ્યાલય સંસ્થાની શરૂઆતથી જ તેમાં ઓતપ્રોત બની, પ્રથમ વીસીના ઉપપ્રમુખ-પ્રમુખ તરીકે સંસ્થાના સંગઠનને યોજવામાં, સંસ્કારવામાં અને સુદૃઢ બનાવવામાં અગ્રીમ ભાગ ભજવ્યો છે એવા અનામીના દૂરના પિતરાઇ પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણનું ઋણ પણ એમના પર ઘણું બધું છે. એમની ગણિતપ્રીતિ અને સંસ્કૃત ભાષા-સાહિત્ય પ્રત્યેનો લગાવ પ્રો. સ્વામીનારાયણને આભારી છે. પ્રો. સ્વામીનારાયણ માટે શ્રીમતી લીલાવતી મુનશીએ એમનાં 'રેખા ચિત્રો' માં, મુંબઇ ધારાસભાની બે દિવસની કાર્યવાહી વર્ણવી છે તેમાં પ્રો. સ્વામીનારાયણની આબેહૂબ છબિ મૂર્તિમંત થાય છે. દા.ત. "આ શ્રી સ્વામીનારાયણને કોણ નથી ઓળખતું? એમના બોલ અને એમની બોલવાની રીત, એમનો વેશ અને તે પહેરવાની રીત, એમના વિચારો ને તે દર્શાવવાની રીત, એ સૌ કોઇ કવિના શબ્દમાં અનેરા કહી શકાય. ચરોતર પ્રદેશની સઘળી સંસ્કૃતિના એમને મૂર્તિમાન અવતારરૂપ ગણી શકાય. એથી વધારે ઓળખાણ કોઇને જોઇએ તો તેઓ એકવાર ગણિતના પ્રોફેસર હતા અને જ્યારે તેઓ કોલેજમાં હતા ત્યારે ન્હાવાની ઓરડીની ભીંતો પણ ગણિતના દાખલાઓથી ભરી મુકતા; એવી એમની ગણિતભક્તિ હતી. મતે તેઓ જહાલ પક્ષના, હાલ કાઉન્સીલમાં સ્વરાજપક્ષ તરફથી બીરાજે છે -- એ અનેરી વિભૂતિને હું મારી અંજલિ અર્પું છું." (પૃ. ૨૦૭-૨૦૮). અનામીએ પણ એમના આ અનેરા ગુરુ માટે 'સુવર્ણજયંતી' ના અંક-૨૭ (તા. ૨૬-૩-૭૦) માં એક લાંબો લેખ લખી ભક્તિભાવભીની અંજલિ આપી છે. અનામીના આ ગુરુએ વર્ષો પૂર્વે, 'પરાક્રમી પૌરવ યાને ભારતનું ગૌરવ' તથા 'મહારાણા હમરસિંહ' નામના બે નાટક રચેલા જે પ્રગટ થયા છે -- પણ તેની જાણ ગુજરાતી સાહિત્યના

ઓછા અભ્યાસીઓને હશે. આ ઉપરાંત સં. ૧૯૬૪માં 'ઉદ્બોધન' નામે એક સારું માસિક નીકળતું જેના અનેક અંકોમાં પ્રો. સ્વામીનારાયણના વિજ્ઞાન-ગણિત-વિષયક લેખો અને સંસ્કૃત ભાષામાં લખાયેલા રાષ્ટ્રભક્તિના કેટલાક કાવ્યો પ્રગટ થયેલા જે સંબંધે અનામીએ લેખો પણ લખેલા.

અનામીના ચોથા વિદ્યાગુરુ તે, ઇ.સ. ૧૯૬૪માં ભારત સરકારનો આદર્શ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર લાડોલના શ્રી છગનભાઇ કાલિદાસ પટેલ. શ્રી છગનભાઇ કા. પટેલ પણ ગાંધીજીની વિદ્યાપીઠના સ્નાતક - ગુજરાતી હિન્દીના નિષ્ણાત ને નખશિખ રાષ્ટ્રભક્ત. એમને માટે અનામી લખે છે : "શ્રી બાપુભાઇ ગામી જેમ સંસ્કૃત-અંગ્રેજીના નિષ્ણાત તેમજ શ્રી છગનભાઇ કા.પટેલ ગુજરાતી-હિન્દીના. અમારા સમયમાં તો તેઓ અંગ્રેજી વ્યાકરણના 'બાં' ગણાતા. એ જમાનામાં એવું એકપણ ઉપલબ્ધ અંગ્રેજી વ્યાકરણ નહિ હોય જેનો સઘન અભ્યાસ છગનભાઇએ ન કર્યો હોય ! સો ટકા પૂર્વ તૈયારી વિના એ વર્ગપ્રવેશ કરે જ નહીં; અને વર્ગમાં પ્રવેશતાંની સાથે જ તેઓ ચોકનો ખોડો કાઢી નાખે ! તાસ પૂરો થાય ત્યાં સુધીમાં કૃષ્ણફલક પર બસ લખ્યે જ રાખે. પ્રમાણમાં સ્થૂલ કાયા પરસેવે રેબઝેબ થાય, ચોકના લાખ્ખો શ્વેત પરમાણુ પરસેવામાં ને વાતાવરણમાં ભળે પણ શિક્ષણ-વિતરણમાં રત બનેલા છગનભાઇ નિત્યની પ્રસન્ન મુદ્રામાં જ દીધે રાખે !

સમયનું લવ ભાન રહે નહીં
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં

આ બીજી પંક્તિમાં 'સ્નેહ'ને બદલે 'શિક્ષણ' શબ્દ મૂકીએ તો છગનભાઇની તન્મયતાનો સાચો ખ્યાલ આવે."[29]

શ્રી બાપુભાઇ ગામી (સંસ્થાના આચાર્ય) અને શ્રી છગનભાઇ કા. પટેલની તુલના કરતાં અનામી લખે છે : "શ્રી ગામીની જેમ શ્રી છગનભાઇ કા. પટેલ પણ અવારનવાર મહર્ષિ અરવિંદના આશ્રમમાં સાધના અર્થે જતા. આમ રાષ્ટ્રપિતા ગાંધીજી અને મહર્ષિ અરવિંદ ભારતની તેમજ વિશ્વની-તત્કાલીન (અને ભાવિની પણ) બે મહાન વિભૂતિઓની પ્રત્યક્ષ અસરને પ્રેરણા નીચે ઉભયનું જીવન-ઘડતર થયું. કડીની સંસ્થામાં શરૂથી જ રાષ્ટ્રીયતાનો આવિર્ભાવ થયો તેમાં આ બે અને શ્રી પોપટભાઇ પટેલ ત્રીજા મહાનુભાવોનો સક્રિય ફાળો પણ ખરો જ. ૧૯૩૦-૩૨ની ને ૧૯૪૨ની રાષ્ટ્ર-વ્યાપી અસહકારની અને 'ભારત છોડો' (ક્વીટ ઇન્ડિયા) ની ચળવળમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણગણે ભાગ લઇ જેલનિવાસ સ્વીકાર્યો એનું શ્રેય આ શિક્ષકત્રિપૂટીને."[૨૨]

શ્રી છગનભાઇ કા. પટેલ અને શ્રી બાપુભાઇ ગામીની આધ્યાત્મિકતાની તુલના કરતાં અનામી લખે છે : "બંનેયમાં કવિહૃદય, બંનેય ભક્તિનમ્ર. શ્રી ગામીની આધ્યાત્મિકતા સ્થિર ગતિએ વહેતી સરિતા જેવી જ્યારે શ્રી પટેલની સાગર જેવી -- ભરતી-ઓટ વાળી. આશ્રમ પ્રાર્થના સમયે, ઊંડી ગભીરતાથી 'પ્રાતઃ સ્મરામિ હૃદિ સંસ્ફુરત્ આત્મ તત્ત્વમ્' ગાતા-ગવડાવતા બાપુભાઇ અને દાસ કબીરનું, પૂરી તન્મયતાથી, 'ઝીની ઝીની બિની ચદરિયા' ભજન ગાતા-ગવડાવતા છગનભાઇને આજેય જ્યારે યાદ કરું છું ત્યારે બાસ્સો ચાર દાયકાનો કાળનો પડદો હટી જાય છે ને મને મારા એ પુરાણા (પુરા + નવ) જૂના પણ નવીન સંદર્ભમાં તાજા ને જીવંત લાગે છે."[૨૩]

અંતમાં તેઓ લખે છે : "એમના જ પ્રિય ભક્તકવિ કબીરની

નીચેની પંક્તિઓમાં એમના જીવનકાર્યનું સાચું પ્રતિબિંબ પડેલું મને દેખાય છે :

મન લાગો મેરો યાર ફકીરીમેં
જો સુખ પાયો રામભજનમેં
સો સુખ નાહીં અમીરીમેં.

અહીં 'ફકીરી' અને 'ભજન' એટલે કેવળ શિક્ષણને જ વરેલા આજીવન શિક્ષકની, વિનયન અને શિક્ષણ-ભક્તિની ફકીરી સમજી લેવાની."[૨૪] અનામીને ઈનામી નિબંધ-હરીફાઈઓમાં સક્રિય રસ લેતા કરેલા એમના આ વિદ્યાગુરુ શ્રી છગનભાઈ પટેલે.

અનામીના પાંચમા વિદ્યાગુરુ તે એમના 'ધર્મપિતા' સમાન આચાર્ય શ્રી બાપુભાઈ ગામી. સંસ્કૃત-અંગ્રેજી વિષયો લઈ, મુંબઈ યુનિ.ના ગ્રેજ્યુએટ (ઓનર્સ) થયેલા. વેદ-ઉપનિષદ-ગીતાનો તેમણે અભ્યાસ ઘણો ઊંડો હતો. પ્રસ્થાનત્રયી પર ભાષ્ય રચે તે આચાર્ય - એ અર્થમાં આચાર્ય નહિ પણ વિવિધ શાસ્ત્રોમાંથી રહસ્ય શોધન કરવું, જીવન વ્યવહારમાં વિવેકપૂર્વક એનો સમ્યક્ સમાસ કરવો અને મુખ્યતઃ જીવનમાં એનું આચરણ કરવું એ અર્થમાં શ્રી ગામી ખરેખર આચાર્ય હતા.

શ્રી ગામીના વ્યક્તિત્વનું સૂક્ષ્મ પૃથક્કરણ કરતાં અનામી લખે છે : "શ્રી ગામીની આર્થિક સ્થિતિ સારી નહોતી પણ જીવનમાં તે કદાપિ અર્થ-દાસ નહોતા -- એમના યોગે ગરીબાઈ પણ ગૌરવવંતી બનતી. સાદું જીવન અને ઉચ્ચ વિચાર (સીમ્પલ લીવીંગ એન્ડ હાઈ થીન્કીંગ) એ એમનું જીવનસૂત્ર હતું. બુધ્ધના નયનોની કરુણાનો કેટલોક અંશ એમનાં નયનોમાં હતો. કોઈના પણ પ્રત્યે એમને અસદ્ભાવ હશે કે કેમ એ જ મારે મન પ્રશ્ન છે.

પ્રેયસ્ કરતાં શ્રેયસને વરેલો એમનો આત્મા હતો. સંસારની વ્યવહાર-પ્રાપ્ત અને શિક્ષણની પારમાર્થિક ફરજો તેઓ નિષ્ઠા ને આનંદપૂર્વક બજાવતા, પણ એમની લગની દિવ્યતત્ત્વમાં નિરંતર લાગેલી રહેતી. એમણે સ્વીકારેલો વ્યવસાય આજીવિકા-પ્રાપ્તિના સ્થૂલ સાધન કરતાં આત્માના શ્રેયનું સૂક્ષ્મ સાધન વિશેષતઃ હતું. શિષ્યોનો ઉત્કર્ષ-ઉત્તરોત્તર વિકાસ એ જ એમનો પરમ ને સાત્ત્વિક આનંદ હતો. સંસ્કૃત ને અંગ્રેજી શિખવતાં એમને પણ આત્માભિવ્યક્તિનો ચરમ આનંદ આવતો. શિષ્યોને જોતાં જ એમને શિખવવાનો ખ્હાનો ચઢતો. કોઇ સામાન્ય વસ્તુ જડ વિદ્યાર્થીને સમજાય નહિ ત્યારે એમનો પિત્તો તો જતો પણ માત્ર આટલું જ બોલતા : 'આમાં શા મોટા વેદ ભણવાના છે તે સમજાતું નથી !' --- એ પછી શરદપૂનમની ચાંદની જેવું સ્મિત!"[૨૫]

આ જ આચાર્ય ગામી એમના અતિ પ્રિય વિદ્યાર્થી અનામીને એમની અંગત લાયબ્રેરીનાં પુસ્તકો વાંચવા આપતા, સંસ્કૃતમાં કાવ્યરચના કરવા ઉત્તેજતા, અંગ્રેજી કાવ્યોના અનુવાદ કરાવતા ને કોક સારો લેખ લખાય તો મઠારીને તે સમયનાં માસિકો-સામયિકોમાં જાતે જ મોકલી આપતા. મેટ્રીક પછી શ્રી પટેલને સર્વવિદ્યાલય, કડીમાં અધ્યાપક તરીકે રાખનાર પણ આચાર્ય શ્રી ગામી અને ડિગ્રીની ઉપાધિ લેવા કોલેજમાં મોકલનાર પણ આચાર્ય ગામી. એમ.એ. થયા બાદ, અનામીને પીલવાઈની શેઠ જી.સી. હાઇસ્કૂલમાં વાઇસ-પ્રિન્સિપાલ તરીકે નિમનારા પણ આચાર્ય ગામી અને ઇ.સ. ૧૯૪૫માં બી.ટી. કરવા મોકલનાર ને એ પછી હાસ્કૂલ કરતાં કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જવા પ્રેરણા આપનાર પણ આ જ આચાર્ય ગામી. એમના આ વિદ્યાગુરુ અને ધર્મપિતા માટે અનામી ઉપસંહારમાં લખે છે :

"એમના આચાર વિચારમાં અદ્ભુત એકતા હતી. એમની જ્ઞાન-મર્યાદાને અતિક્રમવા તે નિત્યજાગ્રત રહેતા. એમને અને દંભને આડવેર હતું. પોતાથી કે અન્યથી કોઈને પણ થતા અન્યાય પ્રત્યે એમનો પુણ્ય-પ્રકોપ જાગી ઉઠતો. આત્માના વિકાસ સિવાય એમને કશામાં રસ કે મોહ નહોતો. મોટી રજાઓમાં તેઓ નિયમિત, મહર્ષિ અરવિંદના આશ્રમમાં પાંડિચેરી રહેવા જતા. યોગ સાધનામાં આગળ વધેલા શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી ગિરધર લાલ અને શ્રી પૂજાલાલ દલવાડી સાથે તેમને સારો સબંધ હતો. ટૂંકા આયુષ્યની અવધીમાં (માંડ ૪૫ વર્ષ)પણ તેમણે પારમાર્થિક જીવનના સુ મ અને સાત્ત્વિક પાથેયની ઠીકઠીક આરાધના-સાધના કરેલી. આવા આત્માર્થી આચાર્ય પામવા બદલ, આજેય તે હું ગૌરવ અનુભવું છું."[26]

એમના આ શ્રેયાર્થી આચાર્યને અભિનંદતું તેમણે એક સોનેટ પણ રચ્યું છે જે આ પ્રમાણે છે :

આચાર્યશ્રી ગામીને

ગામી! તમે યાત્રિક ઉર્ધ્વગામી,
સંસારી તો યે વર આપ્તકામી.
અનન્તનો આત્મ તવ પ્રવાસી,
મને મથુરાં, શુભ કાય કાશી.

ન્હાની વયે પામી ગયા રહસ્ય :
'કલ્યાણકર્તા તણી દુર્ગતિ ના'.
અભ્યાસ-યોગે-રત-સંગીતે આ,
ક્ષણેક્ષણે જીવી ગયા જ સત્ય.

સંવાદ સર્વત્ર: પ્રસન્નતા શી !
સંગ્રામ તો આંતર-કુરુક્ષેત્રે.
દિવ્યપ્રભા-છાલક સૌ મ્નનેત્રે
કૌશલ્ય કર્મે, વિકસન્ત યોગી.

જ્યાં જ્યાં તમે વિચરતા પથરાય શાતા,
સંઘર્ષ માહીય સમન્વય ગીત ગાતા.[૨૭]

પ્રો. ઈશ્વર પરમાર સંપાદિત 'સર્જકની શિક્ષકગાથા' (પૃ. ૪૪-૪૫)નામના પુસ્તકમાં અનામીએ એમના જીવનઘડતરમાં સક્રિયભાગ ભજવનાર એમના અનેક ગુરુઓનો ભક્તિભાવભીનો ઉલ્લેખ કર્યો છે, જેમાં પ્રાથમિક શિક્ષણથી એમના પીએચ.ડી.ના શોધપ્રબંધમાં મદદ કરનાર વિદ્યાગુરુઓનો આભાર માન્યો છે; પણ એમના વ્યક્તિત્વના વિકાસકાળે જે વિદ્યાગુરુઓએ સક્રિય ને વિધેયાત્મક ભાગ ભજવ્યો છે તે તો 'તસ્મૈ શ્રીગુરુવે નમઃ' માંના મુખ્ય પાત્ર. આ પાત્રોના શબ્દચિત્રોના નિરૂપણમાં અનામીની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ, માનવસ્વભાવની સાચી, પરમ, એનું તોલન કરવાની વિવેકબુદ્ધિ અને ન્હાની વયે દાખવેલી ધાર્ણી-શક્તિનું પણ દર્શન થાય છે. આ શબ્દચિત્રોની ભાષા પણ પ્રાસાદિક અને સમાર્જિત છે. ટાગોરનું નિરૂપણ જે વિશાળ ફલક પર છે તો આ નાના પાયા પરના નિરૂપણમાં પણ કવિની સંવેદનાનો અસલ સ્પર્શ વરતાય છે.

૩. નિબંધલેખન (દીર્ઘ અને લઘુનિબંધો)

ઇનામી નિબંધ-સ્પર્ધાઓમાં વિજયી નીવડેલ અનામીના કેટલાક દીર્ઘનિબંધો જે તે સાહિત્યસંસ્થાઓએ પ્રગટ કર્યા છે; જેમાં 'આપણું રાષ્ટ્રગીત', 'સહશિક્ષણ', 'દાંત અને તેની સંભાળ' અને 'ગુજરાતણોની શરીરસંપત્તિ'નો સમાવેશ થાય છે. આ બધાની વીગતે ચર્ચા-વિચારણા અહીં પ્રસ્તુત છે.

'આપણું રાષ્ટ્રગીત' નામે પુસ્તિકા ઇ.સ. ૧૯૬૫માં પ્રગટ થઇ ત્યારે તે સમયના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇએ શુભેચ્છાઓ પાઠવતા બે બોલરૂપે લખેલું કે "રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા અંગે નિબંધશૈલીમાં લખાયેલ આ નાનું પુસ્તક એકી બેઠકે વાંચવાનું ગમે એવું છે. રાષ્ટ્ર, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતને માટે કરેલું વિવેચન વાચકોને રસપ્રદ લાગશે તથા સરળ અને રાષ્ટ્રભાષા દ્વારા સમજણપૂર્વક ત્રણે વસ્તુઓનો ખ્યાલ આપી શકશે એવું મારું માનવું છે. વાચકવર્ગમાં આ પુસ્તક પ્રિય થઇ ઉપડશે."

'રાષ્ટ્રની ભાવાત્મક એકતા'નો પ્રાણ પ્રશ્ન ઇ.સ. ૧૯૬૧માં દિલ્હીમાં મળેલી 'રાષ્ટ્રીય એકતા પરિષદ'માં અનેક બિન્દુથી છણાયો હતો. તે પરિષદમાં, રાષ્ટ્રીય એકતા હાંસલ કરવા માટે લગભગ ચારસોથી વધુ સૂચનો આવેલાં. પ્રો. હુમાયુ કબીર અને ડો. પાણીકરે 'રાષ્ટ્રીય એકતાના અભાવનો વધુ પડતો ઊહાપોહ થાય છે' એવો સ્વતંત્ર સૂર પણ કાઢેલો. રાજકારણે અને ચૂંટણીઓએ રાષ્ટ્ર-ઐક્યની દીવાલમાં મોટું ગાબડું પાડ્યું છે એમ ડો. ઝાકીરહુસેને કહ્યું હતું. દેશમાંથી ભાષાકીય રાજ્યો

પડતા મૂકવા, દેશ માટે એક જ સરકાર રચવી, જ્ઞાતિવાદ, કોમવાદ, ભાષાવાદ નાબૂદ કરવા, ધર્મ-કોમ ને જ્ઞાતિનું રાજકારણ સાથેનું લગ્ન તોડવું, યોગ્ય પ્રકારની કેળવણી પર ભાર મૂકવો, સહિષ્ણુતા ને સમન્વયબુધ્ધિ વધારવા, રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ને ધાર્મિક - બધા પ્રકારનાં સંવાદી કાર્ય દ્વારા રાષ્ટ્રીય એકતાને દૃઢાવવી - આવા આવા અનેક સૂચનો થયા હતા ને 'રાષ્ટ્રીય એકતા ઈંટ, ચુના કે પથ્થરથી હાંસલ ન થાય, એ તો શિક્ષણના માધ્યમ દ્વારાજ સફળતાપૂર્વક હાસલ કરી શકાય' - એમ ડો. રાધાકૃષ્ણને સાચી વાત ઉચ્ચારી હતી. પરિષદની પૂર્ણાહુતિ સમયે પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે "આ પરિષદ આપણા સહુની શ્રધ્ધા દર્શાવે છે - ને તેના નિર્ણયો ભારતની જનતામાં અને આપણે સહુ સાથે મળીને કામ કરી શકીએ તેમ છીએ તે હકીકતમાં શ્રધ્ધા દર્શાવે છે."[૨૮] પરિષદે ૩૫૦૦ શબ્દોનું વિસ્તૃત નિવેદન પણ બહાર પાડયું હતું.

શ્રી રાજાજી કહે છે તેમ 'રાષ્ટ્રીય ઐક્યભાવ એક સૂક્ષ્મ માનસભાવ કે મનોદશા છે.' આવો સૂક્ષ્મ માનસભાવ કે મનોદશા કેળવવામાં 'આપણું રાષ્ટ્રગીત' પણ યત્કિંચિત ભાગ ભજવી શકે તેમ છે.

દિલ્હીમાં મળેલી એ 'રાષ્ટ્રીય એકતા પરિષદ'ના અરસામાં આ પુસ્તિકાના લેખકને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આપણા રાષ્ટ્રગીતનો ખ્યાલ આપી એના સામૂહિક ગાનની તાલીમ આપવાની જવાબદારી આવી પડેલી જેના સુભગ પરિણામરૂપે આ લાંબો નિબંધ પ્રાપ્ત થયો છે.

આ પુસ્તિકાનું પ્રથમ પ્રકરણ છે 'રાષ્ટ્ર ને રાષ્ટ્રીય એકતા :

પ્રાચીન દૃષ્ટિએ', જેમાં ઋગ્વેદથી માંડીને તે અર્વાચીનકાળ સુધીની રાષ્ટ્રની વિભાવના અને રાષ્ટ્રીય એકતાની વાત, ઐતિહાસિક, ભૌગોલિક અને ધાર્મિક-આધ્યાત્મિક દૃષ્ટિએ સદૃષ્ટાંત વીગતે ચર્ચી છે; એમાં ઋગ્વેદની ઋચાઓ ઉપરાંત પુરાણોનો આધાર પણ લીધો છે. 'અશ્વમેધના યુજુસ મંત્રો' નામના ડો. એસ. એસ. ભાવેના ગ્રંથનો તેમ જ મહર્ષિ અરવિંદના 'એજ ઓફ કાલિદાસ'નો પણ સમુચિત ઉપયોગ કર્યો છે. કે. પી. જયસ્વાલના 'ઇન્ડિયન પોલીટી', કાકા સાહેબના 'હિમાલયનો પ્રવાસ' અને સ્વામી આનંદ તથા ઉમાશંકર જોષીના લેખોનો પણ ઉપયોગ કર્યો છે. અન્તમાં કહે છે કે દેશદાઝ-દેશભક્તિનો ભાવ તો અતિ પ્રાચીન છે જેને પ્રતાપે કવિ ઇકબાલ કહે છે તેમ 'કુછ બાત હૈ કિ હસ્તી, મિટતી નહીં હમારી.' — ભલે એની તુલનાએ 'યૂનાનો, મિસ્ત્રો, રૂમા, સબ મિટ ગયે જહાઁસે; અબ તક મગર હૈ બાકી, નામો નિશાં હમારા.' પછી ભલેને 'સદિયોં રહા હૈ દુશ્મન, દૌરે-જમાં હમારા.'

'રાષ્ટ્ર અને રાષ્ટ્રીય એકતા : અર્વાચીન દૃષ્ટિએ' એ નામના બીજા પ્રકરણમાં લેખકે એ હકીકતનું પ્રતિવાદન કર્યું છે કે જેટલી ભિન્નતા ભારતીય સંસ્કૃતિ અને યુરોપીય સંસ્કૃતિમાં છે તેટલી જ ભિન્નતા રાષ્ટ્ર-વિષયક વિભાવનામાં પણ છે. પશ્ચિમના દેશોમાં પોત પોતાના રાષ્ટ્રીય સ્વાર્થનું પ્રાણપણે રક્ષણ ને પોષણ કરવામાં કોઇ આંતરિક મતભેદ નથી હોતા — એ બાબતમાં તેઓ એકાગ્ર, પ્રબળ, નિષ્ઠુર હોય છે જ્યારે રાષ્ટ્રને બદલે જાતિનું રક્ષણ કરવું એ આપણા ઊંડા સંસ્કાર છે. ઐતિહાસિક દૃષ્ટિએ રાષ્ટ્રીય એકતાની બાબતમાં ભારત ગૌરવ લઇ શકે તેમ નથી. આપણી સ્વાર્થબુધ્ધિ અને ભેદબુધ્ધિએ આપણને પ્રજા તરીકે

એક થવા દીધા નથી. ધર્મ અને સંપ્રદાયની સંકુચિતતાએ સમગ્ર રાષ્ટ્રનો વિચાર કરવા દીધો નથી. બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો સમગ્ર હિંદની વહીવટી એકતા અંગ્રેજ અમલને આભારી છે. રાષ્ટ્રની એકતાને દૃઢાવનારું એક બળે છે 'સમાન રાજકીય આકાંક્ષાઓ' (કોમન પોલીટીક એસ્પીરેશન્સ) આપણી આકાંક્ષાઓ ક્યારે ય 'સમાન' હતી?

રાષ્ટ્ર અને રાષ્ટ્રીય એકતાની કેટલીક અનિવાર્ય શરતોનો વિચાર કરતા લેખક સંક્ષેપમાં ઘણુંબધું કહી નાખે છે: "એક જ જાતિ (રેસ), એક જ સીમિત પ્રદેશનિવાસ, એક જ ભાષા, એક જ સંપ્રદાય-ધર્મ, એક જ ઇતિહાસ, એક જ પરંપરા, સમાનહિતો, સમાન રાજકીય આકાંક્ષાઓ, સમાન આદર્શો — એથી રાષ્ટ્ર બને અને રાષ્ટ્રની અખંડિતતા જળવાઈ રહે એ પણ સંપૂર્ણ સત્ય નથી. (પૃ. ૧૪). તો પછી સત્ય શું છે? તો કહે છે: "એકતાનો ભાવ જન્માવનાર સૂક્ષ્મ પરિબળો તો તો તેમના પ્રજાકીય સામૂહિક પુરુષાર્થ, સમાન ભવ્ય ઇતિહાસ, કલા, સાહિત્ય અને ઉજ્જવળ સંસ્કૃતિમાં પડેલા હોય છે. ઐક્યના પેલા બાહ્ય પરિબળો કરતા આ પરિબળો અતિશય સૂક્ષ્મ રીતે કામ કરતા હોય છે. રાષ્ટ્રીયતા એ તો એક પ્રબળ ભાવના છે જે વિશેષતઃ પ્રજાના અંતરમાં ઉગતી હોય છે જે પ્રજાને સંવાદી જીવન જીવવા સતત પ્રેરે છે. કૈંક અંશે એ આધ્યાત્મિક વૃત્તિ જેવી છે. એ ભાવનાત્મક એકતાવૃત્તિ, ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ પ્રજાને જીવંત ને અખંડિત રાખે છે."(પૃ. ૧૪).

આપણા સ્વાતંત્ર્યના સંગ્રામ સાથે આપણી રાષ્ટ્રીયતાનો ઇતિહાસ પણ લગભગ શરૂ થાય છે એવું વિધાન કરી, પશ્ચિમના રાષ્ટ્રોની રાષ્ટ્રીયતા જ્યારે વકરીને વિપથગામી બની છે ત્યારે આપણા સંસ્કારી લોકનેતાઓ ગાંધીજી-ટાગોર અને

જવાહરે – એને માનવમાત્રનું કલ્યાણ કરનારની દિશામાં વળાંક આપ્યો છે. ટાગોર કહે છે તે પ્રમાણે "કંજૂસના ઘરમાં પડયું પડયું સડતું આતિથ્યભ્રષ્ટ આસન નહિ, પણ સૌ જેના ઉપર વિના વિરોધે સ્થાન પામી શકે એવું ઉદાર આસન એ જ ચિરંતન ભારતવર્ષનું, સ્વરચિત આસન છે." (પૃ. ૧૭). વિશ્વની અને 'વિશ્વમાનુષ'ની ભવ્ય કલ્પના કરનાર ભારતવર્ષની રાષ્ટ્રીયતા સંકુચિત હોઇ શકે નહીં.

ત્રીજા પ્રકરણનું શીર્ષક છે 'રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત'. આપણી રાષ્ટ્રીયતાને પોષવામાં અને આપણી સ્વતંત્રતાને હાસલ કરવામાં આ બંને ભાવનાત્મક વસ્તુઓએ અતિ અગત્યનો ભાગ ભજવ્યો છે એટલે લેખકે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એ બંનેની વિચારણા અને મીમાંસા કરી છે. લેખક કહે છે કે ધ્વજનો સંબંધ રાજા, રાજ્ય અને ધર્મ સાથે સંકળાયેલો છે. રાજમુગટ, રાજદંડ, રાજસિંહાસન, રાજછત્ર – એ જેમ સંકેતો છે તેમ જ ધ્વજ પણ એક સંકેત છે –– પછી એ ધર્મધ્વજ હોય કે રાષ્ટ્રધ્વજ હોય. કોઇપણ જૂના ખ્રિસ્તીને મન જેમ ક્રોસ એ પૂજ્યવસ્તુ છે તેમજ મુસલમાનો અને ખ્રિસ્તીઓના ધર્મયુધ્ધોમાં (ક્રુઝેડો) વાવટો એ ઊંડી ધાર્મિક લાગણીનો સંકેત બન્યો ––– આમ એક ટુકડા કાપડમાં પૂજા–અપમાનની ભાવના ભળતાં તે તે પ્રેરણા અને રક્ત–પાતનું કારણ પણ બન્યો. આપણા રાષ્ટ્રધ્વજ અંગે શ્રી કિશોરલાલ મશરૂવાળા 'સમૂળી ક્રાંતિ'માં લખે છે : "કોઇ મૂર્તિપૂજા–પરાયણ કોંગ્રેસ સભાસદને વાવટા–પૂજાનો ચેપ લાગ્યો, તેણે એ ચેપ ગાંધીજીને અડાડયો, અને તેમાં તે ઝડપાયા. પછી એ સમગ્ર કોંગ્રેસને ઊડયો અને તેના વિરોધીઓને પણ રૂપાન્તર કરીને ઊડયો. ચરખા––ચિહ્નવાળો ત્રિરંગી ઝંડો ઉત્પન્ન થયો; એના વિરોધમાં

યુનિયન જેક તો હતો જ, લીગનો લીલો - ચંદ્રતારા ઝંડો, હિંદુમહાસભાનો ભગવો ઝંડો અને બીજા નાનામોટા વિવિધ ઝંડાઓ થયા -- ઝંડો પૂજનીય મૂર્તિ બન્યો. તેની ઉપર સ્ત્રી-પુરુષના લોહી રેડાયા." (પૃ. ૨૦). આ પછી તો ઉત્તરોત્તર એનો ભાવનાત્મક વિકાસ થતો ગયો અને રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રસેવા -- અરે ! રાષ્ટ્રનું જે કંઇ સાર સર્વસ્વ - તેનું આરોપણ રાષ્ટ્રધ્વજમાં થયું --

માતૃભૂમિકા તનમન સારા
ઝંડા ઉંચા રહે હમારા.

હિંદી કવિ મૈથિલી શરણ ગુપ્તે અહિંસક રીતે ગાયું :

હાથો મેં હથિયાર ન થે,
હાઁ થી બસ યહી પતાકા.

આ પછી લેખક શ્રી સિયારામશરણ ગુપ્ત, શ્રી હરિકૃષ્ણ 'પ્રેમી', શ્રી જ્વાલા પ્રસાદ વગેરેના રાષ્ટ્રધ્વજ વિષયક ગીતોને ટાંકીને અન્તમાં કહે છે : "કોંગ્રેસના નેતૃત્વ નીચે ચાલતી, ભારતના સ્વાતંત્ર્યની રાષ્ટ્રીય અહિંસક લડાઇઓમાં તે વખતે ત્રણ પ્રકારના ગીતો-કાવ્યો લખાતાં હતાં : ૧. કૂચ-ગીતો, જેમાં જોશ, ઉદ્બોધન અને પ્રેરણા મુખ્ય હોય. ૨. ઝંડાવંદન ગીતો જેમાં ભાવનાભક્તિ ને બલિદાનની પ્રેરણા હોય. અને ૩. રાષ્ટ્રગીતો જેમાં જન્મભૂમિને જનનીપદે સ્થાપી, સમગ્રતયા એના ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક માહાત્મ્યને બિરદાવ્યું હોય."(પૃ. ૨૨)

'આપણા રાષ્ટ્રગીત' નામના ચોથા પ્રકરણમાં લેખકે 'એનસાઇક્લોપિડિયા બ્રિટાનિકા' અને 'એવરીમેન્સ એનસાઇક્લો-પિડિયા'નો હવાલો આપી 'નેશનલ એન્થેમ' અને 'નેશનલ હીમની

ઝીણી ભેદરેખા સ્પષ્ટ કરી છે અને ગુજરાત તથા અન્ય રાજ્યોના કવિઓએ પોતપોતાની ભાષાઓમાં રચેલાં પ્રાદેશિક -ભક્તિગીતોનો ખ્યાલ આપી અન્તમાં કહ્યું છે :
"ભારતમાં કોંગ્રેસની સ્થાપના પછી તેનાં અનેક અધિવેશનો ભરાયાં ને એ અધિવેશનો દરમિયાન અનેક ગીતો ગવાયાં, પણ એ અનેક ગીતોમાંથી 'રાષ્ટ્રગીત'ની કક્ષાએ, અવારનવાર ચાર ગીતો ટકી રહ્યાં. એ ચાર રાષ્ટ્રગીતો નીચે પ્રમાણે છે :

૧. 'અયિ ભુવન-મનો-મોહિની' - રવીન્દ્રનાથ ટાગોર.
૨. 'સારે જહાઁસે અચ્છા હિન્દોસ્તાઁ હમારા' - ઇકબાલ.
૩. 'વંદે માતરમ્' - બંકિમ બાબુ.
૪. 'જનગણમન અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા' - રવીન્દ્રનાથ ટાગોર."

(પૃ. ૨૬)

પાંચમાં પ્રકરણમાં લેખકે, રવીન્દ્રનાથ ટાગોરના રાષ્ટ્રગીત 'અયિ ભુવન-મનો-મોહિની'નું વિવરણ આપ્યું છે. ઇ.સ. ૧૮૯૬માં કોંગ્રેસની બારમી બેઠક કલકત્તા ખાતે મળેલી ત્યારે આ ગીત ગાવામાં આવેલું. 'આશ્રમ ભજનાવલિ'માં આ ગીતને રાષ્ટ્ર-ગીતનું બહુમાન અપાયું છે. ગીત તરીકે એ ઉત્તમ છે જ. આ ઉપરાંત રાષ્ટ્રગીતના કેટલાક વિશિષ્ટ લક્ષણોથી એ અંકિત હોવા છતાં પણ સંસ્કૃત પ્રાચુર્ય અને સ્મૃતિક્ષમતાના અભાવને કારણે એ રાષ્ટ્રગીત તરીકે ટકી શક્યું નહીં. કવિએ આ ગીતમાં ચિત્રાત્મક કલ્પના દ્વારા ભારતભૂમિની સૂક્ષ્મ સંપત્તિને મૂર્ત સ્વરૂપ આપવાનો ઊંચા પ્રકારનો સફળ પ્રયાસ કર્યો છે એ એની વિશેષતા છે. છઠ્ઠા પ્રકરણમાં, ઇકબાલના 'સારે જહાઁસે અચ્છા હિન્દોસ્તાઁ હમારા' એ રાષ્ટ્રગીતનું વિવરણ આપી લેખક તુલનાત્મક દૃષ્ટિએ લખે છે :
"'અયિ ભુવન-મનો-મોહિની' કરતાં રાષ્ટ્રગીત થવાને માટે આ

ગીતની વિશેષતાઓ અધિક છે. પ્રથમ તો એ ટૂંકું છે, ગેય છે, સર્વને સમજાય એ પ્રકારનું છે. એમાં એકતાનો ભાવ સુંદર રીતે નિરૂપાયો છે. દેશની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક ઘટનાઓને ગીતમાં સુંદર રીતે વણી લેવામાં આવી છે – ને તે વખતના ગુલામીના દર્દને પણ અંતે વાચા આપવામાં આવી છે. કવિતાની દૃષ્ટિએ પણ આદિથી અંત સુધીમાં ઊંચી કક્ષા જળવાઈ છે. 'અયિ ભુવન–મનો–મોહિની' કરતાં આની સ્મૃતિક્ષમતા વધારે છે. વળી એની મોટામાં મોટી વિશેષતા એ છે કે તે રાષ્ટ્રીયભાષામાં લખાયેલું છે. અનેક વર્ષો સુધી આપણા દેશે આ ગીતને મન મૂકીને ગાયું છે." (પૃ. ૩૧–૩૨). આ પ્રકરણના અંતે લેખક કહે છે : "એક સમય એવો હતો કે જ્યારે આ રાષ્ટ્રગીતે લાખો હિંદીઓને સાચા હિંદી થવાની પ્રબળ પ્રેરણા આપેલી. કેટલીક સામાન્ય મર્યાદાઓ બાદ કરતાં આજે પણ એ ગીત એટલું જ તાજું ને નવું લાગે છે. ઐતિહાસિક દૃષ્ટિએ એણે એનું રાષ્ટ્રીય કર્તવ્ય બજાવ્યું જ છે." (પૃ. ૩૩).

સાતમા પ્રકરણમાં શ્રી બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયના 'વંદેમાતરમ્' રાષ્ટ્રગીતની વિગતે ચર્ચા કરવામાં આવી છે. ઇ.સ. ૧૮૮૨માં પ્રકાશિત થયેલી શ્રી બંકિમબાબુની વિખ્યાત નવલકથા 'આનંદમઠ'માં આ ગીત આવે છે. સત્તાવાર રીતે ટાગોરનું 'જનગણમન' વાળું રાષ્ટ્રગીત સ્વીકારાયું નહોતું ત્યાં સુધી 'વંદેમાતરમ્' ગીતની જ બોલબાલા હતી. આજે પણ એનો પ્રભાવ તો યથાવત્ જ છે. ભારતીય સંવિધાન સભામાં તારીખ ૨૪–૧–૧૯૫૦ ના રોજ આપણા રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદે 'જનગણમન'ની રાષ્ટ્રગીત તરીકે ઘોષણા કરતાં કહેલું : "'વંદેમાતરમ્', જેણે ભારતીય સ્વતંત્રતાના સંગ્રામમાં ઐતિહાસિક

ભાગ ભજવ્યો છે તેનો દરજ્જો પણ 'જનગણમન' જેટલો જ રહેશે અને એનું સન્માન એટલું જ કરવામાં આવશે."(પૃ. ૩૪).

અંગ્રેજોનું જ્યારે આ દેશ પર રાજ્ય હતું ત્યારે આ ગીત રાજ્યવિરોધી ગણાતું. 'વંદેમાતરમ્' બોલવું એ પણ ગુનો ગણાતો. 'આનંદમઠ' નવલકથામાં ને આ ગીતમાં, જન્મભૂમિને પવિત્રી માતારૂપે કલ્પી, તનમનધન એને ચરણે ધરવાની કલ્પના ખૂબ નવીન અને રોમાંચકારી છે. નવલકથાનું એક પાત્ર ભવાનન્દ નામે છે તે મહેન્દ્રના આ વિધાન 'એ તો દેશ એ કંઇ મા ન કહેવાય' – એના પ્રતિકારરૂપે કહે છે :'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસિ.' અમે તો એમ જ કહીએ છીએ કે જન્મભૂમિ છે તે જ જનની છે; મા છે. અમારે નથી કોઇ મા કે નથી કોઇ બાપ : નથી ભાઇ કે નથી બહેન. નથી સ્ત્રી કે પુત્ર, કે નથી વાડીવજીફા. આમાંનું કંઇ જ અમારે નથી. અમારે તો છે ફક્ત એ જ સુજલા, સુફલા–મલયજ – સમીરણ–શીતલા શસ્ય શ્યામલા માતા!" (પૃ. ૩૭). ત્યાર પછી બધા આ ગીત ગાય છે. ત્રીજા ઉત્તરાર્ધમાં જ્યાં હિંસાના અણસારવાળી વાત આવે છે તેનો ત્યાગ કરી, ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની લડતો લડતા સમગ્ર દેશે, આ રાષ્ટ્રગીતના શરૂના નિર્દોષ ભાગનો યોગ્ય રીતે સ્વીકાર કર્યો છે. નવલકથામાં તો નિયત ધ્યેયની સિધ્ધિ અર્થે મર્યાદિત હિંસાની સ્વતંત્રતા આપવામાં આવી છે — બલ્કે એની હિમાયત કરવામાં આવી છે. અલબત્ત, અંતે તો અહિંસા અને શાંતિના સામ્રાજ્યની ખેવના કરી છે. આનંદમઠનો અધિષ્ઠાતા સત્યાનંદ કહે છે : "બેટા, ચાલ, હવે તારું કાર્ય પૂર્ણ થયું છે. વ્યર્થ રક્તપાત કરીશ નહીં. હવે નવા રાજ્યની સ્થાપના થઇ છે અને એમાં ધર્મની સ્થાપના

થશે જ. હવે તો અહિંસાનું જ સામ્રાજ્ય થશે." (પૃ. ૪૨). સત્યાનંદની આ ઉક્તિ પર ટીપ્પણ કરતાં લેખક કહે છે : "કેવી અગમવાણી ! સાહિત્યનું સત્ય એ જાણે કે વ્યવહારનું સત્ય! " (પૃ. ૪૨).

પ્રકરણ આઠમાં આપણા રાષ્ટ્રમાન્ય રાષ્ટ્રગીત 'જનગણમન' ની વિચારણા કરવામાં આવી છે. તા. ૧૭-૧૨-૧૯૧૧ ના રોજ કોંગ્રેસની કલકત્તા ખાતેની ૨૬મી બેઠકમાં તે પ્રથમવાર ગવાયું હતું. આ પ્રકરણમાં તો મૂળ રાષ્ટ્રગીત, એ પછી એનો ગદ્યમાં અનુવાદ ને ત્યારબાદ એનો ગુજરાતી પદ્યાનુવાદ આપવામાં આવ્યો છે. ટાગોરના આ રાષ્ટ્રગીતનું વિવરણ અને વિગતવાર પરીક્ષણ પ્રકરણ અગિયારમાં કરવામાં આવ્યું છે ત્યાં લેખક કહે છે કે સુવર્ણમાં સુગંધ ભળે તેમ આ રાષ્ટ્રગીતમાં રાષ્ટ્રદૃષ્ટિ સાથે રાષ્ટ્રભક્તિ પણ સુયોગ્ય રીતે મળી છે. આ અગાઉ પણ ટાગોરે, બંગભંગની ચળવળ વખતે, નિર્વ્યાજ અને અસીમ પ્રાતભક્તિ અને રાષ્ટ્રભક્તિના અનેક ગીતો લખ્યાં હતાં. 'અમારા સોનાર બાંગ્લા' અને 'સાર્થક જનમ અમારા' એ બે તેમનાં અતિ પ્રખ્યાત ગીતો છે. એ પછીનાં એમનાં અતિ પ્રસિદ્ધ ગીતો તે 'હે મોર ચિત્ત પુણ્યતીર્થેજાગો રે' અને બીજું આ રાષ્ટ્રગીત. 'યુગમૂર્તિનું અવસાન' લેખમાં કાકા સાહેબ લખે છે : "આ રાષ્ટ્રગીત ભારતીય ભાવનાને અને વિશ્વસમન્વયને સર્વથા અનુકૂળ છે -- આ અને 'હે મોર ચિત્ત' એ બે ગીતો રાષ્ટ્રમાં સર્વત્ર ગવાવાં જોઈએ. એ આપણાં દીક્ષાગીતો બની જવાં જોઈએ. ભારતને ભારત-ભાસ્કરની આ સર્વશ્રેષ્ઠ ભેટ છે. ભારતનું આખું આકાશ--મંડળ આ બે ગીતોથી ગુંજી ઉઠવું જોઈએ." (પૃ. ૭૨).

આ રાષ્ટ્રગીતમાં કવિએ આપણા પર્વતો, નદીઓ અને મહાસાગરથી વેષ્ટિત, વિભૂષિત આપણી જન્મભૂમિના ભૌગોલિક-

–પ્રાકૃતિક વિરાટ સ્વરૂપનું, ચિત્રાત્મક કલ્પના દ્વારા મૂર્ત સ્વરૂપ સાકાર કર્યું છે. હિંદની રાષ્ટ્રીયતા એક ધર્મ છે, ભાવના છે, શ્રધ્ધા છે, સનાતન ધર્મ છે – એ મંગલ ને કલ્યાણકારી તત્ત્વની વાત, ધાર્મિકતાની, ઉચ્ચકક્ષાની આસ્તિકતાની શ્રધ્ધા, પ્રાણવાન નિષ્ઠા પણ આ રાષ્ટ્રગીતમાં વણાઇ છે. વિશ્વને પ્રજા–પંખીઓનો માળો બનાવવા ઇચ્છનાર ભારતનો સંસ્કારી આત્મા ભારતની સંસ્કૃતિને અનુરૂપ આવી ભાવના ન ભાવે તો જ મોટું આશ્ચર્ય ગણાય !

નવમા પ્રકરણમાં લેખકે રાષ્ટ્રગીતનો આદર્શ રજૂ કરી આદર્શ રાષ્ટ્રગીતના વ્યાવર્તક લક્ષણોની સંક્ષેપમાં ચર્ચા કરી છે. રાષ્ટ્રગીત પિતૃભૂમિ કે માતૃભૂમિને ઉદ્દેશીને લખાયું હોય, સલામતીના અજેય દુર્ગ સમાન 'રાષ્ટ્રીય એકતા' (નેશનલ યુનિટી) ની એમાં હિમાયત હોય, એમાં દેશની સંસ્કૃતિ ને વિચારસરણી નિરૂપાઇ હોય, એ રાષ્ટ્રભાષામાં રચાયું હોય, એમાં સર્વસ્વીકૃત માનવધર્મની વાત હોય, એમાં સંસ્કૃત–સંસ્કૃતિ–વિષયક બાબતો લઘુતાગ્રંથિ કે પ્રભુતાગ્રંથિથી મુક્ત રીતે ગવાઇ હોય, એ સાદું ને સરળ હોય, શક્ય એટલું લાઘવયુક્ત હોય ને એ સુગેય નહીં તો ગેય તો હોવું જ જોઇએ. આપણું રાષ્ટ્રગીત અલબત્ત રાષ્ટ્રભાષામાં નથી લખાયું પણ ભારતના અનેક પ્રદેશોના અનેકભાષી પ્રજાજનોને એ ગ્રાહ્ય લાગ્યું છે એટલું જ નહિ પણ અન્ય દેશોને પણ ગાવામાં એ સુકર રહ્યું છે.

'ભૂતકાળની ભીતરમાં' નામના દશમા પ્રકરણમાં લેખકે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, 'વંદેમાતરમ્' અને 'જનગણમન' ની વિશેષતા – મર્યાદાઓનો સવિસ્તાર ખ્યાલ આપ્યો છે. દેશભક્તિના ભરતીકાળે રાષ્ટ્રભક્તિના ગીતોનો જુવાળ

આવ્યો ત્યારે, ભાતભાતના ગીતો લખાયા તેનું પૃથક્કરણ લેખક આ પ્રમાણે કરે છે : "આપણા દેશની સ્વતંત્રતાની ચળવળ દરમિયાન અનેક ગીતો લખાયા એમા કેટલાક કૂચ–ગીતો હતા. કેટલાક રાષ્ટ્રધ્વજની શાન સાચવવા ઉદ્બોધન કરનારા હતા. કેટલાક શહીદોને અને શહીદીને બિરદાવનારા હતા. કેટલાક બલિદાનની પ્રેરણા પાનાર હતા. કેટલાક દેશભક્તિના ઉત્સાહ પર વળતી રાખને ફૂંકનારા હતા તો કેટલાક જાલીમ સરકારને 'ચોપડાવતા' ને 'ચેલેન્જ' ફેંકનાર હતા. કેટલાક દેશના વર્તમાનને ગાનારા હતા તો કેટલાક ઉજળા ભવિષ્યની આશા આપનારા હતા. કેટલાક વળી કેવળ મુક્તિનું રહસ્ય ગાનારા હતા તો કેટલાક માતૃભૂમિને આત્માના સિંહાસને સ્થાપનાર હતા."(પૃ. ૫૧).

આજ પ્રકરણમા લેખકે રાષ્ટ્રગીત તરીકે 'વંદેમાતરમ્'ની સાત અને 'જનગણમન'ની ત્રણ મર્યાદાઓ ગણાવી છે અને પછી રાષ્ટ્રીય નેતાઓ – જેવા કે પૂ. ગાંધીજી, જવાહરલાલજી અને સુભાષબાબુએ આ બને ગીતો અંગે જે કંઇ અભિપ્રાય આપ્યા છે તે ટાંક્યા છે. ઇ.સ. ૧૯૪૬મા પૂ. ગાંધીજીએ ટાગોરના આ ગીત અંગે કહેલું : "એ કેવળ ગીત જ નથી પણ સાથે સાથે ધાર્મિક ચા જેવું છે."(પૃ. ૫૫). તા. ૨૫–૮–૧૯૪૮ ના રોજ લોકસભામા રાષ્ટ્રગીત અંગે જવાહરલાલજીએ કહેલું : "રાષ્ટ્રગીતમા શબ્દો કરતા 'ટ્યૂન' મહત્ત્વના — જનગણમન મા ચોક્કસ જીવન અને ગતિ છે. એમા સંગીત અને કાવ્યત્વની આધુનિક છાટ છે." (પૃ. ૫૬). 'વંદેમાતરમ્' માટે સુભાષ બોઝે કહેલું : "એ સૂત્ર બની શકે, રાષ્ટ્રગીત નહીં. ગીત તરીકે એનો 'ટ્યૂન' સારો હશે પણ એમા પૂરતી ગતિ નથી — જોઇએ તેવો પ્રાણ–જુસ્સો (સ્પીરીટ)

કન્યાવિક્રય, અયોગ્ય લગ્નો, વૃધ્ધલગ્નો, બાળલગ્નો વગેરે દુર્ગુણો સમાજને કલંકરૂપ તો છે જ પણ વિશેષમાં વ્યક્તિના ભવ્ય જીવન માટે જીવલેણ પણ છે. આપણાં લગ્નો રૂઢિગત કુલીનતાના પાયા ઉપર ઉભેલા હોઈ શારીરિક કજોડાના અભિધાનને યોગ્ય તો છે જ, પણ વધુમાં તે માનસિક અસામ્યના પાયા ઉપર ઉભેલા હોય છે. શારીરિક સામ્ય કરતાં માનસિક સામ્ય ચિરંજીવી છે -- મતલબ કે સંવનન, લાગણીના અનુભવના સામ્ય અને માનસિક એકતા ઉપર ઉભેલા લગ્નો જ વરવધૂને સુખકર તેમ જ સમાજને હિતકર નીવડે. આ ઉદ્દેશ સહશિક્ષણને સહજસાધ્ય થાય અને આમ થાય તો જ અનેકાનેક બાળલગ્નો, વૃધ્ધલગ્નો અને અયોગ્ય લગ્નો અટકી પડે."(પૃ. ૯). એક માનસશાસ્ત્રી તરીકે એ સહશિક્ષણની વિશિષ્ટતા આલેખતાં કહે છે કે એનાથી આ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓને પણ શ્રેષ્ઠ સ્થાન મળશે. આજે પુરુષ પ્રભુત્વગ્રંથિથી અને સ્ત્રી લઘુતાગ્રંથિથી પીડાય છે એ તો પરાપૂર્વની ટેવનું પરિણામ છે એટલે "પુરુષની આ પ્રભુત્વગ્રંથિ અને સ્ત્રીની લઘુતાગ્રંથિના ઉચ્છેદન કાજે સહશિક્ષણ એ રામબાણ સમાન અમોઘ શસ્ત્ર છે." (પૃ. ૧૦-૧૧).

આમ લઘુનિબંધના વિષયનું સ્થાપન કર્યા પછી 'કેટલાક પ્રત્યાઘાતી વિચારો' નામક ત્રીજા પ્રકરણમાં લેખકે સહશિક્ષણ વિશે સમાજમાં પ્રચલિત પ્રત્યાઘાતી વિચારો તથા માન્યતાઓનું ખંડન કર્યું છે. આ ખંડનમાં પણ લેખકે સ્ત્રી-પુરુષની શારીરિક ક્ષમતા, જીવનમાં વિભિન્ન કાર્યક્ષેત્ર, સામાજિક વાતાવરણ તથા સહશિક્ષણને પરિણામે સમાજમાં નૈતિકસ્ખલનોની વધતી શક્યતા વગેરેની ઝીણવટભરી સમીક્ષા કરી છે. આ પ્રકરણને અન્તે લેખક કહે છે : "શ્રી કિશોરલાલની માફક મારી પણ નક્કર માન્યતા

છે કે વિકારનું મૂળ લિંગભાનમાં જ રહેલું છે. યુવાની પણ વિકારનું કારણ નથી એમ નહીં છતાંયે વિકારોત્પાદક અને વિકાસોત્તેજક આ લિંગભાન પુખ્ત ઉંમરે કે જ્યારે વિવેકબુધ્ધિનો પૂર્ણ ઉદય થયો હોય ત્યારે થાય તો આવાં નૈતિકસ્ખલનો સમૂળગાં થવા ન પામે એમ તો નહિ પણ ગણ્યાંગાંઠયાં થવા પામે તે બીના નિઃશંક છે."(પૃ. ૧૮).

ચોથા પ્રકરણમાં લેખકે 'સહશિક્ષણ સફળ કેમ થાય ?' તે અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યાં છે. માનવજીવનમાં વિજાતીય આકર્ષણ એ એક પ્રબળ ભાવ છે અને એનો જીવનનાં સર્વક્ષેત્રોમાં પ્રભાવ વર્તાય છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રમાણે એ ભાવનું ઉર્ધ્વીકરણ શક્ય છે, અને વ્યક્તિ મન પર અંકુશ અને સંયમ દ્વારા એ ભાવને સંસ્કૃત કરીને જીવનોપયોગી કાર્યમાં પ્રવૃત્ત થઈ શકે છે. સહશિક્ષણમાં યુવાન અને યુવતીઓનો પ્રત્યક્ષ સંપર્ક સધાય છે, અને એટલે જ આ ભાવને વિદ્યાર્થીઓમાં યોગ્ય માર્ગે વાળવામાં ન આવે તો એમાંથી વિકૃતિઓ જન્મે છે, અને એથી વિદ્યાર્થીઓને લાભને બદલે નુકસાન વધુ થાય છે. લેખકે આ દૃષ્ટિબિંદુથી શિક્ષણકાળના ત્રણ વિભાગ પાડયા છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ. લેખકના તથા અન્ય વિદ્વાનોના મતે પ્રાથમિક શિક્ષણકાળ દરમિયાન બાળકોમાં જાતીયવૃત્તિ પ્રબળ ના હોવાથી એ કાળ સહશિક્ષણ માટે અનુકૂળ છે. ઉચ્ચશિક્ષણકાળ દરમિયાન પણ વિદ્યાર્થીવર્ગમાં સમજણ અને જવાબદારીનું ભાન હોવાથી સહશિક્ષણમાં જાતીય અધઃપતનનો ભય પ્રમાણમાં ઓછો રહે છે, પરંતુ માધ્યમિક શિક્ષણકાળમાં વિદ્યાર્થીઓ યુવાનીમાં પ્રવેશ કરતાં હોવાથી એ સમયે ભયસ્થાનો વધારે રહે છે. એ સમયે વિદ્યાર્થી જાતીય ભેદભાવથી સભાન બને છે, અને એથી જ નૈતિક-

સ્ખલનની શક્યતાઓ વધારે રહે છે. સહશિક્ષણની સફળતા માટે વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણ આપવું અનિવાર્ય નહિ પણ આવશ્યક છે એમ સૌ સ્વીકારે છે; પરંતુ એમાં પણ ડોક્ટરો અને કેળવણી- કારો વચ્ચે મતભેદ છે. લેખક કેળવણીકારની પધ્ધતિને અનુસરે છે. એમના મતે "કેળવણીકારો કામવિજ્ઞાનનું શિક્ષણ આપવામાં સમહત છે, પણ છોકરા-છોકરીઓની કામવૃત્તિને ઉશ્કેરે નહિ તેવી રીતે મર્યાદામાં રહીને. કેળવણીકારોની પધ્ધતિમાં નીતિની નિર્ભયતા છે. કદાચ એમાં ભૂલ થાય તો પણ તે ભૂલ સલામત બાજુ પર થવા સંભવ છે; એટલે તે પધ્ધતિ સૌને ય સ્વીકાર્ય હોય તે સાવ સ્વાભાવિક છે."(પૃ. ૨૪). સહશિક્ષણની સફળતા માટે લેખકે સૂચવેલા દશ નિયમો અતિ અગત્યના છે, જે આ પ્રમાણે છે :

૧. પ્રાથમિક શાળાઓના અભ્યાસ દરમિયાન સાત્વિક પૂર્વભૂમિકાની આવશ્યકતા.
૨. જાતીય ભાન જેમ બને તેમ મોડી ઉંમરે થાય તેની ખાસ ચીવટ રાખવી.
૩. શાળાના અભ્યાસક્રમમાં કામવિજ્ઞાનનું શિક્ષણ કલાત્મક રીતે, કોઇપણ પ્રકારના ઊહાપોહ વિના સમાવી દેવું.
૪. લિંગભાન થતાં વિકારનું સ્ફુરણ થવું સાવ સ્વાભાવિક છે પણ એ સ્ફુરણ બે પ્રકારનું હોય છે : વિકારી ને સંસ્કારી. ચકોર કેળવણીકાર આ સંસ્કારી સ્ફુરણની ટેવ પાડે તો તો વિકારી સ્ફુરણ આપોઆપ શમી જાય.
૫. તેઓને માતૃભાષા દ્વારા નાગરિકતાનું પ્રાથમિક જ્ઞાન આપવું.
૬. આત્મસંયમ, બ્રહ્મચર્ય, વિનય વગેરેનું જ્ઞાન આપવું.
૭. આહાર, નિદ્રા, વસ્ત્ર, મેજ, ખુરશી વગેરે કામોત્પાદક ને કામોત્તેજક ન હોય તેની યોગ્ય કાળજી રાખવી.

૮. માનસિક તેમજ શારીરિક આરોગ્ય જળવાય તે માટે વિવિધ ઉપાયો યોજવા – તન અને મનની કસરત માટે.

૯. છાપા, રંગભૂમિ, સિનેમા વગેરે જાતીય પ્રદર્શન ન કરે ને કામવૃત્તિને ઉશ્કેરવામાં ભાગ ન ભજવે તેની યોગ્ય દેખરેખ રાખવી.

૧૦. મન અને તનને હરહંમેશ સદ્પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રાખવું. કામ ને ડામવાનો રામબાણ ઉપાય અવિરત કામ-પ્રવૃત્તિ.

'પ્રકીર્ણ' નામક પ્રકરણમાં લેખક પરિવાર, માબાપ અને છોકરા-છોકરીઓની જવાબદારીઓ વિશે ચર્ચા કરે છે. એના માટે લેખક શિસ્તને સૌથી વધુ મહત્ત્વ આપે છે. એમના માત્ર વિચારો ને નિયોથી જ કોઈ કાર્ય થતું નથી. એના માટે આવશ્યકતા છે પ્રતિબધ્ધતાની. એટલે જ લેખક કહે છે : "સહ-શિક્ષણની પ્રથા હોય તેવી શાળા અને કોલેજની સત્તાઓએ પણ શિસ્ત તેમ જ મર્યાદાના પાલન માટે કડક થવાની જરૂર છે. અલબત્ત, કાયદો એ ગુન્હાહિત સમાજની પારાશીશી છે, પણ જ્યાં સર્વ સાધનો નિષ્ક્રિય ને નિષ્ફળ નીવડતા દેખાય અને જ્યાં જવાબદારી જેવું તત્ત્વ જ ન હોય ત્યાં આવા ઉચ્છૃંખલતાજનિત અમર્યાદિત અનિષ્ટ કરતા અલ્પ અનિષ્ટ હિતકર નથી એમ કોણ કહેશે?" (પૃ. ૩૭).

'તેઓ શું ધારે છે ---' નામના પ્રકરણમાં લેખકે સહશિક્ષણ સંબંધે જુદા જુદા લોકોના મંતવ્યો દર્શાવ્યા છે; જેમાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી હીરાલાલ એલ. કાઝી જે અમદાવાદની ગુજરાત કોલેજમાં પ્રિન્સિપાલ હતા અને શ્રી રામનારાયણ પાઠક જેવા વિદ્વાનોનો સમાવેશ થાય છે. 'ઉપસંહાર' નામના છેલ્લા પ્રકરણમાં લેખક કહે છે : "સહશિક્ષણની જંગી પ્રયોગશાળા

રશિયા છે. હિંદને અનુકૂળ ને હિતકર તત્ત્વો રશિયાની પધ્ધતિમાંથી પણ હંસનીતિ અનુસાર લેવાં જોઇએ."(પૃ. ૪૧). નિબંધના અન્તે સહશિક્ષણના આવશ્યક તત્ત્વોની વાત કરતાં લેખક કહે છે : "બહુવ્યાપી લોકશિક્ષણ, સમાજના જડ ને રૂઢિચુસ્ત માનસનો પલટો, નાગરિકતાના માહાત્મ્યનું અજ્ઞાનભાન, માનસશાસ્ત્રીય કેળવણી પધ્ધતિ, સ્ત્રીઓના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ ને સ્વીકાર, કામમીમાંસા ને મનોવિકૃતિનું વૈજ્ઞાનિક જ્ઞાન, સંસ્કારી સમાજને શોભે તેવું આચાર ધર્મનું યથાયોગ્ય પાલન અને સંયમ, બ્રહ્મચર્ય, નીતિ ને ધર્મ દ્વારા સાધેલું રાષ્ટ્રિય ચારિત્ર્યનું ઘડતર : આ સૌ તત્ત્વોનું અસ્તિત્વ પારાવાર આવશ્યક છે."(પૃ. ૪૩).

સહશિક્ષણનો આ નિબંધ લગભગ ૫૪ વર્ષ પહેલાં લખાયેલો છે એટલે તત્કાલીન પરિસ્થિતિ તથા વાતાવરણના સંદર્ભમાં લેખકે આ પ્રશ્નનું નિદાન કર્યું છે, પરંતુ આજની પરિસ્થિતિને આ નિદાનો અનુરૂપ નથી. આજે સહશિક્ષણ એટલે કે શિક્ષણના ક્ષેત્રમાં જ સ્ત્રી-પુરુષનો સહચાર હોય એટલું જ બસ નથી. આજે તો જીવનનાં સર્વક્ષેત્રોમાં - વ્યવસાયમાં, વ્યવહારમાં અને જાહેર જીવન વગેરેમાં - સ્ત્રીપુરુષ ખભેખભા મિલાવીને કૂચ કરી રહયાં છે, એટલે સહશિક્ષણની ચર્ચા આજના જમાનાને માટે પ્રસ્તુત નથી. આજે તો સહશિક્ષણ એ ચર્ચાનો વિષય નથી, જીવનની વાસ્તવિકતા છે. ભારત સ્વતંત્ર થયા પછી છેલ્લાં ૪૦ વર્ષમાં જીવનનાં મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે. આજના સમાજમાં આદર્શ તરીકે મહાત્મા-ગાંધી, સ્વામી વિવેકાનંદ કે મહર્ષિ દયાનંદ કે રવીન્દ્રનાથ ટાગોર નથી. પરંતુ ભ્રષ્ટ હોવા છતાં સફળ રાજકારણીઓની કુટિલ પધ્ધતિઓ વગેરે છે. મહાત્મા ગાંધીજીના મતે સાધન પણ

શુધ્ધ હોવું જોઇએ અને નૈતિકમૂલ્યો જીવનમાં કેન્દ્રસ્થાને હોવાં ઘટે; પરંતુ આજે તો કોઇપણ ક્ષેત્રમાં નૈતિકતા કે સાધનશુધ્ધિનો આગ્રહ રાખવામાં આવતો જ નથી અને 'ફાવ્યો તે ડાહ્યો' એ જ સફળતાની પારાશીશી છે. આજના યુવાન વર્ગને માટે પણ ભ્રષ્ટ નેતાઓ અને વિલાસી અભિનેતાઓ જ એમના આદર્શો છે. ગયા દશકાની સિનેમા સંસ્કૃતિનું આજે તો ટીવી અને વીડિયો સંસ્કૃતિમાં પરિવર્તન થયું છે, અને 'ચિત્રહાર' જેવા ટીવી કાર્યક્રમો અત્યંત લોકપ્રિય ગણાય છે, ત્યાં બાળકોમાં કે યુવાનોમાં નૈતિકતા કે જીવનનાં ઉચ્ચમૂલ્યોની આશા જ શી રીતે રાખી શકાય ? એટલે આ જમાનાનો એક અગત્યનો સામાજિક પ્રશ્ન અને તે વિશે લેખકનું અભ્યાસપૂર્ણ અન્વેષણ આજના જમાનાની દ્રષ્ટિએ ઐતિહાસિક મહત્ત્વથી વધારે કાંઇ જ નથી. ભારતના સ્વાતંત્ર્યપ્રાપ્તિના એટલે કે આ નિબંધના લેખનકાળ સમયે જે પેઢી યુવાન હતી તે જમાનાની વ્યક્તિઓને આ નિબંધમાં તત્કાલીન વિચારધારા તથા વાતાવરણનું તાદૃશ દર્શન થાય એ સ્વાભાવિક છે અને એ જ આ નિબંધની સિધ્ધિ છે, લેખકના શ્રમનું સાફલ્ય છે. જમાનો પલટાય ત્યારે વાતાવરણ, જનજીવન, રીતરિવાજો, વિચારો વગેરે પરિવર્તન પામે એ સ્વાભાવિક છે, છતાં પણ જીવનનાં મૂળભૂત મૂલ્યો – જે સંસ્કૃતિની વિશિષ્ટતા છે અને માનવજીવનનો પાયો છે એ તો સ્થાયી રહેવા જ જોઇએ. ભારતીય સમાજે પશ્ચિમની સંસ્કૃતિમાંથી નિષ્ઠા, પરિશ્રમ, પ્રગતિશીલ પ્રવૃત્તિ, વૈજ્ઞાનિક અભિગમ વગેરે ગ્રહણ કરવાને બદલે માત્ર જાતીય સ્વચ્છંદ અને હિંસાને જ અપનાવ્યાં છે અને માનવમૂલ્યોને વિસરી જઇને માત્ર ભૌતિક સંપત્તિ માટે દોટ મૂકી છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સૌ આ જ રંગે રંગાયેલા છે, એટલે નિઃસ્વાર્થી અને નિષ્ઠાવાન શિક્ષકોને બદલે ધંધાધારી શિક્ષકો જ નજરે પડે છે.

સમગ્ર સમાજમાં ભોગપ્રધાન, વિલાસી અને સ્વાર્થી વૃત્તિઓનું દર્શન થાય છે ત્યાં લેખકનો આ પરિશ્રમ આજના વાચકવર્ગ માટે તો વદતો વ્યાઘાત સમાન લાગે તેમ છે.

ટૂંકમાં ડૉ. પટેલે આ નિબંધમાં 'સહશિક્ષણ'ની વિશેષતાઓ અને આવશ્યકતાઓ પર સવિશેષ ભાર મૂક્યો છે. સરવાળે એમ કહી શકાય કે એક સઘટિત ને વિકસિત સમાજ માટે 'સહશિક્ષણ' અનિવાર્ય નહિ પણ આવશ્યક છે, એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. સહશિક્ષણને આધુનિકયુગની આવશ્યકતા ગણાવતાં છતાં એનાં સર્વ પાસાંની ઝીણવટભરી ચર્ચાથી આ લઘુનિબંધ અર્થપૂર્ણ અને વિચારણીય બન્યો છે. આ પ્રસ્તુત નિબંધમાં લેખક એક પ્રૌઢ સમાજશાસ્ત્રી અને મનોવિશ્લેષક તરીકે ઉપસી આવે છે.

'દાંત અને તેની સંભાળ' (૧૯૩૮) એ 'સહશિક્ષણ' (૧૯૪૦) અને 'ગુજરાતણોની શરીરસંપત્તિ' (૧૯૪૪)ની જેમ લખાયેલો ને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરનારો અનામીનો ઈનામી નિબંધ છે. નિબંધની શરૂઆતમાં, 'હુમા' તખલ્લુસથી લખાયેલ દ્રુતવિલંબિત છંદની ચાર પંક્તિઓ ટાંકી છે જે દન્ત-માહાત્મ્ય દર્શાવે છે. દા.ત.

"ધવલ, સ્વચ્છ, વ્યવસ્થિત, નિર્મળા -
નવલ દન્ત-યુવા, ચિર આયુ ત્યાં.
ચવનના, ન્યૂન પોષણ, ના યુવા -
જીવન, દંત સડેલ વસેલ જ્યાં."

એ પછી 'અંકુર થી ઝરૂખેથી' નામના પ્રથમ પ્રકરણમાં તેઓ ઐતિહાસિક દૃષ્ટિએ, વિશ્વના ભિન્ન ભિન્ન દેશોમાં દંત-વિજ્ઞાનનું

શાસ્ત્ર કેટલું વિકસ્યું હતું તેની રૂપરેખા આપે છે અને કેટલાક સંસ્કૃત તેમજ અંગ્રેજી સુભાષિતો તથા અવતરણો દ્વારા દાંતના આરોગ્યની આવશ્યકતાનું પ્રતિપાદિત કરે છે. ચીનની વાત કરતાં લખે છે : "પ્રાચીન યુગના ચીના દંત-દાક્તરો દાંતનું દુઃખ દફે કરવા અસંખ્ય અણીયાળી સોયો શસ્ત્ર તરીકે રાખતા. દર્દીના શરીરના વિધવિધ ભાગોમાં – અંગોમાં તે સોયો ઘોંચતા અને આ રીતે દંત-દુઃખનું નિવારણ કરતા."(પૃ. ૩). અત્યારે જેને એક્યુપક્ચર કહે છે તેની આ વાત છે. કદાચ એ કાળે આ પારિભાષિક શબ્દ પ્રચલિત નહિ બન્યો હોય !

આ પછી, વિશ્વના જુદાજુદા દેશો દાંતના દર્દને દફે કરવા કેવા કેવા પ્રાથમિક ને આજે તો તરંગી લાગે તેવા ઉપાયો અજમાવતા હતા તેની વાત કરે છે. દા.ત. સ્ટાઇરીઆના અને એસ્થોનીઆના વતનીઓ મધ અને મીણને દુઃખતા દાંત પર લેપરૂપે મૂકતા તો અરબસ્તાનમાં, દાંતમાં પડેલા ખાડા, મધ અને ચુનાના મિશ્રણથી પૂરતા. જર્મનવાસીઓ ગધેડીના દૂધને પારા તથા દાંતને મજબૂત બનાવવા વાપરતા તો ગણપતિ-વાહક મૂષકે કોતરેલી રોટલી આરોગવાથી દાંત મજબૂત ને નીરોગી બને તથા વર્ષા-વૈતાલિક મેડકને સરકા અને જલમાં ઉકાળી તેના કાવાને 'માઉથવૉશ' તરીકે વાપરવાથી દંત-રોગ-નિવારણ થાય છે એમ યુનાનવાસીઓ માનતા. બવેરીઆના લોકો વળી બિલાડીનો પસીનો દાંત પર ઘસી દંત-દુઃખ દૂર કરતા ! કેવી કેવી ઢંગધડા વિનાની માન્યતાઓ ત્યારે પ્રવર્તતી હતી !

એ પછી લેખક વિશ્વમાં આ શાસ્ત્રના થયેલા વૈજ્ઞાનિક વિકાસની વાત કરે છે. એ વાત કરતાં લેખક કહે છે : "ચાહે તે દેશની ઉન્નતિ વા અવનતિ માપવાની વિધવિધ પારાશીશીઓ

હોય છે -- જેમકે ન્યૂનાધિકગુણો પરથી શિક્ષણની અવસ્થા, દૂધના અતિ ઉપયોગ પરથી તે દેશની આહાર-સંપત્તિ, કાગળના અતિ ઉપયોગ પરથી સંસ્કારિતાની ને સાબુના વધુ વપરાશ પરથી તે દેશની સભ્યતાનો આછો ઝાંખો ખ્યાલ આવે -- એ જ ન્યાયે આ જીવનરૂપી શ્વાસ એ ફેફસાંની, નાડ એ હૃદયની, જીભ એ હોજરીની, આંખો એ આરોગ્યની અને દાંત એ પાચનની સચોટ અને બુલંદ પારાશીશી ગણી શકાય."(પૃ. ૫-૬). આવા શાસ્ત્રીય વિષયમાં પણ કવિતાની છાંટ વરતાયા વિના રહેતી નથી -- અને વસ્તુને સચોટ રીતે રજૂ કરવાની નિજી શૈલીની પણ પ્રતીતિ થાય છે.

હોજરીને દાંત નથી એમ કહી એના મહત્ત્વને બેવડાવી, દાંતને શારીરિક ને માનસિક તંદુરસ્તીનો મુખ્ય દરવાજો (મેઇન ગેટવે) ગણાવે છે અને સાહિત્યની ભભકભરી ભાષામાં તેમને 'આરોગ્યના ચોકીદારો', 'મોઢાનાં મોતી', 'દાઢમની કળીઓ', 'દંતરૂપી સંત' કહી "'એ ડાયમન્ડ ઇઝ નોટ સો પ્રેસીયસ એઝ એ ટુથ,' 'એ મીલ્ક-વ્હાઇટ વેલસેટ ટુથ ઇઝ મોર યુઝફુલ ધેન એ પર્લ'-- આવાં મુક્તિફલકો - સુક્તિફલકો દ્વારા એની ઉપયોગિતા ને મહત્તા દર્શાવે છે. એ પછી પાશ્ચાત્ય ને પૌરસ્ત્ય સંસ્કૃતિનો અભિગમ દાંતની કાળજી પરત્વેનો કેવોક જોવા મળે છે તેની વાત કરે છે. હિંદની વાત કરતાં લેખક લખે છે : "હિંદની ચાહે તે પ્રાથમિક વા માધ્યામિક શાળામાં જાઓ, કોલેજમાં જાઓ અને જુઓ -- સેંકડે ૫૦ ટકા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના દાંત અસ્વચ્છ, અવ્યવસ્થિત, સડી ગયેલા, રોગીષ્ટ અને બદબૂથી તરબતર થયેલા માલમ પડશે. શું શહેરવાસીઓ કે શું ગ્રામવાસીઓ - એમ ઉભયનું દંત-વિજ્ઞાનનું (ડેન્ટલ હાઇજીન) અતિઘોર અજ્ઞાન પ્રવર્તે છે." (પૃ. ૯).

પ્રકરણને અન્તે બળતા હૃદયે લેખક લખે છે : "નિરાશાવાદી અને પ્રારબ્ધવાદી હતભાગી હિંદ તો અનેકવિધિ રોગો અને વહેમનું પિયર છે. શીતળા, અછબડા, ઓરી જેવા સાધ્ય રોગોને પણ દેવદેવી પ્રેરિત યા દૈવી પ્રકોપ માનનાર હિંદ, દાતની અસ્વચ્છતા અને સડાને લીધે પાયોરીઆ, ગળાના દર્દો આંખના દર્દો, કાનના દર્દો, અજીર્ણ, અપચો, સંગ્રહણી, ક્ષય, કબજિયાત, એનીમીઆ વગેરે અનેકવિધ રોગોથી આજીવન પીડાય છે — તથા શારીરિક, માનસિક અને આર્થિક દૃષ્ટિએ ખુવાર થાય છે."(પૃ. ૯). એ પછી એક સાદા ગામડિયા હિસાબ દ્વારા જણાવે છે કે વરસેદહાડે હિંદનો યુવક બેદરકારીને કારણે જો એક જ રૂપિયો રોગો પાછળ ખર્ચતો હોય તોય તે વર્ષે દહાડે લગભગ સવાપાય કરોડ રૂપિયા થાય અને જો એ સવાપાય કરોડ રૂપિયા કેળવણીની પાછળ ખર્ચાય તો લગભગ લાખેક વિદ્યાર્થીઓ કેળવણીનો પ્રકાશ પામી શકે. અંતમાં એક ડોક્ટરને આ રીતે ટાંકે છે : "ઘણાખરા દાખલાઓમાં માણસ પોતાના દાંતોએ કરીને જ પોતાની ઘોર ખોદી રહ્યો હોય છે."(પૃ. ૧૦).

બીજા પ્રકરણનું શીર્ષક છે : 'દાતની ઉપયોગિતા.' માનવજાતને દાત ચાર દૃષ્ટિએ ઉપયોગી છે :

૧. આરોગ્યની દૃષ્ટિએ,
૨. સૌંદર્યની દૃષ્ટિએ,
૩. ભાષાશુદ્ધિની દૃષ્ટિએ,
૪. સભ્યતાની દૃષ્ટિએ.

આરોગ્યની વાત કરતા તેઓ પોતાનું જ અંગ્રેજી અવતરણ ટાંકે છે જે પ્રથમ મુદ્દાને અત્યંત સ્પષ્ટ કરી દે છે. દા.ત.

"Without good teeth there cannot be thorough mastication; without thorough mastication there cannot be perfect digestion. Without perfect digestion there cannot be proper assimilation. Without proper assimilation there cannot be nutrition. Without nutrition there cannot be health. Without health, what is life ?" (પૃ. ૧૨). મતલબકે મજબૂત દાંત વિના પૂર્ણ ચયન અશક્ય, પૂર્ણ ચયન વિના પૂર્ણ પાચન અશક્ય, પૂર્ણ પાચન વિના સમરસક્રિયા અશક્ય, એ વિના પોષણ અશક્ય -- પોષણ વિના તંદુરસ્તી કેવી? ને એ તંદુરસ્તી નથી તો જીવનનો શો અર્થ ?

આ પછી ઇંગ્લેન્ડના પ્રધાન ગ્લેડસ્ટને મજાકમાં કરેલા કથનને ટાંકે છે કે બત્રીસ દાંત એટલા માટે છે કે એક કોળિયો બત્રીસ વખત ચાવવો જોઇએ; પણ આ કથનનો ગંભીરતાપૂર્વક અમલ કરવામાં આવે તો આરોગ્ય તો જળવાય પણ અન્નનોય બચાવ થાય ! એ પછી લેખક મેક્સીકોના પ્રધાન ઓબ્રીગોને ટાંકે છે :
"I would ratner teach the Mexican people the use of tooth-brush than to handle a gun". (p.14).

અમેરિકાના એકનામચીન ડોક્ટરે કહેલું કે "જે વ્યક્તિના દાંત અતિ સ્વચ્છ હોય તો તેને કોઇપણ પ્રકારના વ્યાધિ જ થતા નથી."

સૌંદર્યની દ્રષ્ટિએ દાંતનું માહાત્મ્ય દર્શાવતા તો તેઓ ખરેખર કવિ જ બની જાય છે. જુઓ : "વિશ્વમાં જેમ સૌજન્ય વધારાનું નથી તેમ જ સૌંદર્ય પણ વધારાનું નથી. સૌંદર્ય એ એક સ્વર્ગીય બક્ષીસ છે. દરેક વ્યક્તિ સુંદર બનવા ને સુંદર દેખાવા કે

કે યત્ન-પ્રયત્ન કરે જ છે. પરમેશ્વર એટલે સત્યમ્, શિવમ્, સુંદરમ્ – (Good, True and Beautiful). આમ સૌંદર્ય એ સ્વર્ગીય બક્ષીસ અને પ્રભુનો અંશ પણ છે. અખિલ બ્રહ્માંડના ભવ્યકર્મી વિશ્વકર્માએ તો એ નૈસર્ગિક અનુપમ સૌંદર્ય કલાત્મક રીતે દાંતમાં, મનુષ્યસૃષ્ટિમાં અને પશુસૃષ્ટિમાં પ્રથમથી જ મૂકેલું છે. પ્રકૃતિની ગૂઢ કૃતિમાં માનવકૃતિની વિકૃતિ ભળતાં એ પ્રકૃતિની સત્કૃતિ પણ વિકૃત સ્વરૂપ ધારે છે — ધારણ કરવું પડે છે. ગુલાબી ગાલવાળા બાલનાં મોઢામાં મોતી-દાંત સાચે જ દાડમની કળીશા દીપતા હોય છે. શરીરનાં સર્વ અંગોની સપ્રમાણતાથી જ શરીરની સુડોળતા, તેજસ્વિતા અને સુંદરતા ઓર દીપી નીકળે છે. દાંતનું અસ્તિત્વ પણ શરીરનાસર્વ અવયવોમાં ઉત્તમાંગ શા શ્રેષ્ઠ મુખની સપ્રમાણતા અને સુડોળતા સાચવી રાખે છે. આ સુડોળતા અને સપ્રમાણતાના અસ્તિત્વને લીધે તેજસ્વિતા ને સુંદરતા આપોઆપ આવી રહે છે."(પૃ. ૧૫-૧૬).

ભાષાશુધ્ધિ, ઉચ્ચારશુધ્ધિ કાજે સાબૂત દાંત એ કોઈ ભાષાભક્ત યા ભાષારસિક માટે ગૌરવપ્રદ છે એમ કહી ભાષા-શુધ્ધિ – અશુધ્ધિના કેટલાક રસિક દાખલાઓ આપે છે — અને સંગીતકલા તથા વક્તૃત્વકલાના વિકાસ માટે પણ સાબૂત દાંતની આવશ્યકતા દર્શાવે છે. દિનપ્રતિદિન વિકાસને પંથે પળતા આધુનિક કાળમાં સ્વચ્છ દાંત એ સભ્યતાનું એક વિશિષ્ટ અંગ છે એમ દર્શાવી લખે છે : "સડતા, ફુગ ચઢેલા, લબવબતા, ગંધાતા, બદબો મારતા અસ્વચ્છ દાંત લઈ કોઈ ઉપરી અમલદારને મળવા જવું, સ્નેહીસંબંધી અગર શુભેચ્છકની મુલાકાતે જવું, સભા યા મેળાવડામાં સામેલ થવું વગેરે ભયંકર, સંકોચ પમાડનાર અને બેઅદબી દાખવનાર કૃત્ય છે. નરદમ અસભ્યતા અને બેઅદબીનો

પ્રકાર માત્ર જ છે."(પૃ. ૧૭). પ્રકરણના અંતમાં લેખક કહે છે : "મુખ-દાંત કે જે જિન્દગીનો મુખ્ય દરવાજો છે તેને વિજ્ઞાનપૂર્વક સ્વચ્છ રાખીએ અથવા આપણી જ દાંતરૂપી કેદાળી અને જીભ-રૂપી પાવડાથી આપણે આપણી જ ઘોર ખોદી આ અસાર સંસારમાંથી સારવાળા સંસારમાં સંચરીએ !"(પૃ. ૧૮).

'દાંતની રચના' નામના ત્રીજા પ્રકરણમાં લેખકે, છ વર્ષના બાળકને ૮ છેદક (Incisors) , ૪ રાક્ષસી, કુતરિયા યા શૂળિયા (Canine) અને ૮ દાઢો (Molars) કેટકેટલે માસે આવે છે તેની વિગતે વાત કરી છે અને પુખ્ત વગે જથુકાના (Permanent) બત્રીસ દાંત (૮ છેદક, ૪ શૂળિયા, રાક્ષી, ૮ Bicuspids , કે False grinders અને ૧૨ દાઢ) -- કયે ક્રમે આવે છે તે વિગતે સમજાવ્યું છે અને દુધિયા તથા જથુકાના દાંત આવે ત્યારે કયા પ્રકારની કાળજી લેવી જોઈએ તેની વિગતે ચર્ચા કરી છે. આ બધા જ દાંત અને દાઢોનું વર્ણન ને એમની કામગીરી સમજાવી છે અને શાકાહારી તથા માંસાહારી માણસો તથા પશુઓના દાંતની પણ શાસ્ત્રીય ચર્ચા કરી છે. આવા શાસ્ત્રીય લખાણમાં પણ 'સાહિત્ય ટચ' આવ્યા વિના રહેતો નથી. દા.ત. "દાંતની યોગ્ય કલામય રચના એ વિશ્વ-નિયંતાની એક અદ્ભૂત કલાકૃતિ છે. જ્યારે દેવનો દીધેલ યા પ્રભુનો પયગંબર આ પૃથ્વી પર અવતરે છે ત્યારે તે દંત વિહોણો બોખો હોય છે." (પૃ. ૧૯)-- "અધરોષ્ઠનો પડદો ઉપડતાં વેંત જ એ આઠ કલાધરો દેખા દે છે."(પૃ. ૨૨)-- "જીવન સામ્રાજ્યના પાટનગર મુખના આ બત્રીસ ચોકીદારો પૈકી આ બાર ચોકી-દારો ખરેખર અત્યુપયોગી છે." (પૃ. ૨૩).

'ખાનપાન' નામના ચોથા પ્રકરણમાં અન્વય-વ્યતિરેક ન્યાયે, યોગ્ય વા અયોગ્ય અને દાંતના આરોગ્ય વા અનારોગ્ય

માટે કેવા પ્રકારના આહારની આવશ્યકતા છે તેની વૈજ્ઞાનિક પધ્ધતિએ વિગતવાર ચર્ચા કરી છે. વિટામીનની વાત કરતાં લેખક લખે છે : "વિટામીન 'એ' વૃધ્ધિપોષક, વિટામીન 'બી' જ્ઞાનતંતુપોષક, વિટામીન 'સી' રક્તશોધક, વિટામીન 'ડી' અસ્થિપોષક અને વિટામીન 'ઇ' સર્જક છે — એટલે કે આપણા વિષયને લગતા તો વિટામીન 'સી' અને 'ડી' છે — આહારમાં વિટામીન 'સી' અને 'ડી' ની ન્યૂનતા એટલે દાંતના અને અસ્થિના રોગોને આમંત્રણ. દાંત-અસ્થિના સર્વ રોગોનું મૂળભૂત કારણ અયોગ્ય અને અપૂર્ણ આહાર તથા મુખની અસ્વચ્છતા માત્ર જ છે."(પૃ. ૨૮).

દાંતના બંધારણમાંના તત્ત્વોનું પૃથક્કરણ કરતાં મુખ્યત્વે ત્રણ તત્ત્વો – ખનિજ ક્ષારો – વિશિષ્ટ પ્રમાણમાં છે : ૧. કેલ્શિયમ, ૨. ફોસ્ફરસ અને 3. ફ્લોરીન. આમ તો વીસ પ્રકારના ક્ષારો મનુષ્યદેહમાં છે તેનો ખ્યાલ આપી દાંત અને અસ્થિની વૃધ્ધિ, સ્થિરતા અને મજબૂતાઇમાં મહત્ત્વનો ભાગ ભજવતા ઉપર્યુક્ત ત્રણ મુખ્ય ક્ષારોની ચર્ચા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને કયા ખાદ્ય-પેયમાંથી એ ત્રણ ક્ષારતત્ત્વો કેટલા પ્રમાણમાં મળી રહે છે તેની તાલિકા આપી છે જેમાં વિટામીન 'સી' અને વિટામીન 'ડી' વાળા ૪3 ખાદ્ય પદાર્થોનો સમાસ કર્યો છે — અને તેમાંથી પ્રાપ્ત થતું વિટામીન્સનું પ્રમાણ પણ નક્કી કર્યું છે. આ પછી આપવામાં આવેલી બારેક સૂચનાઓનો અમલ કરવામાં અને ખાનપાનમાં યોગ્ય વિવેકબુધ્ધિનો ઉપયોગ થાય તો કુદરતી દાંત દેહોત્સર્ગ લગી ટકી રહે અને આરોગ્યપ્રદ જીવન જીવવામાં અઢળક આનંદ આવે એવા આશાવાદ સાથે પ્રકરણ સમાપ્ત કરે છે. આ પ્રકરણમાં ખાંડ-મીઠાઇ-સ્ટાર્ચવાળા પદાર્થોના

વિરોધમાં 'The Joy of Living' માંથી અને ભોજનને અન્તે પાનનો મિતયોગ અત્યંત પથ્યકર છે એના સમર્થનમાં સંસ્કૃતમાં ભાવમિશ્રને ટાંક્યા છે એ બે મુદ્દાઓ વધુ રોચક બન્યા છે.

'દાંતની સંભાળ' નામના પાંચમા પ્રકરણમાં લેખકે ગર્ભાવસ્થા, જન્મકાળ અને બાલ્યાવસ્થામાં દાંતની સંભાળ માટે માત-પિતાએ અને યુવાવસ્થામાં વ્યક્તિએ જાતે શી શી કાળજી રાખવી ઘટે તેની ખૂબ જ ઝીણવટથી ચર્ચા કરી છે. એમાં વંશ-વારસાની ચર્ચા વધુ વૈજ્ઞાનિક લાગે છે. ગર્ભાવસ્થા દરમિયાનના માતાઓના કેટલાક વહેમોની પણ ચર્ચા કરી છે. દાંતને સારા રાખવા માટે માતાના દૂધની હિમાયત કરતાં (Breast Feeding) પેલી લોકોક્તિ ટાંકે છે : 'દૂધમેં દૂધ તો માઈકા ઔર કાઈકા?' અને (Bottle Feeding ને રવાડે ચઢેલી કેટલીક શિક્ષિત મહિલાઓની મનોવૃત્તિ પર ઠોક પાડતાં પુણ્યપ્રકોપ ને કટાક્ષથી લખે છે: "પશ્ચિમની પોલી સંસ્કૃતિ (?) ની અસર નીચે આવેલી કેટલીક આર્ય રૂપગર્વિતાઓ, કેટલીક તવંગર બાપની બેટીઓ, કેટલીક સંસ્કૃત (?) માનસવાળી મહિલાઓ કાં તો તેઓના અતિજ્ઞાન, અયોગ્યજ્ઞાન, અલ્પજ્ઞાન યા અંધજ્ઞાનને આડે અગર કાં તો રૂપ-લાવણ્ય ઓસરી જાય તેવી ભ્રમણાથી પોતાના બચ્ચાંને ધવડાવવામાં આનાકાની કરે છે, બલ્કે ધવડાવતી નથી. ખરેખર આ એક અઘોર અને વિચિત્ર ભ્રમ છે. સાથે સાથે એ પણ એક અજબ અજાયબી છે કે સિંધુ નદીના હેલારા માફક જે માતૃહૃદયમાં બાલક પ્રત્યે પ્રેમપ્રવાહ વહે છે - પ્રેમનાં પૂર ચઢે છે તે માતૃહૃદય આવી પવિત્ર ફરજમાં કૃતઘ્ન શે થતું હશે? સ્વાર્પણ અને સહનશીલતા એ તો નારી સ્વભાવજન્ય ગુણ છે, તો પછી આ બાબતમાં આમ કેમ બનતું હશે? સૌંદર્ય અને પ્રેમના આ ઝઘડામાં વિજય કોનો હોવો

જોઈએ ? -- અહર્નિશ યાદ રહે કે માતાના દૂધ જેવો બાળક માટે સકલ વિશ્વમાં અન્ય એકેય ખોરાક નથી."(પૃ. ૪૪).

આ પછી જન્મકાળ ટાણે બાળકના દાંત અંગે કાળજી લેવા દશેક સૂચનો કર્યાં છે અને બાલ્યાવસ્થા દરમિયાન શીશી કાળજી લેવી જોઈએ તે અંગે પણ અગિયાર સૂચનો કર્યાં છે અને અંતમાં પણ યુવાવસ્થા ને વૃધ્ધાવસ્થામાં દાંતની કાળજી લેવા માટે પણ અગિયાર સૂચનો કર્યાં છે -- મતલબ કે આ આખું પ્રકરણ પ્રમાણમાં મોટું થયું છે પણ વૈજ્ઞાનિક અને વ્યવહારુ અભિગમને કારણે વધુ શાસ્ત્રીય ને ઉપયોગી થયું છે.

'કેટલાક રોગો-લક્ષણ-ચિકિત્સા' નામના છઠ્ઠા પ્રકરણમાં મુખ્યત્વે પાયોરિયા અને દાંતનો સડો (Dental decays) એ બે મુખ્ય રોગોની ચર્ચા કરી છે. આ ઉપરાંત મુખના ૬૫ પ્રકારના રોગોમાંથી દાંતના દંતરોગ આઠ, દંતમૂળરોગ પદર - આમ દાંતના ત્રેવીસ રોગનો ઉડતો ખ્યાલ આપ્યો છે. પાયો-રિયાની ચર્ચા કરતાં તેઓ કહે છે કે ઘણા વર્ષો પૂર્વે આ રોગ ઈરાનમાં જાણીતો હતો પણ મોટેભાગે તો એ નૂતન સંસ્કૃતિની ભેટ છે. આરોગ્યશાસ્ત્ર અને આહારશાસ્ત્રના ઉચિત જ્ઞાનના અભાવનું એ દુષ્પરિણામ છે. મૂળે એ ગંદકીનું દર્દ (Filth Disease) છે. પાયોરિયાનો શબ્દાર્થ જોતાં તેનું વાસ્તવિક સ્વરૂપ સમજાય છે. પાયોરિયા - Pyorrehea એ બે ગ્રીક શબ્દો Puon એટલે Pus અને Rhoia એટલે Flow - વહેવુંનો બનેલો છે -- મતલબ કે દાંતના અસ્થિની બખોલમાંથી પરૂનું વહેવું તેનું નામ પાયોરિયા.

આ પછી લેખક પાયોરિયાનાં લક્ષણો વર્ણવી એની ચિકિત્સારૂપે ચાર પધ્ધતિઓ દર્શાવે છે અને એને થતોજ અટકાવવા

માટે ખાસ્સાં પંદર વ્યવહારુ સૂચનો કરે છે. આ પછી થૂંકમાંથી થતી અને રક્તમાંથી થતી પથરીનો ખ્યાલ આપી, એના લક્ષણો ચર્ચી એની ચિકિત્સા દર્શાવી છે. આ ઉપરાંત ગૌણ રોગો કાજે ૪૬ ઉપચારો નિર્દેશ્યા છે, જે સામાન્ય માણસો પણ આચરી શકે તેમ છે.

'પરચુરણ' નામના સાતમા પ્રકરણમાં લેખકે દાતણ, બ્રશ કેવા હોવા જોઈએ, એનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી કેમ કરવી અને 'પેસ્ટ' તથા દંતમંજનની વિગતે ચર્ચા કરી છે. અંતમાં કેટલાક મધ્યમ ને આમવર્ગને પોષાય એવા દંતમંજનો કેમ બનાવવા તેની 'ફોર્મ્યુલા' દર્શાવી છે -- મતલબ કે આ પ્રકરણ ઉપયોગિતાની દૃષ્ટિએ વધુ મહત્ત્વનું છે. 'ઉપસંહાર' નામના છેલ્લા અને આઠમા પ્રકરણમાં લેખક કહે છે : "સામાન્ય રીતે જોઈએ તો દાંતના આરોગ્ય યા અનારોગ્ય માટે ગર્ભાવસ્થા અને બાલ્યાવસ્થા દરમિયાન માતા અને પિતા બંને જવાબદાર છે. વિદ્યાર્થી અવસ્થા દરમિયાન માતા, પિતા, શિક્ષક, શુભેચ્છક અને અન્ય વાલીઓ વગેરે જવાબદાર છે. યુવાવસ્થા દરમિયાન અને પછીની અવસ્થામાં તો વ્યક્તિ પોતે જ જવાબદાર ગણી શકાય. વ્યક્તિને શિરે જ્યારથી જવાબદારી આવે ત્યારથી તેણે દાંત અને આરોગ્યના સાહિત્ય દ્વારા જરૂરી સામાન્ય જ્ઞાન મેળવી લીધે જ છૂટકો. વળી આ વિષે શાળાના મુખ્ય અધિકારીઓ અને શાળા ઘણું જ કરી શકે -- તદુપરાંત સમાજના આરોગ્ય-રક્ષકો ધારે તો ચિત્રો, મેજિકલેન્ટર્ન, સિનેમોટોગ્રાફ, ભાષણો, લેખો અને તેના અન્ય લોકભોગ્ય સાહિત્ય દ્વારા રસિક અને સુસંગત રીતે આ વિષેનું સામાન્ય જ્ઞાન આપી શકે."(પૃ. ૭૫).

વિષયની શરૂઆતમાં 'હુમા' તખલ્લુસથી તેમણે એક શ્લોક ટાંકેલો તો અંતમાં પણ 'હુમા'ના તખલ્લુસથી પોતાનું સ્વતંત્ર

અવતરણ ટાંકી આ નિબંધને સમાપ્ત કરે છે : "જગતમાં દરેક વસ્તુના ઉપયોગ બે છે. એક સારો અને બીજો નરસો. જલ્લાદ પાસે શસ્ત્રનો ઉપયોગ સંહારાર્થે થાય છે, ડોક્ટરની પાસે તે જ શસ્ત્રનો ઉપયોગ લોક-કલ્યાણાર્થે થાય છે. તેવી જ રીતે કાં તો આપણે આપણા જીભરૂપી પાવડાથી અને દાંતરૂપી કોદાળીથી આપણી ઘોર ખોદીએ અગર તેમને વિજ્ઞાનપૂર્વક સ્વચ્છ રાખી જીવનોદ્યાન બનાવીએ અને જીવનમાં સુખ, આરોગ્ય અને આનંદ માણીએ."(પૃ. ૭૪).

ભાષા, વસ્તુ (કન્ટેન્ટ) અને રોચક નિરૂપણની દૃષ્ટિએ આવા ટેક્નિકલ વિષયો પણ કેવા તો સુવાચ્ય ને રસિક બની શકે તેનું આ સુંદર ઉદાહરણ છે.

'ગુજરાતણોની શરીરસંપત્તિ' એ કોલેજકાળ દરમિયાન લખાયેલો મૂળે તો મુંબઇની 'ફાર્બસસભા'નો ઇનામી નિબંધ છે. એ પછી એને મઠારી, વિસ્તૃત કરી સ્વ. મનુભાઇ બંધાણીના 'સ્ત્રી-જીવન'માં પ્રતિ માસે પ્રગટ કર્યો ને અન્તે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે ઇ.સ. ૧૯૪૪માં પુસ્તકરૂપે, તે સમયના વડોદરાના મોડેલ ફાર્મના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી ડાહ્યાભાઇ હ. જનીના (બી. એજી.) 'સત્કાર' સાથે પ્રગટ કર્યો.

આ પુસ્તક અંગે 'સ્વલ્પ'માં લેખક કહે છેઃ "આવાં લખાણોમાં કલાની અપેક્ષા ન હોય, તેમ જ તેની ઉપેક્ષા પણ ન હોવી જોઇએ. આમાં બહુ નવું નથી તે પણ જાણું છું ને ક્ષતિઓ નથી એમ કહું તો તે સાહસ ને દંભ કર્યાં કહેવાય; છતાં યે જે છે તે

વિશેષે ગુજરાતણોને અને સામાન્ય રીતે ગુજરાતને ચરણે સહર્ષ ને સાદર ધરું છું."(પૃ. ૩).

'સત્કાર'માં શ્રી જાની આ પુસ્તક અંગે લખે છે : "લેખકનો વિષય વિજ્ઞાન નહીં પણ ભાષાશાસ્ત્ર છે તેમ છતાં, તેમણે જે શ્રમ સાધીને આ પ્રયાસ આટલી કક્ષાએ પહોંચાડયો છે એ એમની શ્રમસહિષ્ણુતા, વિજ્ઞાનપ્રતિ અને પ્રાગતિકતાની ઝાંખી કરાવે છે." (પૃ. ૫). — "બીજા માયકાંગલા સાહિત્યને થોડો સમય સ્થગિત કરી દઈને (ફ્રીઝ) પણ આવા સાહિત્યને ખૂબ આગે ધપાવવાની જરૂર છે કેમકે આમાં જ પ્રજાના પુનર્જીવન, જીર્ણોધ્ધાર અને નવજીવનની ચાવીઓ છે. આ જ પ્રજાની સંજીવની વિદ્યા છે. કુસાહિત્યને ઉચ્છેદીને તેની જગ્યાએ જીવવાની, સુખે જીવવાની — માણસાઈથી જીવવાની વિદ્યાને કળા અને વિજ્ઞાન લગતું સાહિત્ય ધોધમાર પ્રકાશવું જોઈએ. એ ખળકાથી નવી ચમકદમક સાથે નવી દૃષ્ટિ લાધશે અને એ દૃષ્ટિ વડે જ નવી સૃષ્ટિ — જેની જગત રાહ જોઈ રહ્યું છે તે સર્જી શકાશે — આ દૃષ્ટિએ આ પુસ્તક અચૂક આવકારદાયક લેખાય". (પૃ. ૬).

લોકવિજ્ઞાનના જીવનોપયોગી — પ્રજા-વિજ્ઞાન (હયુમેનીટીઝ)માં આવો સક્રિય ને વિધેયાત્મક રસ લેતાં લેખકે ક્યાંક અતિશયોક્તિ ને અતિવ્યાપ્તિનો દોષ કર્યો છે તેને લેખકના અતિ ઉત્સાહ અને સહૃદયતા ખાતે ફાળવી, એક 'તેજસ્વી વિવત્સુ'ના આ અધૂરા છતાં મધુરા સફળ પ્રયાસને ઉત્સાહથી બિરદાવ્યો છે.

આ પુસ્તકનું ઊડીને આંખે વળગે તેવું એક લક્ષણ તે તેમાં ભરપેટે આપેલા આંકડા છે જેને માટે તેઓશ્રી મૃદુલાબહેન સારાભાઈના ઋણી છે. પ્રો. નવલરામ ત્રિવેદી, પ્રો. અનંતરાય રાવળ અને

અને ગુજરાત કોલેજના એક સમયના પ્રિન્સિપાલ શ્રી હીરાલાલ કાઝી સાથેની ચર્ચામાંથી પણ લેખકે માર્ગદર્શન મેળવ્યું છે.

'ઉપસંહાર' સમેત અગિયાર પ્રકરણોમાં આ પુસ્તક વહેંચાયું છે. ૧. ઊઘડતે પાને, ૨. આરોગ્યની દૃષ્ટિએ સમાજમાં સ્ત્રીનું સ્થાન, ૩. પ્રકૃતિરચના, ૪. શરીરસંપત્તિ, ૫. કારણોની પરંપરા (પૂર્વાર્ધ), ૬. કારણોની પરંપરા (ઉત્તરાર્ધ), ૭. નારીજીવનનું એક કરૂણાન્ત નાટક : ઋતુ ધર્મ, ૮. આરોગ્ય સંપન્ન કેમ થવાય?, ૯. પ્રકીર્ણ, ૧૦. સ્ત્રીના સામાન્ય રોગો – કારણો – લક્ષણો – ચિકિત્સા અને ૧૧. ઉપસંહાર – આ પ્રકારની પ્રકરણ વ્યવસ્થા છે.

પ્રથમ પ્રકરણ 'ઊઘડતે પાને'માં લેખક વિવિધ દેશો અને વિવિધ પ્રજાનું સ્વાસ્થ્ય ત્યાંના સ્થાનિક કારણોને સ્થિતિ ઉપર અવલંબે છે એમ કહી દૃષ્ટાંતરૂપે કહે છે કે ઉષ્ણ પ્રદેશમાં રહેનાર કરતાં ઠંડા પ્રદેશમાં વસવાટ કરનાર પ્રજાની આયુષ્ય-અવધિ દીર્ઘ હોય છે. સમાન ને મધ્યમ ઋતુને અંગે આયુષ્યતંતુ લાંબો ને પાકો બને છે. ઊંચા પ્રદેશમાં વસવાટ કરનાર કરતાં નીચેના પ્રદેશના રહેવાસી લાંબી જિન્દગી ભોગવે છે. મતલબ કે કોઈપણ ખંડ, દેશ વા પ્રાંતની ભૌગોલિક પરિસ્થિતિ, સ્થાનિક હવામાન, સંસ્કારમૂલક ઉચ્ચ કેળવણી, ઊંચું જીવનધોરણ, સુઘડ રહેણીકરણી, સાત્ત્વિક આહાર, સધ્ધર આર્થિક સ્થિતિ વગેરે જે તે પ્રજાની શરીરસંપત્તિના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

'આરોગ્યની દૃષ્ટિએ સમાજમાં સ્ત્રીનું સ્થાન' નામના બીજા પ્રકરણમાં તેમણે માનવજાતીય વારસો, પ્રજાકીય વારસો અને કૌટુંબિક વારસાની વિગતે સમજ આપી, સ્ત્રીસમાજના આરોગ્યની અનિવાર્યતા, નીચે દર્શાવેલા કારણોસર દર્શાવી છે:

૧. વીર્યવત્તર અને ઓજસ્વી પ્રજાવારસાની દૃષ્ટિએ –
અઃ શારીરિક દૃષ્ટિએ અને બઃ માનસિક દૃષ્ટિએ.
૨. આત્માનંદ : 'પહેલુ સુખ તે જાતે નર્યા' અને 'સાઉન્ડ માઇન્ડ ઇન એ સાઉન્ડ બોડી' એ દૃષ્ટિએ.
૩. આત્મોન્નતિ ને ધર્મપ્રાપ્તિ કાજે. શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ અને કામમોક્ષાણામારોગ્યં મુલમુત્તમમ્
૪. રાષ્ટ્રની થાપણ – એવા બાળકોના સંગોપન સંવર્ધન અર્થે.
૫. ગૃહિણી તરીકેના ગૃહવ્યવસાય સમર્થ રીતે બજાવવા અને
૬. ભર્તાની સહધર્મચારિણી તરીકેની ફરજો અદા કરવા.

નારીનું કવિતાઇ ગૌરવ કરતા તે લખે છે : "નૈતિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સકલસૃષ્ટિનો ઉત્કર્ષ સંસ્કૃત સન્નારીને જ આભારી છે. તેનામાં સ્વભાવજન્ય કોમળતા–મૃદુતા અને નિખાલસ હૃદયજન્ય પ્રેરણા–ભાવના, નિષ્કામ કુટુંબસેવા, સહનશક્તિ, શ્રધ્ધા અને નિર્વ્યાજ વાત્સલ્ય છે અને એને જોરે જ એ દેશના ભાવિ નાગરિકોને હૈયાના, આત્મના અમૃત પાઇ પાઇ ઉછેગમાં ઉછેરે છે – નવી પ્રજાને ઘડે છે. તે ઉછરતી પ્રજાની માનસધાત્રી છે, માનવતાની સંરક્ષક છે, ગૃહની ગૃહદેવી – ગૃહિણી છે, ભર્તાની ભાર્યા– સ્નેહમૂર્તિ, પ્રેરણામૂર્તિ, સેવામૂર્તિ–સહધર્મચારિણી છે, મનોજ્ઞા ને મનોનુકૂલા છે, રાષ્ટ્રની ચારિત્ર્યશિક્ષિકા છે ને વિશ્વની અપ્રતિમ મહાશક્તિ છે."(પૃ. ૬–૭).

'પ્રકૃતિરચના' નામના ત્રીજા પ્રકરણમાં સૂક્ષ્મ અને સ્થૂલ ભેદ વર્ણવી, વિશ્વની પ્રગતિને, ઇશ્વરની લીલામયી સૃષ્ટિને, માનવ-જાતની સંતતિને અમર રાખવા પ્રકૃતિએ સ્ત્રી–પુરુષમાં –– એની શરીર રચનામાં અને એના લાગણી તંત્રમાં જે ભેદ રાખ્યો છે તેની ચર્ચા કરી છે. સ્ત્રીઓની વિશિષ્ટ પ્રકારની ગ્રંથીઓને કારણે શારીરિક

ભેદ તથા આકૃતિ, રૂપ, કદ, રંગ વગેરેમાં પણ ભિન્નતા હોય છે. નારીમાં માતૃત્વનો અંશ હોવાને કારણે તેનામાં સ્નેહ, દયા, વાત્સલ્ય, પ્રેમ અને લાગણીની માત્રા વિશેષ હોય છે. એ વાત્સલ્ય નિર્ઝરિણી, પતિતપાવની, માનવકુલની મહાગંગા છે. બૌદ્ધિક દૃષ્ટિએ તે કલ્પનાવિહારી નથી પણ વ્યવહારુ ગૃહિણી છે. એટલે કેંક અંશે તે સંરક્ષક (કન્ઝર્વેટીવ) પણ છે — આમ છતાં તે ક્રાન્તિની પ્રેરણામૂર્તિ પણ છે. આ પછી ગ્રીસ, રોમ અને સ્પાર્ટાની પ્રજાની તંદુરસ્તીની વાત કરી અંતમાં લખે છે : "લખલખતું તંદુરસ્ત શરીર હોય, રોગનો અભાવ હોય તો જ તન અને મન નિરામય રહે. બુદ્ધિ સદા જાગ્રત અને તેજસ્વી બને. અંગેઅંગમાં સ્ફૂર્તિ, ચંચળતા અને તનમનાટ ભર્યાં રહે. શરીરસૌષ્ઠવ અને સૌંદર્યથી દેહ સમલંકૃત હોય, શરીરમાં લાલાશ, પ્રાણશક્તિ અને ધૈર્ય હોય, પ્રજાનું આયુષ્ય દીર્ઘ હોય, એટલું જ નહીં પણ સાચી તંદુરસ્તીનું મૂળ અને તેનો પ્રભાવ એવો હોય કે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉપર સંપૂર્ણ અંકુશ હોય એ સાચી નિરોગિતાની નિશાની છે. — પ્રજાનું આવું આરોગ્ય હોય તો જ પ્રજા નિત્ય ચેતનવંતી, ઉલ્લાસમયી, પ્રગતિમાન અને વીર્યવાળી રહે. તો જ માનવજીવનની પરિપૂર્ણતા સધાય. ત્યારે જ આ જીવનની સાર્થકતા થાય અને ઈશ્વરની લીલામયી સૃષ્ટિનો હેતુ પાર પડે."(પૃ. ૧૩).

'શરીરસંપત્તિ' નામના ચોથા પ્રકરણમાં લેખકે સને ૧૮૮૧ થી સને ૧૯૨૧ સુધીના, હિંદની સ્ત્રીઓની સરાસરી આવરદાના આંકડા આપ્યા છે અને સાથોસાથ હિંદનો મહિલાસમાજ આયુષ્યના ક્ષેત્રમાં અન્ય દેશોના મહિલાસમાજ કરતાં કેટલો બધો પછાત છે તે પણ આંકડા આપી તુલના કરી છે. અને અન્તમાં એ આંકડાઓને આધારે આ પ્રમાણેનું સમાપન કર્યું છે : "જ્યાં દશ

મિનિટે ચાર બાળક દૂધના અભાવે, બે જણ રાજરોગથી, ૨૩ જણ અપોષણથી મરે, જ્યાં આદર્શ દેશોથી અઢી ઘણું મરણ પ્રમાણ, પાંચ-ઘણું બાળમરણ પ્રમાણ, આદર્શ દેશથી ૪૦ ટકા આવરદા હોય, જ્યાં દુનિયાના રણમેદાનના મૃત્યુથી ચડિયાતા સુવાવડ ને તાવથી મરણ હોય, જ્યાં દર વીસ સેકન્ડે અક્કેક માતા સુવાવડને સાથરે સૂઈ જાય, પ્રતિ વર્ષ ૧૫ લાખ પ્રસૂતિમરણ નીપજે, જ્યાં લગ્નની ઘેલછાના સીધા ને કાતિલ પરિણામરૂપે સવાચાર કરોડ વિધવાઓ આંસુ સારતી હોય, જ્યાં હજારે ૩૭ માતાઓ સુવાવડને ખાટલે જ પોઢી જતી હોય, જ્યાં ૨૪ વર્ષની આયુમર્યાદા હોય, માંડ બે ટકા સ્ત્રીકેળવણી નહિ પણ કન્યાકેળવણી હોય, જ્યાં દોઢ આનાની રોજિન્દી આવક હોય – ત્યાં નારી–સ્વાસ્થ્યના અસ્તિત્વની– ઉદયની આશા શી?"(પૃ. ૧૯).

'કારણોની પરંપરા (પૂર્વાર્ધ)' નામના પાંચમા પ્રકરણમાં –

'એક નહિ, દો નહિ, સૌ નહિ, હજાર નહિ;
માતાકે દિલપર દાગોંકે કુછ શુમાર નહિ.'

એ અવતરણ સાથે, સ્ત્રીઓના આરોગ્યનો અર્થ શો? આરોગ્યના આવશ્યક ધોરણથી અર્વાચીન ગુજરાતી નારીસમાજ કેટલે અંશે ઉતરતો છે? ઉતરતો હોય તો સાથી? વર્તમાન પરિસ્થિતિને અનુસરી, દેશ, કાળ, સંજોગો અને સાધનોનો વિચાર કરી, અર્વાચીન નારીસમાજના સ્વાસ્થ્યની ઉન્નતિ અર્થે શું કરી શકાય તેની ચર્ચા વિગતે આ પ્રકરણમાં કરવામાં આવી છે. આ ઉપરાંત નારીજીવનનાં સામાન્ય દર્દો, આર્તવનાં દર્દો, ગર્ભિણીનાં દર્દો, સુવાવડને લગતાં દર્દો તથા માતૃત્વને લગતાં દર્દો તથા કુદરતી તેમજ વારસામાં ઉતરી આવેલાં દર્દોનો નિર્દેશ કરી, સંક્ષેપમાં સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે કહે છે : "તેઓ પોતાનો યોગ્ય

વિકાસ સાધતા, પ્રકૃતિથી સાંપડેલ સાંસારિક અનિવાર્ય ફરજો કરતા, મનની આધિઓ, તનની વ્યાધિઓ અને સંયોગોની ઉપાધિઓ – એમ શારીરિક, માનસિક અને સંસારિક – ત્રિવિધ રોગોની સામે ટક્કર ઝીલી શકે અને જીવનનો ઉલ્લાસ માણી શકે." (પૃ. ૨૧–૨૨). પુત્ર કે પુત્રીના જન્મ પરત્વે સમાજના બેહૂદા માનસની ટીકા કરતા લેખક પુણ્યપ્રકોપ ઠાલવે છે ને સ્વ. ગો. મા. ત્રિપાઠીને ટાંકે છે :

"મુજ દેશ વિષે રસમાળી વિના
ફળ પુષ્પ ધરે નહિ નારી–લતા."

તેમજ

"નરજાત હશે સુખી કદી જે મ્હાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોવા વિના, સુખ સ્વપ્નમાં બીજું નથી."

વળી હાફીઝને ટાંકતા કહે છે :

"પ્રજ્વલિત દીપજ્યોતિમાં, બળતા પતંગ અનેક છે;
જે બળે શીતજ્યોતિમાં, તે હિંદુનારી એક છે."

અન્તમાં લેખક કહે છે : 'જનનીને આવાં દુઃખડાં, સંતતિને શાનાં સુખડાં ?' મહુડા વાવીને કેરીની વ્યર્થ આશા સેવવાનો અર્થ શો?

'શારીરિક વિકાસમાં વિકૃતિની ચર્ચા કરતાં હિંદ અને યુ. એસ. એ. ના નારીસમાજની તુલના આંકડાઓ આપી વિગતે કરી છે તો શારીરિક વિકાસની તુલના રજોદર્શનના અનુલક્ષમાં ગૃહસ્થના ગૃહની અને અનાથાશ્રમની બહેનોના સંદર્ભમાં વૈજ્ઞાનિક પધ્ધતિએ કરી છે. બાળલગ્નોનો આખો મુદ્દો તો આંકડાની સહાયથી પ્રભાવક રીતે રજૂ કર્યો છે ને સાથે સાથે બાળપત્નીઓ અને બાળવિધવાઓનો પ્રશ્ન પણ હૃદયસ્પર્શી રીતે છણ્યો છે. નમૂના

તરીકે ઇ.સ. ૧૯૩૧ના બાળવિધવાઓના આંકડા જોઇએ :

ઉમર	સંખ્યા
૧ વર્ષની અંદર	૧,૫૧૫
૧ થી ૨ વર્ષની અંદર	૧,૭૮૫
૨ થી ૩ વર્ષની અંદર	૩,૪૮૫
૩ થી ૪ વર્ષની અંદર	૯,૦૭૬
૪ થી ૫ વર્ષની અંદર	૧૫,૦૧૯
૫ થી ૧૦ વર્ષની અંદર	૧,૦૨,૪૮૨
૧૦ થી ૧૫ વર્ષની અંદર	૧,૩૫,૩૩૯

બધી જ વયની લગભગ સવાચાર કરોડ વિધવાઓની વાત કરી લખે છે : "વિધવા જીવનમાં તેમના મનના અનેક મનોરથ માર્યાં જાય છે. માતૃત્વને બંધ બારણે માથાં પછાડતી એ 'ત્યાગ મૂર્તિઓ' ને સ્વેચ્છાથી નહીં, પણ અનિચ્છાથી ભરયૌવનમાં આકરું વૈધવ્ય સ્વીકારવું પડે છે. પરિણામે હિસ્ટીરીઆ, તાણખેંચના દર્દો, ઉન્માદ તેમજ જ્ઞાનતંતુ ને હૃદયના ન્યુરેસ્થેનીયા જેવા અનેકવિધ માનસિક રોગો થાય છે."(પૃ. ૩૦). સ્ત્રીના સ્વાસ્થ્યને યોગ્ય વા અયોગ્ય લગ્ન સાથે પણ નિકટનો નાતો છે. લગ્નજીવનનો આદર્શ રજૂ કરી, વાસ્તવમાં જેવા મળતા માનસિક અને શારીરિક કજોડાની ચર્ચા કરી, અયોગ્ય લગ્નના પરિણામ દર્શાવતા લેખક કહે છે : "આમ હિસ્ટીરીઆ, પ્રદર, વંધ્યત્વ અને પ્રમેહ જેવા આધુનિક દર્દો અલ્પાંશે વા અધિકાંશે અયોગ્ય લગ્નોને જ આભારી છે."(પૃ. ૩૨).

કોઇને આશ્ચર્ય થાય કે લેખકે નારીસમાજના સ્વાસ્થ્યને લાજ પડદાના રિવાજ સાથે શા માટે સાંકળયો હશે? પણ લેખક

કહે છે : "સૂર્યનો પ્રકાશ શરીરના રજકણોના સર્જન વિસર્જનને (મેટાબોલીઝમ) ઉત્તેજિત કરે છે, પ્રભાતનો કુમળો તડકો શરીરને લાભદાયી, વૃધ્ધિપોષક ને બલપ્રદ છે — આરોગ્યને લગતું સૂર્યનું રંગિત કિરણોનું રંગોપચાર નામક જૂદું શાસ્ત્ર છે. ગુણમાં કોડલવીર ઓઇલની બરાબરી કરી શકે તેવાં રામબાણ તત્ત્વો સૂર્યોદય પહેલાંના જાંબુડી કિરણોમાં તથા અન્ય કુમળા પ્રકાશમાં હોય છે. આ વૈજ્ઞાનિક તથ્યના પ્રમાણરૂપે, લેખક ગરમી તથા પ્રકાશની વૃધ્ધિ ઉપર શી શી અસર થાય છે તેનો કોઠો રજૂ કરે છે." (પૃ. ૩૩–૩૪). અકાળે સ્ત્રી–ભાવની જાગ્રતિ પણ સ્વાસ્થ્યને હાનિકારક છે એમ કહી લખે છે : "યુવાની તો જેટલી મોડી આવે તેટલી વિશેષ ટકાઉ ને મનોરમ – જ્યારે અહીં ઇન્ક્યુબેશનથી, વાતાવરણ તંગ બનતાં, બાળામાં પુરુષના, લગ્નના, સંસારના ને માતૃત્વના વિચારો અપક્વ વયે સ્ફૂરે છે જે તેના ઊર્મિ–તંત્રને, દેહતંત્રને અને એને પરિણામે આરોગ્યને કારી ફટકો લગાવે છે." (પૃ. ૩૫).

પશ્ચિમની કેળવણીને લીધે સમાજમાં વ્યક્તિવાદ વધુ પ્રચાર પામ્યો છે. અંગત વિકાસ, વ્યક્તિગત સુખ, ઉપભોગ, વિલાસની ભાવના દૃઢ ને પ્રચલિત થતી જાય છે — પરિણામે સંયુક્ત કુટુંબ તૂટે છે ને વિભક્ત કુટુંબ વધતાં જાય છે. આને કારણે સંયમ એ જ મહાકલા અને નિરોગિતાનો મંત્ર ભૂલાતો જાય છે. આ ઉપરાંત રડવાકૂટવાનો રિવાજ, વૃધ્ધ લગ્નો, શિક્ષણ અને વ્યાયામનો અભાવ, પોલી પ્રતિષ્ઠા, સમાજના આમ ને ઉચ્ચ સ્ત્રી વર્ગમાં ભૂલાતી જતી કામની મહત્તા વગેરે કારણોને નારી આરોગ્યનાં ઘાતક ગણાવ્યાં છે.

'કારણોની પરંપરા (ઉત્તરાર્ધ)' એ નામના છઠ્ઠા પ્રકરણમાં

લેખક આરોગ્ય અને આર્થિક કારણોની ચર્ચા કરતા લખે છે : "જે વર્ગને પૂરતું પોષણ મળી શકે છે તેમને પોષણમાંથી જીવનનું લોહી કરવા માટે ફેફસા નથી અને જે વર્ગને પૂરતા મોટા ફેફસા છે તે વર્ગને સાફ કરવા જેટલું લોહી પૂરું પાડનાર ખોરાક નથી. બંને પાસે વધારો છતા બંને ભૂખે મરે છે — જાણે રોટલા અને હવાના ભાગ વહેંચાયા. (પૃ. ૩૬).

શું ગુજરાત કે શું હિન્દ — બંનેનો એક મોટો વ્યાધિ છે અપોષણ. અનારોગ્ય એ એનું સીધું પરિણામ છે — પછી તે અનારોગ્ય હોય સ્ત્રીનું કે પુરુષનું. પોષણ અને આવરદાનો સંબંધ દર્શાવી લેખકે અમેરિકા, ઇંગલેન્ડ, જાપાન, ફ્રાન્સ, જર્મની અને હિંદની તુલના કરતો એક કોઠો આપ્યો છે. આ આંકડાના આધારે તે કહે છે કે જ્યાં યોગ્ય પોષણ છે ત્યા બાળમરણનું પ્રમાણ અલ્પ છે ને ત્યાં શેષબળ વધારે છે તથા આયુષ્યનો આંક પણ ઊંચો છે. 'દૈન્યં હિ દોષો ગુણહાનિનાશઃ ।' ગરીબાઇનું પરિણામ બીજું શું હોઇ શકે? ગુજરાત અન્ય રાજ્યોની તુલનાએ સમૃધ્ધ છે એવી માન્યતાનું ભ્રમભંજન આપણા મૂર્ધન્ય અર્થશાસ્ત્રી પ્રો. સી. એન. વકીલને ટાંકીને કહે છે અને પ્રત્યેક હિંદીની સરાસરી રોજિંદી આવકને જાપાન, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને અમેરિકાના નાગરિકની આવક સાથે સરખાવી છે જે અનુક્રમે આપણા કરતા ૫૦, ૬૮, ૭૭, ને ૧૫૫ ઘણી છે. હિંદની દારુણ ગરીબાઇની મીમાંસા કરતા લેખક કહે છે : "હિંદ ગામડામાં વસેલો છે. જ્યા સુધી હિંદની ગ્રામસંસ્કૃતિનો વિનાશ નહોતો થયો ત્યાં લગી હિંદ આર્થિક બાબતમાં મોખરે હતો — પણ ગ્રામસંસ્કૃતિનો વિનાશ થયો. ધરતીના ધાવણથી પોષાતી ૭૩ ટકા પ્રજા ખેતીની કંગાલિયતથી અસહાય બની. ઉદ્યોગોને અભાવે બેકારીનો હાઉ

આવ્યો. પરદેશી ચૂસણની નીતિએ હિંદના રહ્યાસહ્યા હાડચામ ચૂસી લીધા. પ્રતિકૂળ વેપારની નીતિએ હિંદના જહાજને પ્રતિકૂળ-અવનતિની દિશામાં દોર્યું અને વિપરીત અર્થતંત્રે દેશના અને દેહના તંત્રને અતંત્ર કરી દીધું; પરિણામે સારાયે દેશમાં ગરીબાઇ ને ગરીબાઇ ડોકિયાં કરી રહી છે." (પૃ. ૪૦).

આમ અતિશ્રમ, અપૂર્ણ ને અયોગ્ય આહાર તથા આરામની ન્યૂનતાને કારણે મોટા ભાગની શ્રમજીવી બહેનોની શરીરસંપત્તિ કથળી છે. આ પછી લેખક હિંદના છ રાજ્યોના લોકોના પોષણના ટકાનો કોઠો આપે છે અને સારરૂપે કહે છે : "અપોષણ એ એકલા ગુજરાતનો ને એકલી ગુજરાતી બહેનોનો જ નહીં પણ સમગ્ર હિંદનો વ્યાધિ છે અને અનારોગ્ય તથા અલ્પઆયુષ્ય એ તેનું સીધુ પરિણામ છે."(પૃ. ૪૩). આ પછી 'આરોગ્યજ્ઞાનનો અભાવ' એ પેટાશીર્ષક નીચે વ્યક્તિગત આરોગ્ય (ઇન્ડીવ્યુડયુલ હાઇજીન) અને સામાજિક આરોગ્ય (માસ હાઇજીન) ની ચર્ચા કરી છે ને અંતમાં, સંક્ષેપમાં અનારોગ્યના કેટલાક કારણો આ પ્રમાણે દર્શાવ્યા છે :

૧. :અ: શહેરી જિન્દગી – શુધ્ધ હવાને અભાવે પાંડુરોગ, ક્ષય, પ્લેગ, ઇન્ફલુએન્ઝા ને અતિસારના રોગના ભોગ.

:બ: ગ્રામજીવન–પારાવાર અજ્ઞાન, અસહ્ય ગરીબાઇ ને ભયંકર ગંદકી.

૨. મકાનોની અવૈજ્ઞાનિક બાંધણી,

૩. સ્વચ્છ હવાનો અભાવ, ૪. નિર્મળ પાણીનો અભાવ,

૫. આરોગ્યપ્રદ આહારનો અભાવ,

૬. ટાઢ, તાપ ને તાવ તેમ જ ઝેરી જંતુઓના ચટકાથી રક્ષણ આપે તેવાં વસ્ત્રોનો અભાવ,

૭. વય, બાંધો અને કૌવતના પ્રમાણમાં તન અને વિશેષે તો મનની કસરતનો અભાવ,

૮. દૈહિક સુઘડતાનો અભાવ.

સંક્ષેપમાં આહાર, વિહાર, નિહારઃ આ ત્રિપુટીનો સુભગ સમન્વય નહીં જળવાતાં ગુજરાતી સ્ત્રીઓના જીવનનો સંહાર શરૂ થાય છે. (પૃ. ૪૪–૪૫).

સાતમા પ્રકરણનું શીર્ષક છે : 'નારીજીવનનું એક કરુણાન્ત નાટક' જેમાં ઋતુધર્મ, સગર્ભાવસ્થા, કસુવાવડ, પ્રસૂતિકાળ વગેરેની વૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરી છે. રજોદર્શનને લેખક સ્ત્રીમંદિરનો પાયો ગણે છે, ને તેનો તથા યુવાવસ્થાનો આધાર દેશની આબોહવા, વંશવારસાની લાયકાત, કૌટુંબિક રિવાજ ને સોબત પર અવલંબે છે એમ જણાવે છે. એ પછી ભિન્ન ભિન્ન દેશો ને પ્રદેશોની કુમારિકાઓના ઋતુકાળની વાત આંકડા સાથે ચર્ચે છે. માનસિકસ્ત્રાવને વિદ્વાનોએ નેચર્સ વોશ ડે – પ્રકૃતિનો પ્રક્ષાલનદિન ગણાવ્યો છે –– એનાથી શરીરમાં રહેલ સેન્દ્રિય વિષમય પદાર્થ (ઓર્ગેનીક ટોક્ષીન) નીકળી જાય છે ને શરીર શુધ્ધ રહે છે. અનેક રીતે રજોદર્શનનું મહત્ત્વ સમજાવી લેખક આપણી બહેનોની વાત કરતાં લખે છે : "જે રજોદર્શનનો પ્રસંગ આરોગ્યની દૃષ્ટિએ નારીજીવનમાં આટલો બધો મહત્ત્વનો છે તેના પ્રતિ કેટલું બધું દુર્લક્ષ સેવાય છે? જેનાથી સ્ત્રીઓ ભવિષ્યમાં માતા થનાર છે, જેનાથી તેમનો સશક્ત બાંધો બંધાવાનો છે, જેનાથી તેઓના ઘણાખરા ભયંકર વ્યાધિઓ નીંદાઈ જવાના છે, જેનાથી ભાવિપ્રજા સશક્ત અને નીરોગી થવાની છે તેના પ્રતિ પારાવાર દુર્લક્ષ સેવાય છે; અને એ દુર્લક્ષની આકરી સજારૂપે પ્રદર, વંધ્યત્વ, હિસ્ટીરીઆ, નષ્ટાર્તવ યા અલ્પાર્તવ, રક્તપ્રદર ને પીડિતાર્તવ

જેવા અનેકાનેક રોગોની અનંતમાળ ચાલ્યા જ કરે છે."(પૃ. ૪૭).
એ પછી ઋતુકાળ દરમિયાન પાળવાના નિયમોની વાત કરે છે.

ઋતુધર્મ પછી સગર્ભાવસ્થાને લેખક નારીજીવનના નાટકનો બીજો અંક ગણાવે છે. આ અવસ્થામાં બહેનોએ આરોગ્યની દ્વિગુણિત કાળજી રાખવાની હોય છે – પોતાની જાતની ને ગર્ભસ્થશિશુની –– એટલે આહારમાં પણ બે રીતે જાળવવાનું છે. એક સગર્ભા સ્ત્રીનું આરોગ્ય જળવાઈ રહે તે કાજે અને બીજું ગર્ભસ્થ શિશુના દેહના બંધારણને ઉત્તેજક તત્ત્વો મળે તે દૃષ્ટિએ. સગર્ભાવસ્થામાં મળતો અયોગ્ય વા અપૂર્ણ આહાર અનેક રોગો જન્માવે છે. સમતોલ આહાર (બેલેન્સ ડાયેટ) ની વાત કરી લેખક લોહ, ચૂનો અને વિટામીન 'એ' તથા 'ઇ' ની સગર્ભાવસ્થામાં શી જરૂર પડે છે તેની વૈજ્ઞાનિક ઢબે ચર્ચા કરી છે.

'સાત સુવાવડ સારી પણ એક કસુવાવડ ખોટી' એ લોકોક્તિને ટાંકીને લેખક કસુવાવડથી થતા અનેક રોગોનો નિર્દેશ કરી એમાંથી મુક્ત રહેવા સૂચવે છે. એ માટે વિધેયાત્મક ઉપાયો પણ દર્શાવે છે. આંકડાની ભાષામાં વાત કરતાં તે કહે છે કે કાતીલ લડાઈમાં હજારે પંદર યોધ્ધાઓનો ભોગ લેવાય છે જ્યારે હિંદની સુવાવડો તો હજારે સાડત્રીસ જેટલી બહેનોનો ભોગ લે છે. એક વખતની સુવાવડમાં માતાની છ માસની જીવનશક્તિ ખર્ચાઈ જાય છે એમ દર્શાવી સંસ્કૃત દાયણો અને સુલભ પ્રસૂતિગૃહોની આવશ્યકતા પર ભાર મૂકે છે. અંતમાં કહે છે : "માતા એ માત્ર બાળકની જ માતા નથી પણ સમગ્ર દેશના બાળકોની માતા છે. બાળક એ એકલી માતાનું જ બાળક નથી પણ સમગ્ર દેશની દોલત છે. આવી ઉદાત્ત ભાવના જ્યાં પ્રત્યેક દેશવાસીના હૃદયમાં જાગ્રત થાય ત્યાંજ દેશના પાયારૂપ માતાઓને અને ઇમારતરૂપ બાળકોનો ઉધ્ધાર

થાય : યોગ્ય વિકાસ થાય. આમ ન થાય ત્યાં સુધી તો ઉધ્ધારની અને વિકાસની લાંબી-પહોળી વાતો એ વિતંડાવાદ છે, ભાષણો એ મિથ્યા પ્રલાપ છે, લખાણો એ લીસોટા છે અને વિચારણાઓ એ મૃગજળ સમાન છે." (પૃ. ૫૬).

અનારોગ્ય પરિસ્થિતિમાં કારણોની મીમાંસા કર્યા પછી લેખક, 'આરોગ્ય સંપન્ન કેમ થવાય?' એ નામના આઠમા પ્રકરણમાં આરોગ્ય સુધારણાના માર્ગોની ઝીણવટપૂર્વક લખાણથી ચર્ચા કરે છે. આ ચર્ચામાં એમણે આર્થિક કારણો, સામાજિક કારણો, રાજકીય કારણો, વૈયક્તિક ને વૈજ્ઞાનિક કારણો, આહાર, પોશાક, કપડાંની સ્વચ્છતા, હવા, પાણી, શારીરિક સ્વચ્છતા, સંતતિનિયમન, કેશપ્રસાધન, બ્રહ્મચર્ય, સ્વચ્છ ટેવો, કામની મહત્તા, નકલી પ્રતિષ્ઠા, દવાઓનો ઉપયોગ, શરીર-વિજ્ઞાન, જાતીય જ્ઞાનનો અભાવ, આરોગ્ય શિક્ષણ - રોગ અને ઉપચાર, આરોગ્ય વિજ્ઞાન, શિક્ષણ સંસ્થાઓ, આરોગ્ય સપ્તાહ (હેલ્થ વીક), બાળસપ્તાહ (બેબી વીક), ગૃહવિજ્ઞાન, વ્યાયામ, ઉલ્લાસના સાધનો, વૃધ્ધિપોષક કેટલાક કુદરતી તત્ત્વો, પ્રવૃત્તિ-શીલ જીવનમાં શોખ યા રસના વિષય (હોબી), નારીમંડળો, ગરબામંડળો, આનંદ પર્યટનો વગેરે અંગે સઘન રીતે ઘણુંબધુ કહ્યું છે જે બહેનોના આરોગ્યને અનેકરીતે ઉપકારક નીવડે તેમ છે. પ્રાણીમાત્રનું આનંદ એ જીવન છે. 'આનન્દેન જાતાનિ જીવન્તિ' કહી, ઉલ્લાસ, આનંદ અને કસરતને અભાવે સ્ત્રીવર્ગમાં ક્ષય, સુવારોગ, હિસ્ટીરીઆ, અશક્તિ વગેરે દર્દો વધતાં ચાલ્યાં છે. પુનરુધ્ધારક વિનોદો (રીક્રીએશન) નો અભાવ અને જીવનસંગ્રામ (સ્ટ્રગલ ફોર એક્ઝીસ્ટન્સ)ની ભીષણતાએ નારીજીવનનું નૂર હણી દીધું છે --- હીર હરી લીધું છે. આહારનો અતિયોગ કે હીનયોગ કરી

પ્રજ્ઞાપરાધ ન કરતાં મિતયોગ કરવા કહે છે.

લેખક, સંયમપૂર્વકના સંતતિનિયમનને આશીર્વાદસમાન લેખે છે અને કામલોલુપતાને ડામીને સ્વાદલોલુપતાને સંયમમાં રાખીને, સામાજિક કુરૂઢિઓને દૂર કરીને બ્રહ્મચર્યના મર્મને પિછાનવા કહે છે. આરોગ્યના ક્ષેત્રે આનંદ પર્યટનોની આવશ્યકતા દર્શાવતો પેરેગ્રાફ તો ગદ્ય કવિતા સમાન લાગે છેઃ "રમણીય કુદરતી સ્થળોએ અવારનવાર વિહાર કરવાથી પ્રકૃતિનો પરમ વૈભવ માણી શકાય છે. આંખને માટે લીલી વસ્તુઓનું દર્શન ખૂબ જ આહ્લાદજન્ય ને રુચિકર છે. સૌંદર્યલક્ષ્મીથી લચી પડતાં પ્રકૃતિના રમણીય ધામોમાં ફરવાથી, કુદરતના કલાધામોમાં વિહાર કરવાથી, વનશ્રીથી પરિપૂર્ણ અને નિર્ઝરિણી તથા મૃદુઝરણાંના કલરવથી યુક્ત વનોમાં ભ્રમણ કરવાથી, પ્રકૃતિના પ્રકાશ, હવા, ઉજાશનો અનંતલાભ અનુભવાય છે. પ્રકાશ, હવા અને ઉજાસના એ લાવણ્યમય નૃત્યમાં મન અને આત્માનો થાક ઉતરી જાય છે. ચિત્ત શાન્ત અને પ્રસન્ન બને છે. પક્ષીઓનું કૂજન અને કુદરતનો આવકાર એ ખરેખર કુદરતી ઇલાજે છે."(પૃ. ૯૧).

'આરોગ્ય વિજ્ઞાન' અંગે આપેલો સંક્ષિપ્ત ચિતાર તો પ્રમાણમાં લાંબા એવા આ પ્રકરણના અર્ક સમાન છે. આરોગ્ય વિજ્ઞાનના ક્રમિક અભ્યાસક્રમને આ રીતે રજૂ કરે છે :

૧. શરીરનું બંધારણ -- શરીરનું રેખાદર્શન - જેમાં સામાન્ય-જ્ઞાન હોય -- શરીરના અવયવો જેવા કે હૃદય, આંતરડાં ફેફસાં, અન્નનળી, શ્વાસનળી, ધમની, મગજ વગેરેનું શાસ્ત્રીય સામાન્ય જ્ઞાન હોવું જોઇએ.

૨. રૂધિરાભિસરણ, તેની ક્રિયા, લોહી અને તેની લીલા.

૩. જાતીય જ્ઞાન (સેક્સ્યુઅલ સાયન્સ), જાતીય અવયવોની રચના, ગર્ભાશય વગેરેની રચના અને ગર્ભધારણની ક્રિયા વગેરે.

૪. શારીરિક સ્વચ્છતા અંગે.

૫. ખોરાક, તેના મુખ્ય તત્ત્વો, દ્રવ્યો, ક્ષારો, પ્રજીવનકો વગેરેનું શાસ્ત્રીય જ્ઞાન.

૬. સુપ્રજનન શાસ્ત્ર વિષયક પૂરતી માહિતી,

૭. માનસશાસ્ત્રના સામાન્ય સિધ્ધાંતો.

૮. બાયોલોજી (જીવવિદ્યા)નું પ્રાથમિક શિક્ષણ.

૯. બેક્ટિરીયોલોજી અને જંતુઓની સામાન્ય માહિતી.

૧૦. રોગના કારણો, રોગનું નિદાન, રોગની ચિકિત્સા, ઉપચાર અને અકસ્માત વખતે પ્રાથમિક મદદ (ફર્સ્ટ-એઇડ)નું શિક્ષણ,

૧૧. મીડવાઇફરી-(દાઇનું અને નર્સનું કામ), બાળઉછેર અને બાળસંગોપનનું પૂરું શાસ્ત્રીયજ્ઞાન, સંતતિનિયમનનું શાસ્ત્રીય જ્ઞાન.

૧૨. કેમીસ્ટ્રી (સાદું રસાયણશાસ્ત્ર) ઘરગથ્થુ ઉપયોગ માટે.

આરોગ્ય વિજ્ઞાનમાં ઉપરના વિષયોના ક્રમિક અભ્યાસક્રમ દ્વારા સ્વાસ્થ્ય સંરક્ષણની સામુદાયિક પ્રવૃત્તિ સફળ બની શકે. (પૃ. ૮૪-૮૫).

'પ્રકીર્ણ' શીર્ષકવાળા નવમા પ્રકરણમાં લેખકે આરોગ્ય સંબંધે અવારનવાર સ્ફુરેલા જે તે વિચારો વ્યક્ત કર્યાં છે. અલબત્ત અહીં વિચારશ્રેણીની ક્રમબધ્ધતા જાળવવાનો આશય ગૌણ છે પણ લેખક વિષયાન્તરના અને પુનરાવર્તનના દોષમાંથી એકંદરે મુક્ત રહ્યા છે. આખા પ્રકરણમાંથી કયું અવતરણ આપવું ને કયું ન

આપવું તે પણ ઝીણા વિવેકનો પ્રશ્ન બની ગયો છે. આખુંય પ્રકરણ અતિ ચીવટથી લખાયું છે. બે-ત્રણ અવતરણો જોઈએ : "અર્વાચીન જમાનાનું પ્રધાન લક્ષણ ચંચળતા છે. એ ચંચળતામાં પ્રગતિ ગર્ભિત છે એમ કોઈ રખે માને, બલ્કે બધા પ્રકારની ચંચળતામાં વિલાસની માત્રા વધી પડી છે — ને સંયમના બંધ શિથિલ થયા છે. આછોતરી નજરને તો બધા પ્રકારની પ્રવૃત્તિમાં પ્રગતિ જ દેખાય છે; પણ બધી ક્રિયા એ ગતિ નથી — જેમ મૂર્તિભંજકતા એ ધર્મસંસ્થાપના નથી. સ્ત્રી તેમજ પુરુષના જીવનસાગરમાં વિલાસની ભરતી ગાજે છે, જ્યારે સંયમ ને ઉલ્લાસની તો ઓટ જ આવી છે. આપણી દૃષ્ટિ વિલાસને ઉલ્લાસ માની બેઠી છે ને એ સ્વકીય કલ્પનાથી માનેલ ઉલ્લાસને જીવનનેમ તરીકે સ્વીકારી સારું યે જગત વિનાશની કાળગુફા તરફ ધકેલાઈ રહ્યું છે — અને આથીસ્તો પ્રજોત્પત્તિ, ધર્મના એક ભાગ તરીકે ન રહેતા, વિલાસ અને વિષયસુખનું જ સાધન બની રહી છે. પ્રજોત્પત્તિની આપણી પુરાણી છતાં નિત્ય નવીન આર્યભાવના આજે તો ઇતિહાસના એક અવશેષરૂપ બની રહી છે. લગ્ન, પ્રજોત્પત્તિ જીવન કશામાં કોઈ આદર્શ નથી. આથી જ જીવન તરફ હળવી નજરે જોતા આપણે શિખ્યા છીએ અને જીવનમાં ભોગભાવના બલવત્તર બની છે. આ આદર્શના અભાવમાં અને વિલાસના અતિરેકમાં આપણે આરોગ્યના મૂળભૂત સિદ્ધાંતોને અવગણીએ છીએ — શું વ્યક્તિ તરીકે કે શું પ્રજા તરીકે. પ્રજા સમસ્તની નિર્માલ્યતા અને નિર્વીર્યતા આપણી આ અવગણના અને અવહેલના સીધા ને પ્રત્યક્ષ પડકારરૂપ છે." (પૃ. ૬૩).

પ્રજાકીય સ્વાસ્થ્યમાં, પ્રજાબીજમાં નિહિત જીવનશક્તિ પ્રભાવક ને નિર્ણાયક તત્ત્વ છે તે અંગે કહે છે : "પ્રજાબીજમાં અંતર્ગૂઢ સ્વરૂપે વસેલી આ જીવનશક્તિ પ્રજાશરીર અને પ્રજાસ્વાસ્થ્યના સર્વાંગી

ને સમુચિત વિકાસમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. એ બીજની જીવનશક્તિમાં સમસ્ત પ્રજાનું ખમીર, વીર્ય, ઓજસ, કાર્યક્ષમતા, આયુક્ષમતા, તલમાં તેલ પેઠે ગર્ભિત છે. આમ વંશવારસામાં ઉતરી આવતી, પ્રત્યેક પેઢીએ પેઢીએ સંક્રાન્ત થતી આ પ્રજાબીજની જીવન-શક્તિ માનવવંશની મૂડી છે. પ્રજાશરીરના વિકાસમાં અને નવ-પલ્લવતામાં ખોરાક, કસરત ને અનુકૂળ વાતાવરણ તો નિમિત્ત માત્ર છે, ગૌણ છે. મુખ્ય આધાર તો છે જીવનશક્તિ ઉપર, બીજ, ઉપર, માતપિતા ઉપર અને એટલા માટે તો કોઈપણ શરીર એ નિરપેક્ષ રીતે સ્વતંત્ર વ્યક્તિ નથી. તો તે છે તેના વંશ ને માત-પિતાની એક નવીન સુધારાવધારાવાળી આવૃત્તિ માત્ર. અતિ વિલાસ, અસંયમ, અતિ પ્રજોત્પત્તિ અને અપત્ય ઘેલછાના આ જમાનામાં પ્રજા સમસ્તના આરોગ્યના તાત્ત્વિક અને સર્વવ્યાપી સિધ્ધાંતનો ભંગ થવાથી આજે આપણે ગુલામ છીએ, હીન છીએ, દીન છીએ, પતિત છીએ. આપણી ભૂલોની પરંપરાઓના એ માત્ર પ્રત્યક્ષ પરિણામ છે."(પૃ. ૯૪). સ્ત્રી તેમજ પુરુષના જીવનના આરોગ્યમાં કોઠો અતિ અગત્યનો ભાગ ભજવે છે. કોઠાની લઘુતા આ વિશાળતા આરોગ્યની નાદારી યા સધ્ધરતાના મૂળ કારણો છે — કોઠાની વિગતવાર ચર્ચા કર્યા બાદ લેખક વિષમકાય, દીર્ઘકાય અને હ્રસ્વકાય વ્યક્તિઓના આરોગ્યની ચર્ચા કરે છે. લગ્નની વય અને પ્રજોત્પત્તિની વાત કરતા લેખક જાણે કે સાંપ્રત રાષ્ટ્રીય ફલક ઉપર વિચારતા ન હોય!– એવું લાગે છે. આ માટે એક જ અવતરણ પર્યાપ્ત થશે. "મનોવાંછિત સંતાનો માટે ઉપાસના – સાધના–તપશ્ચર્યા કરવી એ નવી ધાટી અને પ્રણાલિ આપણામાં આવવી જોઈએ. એક સંતાન પછી બીજું સંતાન અવતરે એ દરમિયાનનો ગાળો માત્ર સ્થૂળ, શુષ્ક, અર્થશૂન્ય કાળક્ષેપ સિવાય શું હોય છે?

શા માટે એ કાળ દરમિયાન આપણામાં જે ગુણો ઇત્યાદિનું અવતરણ આપણે કરવા ચાહતા હોઇએ તેની ઉપાસના – તેનું Concentration & contemplation આપણે ન કરીએ ? યોગની ભાષામાં કહીએ તો, શાને એ માટે સંયમ ન સેવીએ? સંયમ વિના કળા નથી અને કળા વિના સંયમ નથી. સંતાનોત્પત્તિ એ કીમતી કળા અને અખૂટ ખજાનો છે – જે સંયમ વિના સાંપડતો નથી. આપણી નવી પેઢીનો War Cry, 'Best Boys' હોવો જોઇએ. મનોવાંછિત સંતાન એ જ જીવનનું સાર્થક્ય નથી. Eugenics – સુજનકળા એ જ સંસાર ઉધ્ધારનું પ્રથમ સોપાન છે. રાષ્ટ્રોન્નતિની મૂળ મૂડી અને થાપણ છે. હાલના જમાનામાં આપણે New thought - New Life - તરફ વળયા છીએ અથવા કહોને Euthenics – 'સુંદર જીવનકળા' – તરફ આપણે પક્ષપાત વધતો ચાલ્યો જાય છે; તેવા કાળે તેની સાથે Eugenics સુજનકળા નહિ ભળે તો એ પ્રયાસ વંધ્ય બનવાનો. એમ કહી શકાય કે –

Eugenics without Euthenics have no root,
Euthenics without Eugenics have no fruit.

અર્વાચીન યુવકયુવતીઓની પ્રવૃત્તિઓમાં આવી વસ્તુઓ અને સમજણ દાખલ થવાની જરૂર છે. સામાજિક ને રાજકીય હરકોઇ સુધારણાનો ટૂંકો ને ટચ માર્ગ આમાં જ છૂપાયો છે." (પૃ. ૯૯).

આ જમાનાની શિશ્નોદરીયતાની વાત કર્યાબાદ સંયમનો પુરસ્કાર કરતાં એમનું ગદ્ય કવિતાઇ કોટીએ પહોંચી જાય છે. એક અતિ ટૂંકા અવતરણથી આ વાતની પ્રતીતિ થશે :

" કુમાર સંભવ માં શિવજી મિતોદર નામના સિંહને પગથિયા તરીકે વાપરી વૃષભવાહન કરે છે. મિતોદરરૂપી સિંહ (હિંસયતિ ઇતિ – હિંસા માત્ર પાપી પેટ ખાતર થાય છે) એ

મિતોદર બને છે. વૃકોદર નહિ. મિતોદર-મિતભોજી ને હિતભોજી બને તો વૃષભનું - (વૃષણ, વૃષ્ટિ, વીર્ય, વર્ષા) બળદાયક વાહન કરી શકાય. વૃષભ - એ વૃષભનું - બળનું - વીર્યનું સૂચક છે. વૃષભ - શ્રેષ્ઠવીર્ય હોય જેનામાં જેટલું તે તેટલો શ્રેષ્ઠ છે. વૃષભ ને નન્દી આનંદદાતા ગણ્યો છે. આનંદ ઉપર અસ્વારી કરવી હોય, શિવ-કલ્યાણ સ્વરૂપ જગતના ને નિજના બનવું હોય તો મિતોદર ને વૃષભ બનેની સાધના કરવી જોઇએ. બનેને સંયમમાં રાખવા જોઇએ. શિશ્નોદરીયતા જેવી અભાગી અધમતા બીજી એકેય ન હોય." (પૃ. ૧૦૦).

"ગુલાબ ઘેલાઓ તો ગુલાબને પાખડી ને પાદડી અને પરાગ-રૂપે જ જુએ છે. તેના કાંટા તો જોતા જ નથી. પ્રેમના કાંટા પણ માણવા જોઇએ. બાણશય્યાના બે અર્થ છે. પ્રેમને કેળવવા - પ્રેમના જ ઉધ્ધારની ખાતર - ખામોશપૂર્વક ગલગલીયાળી ગુલાબી સેજમાં પડયા છતાં સંયમ કેળવતાં શીખવો તે અર્થમાં આકરી (અકારી પણ કદાચ) સ્નેહશય્યા. (ભીષ્મ પિતામહની બાણશૈયા જેવી). બીજો અર્થ સ્નેહરૂપી બાણ જ એક એવી અજબ અને અનોખી ઢબનું છે જે બીજા બાણની માફક વીંધીને બે કટકા નહીં કરતાં ઉલ્ટુ બેને વીંધીને એક કરે છે!"(પૃ. ૧૦૧).

લેખક વિજ્ઞાનની મદદ લઇને કહે છે કે Biology,Cells ની સ્થૂળ મીમાંસા કરે છે, પણ ધર્મશાસ્ત્રો cellsની અંદર રહેલી, વાસના, સંસ્કૃતિ, ભવોભવના સંસ્કારની વાત કરે છે. Cells ની ફીકાશ એટલે માંદગી -- એ જ રીતે ગર્ભ એટલે specialised cell નહીં પણ ગર્ભ એટલે અનેરી આશાઓ, તરંગો, અમોઘ પ્રયાસ, પ્રચંડ મનોબળ, ઉન્નત આત્મબળ અને અનેક વાસનાઓના પ્રતિનિધિરૂપ પોતે જ -- મતલબ કે -

A man is a cell, a cell is a man. Man is true to his cell and the cell reproduces the man.-

---- અર્થાત્ Cell પર્યન્ત જીવનની સુધારણા, વિચારણા અને વાસણા થવી જોઈએ. Cell એ જ જીવનશાસ્ત્ર, Biology નો જ નહીં પણ Life-Psychistry નો પણ તે એકમ છે. મોટો ન્યાયશાસ્ત્રી ગૌતમ પ્રભુમાં પણ માનતો નહોતો -- પણ મૃત્યુ વખતે બોલેલો '૬ હે પ્રભુ, હે પેલવ! પેલવ! ૯' -- મતલબ કે આપણી આરોગ્યની વિભાવના cells ની સુધારણા સુધી -- મૂળ સુધી પહોંચવી જોઈએ.

પ્રકરણને અંતે સંયમ અને પવિત્ર જીવનની વાત કરતા લેખક કહે છે : "પવિત્રતા વિનાનો પ્રેમ અને સંયમ વિનાની સ્વતંત્રતા એ કાચો પારો છે. આનો પૂર્વાર્ધ પુરુષો માટે છે, ઉત્તરાર્ધ સ્ત્રીઓ માટે. કહેવાતી નૂતન સંસ્કૃતિના વિકાસ સાથે બલવત્તર બનતી જતી ભોગભાવના પરિશુધ્ધ નહીં થાય, સંયમિત નહીં થાય, તેનું ઊર્ધ્વીકરણ નહીં થાય ત્યા સુધી શું સ્ત્રી કે શું પુરુષ, શું વ્યક્તિ કે શું રાષ્ટ્ર, દરેકનું આરોગ્ય ભયમા છે ને રહેવાનું આપણે સવેળા ચેતીએ." (પૃ. ૧૦૭).

'૬ સ્ત્રીઓના સામાન્ય રોગો - કારણો - લક્ષણો - ચિકિત્સા ૯' નામના દશમા પ્રકરણમા લેખકે સ્ત્રીઓના અનેક વિશિષ્ટ રોગોનો સંક્ષેપમા ઉલ્લેખ કરી, આ પ્રકરણમા તો મુખ્યત્વે ચાર રોગ - ક્ષય, હિસ્ટીરીઆ, પ્રદર અને સુવારોગની જ વિગતે ચર્ચા કરી છે -- જે ચાર રોગ સામાન્ય રીતે મોટાભાગની સ્ત્રીઓમા જોવામા આવે છે. રોગોની ચર્ચા શાસ્ત્રીય ને વૈજ્ઞાનિક હોવાને કારણે અતિશય સઘન બની ગઇ છે. વિષયની

મર્યાદાને કારણે લેખકે આ પ્રકરણમાં વસ્તુને ઠાંસી ઠાંસીને ભર્યું છે. એક જ દાખલો પર્યાપ્ત થશે. ક્ષયરોગનાં કારણો નિર્દેશતો પેરેગ્રાફ જુઓ : "સહ્ય ગરીબાઇ, ભયંકર ભૂખમરો, દૂધ, ઘી, દહીં, ફળ, ઇંડાં માંસાદિ સાત્ત્વિક આહારનો અભાવ, અતિશ્રમ, આરામની ન્યૂનતા, પડદાનો રિવાજ, સુવારોગ, પ્રસૂતિકાળની બેદરકારી, બાળલગ્ન, વૃધ્ધલગ્ન, જ્યાં ત્યાં થૂંકવાની આપણી કુટેવ, આરોગ્યના ન્હાનામોટા વૈજ્ઞાનિક નિયમોનો પ્રતિપળે થતો ભંગ, છાતીનો અપૂર્ણ વિકાસ, ભીષણ જીવનસંગ્રામ, જીવલેણ વ્યસનો, પ્રતિકૂળ ને અસુખાકારી ધંધારોજગાર , જીવનશક્તિ (વાયટાલીટી) નો અભાવ, --- ને પરિણામે -- આ સર્વના સરવાળારૂપે ક્ષયરોગનું આગમન. આમ, આર્થિક, સામાજિક ને વૈજ્ઞાનિક કારણોમાં ક્ષયરોગનાં મૂળ રહેલાં છે." (પૃ. ૧૦૯). બારેય રોગની ચર્ચામાં સઘનતાનું આ લક્ષણ દૃષ્ટિગોચર થાય છે. આ રોગોની ચિકિત્સામાં એલોપથી અને આયુર્વેદ -- બંનેનો વિચાર કરવામાં આવ્યો છે. આ પ્રકરણને વિસ્તાર્યું હોત તો વધુ ફળદાયી નિવડત એમ લાગે છે.

'ઉપસંહાર' નામના અગિયારમાં પ્રકરણમાં લેખક નારીવર્ગના સ્વાસ્થ્યને, વાવાઝોડામાં લંગર તૂટેલી, હોકાયંત્ર ને સુકાન ભાંગી ગયેલી, વિવિધ ઉપાયો યોજતાં ખલાસીઓથી ભરેલી નિર્લક્ષ્ય ને અસ્થિર, ઘડીકમાં પશ્ચિમમાં પૂર વેગથી વહેતી ને ઘડીકમાં પૂર્વમાં પાછી પડતી ડામાડોળ નૌકાની સ્થિતિ સાથે સરખાવી છે અને એનાં અગણિત કારણો આપતાં લખે છે: "ગ્રામસંસ્કૃતિનો વિનાશ થયો યાંત્રિક યુગ આવ્યો. સારાયે હિંદને ધરતીનાં ધાવણ પુરાં પાડતી ખેતી કંગાળ બની. ઉદ્યોગોનો વિનાશ થયો. ચુસણનીતિએ અડ્ડા જમાવ્યા. પ્રતિકૂળ વેપારનીતિ અને વિપરીત અર્થતંત્રે આપણાં

દેશ અને દેહના તંત્રને અતંત્ર કરી દીધું. ગામડા ભાગ્યા, શહેરો વસ્યા. ગામડામા ઉત્પન્ન કરનાર ઘટયા, શહેરોમા ખાનાર વધ્યા. બને સ્થળે મોંઘવારી ધમાલિયું જીવન અનિચ્છાએ સ્વીકારવુ પડયું. જીવન સંગ્રામ (Struggle For existence) ઝઝૂમવા પડયા. ચિંતા, સ્પર્ધા ને ઉપાધિઓ વધી. બેકારીનો હાઉ દહાડે દહાડે ડામી રહયો. 'કાલે સવારે ખાવું શું ?' નો ચિંતાભાર તનને તોડી રહયો. ગામડાના અજ્ઞાનને કારણે ગંદકી પથરાઈ ને ગામડા ઉકરડા પર વસ્યા. શહેરોની ગીચ વસ્તીને કારણે તે ય કલકત્તાના કારાગ્રહ બન્યા. મહાધન્વન્તરી કુદરતનો અમોલ લાભ એણે ખોયો. બને સ્થળે રોગો-મહામારીઓ વધ્યા. એક સ્થળે અજ્ઞાનથી, બીજે પેટના ખાડા પૂરવા. ધર્મભાવના પાણીપોચી થઈ, ભોગભાવના બલવત્તર બની. આમવર્ગ અલ્પ, અપૂર્ણ પોષણ ને અતિશ્રમથી તૂટી પડયો. ગૃહકાર્યો જતા સ્ત્રીવર્ગમાં ક્ષય, સૂવારોગ ને હિસ્ટરીઆના દર્દો વધ્યા. આ દર્દો આપણા સંસાર પરિવર્તનને આભારી છે." (પૃ. ૧૧૬).

આમ ગ્રામસંસ્કૃતિના ખંડનથી ને નૂતનસંસ્કૃતિના આગમનથી, નારી સ્વાસ્થ્યની અધોગતિ થઈ એટલું જ કહી લેખક અટકતા નથી પણ આપણી જાતીય કુટેવો, રાજકીય પરાભવ, અતિસંતતિ, પ્રારબ્ધવાદ, લગ્નની અનિવાર્યતા, સંતતિની મોક્ષદાયિતા, અપોષણ, પ્રજ્ઞાપરાધ, અતિશ્રમ, ધમાલિયું જીવન, કેળવણીની અધૂરપ અને પ્રજાજીવનને નવપલ્લવિત કરનાર- પાગળાવનાર પુનરુધ્ધારક ઉત્સવોની ઉણપને પણ નિર્દેશે છે ને લખે છે: " આમ બે બાજુથી બળતી મીણબત્તીની પેઠે સામાન્ય રીતે હિંદનો ને વિશેષ ગુજરાતનો સ્ત્રી-વર્ગ પણ બે બાજુથી પોતાના શરીરની મીણબત્તીને જલાવી

રહયો છે અને આરોગ્યના જમા ઉધારના ચોપડામાં પૂરજોરથી ઉધારનું પાનું ખીચોખીચ ભરી રહયો છે. આપણા સ્ત્રીવર્ગને એટલી બધી જળો વળગી છે કે તે જીવે છે તે પણ જગતની એક અજાયબી છે." (પૃ. ૧૧૭)

અન્તમાં લેખક આવી કવિતાઇ અભીપ્સા સેવે છે :

" ફરી જોબનિયું આપે,
હરિ ! તું ફરી જોબનિયું આપે ;
નારી સ્વાસ્થ્યને સ્થાપે,
હરિ ! તું ફરી જોબનિયું આપે !"

આ પુસ્તક વાંચ્યા પછી શ્રી ડાહયાલાલ હ. જાનીએ 'સત્કાર'માં જે કંઇ કહયું છે તે અક્ષરશઃ સાચું લાગે છે. " લેખકનો વિષય વિજ્ઞાન નહીં પણ ભાષાશાસ્ત્ર છે તેમછતાં તેમણે જે શ્રમ સાધીને આ પ્રયાસ આટલી કક્ષાએ પહોંચાડયો છે એ એમની શ્રમસહિષ્ણુતા, વિજ્ઞાનપ્રીતિ અને પ્રાગતિકતાની ઝાંખી કરાવે છે. " (પૃ.૫).

દીર્ઘનિબંધો ઉપરાંત અનામીના કેટલાક હળવા લઘુનિબંધો 'ત્રિવેણી' સંગ્રહમાં સંકલિત થયેલા છે. એમાં 'ખુશામત' નામનો એમનો લેખ હળવી શૈલીમાં લખાયેલો છે તો 'સંસ્કૃતિ-સર્જકહસ્ત'માં હસ્ત-માહાત્મ્ય નિરૂપાયું છે. 'આકૃતિ : ગુણાન્ કથયતિ !' એ હળવી-ગંભીરશૈલીએ લખાયેલો નિબંધ છે તો 'સુખની શોધ' એ પર્યેષણાપ્રધાન લેખ છે. 'દલપતરામનું હાસ્ય'માં, દલપતરામના સમગ્ર હાસ્યરસની સમીક્ષા છે તો 'નિષ્કુળાનંદની વૈરાગ્ય કવિતા'માં એ સંત-કવિની કવિતાનું રસદર્શન છે. 'ભાવનાવાદી સુધારક સ્વ.ગોવર્ધનરામ' એ પંડિતયુગના સમાજ-સુધારકોના પરિપેક્ષ્યમાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની સમાજસુધારણાની પ્રવૃત્તિઓનો આલેખ છે તો 'ગજગ્રાહ અને સુધારાનો પ્રાણ'માં નર્મદ-દલપત-યુગની સુધારા પ્રવૃત્તિનો સંઘર્ષ ને વિકાસ આલેખ્યો છે. 'સ્મરણ-સંભાર'માં કવિવર ન્હાનાલાલ સાથેના સંસ્મરણો આલેખ્યા છે તો 'જ્ઞાન અને વિજ્ઞાન'માં, છેલ્લા સૈકામાં થયેલી વિજ્ઞાનની કેટલીક શોધ અને સિધ્ધિઓની જાણવા-યોગ્ય વાતો છે. 'નવલકથાની લોકપ્રિયતા'માં એ લલિત સાહિત્ય પ્રકારની લોકપ્રિયતાનું રહસ્ય સ્ફૂટ કર્યું છે તો 'સંવાદ, પ્રેરણા અને અનુકરણ' નામના લેખમાં, એ ત્રણેય શબ્દોની વિભાવના સ્પષ્ટ કરી અંગ્રેજી-સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાંથી ઉચિત દૃષ્ટાંતો આપી એની વિશદ ચર્ચા કરી છે. 'ત્રણ પંજાબી લોકગીત'માં ત્રણ પંજાબી લોકગીતનો અનુવાદ આપી, ગુજરાતી લોકગીતોની સાથે એની તુલના કરી છે. 'અયોધ્યાકાંડ' અને 'અરણ્યકાંડ' એ વાલ્મીકિ રામાયણના બંને કાંડનું અનુવાદિકા શ્રીમતી હંસાબહેન મહેતાએ

કરેલા ભાષાન્તરનું અભ્યાસપૂર્ણ અવલોકન છે. આ ઉપરાંત પણ 'શામળ', 'કાન્ત' અને બ. ક. ઠાકોર ઉપર લખાયેલા એમના વિદ્વત્તાપૂર્ણ લેખો અનુક્રમે 'બુદ્ધિપ્રકાશ', 'કાન્ત-સ્મારક અંક' અને 'બ. ક. ઠાકોર શતાબ્દીગ્રંથ' માં પ્રગટ થયા છે.

૪ અગ્રંથસ્થ સાહિત્ય

અનામી પ્રધાનતઃ કવિ છે. પરંતુ તે એક સફળ ગદ્યકાર પણ છે. તેમના ગદ્યના નમૂના તેમના નિબંધો અને લેખોમાં જોઇ શકાય છે. આ લેખોમાંનુ વિષયવૈવિધ્ય પણ ધ્યાનાર્હ છે. 'સહશિક્ષણ', 'દાંત અને તેની સંભાળ', 'ગુજરાતણોની શરીરસંપત્તિ' જેવા તેમના લાંબા ઇનામી નિબંધો તેમ જ 'આપણું રાષ્ટ્રગીત' અને 'ત્રિવેણી' માંના સમાજ અને સાહિત્યવિષયક વિવિધ લેખોની અગાઉ કરેલ ચર્ચા-વિચારણામાં આ વસ્તુ વીગતે દર્શાવી છે. આ બધા ગ્રંથસ્થ નિબંધો-લેખો ઉપરાંત અનામીનું બીજું કેટલુંક સાહિત્ય અગ્રંથસ્થ પણ રહયું છે. આ સાહિત્ય વિવિધ સામયિકોમાં નિબંધો-લેખો રૂપે પ્રકાશિત થયું છે; 'આકાશવાણી' પરથી વાર્તાલાપો રૂપે પ્રસારિત થયું છે, અને વિવિધ અખબારોમાં ચર્ચાપત્રો રૂપે પ્રગટ થયું છે. તેમાં સાહિત્યવિષયક અને બિન-સાહિત્યવિષયક બન્ને પ્રકારનાં લખાણ છે. તેમનાં સાહિત્યિક લખાણોમાં કલાસ્વરૂપ, ગ્રંથાવલોકનો, સાહિત્યના સિધ્ધાંતોની ચર્ચા અને સાહિત્યકારો અંગેની ચર્ચા-વિચારણા થયેલી જોવા મળે છે. તો તેમના સાહિત્યેતર લખાણોમાં સામાજિક, રાજકીય, ધાર્મિક, સાંસ્કૃતિક, સાંપ્રત સમસ્યાઓ વગેરે વિષયોની ચર્ચા-વિચારણા થઇ છે.

કવિ અનામીની વિવેચન પ્રવૃત્તિના પરિણામસ્વરૂપે પ્રાપ્ત લખાણો, 'વિક્રમચરિત્રરાસ' કે 'શામળ' જેવા પુસ્તકો-સંપાદનોની પ્રસ્તાવનારૂપે તેમજ 'સ્વાધ્યાય' જેવા સંશોધનના સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખો રૂપે સાંપડે છે. 'મધ્યકાલીન કથાસાહિત્ય' (સ્વાધ્યાય, એપ્રિલ-સપ્ટે. ૧૯૮૮), 'પદ્યવાર્તા : સ્વરૂપ અને

વિશિષ્ટતાઓ' (ગુજરાતી સાહિત્ય પરિષદ સંપાદિત ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ખંડ-૨, પ્રથમ આવૃત્તિ ૧૯૭૬, પૃ. ૫૨૯ થી ૫૪૧) અને 'પદ' (સ્વાધ્યાય, પૃ. ૧૨, અંક-૩, વર્ષ: ૧૯૯૪-૯૫ પૃ. ૨૯૮ થી ૩૦૫) જેવા વિસ્તૃત અને આલોચનાત્મક લેખો તેમની મધ્યકાલીન સાહિત્યના અભ્યાસની પરિપકવતા દર્શાવતા વિવેચનલેખો છે. 'મૂર્ત-અમૂર્ત સાહિત્ય' (સંભારણું, તા. ૧૦-૧૨-૧૯૭૭, પૃ. ૫ થી ૭) જેવા લેખમા અર્વાચીનતાની પણ છાટ છે.

વિવેચ્ય વિષય મધ્યકાલીન હોય કે અર્વાચીન, કવિ અનામીના વ્યકિતત્વના શોધ, સ્વાધ્યાય ને રસવૃત્તિ પ્રવૃત્ત-અનુસ્યુત થયેલા તેમા હમેશાં પમાય છે. 'મધ્યકાલીન કથાસાહિત્ય' મા કથાનો બૃહદ્ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમા વિચાર કરતા પૂર્વ-પશ્ચિમ વાઙ્મયમા પડેલા તેના મૂળ અને તદ્વિષયક સાહિત્ય-વિચારનો પણ તેમણે વ્યાપકભાવે વિનિયોગ કર્યો છે. ગુજરાતી પાશ્ચાત્ય કે પૂર્વના વિવેચકોની સાહિત્યવિચારણાના અવતરણો કવિ અનામી ના સાહિત્ય વિચારને યત્રતત્ર પુષ્ટ કરતા રહે છે. આમ છતા એ સ્વકીય વિચારણા છે ; એના વિભાવન અને વિકસનની પશ્ચાદ્ભૂમા સાહિત્ય સંસ્કારવાળો સમૃધ્ધ ચિત્તકોશનો વિન્યાસ સતત પ્રવર્તમાન હોય છે, બલકે એ જ તેનુ પ્રવર્તક બળ છે. તેમની વિવેચ્ય વિષયની આયોજના મુદ્દાસરની અને તેનો વિકાસ સુગ્રથિત-સુબધ્ધ હોય છે. મધ્યકાલીન કથાસાહિત્યના ઉદ્ભવ-વિકાસ, રચનાપ્રકાર ને સામગ્રી, ગૂથણી, રંજકતા, પાત્રાલેખન, પદ્યાશ્રિતા, કથાઘટકો, આંતરબાહ્ય માળખુ - તમામ વિચારણીય મુદ્દાઓ નિરૂપણરીતિના સામંજસ્યથી સુબધ્ધરૂપે આકલન પામ્યા

છે. વિષયનું વિસ્તૃત સમાલોચન છતાં છણાવટમાં ક્યાંય છીછરાપણું કે વિચારણાનું પાંખાપણું જણાતું નથી. આ એકસરખી ઉચ્ચ વિચારકક્ષાનું નિર્વહણ તેમની વિવેચનાને ગૌરવપ્રદ બનાવે છે. 'મધ્યકાલીન કથાસાહિત્ય' લેખમાં, ઐતિહાસિક દૃષ્ટિબિંદુનો પ્રસાર તો છે જ પરંતુ કથાસૃષ્ટિમાં વ્યાપ્ત સાહિત્ય-અનુભવની થયેલી તપાસ અને મૂલ્યાંકન, વિવેચનાને નિજી મુદ્રાવાળું બનાવે છે. મધ્યકાલીન સાહિત્યપ્રકારનો ઉદ્ભવ-વિકાસ તત્કાલીન સામાજિક-સાંસ્કૃતિક પરિબળોમાંથી થયો હોઈ 'પદ' વિષયક લેખમાં યોગ્ય રીતે જ સાહિત્યતત્ત્વ વિચારની યુગપરિબળોના સંદર્ભે વિચારણા કરી ઉચિત અભિગમ અપનાવ્યો છે. 'શામળ : વ્યક્તિ અને સાહિત્ય' (બુધ્ધિપ્રકાશ, જૂન ૧૯૭૫, પૃ. ૧૯૫ થી ૨૦૧) લેખમાં અનુભવપૂત સાહિત્યદૃષ્ટિથી શામળના વાર્તાકાર-વ્યક્તિત્વનાં પાસાંને સ્પષ્ટપણે ઉપસાવી આપ્યાં છે. એમાંની તુલનાત્મક રીતિ ને મિતભાષી નિર્ણાયક વિધાનો વક્તવ્યને ટકોરાબંધ રણકારવાળું નક્કર બનાવે છે. ઉદાહરણ રૂપે : "ઇયત્તા, અભિનિવેશ અને અસરની દૃષ્ટિએ શામળનું કાર્ય એવું છે કે તે તેને આ બધામાં શ્રેષ્ઠ કવિનું બિરુદ અપાવે છે."

'એક ઉપેક્ષિત સુકવિ : શ્રી રામકૃષ્ણ મહેતા' (સ્વાધ્યાય, પૃ. ૨૭, અંક ૩-૪, એપ્રિલ-ઓગસ્ટ ૧૯૯૦, પૃ. ૩૧૩ થી ૩૨૦) લેખ સંશોધનવૃત્તિ અને રસવૃત્તિના સમન્વયરૂપ છે. મધ્યકાલીન વિરલ પ્રતિભાનું ગૌરવ પ્રસ્થાપિત કરવાનો એ સાર્થ ને સફળ પુરુષાર્થ છે. મધ્યકાલીન પરંપરાને ઝીલીને આ કવિએ નરસિંહ સદૃશ કવિત્વ કેવી રીતે દાખવ્યું ને અનુગામી એવા દયારામ

કવિની કવિતાના અણસાર પણ તેમની કવિતા કેવી રીતે ધ્વનિત કરે છે તેનો સમુચિત દૃષ્ટાંત-વિનિયોગથી તુલનાત્મક ખ્યાલ આ લેખમાં મળે છે. 'ઉપેક્ષિત સુકવિ'ની કવિતાનાં અવતરણોની ભરમાર, એક રીતે તો અહીં ભૂષણરૂપ છે - કવિતા અંગેના તુલનાત્મક વિધાનો માટે એ કરોડરજ્જુની ગરજ સારે છે.

'કાવ્યશિલ્પી કાન્ત' (ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૭), 'ભાવવૈજન્તી મૈત્રીને ઉપાલંભ' (બુધ્ધિપ્રકાશ, નવેમ્બર ૧૯૮૨) જેવા અર્વાચીન કવિતાસૃષ્ટિ વિશેના વિવેચનલેખો, વિશદ, સ્પષ્ટ અને મિતભાષી વક્તવ્યથી અને ભાવ-સ્પૃષ્ટતાથી કવિ 'અનામી'ના વ્યક્તિત્વની નિજી મુદ્રા ઉપસાવે છે. કાન્તના કાવ્યકુંદનના સ્પર્શથી મુદ્રિત થયેલ કવિ વિવેચકનો ઉલ્લાસ આ લેખોની અભિવ્યક્તિને પણ ઉષ્માસભર બનાવે છે. અહીં વિવેચનની ભાષા ક્યારેક પંક્તિખંડો ગ્રહીને ચાલે છે. દા.ત. "ઉત્તરાવસ્થાના કાવ્યોમાં મુખ્યત્વે 'પ્રભુના ગિરિથી' 'શાંત સદાશિવ નીર' અવતરે છે જેના અવગાહનથી અંતર પાવન થાય છે."[२९] કાવ્ય સંસ્કારોના પાસવાળું આવું ગદ્ય, કૃત્રિમ કે આભાસી નહીં હોવાને કારણે ગદ્યની લાક્ષણિક છટારૂપ બની રહે છે. કવિ અનામીનું, ચિત્તકોષમાં ઘૂંટાઇને આવેલું વક્તવ્ય લયવાળી વાક્યછટાથી ગૌરવશાળી બને છે. દા.ત. " કો'ક સ્વર્ગીય વાદ્યસ્વર કે કોકિલગાન કો'ક ગહન કાર્યનું કારણ - આ સર્વેને અસ્પષ્ટ, ગૂઢ અને અજ્ઞાન રાખી કાન્ત અનેકવાર રમણીય અને અનિશ્ચિતતાનું સૌંદર્ય સાધે છે."[૩૦] પ્રાસ અને અલંકાર પરત્વે પણ તેમનું ગદ્ય કવિ-વ્યક્તિની મુદ્રાવાળું જણાય છે. આલંકારિકતાથી

વક્તવ્યને સ્પષ્ટ અને ધારદાર બનાવવાની છટા જુઓ : "
" ફાનસમાં કે ગ્લોબમાં જેમ પ્રકાશ ચળકે-ઝળકે તેમ અંતરનો સ્નેહ નયનમાં પ્રગટે. નયન એ અંતરની અને આત્માની આરસી છે. આગળ વધીને કહી શકાય કે કેવળ આરસી-દર્પણ જ નહીં પણ જ્યોતિ-દીપ, દીપ-જ્યોતિ છે. "[31] આ અવતરણમાં આવેલ 'ચળકે-ઝળકે' જેવા શબ્દાનુપ્રાસ અને 'જ્યોતિ-દીપ' - 'દીપ-જ્યોતિ' ના વ્યત્યય, લેખકની ચેતનાલક્ષી સક્રિયતાના સંકેતો છે; આવા ગુણથી જ તેમનું ગદ્ય ચેતનથી ધબકતું અને ગતિશીલ બને છે.

'પૂર્વાલાપ'ના પ્રાસ' (સ્વાધ્યાય, પૃ. ૬, અંક-૩, વર્ષ: ૧૯૬૯-૭૦) લેખમાં કાન્તની કવિતાના પ્રાસનો, તેમની કવિતાના આંતરબાહ્ય જગત સાથેનો સંબંધ દર્શાવી તેના ઔચિત્યની ચર્ચા સાધાર કરવામાં આવી છે. પ્રાસને કવિતા સાથે નિકટનો નાતો છે અને ગદ્યમાં પ્રાસની સાહજિકતા એ તો વિરલ ઘટના લેખાય. હા, કવિ અનામી ના કાન્તવિષયક લેખમાં, પ્રાસના સંસ્કારો ઝીલતા ગદ્યનો નમૂનો મળે છે. દા.ત. " નવા જમાનાના નવા ભાવોને આવકાર અને આકાર આપવા માટેનું આહ્વાન એ યુગમાં આવી પડ્યું હતું. "[32]

'મૂર્ત-અમૂર્ત સાહિત્ય' (સંભારણું, ૧૯૭૭)માં Anti-Art, Anti-Novel અને Abstract ની ચર્ચા કરી છે અને એ ચર્ચાને નાટક-નવલકથા, શિલ્પ અને ચિત્રકલા સુધી વિસ્તારી છે. વ્યંજનાની સાચી સમજ આપી છે ને દુર્બોધતાની પણ વિગતે ચર્ચા કરી છે. સર્જનના નવા પડકારને પહોંચી વળતી વિવેચના અંગે તેઓ લખે છે: " સર્જનની નવી

ક્ષિતિજો અનુભવનની પણ નવી ક્ષિતિજોને વિસ્તારે છે. ભાવયિત્રી પ્રતિભાનો ઉઠાવ કારયિત્રી સર્જયિત્રી પ્રતિભાને પણ ઉઠાવ પ્રાપ્ત કરવાનો પડકાર ફેંકે છે; એટલે કોઈ એક સાહિત્ય-સમાજમાં આ બંને પ્રતિભાઓ એકબીજાને પૂરક-વિકાસક બનીને પાંગરતી રહે છે; પણ દુર્બોધતાનો બધો વાંક હંમેશા ભાવકની અપૂરતી સજ્જતામાં નથી હોતો. સર્જક ક્યારેક પોતાના કલ્પનને અતિવૈયક્તિકતાની મર્યાદામાંથી બહાર કાઢી શકતો નથી. આથી કલ્પન પરત્વે ઈષ્ટ પ્રતિભાવો ભાવકમાં જન્માવી શકાતા નથી. સાધારણીકરણ પણ એક જરૂરી વ્યાપાર છે. એ ન બને ત્યારે આ મર્યાદા આવી જાય." (પૃ. ૬).

આ ઉપરાંત ડૉ. અનામી ગુજરાતના કેટલાક સામયિકોમાં વર્ષોથી નિયમિત લખે છે. એમના વિષયો પણ વિવિધ પ્રકારના હોય છે. 'ધરતી' માસિકમાં તેઓ વર્ષોથી સામાજિક સુધારાના પ્રશ્નોપર સતત લખે છે, તો 'અધ્યાત્મ' માં અધ્યાત્મ વિષયક લેખો-કાવ્યો લખે છે. પંદર સાલથી ચાલતું 'અધ્યાત્મ' માસિક એમના ભક્તિકાવ્ય કે લેખ વિનાનું નહીં હોય. 'સ્ત્રીજીવન' માં સ્ત્રીઓના પ્રશ્નોને ચર્ચે છે તો પત્રોરૂપે ગ્રંથ-વિવેચન પણ કરે છે. 'નવચેતન' માં લાંબા સમય સુધી પત્રરૂપે તેમણે ગુજરાતી સાહિત્ય-કૃતિઓની સમીક્ષા કરી હતી. અગાઉ જોયું તે પ્રમાણે, લગભગ બે દાયકા સુધી તેમણે ગુજરાતના સંશોધન-પત્ર 'સ્વાધ્યાય' માં લેખો ઉપરાંત અનેક ગ્રંથોની સમાલોચના પણ કરી હતી. 'અખંડઆનંદ' ની શરૂઆતથી તે વચ્ચે બંધ પડયું... એ ચાર દાયકા દરમિયાન એમણે મુખ્યત્વે કાવ્ય અને ક્વચિત્ ધાર્મિક લેખો અને 'જોયેલું, જાણેલું, અનુભવેલું' માં પણ લખ્યું છે.

અનામીના સમીક્ષાત્મક અને વિવેચનાત્મક લેખોમાં વિવેચ્ય વિષયના વર્ણન, વિવરણ, પૃથક્કરણ આદિનો સુયોગ સધાયો છે. કવિ અનામી ની વિવેચના ગુણગ્રાહી યા દોષદર્શનની છે એમ કહેવા કરતાં એ સાહિત્યધર્મી વિવેચના છે એમ કહેવું વધુ યથાર્થ છે. એમાં સાહિત્યની - તેના વિવિધ પાસાની, તેના વાસ્તવિક ને બૃહદ્ સંદર્ભમાં થયેલી તપાસ છે. એમાં મસમોટો ઐતિહાસિક ફલક રચાય છે, તો સૂક્ષ્મતાભરી સાહિત્યના તત્ત્વોની સમીક્ષાનો પણ અવકાશ છે. કવિ અનામી નું આવું વિવેચનાત્મક ગદ્ય એક તરફ સંસ્કૃત તત્સમ શબ્દો અને 'સદ્બોધભાણ્ડાગારે' કે 'સિદ્ધાંતકથનપટુતા' જેવા દીર્ઘ સમાસો વડે પંડિતયુગીન શૈલીના સંસ્કારોથી રસિત છે તો બીજી તરફ વાક્યઢાળમાં કે રચનાબંધમાં અને તળપદી ભાષાસમૃધ્ધિ પ્રયોજવામાં ગાંધીયુગીન શૈલીની સાત્ત્વિક સરળતા અને તળપદી ઢબની સચોટતાથી અંકિત છે. આ સ્ફૂર્તિલું ગદ્ય કવિ માનસની સાહિત્યપ્રીતિ અને જીવનનિષ્ઠ દૃષ્ટિકોણથી હૃદ્ય બન્યું છે.

વિવિધ સામયિકોમાં પ્રકાશિત કરેલા લેખોની જેમ, અનામીના અનેક સાહિત્યિક વાર્તાલાપો 'આકાશવાણી' પરથી પ્રસારિત થયા છે. ઇ.સ. ૧૯૩૮માં, 'આકાશવાણી-મુંબઇ' પરથી કવિના પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા'નું એક એક કાવ્ય રીલે થયું ત્યારથી તે આજ સુધી આકાશવાણી સાથેનો તેમનો સંબંધ ચાલુ રહયો છે. અલબત્ત, ઇ.સ. ૧૯૪૮ થી નિયમિત તેઓ આકાશવાણીને પોતાની શક્તિનો લાભ આપે છે. મજૂરભાઇઓ, બાળકો, મહિલાઓ, ખેડૂતભાઇઓ, યુવાવર્ગ - વિષયક કાર્યક્રમોમાં તેઓ કાવ્યો, વાર્તાઓ રજૂ કરે છે ને પ્રાસંગિક વાર્તાલાપ પણ આપે છે. છેલ્લા સાડાચાર દાયકામાં 'આકાશવાણી' પરથી અમૃતધારા અને સાહિત્યના વિવિધ પ્રશ્નો પર આપેલા તેમના

સંખ્યાબંધ વાર્તાલાપોમાં ઓછીવત્તી સાહિત્યિક વિચારણા થયેલી જોવા મળે છે. 'મંગલમૂર્તિ' ને 'અતીતના ઓવારે' શીર્ષક હેઠળ તેમણે બે સંસ્મરણાત્મક વાર્તાલાપ પણ આપ્યા છે. આ સિવાય, વાર્તાલાપ માટે આકાશવાણીને અનેક વિષયો સૂચવ્યા છે અને 'સવિનય વિનંતી કે' શીર્ષકવાળા કાર્યક્રમમાં અનેકવાર સલાહસૂચન અને માર્ગદર્શન પણ આપ્યા છે.

'આકાશવાણી' પરથી પ્રસારિત 'અમૃતધારા' ના ટૂંકા, મિતાક્ષરી વક્તવ્યો કવિ અનામી ના ચિંતનશીલ માનસના જાણે કે વિચારમૌક્તિકો છે. એમાં જીવનને નિરખવા-અવલોકવા વિશિષ્ટ દૃષ્ટિકોણ છે અને વિશેષ તો અનુભવનિષ્ઠાનો અર્ક છે. તેમનું જીવન પ્રત્યેનું દૃષ્ટિબિંદુ ગાંધીવિચાર અને કાલિદાસ, ભવભૂતિ, રવીન્દ્રનાથ જેવા ભારતીય તેમજ ટૉલ્સ્ટોય જેવા પાશ્ચાત્ય ચિંતકોના પરિશીલનથી પુષ્ટ ને મુકુરિભૂત થયેલું છે. કોઇપણ વિષય પર તળપદી સચોટ શૈલીમાં સમભાવપૂર્ણ છતાં સ્વસ્થ ને સ્પષ્ટ પ્રતિભાવ રજૂ કરવાની અભિવ્યક્તિની કલાનો તેમાં સુપેરે પરિચય મળે છે. સાહિત્ય, જીવન, કલા, નારીજીવન, દેશ, રાષ્ટ્ર, ધર્મ, રાજકારણ, યૌવન જેવા એકાધિક વિષયો તેમના સંસ્કારી શિષ્ટ ચિંતકોષનો પરિપાક પામીને નવા સંદર્ભે, લાક્ષણિક પિછાણ પામ્યો છે. વિષયોની કાચી સામગ્રી વ્યક્તિત્વના સ્પર્શે નવું રૂપ પામતી તેમાં કળાય છે.

એક સમય એવો હતો કે જ્યારે અનામી અનેક ગુજરાતી વર્તમાનપત્રોમાં ચર્ચાપત્રો લખતા. એ ચર્ચાપત્રોના વિષયો ભાત-ભાતના રહેતા. મોટેભાગે એ વિષયો તત્કાલીન સામાજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાંસ્કારિક, સાહિત્યિક

અને પ્રજાકીય પ્રશ્નોને સ્પર્શતા હતા. ઉપર્યુક્ત કૈંક પણ વિષમતા, વિકૃતિ કે વિશેષતાનું દર્શન થાય, એટલે કા તો એના વિરોધમા કે એના સમર્થનમા તેઓ પોતાનો પ્રતિભાવ પ્રબળપણે દર્શાવતા. એમના એ પ્રતિભાવોમા નવીનતાના દર્શન થતા. કા તો એ નવીનતા વસ્તુ પરત્વેની હોય, કા તો અભિવ્યક્તિ પરત્વેની હોય. એમના આ પ્રકારના લખાણોમા ભાષાની તાજગી વરતાતી અને સાહિત્યનો સસ્પર્શ તો રહેતો જ. ઘણીવાર એમા આક્રોશ અને પુણ્યપ્રકોપ પણ ઠલવાતો. એક રીતે જોઈએ તો, એ એમનુ 'લાઉડ થીન્કીંગ' હતુ. માટી-પગા નેતાઓ માટેની એમની નારાજગી અને નફરત ઘણીવાર આઘાત આપનારી પણ બની રહેતી. ચૂંટણી-ઢંઢેરાઓની પોકળતા પરત્વેનો એમનો પુણ્યપ્રકોપ કેવો વિડંબનારૂપે પ્રગટતો, તે એમના એક ચર્ચાપત્રના ઉદાહરણ દ્વારા જોઈએ :

ઠગોનો ઢંઢેરો

અમે ગગાના પાણીનુ ઘી બનાવી દેશુ
ને હિમાલયને માખણનો પર્વત.
રેતીના કણ અનાજના કણ બની જશે
ને બધા જ ઢેફા સુવર્ણના ગચ્ચા.
પ્રત્યેક વૃક્ષમાથી મધ રેલાશે
ને તારા બની જશે મુખવાસ.
ઇન્દ્રધનુના ઝભ્ભા બનાવીશુ
ને દિગંબરના દિવ્યાબર !
ઝઝાનિલને મલયાનિલ કરી દેશુ
ને ચાદા-સૂરજના કરીશુ દીપ.

અપ્સરાઓ બનશે તમારી બાંદી
દરેકને સમ્રાટ બનાવી શું
ને પહેરાવીશું સુવર્ણની જંજિરો.
પેટના જ્વાળામુખીને અમે
વચનામૃતથી ઠારશું.
અને ઊરસાગરના વડવાનલમાં
જેને તરવું હશે તેને તારશું
ને મરવું હશે તેને મારશું.
ઇતિ અલમ !

તા. ક.

દરેકને તાજી હવા ખાવાની,
મનમોજી ગુલાંટો મારવાની,
સો જાો શીર્ષાસનો કરવાની,
ગમે ત્યાં આવન-જાવનની,
સો ટકા સ્વતંત્રતા રહેશે.
જહન્નમ ને જન્નતની સરહદો
દિવ્યચક્ષુથી જ દેખાય
એવી ઇન્દ્રજાળ રચીશું.
બનશે તો દરેકને એકકેક
અક્ષયપાત્ર પકડાવીશું
જેને વિરોધપક્ષો ---
રામપાતર કે ચપણિયું કહેશે.[33]

સન્નિષ્ઠ ગાંધીવાદી હોવાને નાતે એમને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે કોઇ ઉચ્ચ મૂલ્યોનો હ્રાસ થતો લાગ્યો ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે એ ચૂપ રહી શક્યા નથી. પંડિત જવાહરલાલ નહેરુ

અને શ્રીમતી ઇન્દિરા ગાંધીના વિષમ-વિકૃત-વિચિત્ર વાણી-વર્તન-વ્યવહાર અને રાજકીય રીતિનીતિની પણ એમણે કડક શબ્દોમાં ટીકા કરી છે.

'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'લોકસત્તા' વગેરે દૈનિકોમાં પ્રગટ થયેલા એમના અનેક ચર્ચાપત્રોમાં 'એક દિન એવો આવશે', 'વિશ્વાસભંગ', 'આચારમ-ગચારમ', 'રંગ બદલતા કાચિંડા', 'અંધ ઉત્સાહનો અતિરેક', 'વફાદારી અને કાર્યદક્ષતા', 'બળતા વહાણના ઉંદરડા', 'સંસ્કાર સ્વામીની ઉપેક્ષા', 'શાહમૃગીય આત્મવંચના', 'કઠોળની અછતનું રહસ્ય', ભવાની મા કાળકા ખાતે ઉધાર', 'શીલભંગ માટે કોણ જવાબદાર?' વગેરે ખાસ નોંધપાત્ર છે. 'શીલભંગ માટે કોણ જવાબદાર?' એમનું આ એક જ ચર્ચાપત્ર નમૂનારૂપે જોઈએ :

"આપણે શીલભંગની વિભાવના સમજવી જોઈએ. ખેતીમાં સમૂહમાં કામ કરતાં સેંકડો નરનારીઓ, ઉભયપક્ષી મૂક કે જીવંત સંમતિથી શીલભંગ કરતાં હોય છે. એમાં અજ્ઞાન, પ્રલોભન, ભય, કુતૂહલ, આર્થિક લાચારી અને દુર્દમ દેહવાસનાજન્ય દુર્બળતા જેવાં કારણો, પ્રધાન-ગૌણભાવે કેન્દ્રમાં હોય છે. માનસિક અને જાતીય વિકૃતિને કારણે પણ સ્ત્રીઓ તેમજ પુરુષોમાં આવી વૃત્તિ અવસર મળ્યે વિફરે છે. અર્થનો અનર્થકારી અતિરેક, મૂળભૂત સંસ્કારનો અભાવ, પાશ્ચાત્ય ભૌતિક સંસ્કૃતિના અંધ આક્રમણને કારણે એક એવો સમાજ સર્જાતો જાય છે - 'કી કલબ' જેવો - જે આપણા વામમાર્ગીઓને કે કાંચળિયા સંપ્રદાયને પણ શરમાવે ! આજકાલ તો કી કલબ એ 'અલ્ટ્રા-મોડર્ન કલ્ચર'ની પારાશીશી ગણાય છે ! દુનિયા એવડી નાની થઇ ગઇ છે કે શીલ અને શીલભંગની વિભાવના જ લિસ્સી ને લવચીક બની બેઠી છે. 'કોલગર્લ',

દેવદાસીઓ, વેશ્યાઓ, ઉપવસ્ત્રો, રખાતો, દરિદ્ર-ધર્માંધ--વિલાસી સમાજ સર્જે છે -- નિભાવે છે -- ને શીલભંગને સમતિ મળે છે - લાચારીજન્ય - ; ને આમ શીલભંગની વિભાવના ધૂંધળી બને છે. હા, સ્ત્રીની સમતિ વિના થયેલા વ્યક્તિગત કે સામૂહિક બળાત્કારને શીલભંગ સમજીએ, તો એને માટે તો સ્ત્રી--દાક્ષિણ્ય (શીવલ્રી)નું દેવાળું કાઢેલ વ્યક્તિઓ, સજ્જનોની નિષ્ક્રિયતા ને ગુંડાઓની સુગઠિત સક્રિયતાથી હતપ્રભ, અભિભૂત ને નપુંસક બનેલો સમગ્ર સમાજ જવાબદાર છે. બળાત્કારનો ભોગ બનતી સ્ત્રીઓએ, શીલરક્ષા માટે, ઝનૂની પ્રતિકાર કરી, જીવનનું બલિદાન આપતાં, શીલભંગના કિસ્સા ઘટે એમ માની કે કલ્પી શકાય? કદાચ ! બાકી, કેવળ સામાજિક, આર્થિક કે નર-નારીગત એકાંગી કારણ કે કારણો શીલભંગ માટે દર્શાવી શકાય નહીં. ભાવિ પતન પ્રત્યે સતત ગતિ કરતા પ્રત્યેક વિકૃત સમાજનો આ માનસિક રોગ છે. એ કેન્સર ન બને તે પ્રત્યેક સમજુ નાગરિક, અતંદ્ર જાગ્રતિ સેવનાર સત્તા અને જીવંત ધર્મે જોવું રહ્યું."[38]

અનામી ના આવા વસ્તુ-નિરૂપણની દૃષ્ટિએ સમૃદ્ધ ચર્ચા-પત્રોને ઉમળકાથી બિરદાવતા અનેક વાચકોના પત્રો એમના પર આવતા. તેમાંનો એક પત્ર નમૂનારૂપે જોઈએ :

એ-૯, ન્યુ યુનિ૰ સ્ટાફ ક્વાર્ટર્સ;
વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦
તા. ૨૭-૫-૮૦

મુ. અનામી સાહેબ,

આપના કેટલાક પત્રો 'સંદેશ'ના 'મંતવ્ય' કોલમમાં વાંચ્યા. સામાન્ય પ્રજાની વિટંબણા અને તેને માટે જવાબદાર કુકર્મી રાજકારણીઓની કુટિલ ચાલબાજીની તેમાં સચોટ રજૂઆત

થઇ હતી. આપ રાજકારણમાં આવો રસ ધરાવતા હશો, રાજકીય વિકૃત-વિષમ, વિકટ પરિસ્થિતિના આવા સારા જાણકાર હશો, તેની મને જાણ ન હોવાથી પહેલાં તો આશ્ચર્ય થયું; પરંતુ અન્યાય-અધર્મ-અત્યાચાર ગમે તે દિશામાંથી થતો હોય, તેને પડકારવો તે આપના લોહીમાં હોવાથી તે સ્વાભાવિક પણ લાગ્યું. નિવૃત્તિમાં પણ આપની સમાજસેવાની પ્રવૃત્તિ એક યા બીજારૂપે સતત ચાલતી રહી છે તે જોઇ આનંદ થાય છે. અભિનંદન.

આપની કાવ્યકૃતિઓ પણ ગુજરાતી સામયિકોમાં અવાર-નવાર પ્રકાશિત થતી રહે છે અને તે હું નિયમિત વાંચતો રહું છું. કવિતામાં પણ 'શિવ' યા 'મંગલ' તત્ત્વની આરાધનાનો સૂર, મંદ કે તીવ્રરૂપમાં, અચૂક સંભળાય છે. અર્થાત્ કાવ્ય હોય કે ચર્ચા-પત્ર, 'શિવ'ના આરાધક 'અનામી' ક્યાંય અછતા રહેતા નથી.

લિ. આપનો સહૃદય
જશવંત શેખડીવાળા.

આ ઉપરાંત, અનામીના પત્રો, એકાદ ગ્રંથ જેટલા લેખો, કેટલીક યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આપેલા વ્યાખ્યાનો, અનેક સાહિત્યસંસ્થાઓમાં આપેલા વિવિધ વિષયો પરનાં પ્રવચનો, વિવિધ કૃતિઓનાં અવલોકનો, પ્રવેશકો, વીસેક મંગલાષ્ટકો, પ્રકીર્ણ નોંધો ઇત્યાદિ મબલખ સાહિત્યભંડાર હજી અપ્રગટ પડેલો છે. ગુજરાત, ઇંગ્લેન્ડ, આફ્રિકા, અને અમેરિકાના એમના અનેક વિદ્યાર્થીઓએ અને સ્નેહી સ્વજનોએ લખેલા એમના અનેક પત્રો ગ્રંથસ્થ કરવામાં આવે તો આપણા દરિદ્ર પત્ર-સાહિત્યમાં ગણનાપાત્ર અભિવૃદ્ધિ થાય.

તેમનાં પ્રગટ-અપ્રગટ સંખ્યાબંધ લખાણો તેમના સાહિત્યતત્ત્વની સત્ત્વસમૃદ્ધિમાં ધ્યાનપાત્ર ઉમેરો કરે છે.

પાદટીપ :

૧. પ્રો. ડો. રણજિત પટેલ (અનામી) સન્માન સમારંભ, 'સંભારણું', તા. ૧૦-૧૨-૭૭, પૃ. ૨૨.
૨. મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી', પ્રથમ આવૃત્તિ ૧૯૭૦, પૃ. ૧૭.
૩. એજન, પૃ. ૧૬૪.
૪. પ્રો. ડો. રણજિત પટેલ (અનામી) સન્માન સમારંભ, 'સંભારણું', તા. ૧૦-૧૨-૭૭, પૃ. ૨૨.
૫. 'ગ્રંથ'-૯૧, વર્ષ-૮, અંક-૭, જુલાઇ ૧૯૭૧, પૃ. ૩૨.
૬. 'જૈનગુર્જર કવિઓ ભાગ-૧,' પૃ. ૧૧૬.
૭. 'ઇતિહાસની કેડી,' પ્રથમ આવૃત્તિ ૧૯૪૫, પૃ. ૧૭૦.
૮. સંપા. સ્વ. પ્રો. બલવંતરાય ક. ઠાકોર, ઉદયભાનુકૃત વિક્રમચરિત્રરાસ, 'ઉપોદ્ઘાત'માંથી, આવૃત્તિ પહેલી ૧૯૫૭, પૃ. ૫.
૯. 'સ્વાધ્યાય,' પુ. ૨૫, અંક ૩-૪, એપ્રિલ-સપ્ટે. ૧૯૮૮, પૃ. ૩૪૭.
૧૦. સંપા. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, નિબંધમાળા, 'ઉપોદ્ઘાટ' માંથી, ચોથું મુદ્રણ ૧૯૬૧, પૃ. ૨૨.
૧૧. એજન, પૃ. ૨૪.
૧૨. 'કલાન્તકવિ', દ્વિતીય આવૃત્તિ ૧૯૭૫, પૃ. ૭૪.
૧૩. 'સંતસૌરભ' ઇ. સ. ૧૯૭૫, પૃ. ૭.
૧૪. એજન, પૃ. ૧૪.
૧૫. એજન, પૃ. ૧૩૮.
૧૬. 'સુવર્ણજયંતી', અંક-૨૮, વર્ષ-૧, તા. ૨-૪-૭૦, પૃ. ૩.
૧૭. એજન, પૃ. ૩.
૧૮. 'સુવર્ણજયંતી', અંક-૮, વર્ષ-૧, તા. ૬-૧૦-૬૯, પૃ. ૬.
૧૯. એજન, પૃ. ૬.
૨૦. એજન, પૃ. ૬.

૨૧. એજન, પૃ.૪.

૨૨. એજન, પૃ.૫.

૨૩. એજન, પૃ. ૫.

૨૪. એજન, પૃ. ૫.

૨૫. એજન, પૃ. ૩–૪.

૨૬. એજન, પૃ. ૪.

૨૭. 'સુવર્ણજયંતી', અંક–૩૧, તા. ૩૦–૪–૭૦, પૃ. ૫.

૨૮. રણજિત એમ. પટેલ (અનામી), આપણું રાષ્ટ્રગીત, 'બે બોલ', પ્રથમ આવૃત્તિ ૧૯૬૫.

૨૯. કાવ્યશિલ્પી કાન્ત, ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૭, પૃ. ૨૬.

૩૦. એજન, પૃ. ૨૮

૩૧. ભવવૈજયન્તી મૈત્રીને ઉપાલંભ, બુદ્ધિપ્રકાશ, નવેમ્બર ૧૯૮૨, પૃ. ૪૫૦.

૩૨. કાવ્યશિલ્પી કાન્ત, ગ્રંથ, ઓક્ટોબર ૧૯૬૭, પૃ. ૨૯.

૩૩. લોકસત્તા, તા. ૧૨–૧૨–૭૯.

૩૪. સંદેશ, તા. ૧૫–૪–૮૦.